SMT. HANSA MEHTA LIBRARY
The Maharaja Sayajirao University
of Baroda
Call No. BL
1254
.S45M3 G.13460

શ્રી ફાર્બસ ગુજરાતી સભા-ગ્રંથમાળા નં. ૧૩

# શાક્ત સંપ્રદાય

## તેના સિદ્ધાન્તો, ગુજરાતમાં તેનો પ્રચાર, અને ગુજરાતી સાહિત્ય ઉપર અસર

લેખક,
શ્રી. દિ. બ. નર્મદાશંકર દેવશંકર મહેતા, બી. એ.
દિવાન સાહેબ - ખંભાત રાજસ્થાન
ખંભાત

પ્રકાશક,
શ્રી ફાર્બસ ગુજરાતી સભા - મુંબઈ

સં. ૧૯૮૮ ઈ. સ. ૧૯૩૨
પ્રત ૭૫૦ આવૃત્તિ ૧ લી

મૂલ્ય રૂ. ૨-૮-૦

પ્રકાશક,

રા. રા. હરસિદ્ધભાઈ વજુભાઈ દિવેટીયા,

એમ. એ., એલએલ. બી., એડવોકેટ, હાઈકોર્ટ, મુંબઈ.

માનાર્થ મંત્રી,

શ્રી ફાર્બસ ગુજરાતી સભા - મુંબઇ

મહારાજ મેન્શન્સ, સેન્ડહર્સ્ટ રોડ, મુંબઈ નં. ૪.

PURCHASED
Date 9-2-60.
Initial [illegible]

SMT. HANSA MEHTA LIBRARY, BARODA.
RARE BOOK COLLECTION
UNIVERSITY LIBRARY.

G13460
Rs. 2.50.
7BL
1254
545M3

મુદ્રક: શંકરરાય અમૃતરાય

જ્ઞાનમન્દિર પ્રીન્ટીંગ પ્રેસ,

રાયપુર, અમદાવાદ.

# ગુજરાતના ધર્મો અને સંપ્રદાયો સંબંધી ગ્રંથાવલિ ૪

શ્રી ફાર્બસ ગુજરાતી સભા — મુંબઈએ ગુજરાતના મુખ્ય મુખ્ય "ધર્મ વા સંપ્રદાયોના સિદ્ધાન્તો, ગુજરાતમાં તેનો પ્રચાર અને ગુજરાતી સાહિત્ય ઉપર તેની અસર" એ નામની ગ્રંથાવલિ પ્રકટ કરવાનો ઉપક્રમ ઈ. સ. ૧૯૧૩ થી આદરેલો છે. તેને અનુસરીને પ્રસ્તુત ગ્રંથાવલિના પહેલા ગ્રંથ તરીકે "જૈન અને બૌદ્ધ ધર્મ - તેના સિદ્ધાન્તો, ગુજરાતમાં પ્રચાર અને તેની ગુજરાતી સાહિત્ય ઉપર અસર" એ નામનો નિબંધ હરિફાઇથી લખાવવા વિદ્વાનોને નિમંત્ર્યા હતા. તેમાંથી રા. રા. મોહનલાલ દલીચંદ દેશાઈ, બી. એ., એલ એલ. બી., વકીલનો નિબંધ પસંદ થયો હતો; અને તેમને એ ગ્રંથ યોજના પ્રમાણે ઠરાવેલું છાપવાનું પારિતોષિક લેઈ પોતાને ખર્ચે પોતાના માલીકી હક્કથી છપાવવા જણાવ્યું હતું. પરંતુ અનેક ઘટતી તાકીદો કર્યા છતાં હજુ સુધી તેમણે એ નિબંધ છાપવા વ્યવસ્થા કરી નથી.

તે પછી "વૈષ્ણવ ધર્મનો સંક્ષિપ્ત ઇતિહાસ" - એના ભિન્ન ભિન્ન મતોના મુખ્ય મુખ્ય સિદ્ધાન્તોના તેમ જ ગુજરાતમાં તેના પ્રચારના નિરૂપણ સાથે એક નિબંધ હરિફાઈથી લખાવરાવ્યો હતો. તેમાંથી રા. રા. દુર્ગાશંકર કેવળરામ શાસ્ત્રીનો નિબંધ પસંદ થયો અને તે સને ૧૯૧૭ માં છપાયો છે. તે પછી એ જ ધોરણે "શૈવ ધર્મનો સંક્ષિપ્ત ઇતિહાસ"-એના ભિન્ન ભિન્ન મતોના મુખ્ય મુખ્ય સિદ્ધાન્તોના તથા એના ગુજરાતમાં નિરૂપણ સાથે હરિફાઇથી લખાવરાવેલા નિબંધોમાંથી રા. રા. દુર્ગાશંકર કેવળરામ શાસ્ત્રીનો નિબંધ પસંદ થયો અને તે સને ૧૯૨૧ માં છપાયો છે.

ઉપરાંત "અહુનવર, એ નામના સર્જનજૂનો મંત્ર"- 'પારસી ધર્મતત્ત્વનું વૈદિક દૃષ્ટિએ અવલોકન' એ નિબંધ રા. રા. માનશંકર પીતાંબરદાસ મહેતાનો સભાએ પ્રકટ કરેલો છે.

તે પછી પ્રસ્તુત ગ્રંથાવલિનો આ ચોથો નિબંધ "શાક્ત-સંપ્રદાય – તેના સિદ્ધાન્તો, ગુજરાતમાં તેનો પ્રચાર, અને ગુજરાતી સાહિત્ય ઉપર તેની અસર" શ્રી. દિ. બા. નર્મદાશંકર દેવશંકર મહેતા બી. એ., દિવાન સાહેબ, ખંભાત સંસ્થાન, એમનો પ્રકટ થાય છે.

અહિં એક એ નોંધ કરવાની છે કે, પ્રસ્તુત નિબંધ સાથે અલગ કોથળીમાં શિલાછાપ ઉપર છાપેલાં બે શ્રી ચક્રો શાક્ત સંપ્રદાયના બે ભિન્ન મતોનાં જોડેલાં છે. એમાંનું એક ચક્ર શ્રીયુત દિ. બા. નર્મદાશંકર દેવશંકર મહેતાએ અમદાવાદના ચક્ર જોષી શ્રી. ગિરજાશંકર પાસે તૈયાર કરાવેલું છે. બીજું શ્રીચક્ર મુંબઈની શ્રી મમ્માદેવી સંસ્કૃત પાઠશાળાના આચાર્ય, વિદ્યાવારિધિ શ્રીયુત મોતીરામ કલ્યાણજી શાસ્ત્રીએ સભાની વિનતિ ઉપરથી તૈયાર કરેલું છે. તે ઉપરાંત પરિશિષ્ટ ૧ લામાં "હાદિ વિદ્યા" ના શ્રી ચક્રનાં પદ્ધતિ અને પટલ વિદ્વાન્ શાસ્ત્રીજી મોતીરામ કલ્યાણજીએ તૈયાર કરેલ છે. ઉપરાંત તેમણે જ આ બન્ને શ્રી ચક્રો ભારે પરિશ્રમ લઈને જાતિદેખરેખથી મુંબઈના શ્રી જગદીશ્વર પ્રેસમાં છપાવી આપ્યાં છે, તે માટે તેમનો સભા તરફથી ખાસ આભાર માનવાનો છે.

મુંબાઇ,<br>
તા. ૨૮-૨-૩૨

હરસિદ્ધભાઈ વજુભાઈ દિવેટીયા.<br>
માનાર્થ મંત્રીઃ શ્રી ફા. ગુ. સભા.

# શ્રી ફાર્બસ ગુજરાતી સભા—મુંબઇ

## સાહિત્યપ્રચારને ઉત્તેજનની યોજના

## શાળા-પાઠશાળાઓને ઇનામ માટે તેમ પુસ્તકાલયોના સંગ્રહ માટે અડધી કિમ્મતની ગોઠવણ

શ્રી ફાર્બસ ગુજરાતી સભા, મુંબઇએ, સને ૧૯૩૧થી મુંબાઈ ઇલાકાનાં સરકારી, દેશી રાજ્યોનાં તેમ જ મ્યુનીસીપાલીટીઓ અને લોકલ બોર્ડોનાં કેળવણી ખાતાંઓમાં અભ્યાસ તથા વાંચનપ્રસાર દ્વારા તથા વિદ્યાર્થીઓને અપાતાં ઇનામો દ્વારા, તેમજ તેમના હસ્તકની નિશાળોની તથા સાર્વજનિક લાઇબ્રેરીઓ અને પુસ્તકાલયોમાં ગુજરાતી સાહિત્યનો પ્રસાર બહોળા પ્રમાણમાં સહેલાઇથી, ઓછા ખર્ચે થઈ શકે તે માટે પોતાની માલિકીનાં પુસ્તકો (રાસમાળા ભાગ ૧-૨ સિવાય) અર્ધી કિમ્મતે અને રાસમાળા (ભાગ ૧-૨) સાડા બાર ટકાના કમીશનથી ઉપલી સંસ્થાઓને વેચાતાં લઈ શકવાની અનુકૂલતા કરી આપવા ઠરાવ્યું છે.

**સૂચના:**

ઉપલી સંસ્થાઓમાંની જેમને આ પુસ્તકો અર્ધી કિમ્મતે વેચાતાં લેવાં હોય, તેમણે **નીચેને શરનામે પત્રવ્યવહાર કરવો.**

**રા. રા. હરસિદ્ધભાઈ વજુભાઇ દિવેટીયા,**<br>
એમ. એ., એલએલ. બી., એડવોકેટ, હાઇકોર્ટ, મુંબઈ.<br>
**માનાર્થ મંત્રી, શ્રી ફાર્બસ ગુજરાતી સભા,**<br>
મહારાજ મેન્શન્સ, સેન્ડહર્સ્ટ રોડ, મુંબઇ નં. ૪

## શ્રી ફાર્બસ ગુજરાતી સભાની માલિકીનાં પુસ્તકો

૧-૨ **રાસમાળા** (સચિત્ર) તૃતીય આવૃત્તિ, ભાગ ૧ લો, તથા બીજો: સ્વ. શ્રી. એલેકઝાન્ડર કિન્લોક ફાર્બસે રચેલી, અને દિ. બ. રણછોડભાઈ ઉદયરામ દવેએ ભાષાન્તર કરેલી, દરેકનું મૂલ્ય રૂા. ૫-૮-૦

૪ **માર્કસ ઓરેલીઅસ એન્ટોનીનસના સુવિચારો**-ભાષાન્તરકાર, ઇડરનરેશ સ્વર્ગસ્થ શ્રી. મહારાજા સર કેસરીસિંહજી; રા. રા. નગીનદાસ પુ. સંઘવીએ સંગ્રહેલાં સંસ્કૃત સુભાષિત અને તત્ત્વજ્ઞાનનાં વચનો સાથે. મૂલ્ય રૂા. ૨-૦-૦

૫-૬ **શ્રી ફાર્બસ ગુજરાતી સભાનાં હસ્તલિખિત પુસ્તકોની સવિસ્તર નામાવલિ, ભાગ ૧ લો, તથા ભાગ ૨ જો**: તૈયાર કરનાર રા. રા. અંબાલાલ બુલાખીરામ જાની, બી. એ., દરેકનું મૂલ્ય રૂા. ૨-૦-૦

૭ **ગુજરાતનાં ઐતિહાસિક સાધનો ભાગ ૧-૨** (સાથે ભેગા) તૈયાર કરનાર નર્મદાશંકર વલ્લભજી દ્વિવેદી; મૂલ્ય રૂા. ૧-૦-૦

૮ **રસકલ્લોલ**: બાળાઓએ ગાવાનાં સ્ત્રીજીવનનાં ગીતો; સંપાદક રા. રા. છગનલાલ વિદ્યારામ રાવળ, મહેતાજી. મૂલ્ય રૂા. ૦-૧૦-૦

૯ **પ્રબોધબત્રીસી** (કવિશ્રી માંડણકૃત) અને **રાવણમંદોદરી સંવાદ** (કવિ શ્રીધરકૃત); સંપાદક અને સંશોધક સ્વ. રા. મણિલાલ બકોરભાઇ વ્યાસ; ટીકા અને ઉપોદ્‌ઘાત લખનાર, રા. રા. શંકરપ્રસાદ છગનલાલ રાવળ. મૂલ્ય રૂા. ૦-૧૨-૦

૧૦ **પ્રાચીન કાવ્યવિનોદ ભાગ ૧ લો**-પ્રાચીન કવિઓનાં આખ્યાનો અને પદો; સંપાદક રા. રા. છગનલાલ વિદ્યારામ રાવળ, મૂલ્ય રૂા. ૧-૦-૦

૧૧ **અહુનવર** એ નામનો સર્જનજુનો મંત્ર, પારસી ધર્મતત્ત્વનું વૈદિક દૃષ્ટિએ અવલોકન; લેખક રા. રા. માનશંકર પીતાંબરદાસ મહેતા. મૂલ્ય રૂા. ૦-૮-૦

૧૨ **ચતુર્વિંશતિ પ્રબંધ**-(સંસ્કૃત) જૈન ઐતિહાસિક ગ્રંથ-પાઠાંતરોની નોંધ, અનેક અનુક્રમણિકાઓ સાથે, સંશોધક-પ્રો. હીરાલાલ રસિકલાલ કાપડીયા. મૂલ્ય રૂા. ૨-૮-૦

મળવાનું ઠેકાણું,

**મેસર્સ એન. એમ. ત્રિપાઠી એન્ડ કું.**

બુકસેલર્સ એન્ડ પબ્લીશર્સ, પ્રિન્સેસ સ્ટ્રીટ, મુંબઈ નં. ૨.

# ઉપોદ્‌ઘાત

"હિન્દતત્ત્વજ્ઞાનના ઇતિહાસ"* ને લગતું સાહિત્ય એકત્ર કરી, અભ્યાસ કરવાના સમયમાં મારે સાથે સાથે તે તે દર્શનશાસ્ત્રને સંબંધ કરતા ધર્મશાસ્ત્રનો વિશેષ અભ્યાસ કરવાનો પ્રસંગ પ્રાપ્ત થયો હતો. ત્યારપછી બૌદ્ધધર્મનો અને તંત્રશાસ્ત્રનો વિશેષ અભ્યાસ સને ૧૯૨૫-૧૯૩૦ સુધીમાં મેં કર્યો, અને તે અભ્યાસથી મને સમજાયું કે આપણા આચારમાં ઉતરેલા સાંપ્રદાયિક ધર્મોના ઘણા મર્મો આપણને ઉઘડેલા નથી, અને જેઓ માત્ર જૂની પદ્ધતિને વળગી રહી ધર્માચરણ કરે છે તેમનામાં **વિદ્યા** એટલે **રહસ્યજ્ઞાન** નથી, અને જેઓ વેદાન્તને જ આપણું ધર્મસર્વસ્વ માને છે, તેમ કર્મ અને ઉપાસનાકાણ્ડ મિથ્યા અથવા સગવડીઆ આચાર રૂપે માને છે તેમનામાં પણ આચારની પીઠમાં શો વિચાર અથવા સિદ્ધાન્ત ગોઠવાયો છે તેનું સાચું જ્ઞાન નથી. આથી સંપ્રદાય પ્રમાણે ધર્મનું આચરણ કરનારા, કેવલ વેદાન્તવાદી વિચારકોને, નાસ્તિક ગણે છે, અને વેદાન્તવાદી વિચારકો આચારવાદીને કર્મજડ અથવા શ્રદ્ધાજડ માની ઉપહાસ કરે છે. બંને પક્ષમાં સમન્વય કરવાની અશક્તિ હોવાથી આપણા ધર્મનું સર્વાંગસુંદર સ્વરૂપ તે તે પક્ષવાળા સમજી શકતા નથી.

વળી વેદવાદીઓ અને તંત્રવાદીઓ પરસ્પરના સિદ્ધાન્તોને સારી રીતે સમજતા નહિ હોવાથી પોતપોતાના સિદ્ધાન્તને પૂર્ણ માની મતાંધતામાં પડે છે અને સત્યનિર્ણય કરી શકતા નથી. આ વેદવાદીઓની અને તાંત્રિકોની એકદેશી મતાંધતાને લીધે શાક્તસંપ્રદાયને વેદવાદીઓ વામમાર્ગ ગણી નિંદે છે, અને તાંત્રિકો વેદવાદીઓને

---

* આ ગ્રંથ અમદાવાદની ગુજરાત વર્નાક્યુલર સોસાઇટી તરફથી બે વિભાગમાં સને ૧૯૨૪ માં પ્રસિદ્ધ થયો છે.

"પ્રચ્છન્નબૌદ્ધ" અથવા મિથ્યા માયાવાદી ગણી ઉપહાસ કરે છે. વેદવાદીઓ અને તાંત્રિકો વચ્ચેની અણસમજ દૂર થાય, અને શાક્તસંપ્રદાયમાં કેટલું ધર્મતત્ત્વનું વ્યાપકપણું અને ઉંડાપણું રહેલું છે તે સરલતાથી સમજાય એવા હેતુથી આ નિબંધ લખવાનું શ્રી ફાર્બસ ગુજરાતી સભા તરફનું નિમંત્રણ મેં સ્વીકાર્યું હતું.

દરેક પદાર્થ ત્રણ ભૂમિકામાં જાઆવ કરે છે. મૂલ પ્રકૃતિદશામાં, પછીથી પ્રકૃતિ-વિકૃતિદશામાં, અને છેવટે વિકૃતિદશામાં આવી ઠરે છે. ગાયનું દૂધ આરંભમાં શુદ્ધ પ્રકૃતિદશામાં, પછી દહીંની અવસ્થામાં પ્રકૃતિ–વિકૃતિ દશામાં, અને છાશ, પાણી, માંખણ, અને ઘીના રૂપમાં છેવટની વિકૃતિદશામાં આવી રહે છે. આ ત્રણે અવસ્થા સામાન્ય રીતે પોતપોતાની અર્થક્રિયા સાધવામાં સમર્થ હોવાથી શુદ્ધ જ હોય છે, પરંતુ તે તે અવસ્થામાં જ્યારે વિરોધી દ્રવ્ય પેસવા પામે છે ત્યારે અશુદ્ધ પરિણામો પ્રકટ થાય છે. આ દ્રવ્યને લગતા શુદ્ધ પરિણામો અને અશુદ્ધ પરિણામોના નિયમો ધર્મતત્ત્વને પણ લાગુ પડે છે. ઉદાહરણ તરીકે વેદશાસ્ત્ર ઉપર બંધાયેલા હિન્દુ ધર્મની બે મુખ્ય શાખાઓ થાય છેઃ (૧) સાધારણ ધર્મ જેવા કેઃ–અહિંસા, સત્ય, અસ્તેય (ચોરી ન કરવી), શૌચ, ઇન્દ્રિયનિગ્રહ, દાન, દમ, દયા, શાન્તિ : (૨) અસાધારણ ધર્મ જેવા કેઃ–બ્રાહ્મણાદિ વર્ણધર્મો, બ્રહ્મચર્યાદિ આશ્રમધર્મો, વર્ણ અને આશ્રમના મિશ્રધર્મો, ગૌણધર્મો, અને શ્રાદ્ધાદિ નૈમિત્તિક ધર્મો. આ પાંચ પ્રકારના અસાધારણ અથવા વિશેષ ધર્મો મૌલિક સાધારણ અથવા સામાન્યધર્મના દેશ, કાલ અને નિમિત્તના ભેદોને લઈ ઘડાયેલા ખાસ પરિણામો છે અને તે તે દેશ, કાલ અને નિમિત્તને બંધબેસતા પળાય ત્યાંસુધી તે શુદ્ધ વિકૃતિઓ છે. પરંતુ સાધારણ ધર્મનો મૂલમાંથી ઉચ્છેદ કરે એવી રીતે જો વિશેષધર્મ સાધવામાં આવે તો ધર્મ અશુદ્ધ પરિણામ ઉપર જાય છે; અને ધર્મની છાયામાં અધર્મનાં રૂપો ઉભાં થાય છે. ઉદાહરણ તરીકે મહાભારતના શાન્તિપર્વમાં કહ્યું છે કેઃ—



अहिंसार्थाय भूतानां धर्मप्रवचनं कृतम्
यः स्यादहिंसायुक्तः स धर्म इति निश्चयः ॥

ધારણ કરવાથી ધર્મ–એ લક્ષણ વાળો ધર્મ પ્રાણીઓની અહિંસા સધાય તેવા હેતુથી પ્રતિપાદન કરવામાં આવ્યો છે. આથી અહિંસાયુક્ત જે કર્મ હોય તે ધર્મ એવો નિર્ણય થઈ શકે છે.

આમ છતાં દેશ, કાલ અને નિમિત્તોના ભેદોને લક્ષ્યમાં લઈ જેમને હિંસા જીવનસહભાવી થઈ ગઈ છે તેમને ક્રમપૂર્વક અહિંસાધર્મ ઉપર લાવવા વેદવાદમાં યજ્ઞાદિ–હિંસાનો સ્વીકાર છે. પરંતુ અમુક વસ્તુ સ્વીકૃત છે તેથી સર્વ મનુષ્યોએ તેવું કરવું જ એવું તાત્પર્ય નથી. હિંસા જેમને નિત્યપ્રાપ્ત છે તેમને છોડાવવા સારૂ આવા નિયમવિધિઓ અથવા પરિસંખ્યાવિધિઓ હોય છે. પરંતુ જેઓ નિયમ અને પરિસંખ્યાને અપૂર્વ વિધિ* માની હિંસા કરે તે વેદવાદી ધાર્મિક નથી, પરંતુ અધર્મી છે.

---

* અન્ય પ્રમાણ વડે ન જણાયેલા ધર્મનું અનુષ્ઠાન કરવાનું પ્રબોધે તેવા શ્રુતિવાક્યને અથવા સ્મૃતિવાક્યને **અપૂર્વવિધિ** કહે છે. જેમકે **अहरहः संध्यामुपासीत**–આ વાક્ય અપૂર્વવિધિ છે, કારણ કે સંધ્યોપાસન નિત્ય કરવાનું પ્રત્યક્ષાદિ પ્રમાણો વડે આપણને કદી સમજાતું નથી.

બંને રીતે આચરણ થઈ શકે તેવા સંજોગોમાં એક જ પ્રકારે પ્રવૃત્તિ કરવી એવું સૂચન કરનારૂં વાક્ય તે **નિયમવિધિ**. જેમકે–**ऋतौ भार्यामुपेयात्**–ઋતુકાલે સ્ત્રીસંગ કરવો, તેમાં ઉત્તમ પ્રજાની વાસનાવાળાએ ઋતુકાલે સ્ત્રીગમન કરવું એવો નિયમ બાંધવામાં આવે છે.

બંને રીતે આચરણ થઈ શકે તેવા સંજોગોમાં એક પક્ષ ત્યાગ કરવાનું જેમાં તાત્પર્ય છે તેવા વાક્યને **પરિસંખ્યાવિધિ** કહે છે. જેમકે **पंचपंचनखाः भक्ष्याः** – અમુક પાંચનખવાળાં પ્રાણીઓ ભક્ષ્ય છે એ વાક્યનું તાત્પર્ય તેવાં પ્રાણીઓના ભક્ષણમાં નથી, પરંતુ અન્યજાતિનાં પ્રાણીના ભક્ષણના ત્યાગમાં છે.

શાક્તસંપ્રદાયનું વિપુલ સાહિત્ય વેદની મંત્રસંહિતામાં, બ્રાહ્મણોમાં, આરણ્યકોમાં, ઉપનિષદોમાં, વ્યાકરણાદિ વેદાંગોમાં, સૂત્રોમાં, આગમોમાં, તંત્રોમાં, નિબંધોમાં, અને પુરાણોમાં ક્યાં ક્યાં છે તેનું પ્રથમ ચિંતન ૧-૬ સુધીનાં પ્રકરણોમાં કરવામાં આવ્યું છે. અને તે વડે વિશેષ અભ્યાસકોને તે તે સ્થાનોનું સાહિત્ય વિચારવાનું સાધન મળશે. આ સાહિત્ય ઉપર શાક્તોનો **તાત્ત્વિક સિદ્ધાન્ત** કેવા પ્રકારનો છે તેનું ચિન્તન સાતમા પ્રકરણમાં કર્યું છે. ત્યારપછી શાક્તસંપ્રદાયના ધર્મનું આચરણ કેવી રીતે થાય છે; શાક્તોના અધિકારીઓનો ભેદ, તેમનાં પૂજનદ્રવ્યો, તેમની મંત્રવિદ્યા, તેમના યંત્રભેદો, પૂજનીય શક્તિઓના પ્રકારો વિગેરે **અનુષ્ઠેય** શાક્તધર્મનું વર્ણન આઠથી દશમા પ્રકરણ સુધીમાં કર્યું છે. વિચાર અને આચાર–સિદ્ધાન્ત અને અનુષ્ઠાનનો નિર્ણય થયા પછી ગુજરાતની ભૂમિમાં શાક્તસંપ્રદાયનો પ્રચાર, અને ગુજરાતી ભાષામાં શાક્ત ધર્મનું સાહિત્ય કેટલું છે તેનું વર્ણન પ્રકરણ અગીઆર તથા બારમામાં કર્યું છે.

શક્તિપૂજનમાં પ્રવર્તતા ત્રણ ભાવો, અને તે ભાવોના સેવન વડે કેવી રીતે સ્ત્રીજાતિનું ગૌરવ શાક્તોએ સ્વીકાર્યું છે તેનું પ્રતિપાદન તેરમા પ્રકરણમાં કર્યું છે.

હિન્દુસ્થાનમાં પ્રકટ થયેલા બીજા બે મુખ્ય ધર્મો–બૌદ્ધ અને જૈન છે. તે ધર્મોમાં શક્તિવાદ કેવી રીતે પેઠો છે અને બૌદ્ધો અને જૈનોમાં શાક્ત વિચાર અને આચાર કેવા પ્રવેશ પામ્યા છે તેનું સંશોધન ચૌદમા અને પંદરમા પ્રકરણમાં કર્યું છે.

છેલ્લા પ્રકરણમાં સંપ્રદાયનું પરમ પ્રયોજન શિવશક્તિસામરસ્ય એટલે પ્રકાશ અને વિમર્શનો–ચૈતન્ય અને આનંદનો–સમરસીભાવ સિદ્ધ કરવાનું છે તે પ્રતિ લક્ષણા કરાવી છે.

શાક્તધર્મ કેવળ વિચારણીય વર્ગનો નથી, પરંતુ આચરણીય વર્ગનો છે. અનુષ્ઠાન અથવા સાધના વિના તે પોતાનું ફલ પ્રકટાવી શકે તેવો નથી. તે ધર્મનું સર્વોત્તમ ચિન્તન અને અનુષ્ઠાન **શ્રીવિદ્યા**માં



હોવાથી **શ્રીચક્ર**નું પટલ યથામતિ તારવી, પરિશિષ્ટમાં આપ્યું છે. મતભેદથી **શ્રીચક્ર**નું યજનપૂજન ભિન્ન ભિન્ન દેશ અને અધિકારીમાં કંઈક જૂદા જૂદા રૂપે હોય છે. તેથી અન્ય મતની રીતિએ પણ પટલપદ્ધતિ પરિશિષ્ટમાં વર્ણવી છે. આ અન્ય મતની રીતિનું પ્રતિપાદન શ્રી મુમ્બાદેવી સંસ્કૃત પાઠશાળાના નિવૃત્ત આચાર્ય, "વિદ્યાવારિધિ" વે. શા સં. શ્રીયુત મોતીરામ કલ્યાણજી શાસ્ત્રીએ કરી, તેમજ એ **શ્રીચક્ર** સાવધાનતાથી શિલાછાપમાં છપાવી આપી, મને તથા શ્રી ફાર્બસ ગુજરાતી સભાને ઉપકારમાં મૂક્યાં છે તેની નોંધ લેવી અત્રે ઉચિત ગણું છું. શ્રી ફાર્બસ ગુજરાતી સભા તરફથી શ્રીયુત અંબાલાલ બુ. જાની, બી. એ. એ મને ગ્રંથ પ્રસિદ્ધિના કાર્યમાં ઘણી સુગમતા આપી છે, તે બદલ તેમનો ઘણો આભારી છું. ગ્રંથના આરંભમાં ઈંગ્રેજી પુસ્તકોની પેઠે અભ્યાસકને સત્વર વસ્તુનો બોધ થાય તેવા હેતુથી સૂચી આપી છે. આ સૂચીના આધારે શાક્તસંપ્રદાયના અમુક ગ્રંથકાર અથવા વિષયના મુદ્દા આ નિબંધમાંથી સરલતાથી જડી શકશે, અને વિશેષ અભ્યાસ કરવાની ઇચ્છાવાળાને અનેક દ્વાર ઉઘડશે.

રાજ્યપ્રકરણના અનેક વ્યવસાયોને લીધે અને અવકાશ થોડો રહેવાથી વિષયોનો સંક્ષેપ કરવામાં અથવા સ્થાનનિર્દેશમાં કોઈ કોઈ જગ્યાએ સ્ખલન થયું હોય તો તે સુજ્ઞ વાંચનાર સુધારી લેશે; અને કોઈ મુદ્દામાં દોષ હોય તો મને જણાવશે એટલે હું વિચારી જોઈ બીજી આવૃત્તિમાં સુધારણા કરવાની નોંધ રાખીશ.

**ખંભાત**
તા. ૨૪-૧-૩૨

**નર્મદાશંકર દેવશંકર મહેતા.**

# વિષયાનુક્રમણી

પૃષ્ઠ

ઉપોદ્ઘાત. 1–૭
વિષયાનુક્રમણી ( વિગતવાર ) ... ... ... ૧૦–૨૦
પુસ્તકોની સૂચી ... ... ... ૨૧–૩૨

મૂલ ગ્રંથ

પ્રકરણ પહેલું
વૈદિકધર્મમાં વ્યાપેલો શક્તિવાદ ... ... પૃ. ૧–૧૦
પ્રકરણ બીજું
બ્રાહ્મણ અને આરણ્યકમાં વ્યક્ત થતો શક્તિવાદ ૧૧–૧૭
પ્રકરણ ત્રીજું
શક્તિવાદનું ઉપનિષદ્સાહિત્ય અને વેદાંગસાહિત્ય ૧૮–૨૧
પ્રકરણ ચોથું
શક્તિવાદનું સૂત્રસાહિત્ય ... ... ... ૨૨–૨૩
પ્રકરણ પાંચમુ
શક્તિવાદનું આગમ સાહિત્ય અથવા તંત્ર સાહિત્ય ૨૪–૩૩
પ્રકરણ છઠ્ઠું
શક્તિવાદનું નિબંધ સાહિત્ય તથા પૌરાણિક સાહિત્ય ૩૪–૩૭
પ્રકરણ સાતમું
શાક્તસિદ્ધાન્તવિચાર ... ... ... ૩૮–૬૧
પ્રકરણ આઠમું
શાક્તઅધિકારી ભેદ અને પંચ મકાર ... ... ૬૨–૭૨
પ્રકરણ નવમું
શાક્તોની વિદ્યા અને યંત્રના ભેદ ... ... ૭૩–૮૨
પ્રકરણ દશમું
શક્તિપૂજનના પ્રકારો ... ... ... ૮૩–૧૦૧



પ્રકરણ અગીઆરમું
શાક્તસંપ્રદાયને લગતો ગુજરાતનો ઇતિહાસ ... ૧૦૨–૧૧૦
પ્રકરણ બારમું
શાક્તસંપ્રદાયને લગતું ગુજરાતી સાહિત્ય ... ૧૧૧–૧૪૪
પ્રકરણ તેરમું
શક્તિની ઉપાસનામાં પ્રવર્તતા ત્રણ ભાવો ... ૧૪૫–૧૫૫
પ્રકરણ ચૌદમું
શાક્તસંપ્રદાય અને બૌદ્ધ ધર્મ ... ... ૧૫૬–૧૬૫
પ્રકરણ પંદરમું
શાક્તસંપ્રદાય અને જૈનધર્મ ... ... ૧૬૬–૧૭૧
પ્રકરણ સોળમું
શિવ–શક્તિ સામરસ્યનું ફલ ... ... ૧૭૨–૧૭૮

પરિશિષ્ટ ૧
શ્રીચક્રની સમજુતીનાં બે પટલ ... ... ૧૭૯–૨૦૦
૧ કાદિ મતનં ... ... ... ... ૧૭૯–
૨ હાદિ મતનું ... ... ... ... } છૂટી અલગ કોથળીમાં
પરિશિષ્ટ ૨
૧ હાદિ મતનું શ્રીચક્ર ... ... ...
૨ કાદિ મતનું શ્રીચક્ર ... ... ...

# વિષયાનુક્રમણી

**પ્રકરણ પહેલું:—**

શક્તિવાદનું વેદની મંત્રસંહિતામાં બીજ—કર્મ અને જ્ઞાનકાણ્ડને સાંધનારી ઉપાસનામાં સમાયેલો શક્તિવાદ—**શક્તિ** શબ્દની વ્યુત્પત્તિ—તેના ત્રણ ભેદો (૧) અધિભૂત, (૨) અધિદૈવ અને (૩) અધ્યાત્મ—અધ્યાત્મશક્તિ તે ચિન્મયી છે, અધિદૈવશક્તિ અહંકાર સાથે સંયુક્ત હોવાથી જડાજડ છે, અને અધિભૂતશક્તિ જડ છે—અધ્યાત્મશક્તિનાં આવરણો બે હોય છે—જ્ઞાનાવરણ અને ક્લેશાવરણ—આવરણભંગ થયા પછીની ચિચ્છક્તિ આનંદમયીનું સ્વરૂપ પકડે છે—આનંદથી છલકાતી ચિન્મયીશક્તિને "દેવતામયી અદિતિ" એવું મંત્રસંહિતામાં નામ આપવામાં આવ્યું છે—શક્તિનો માતૃભાવ **અદિતિ**માં, કુમારિકાભાવ **ઉષા**માં, અને પત્નીભાવ **સૂર્યા**માં ઋગ્વેદમાં ગુંથવામાં આવ્યો છે—યજુર્વેદના યજ્ઞકાંડમાં શક્તિવાદના સૂચક મંત્રો—સામવેદના શક્તિવાદના સૂચક મંત્રો—શ્વેતાશ્વતર અને કાઠક શાખાના **શક્તિવાદ**ના બોધક મંત્રો.

પૃ. ૧–૧૦

**પ્રકરણ બીજું:—**

શક્તિવાદનું બ્રાહ્મણગ્રંથોમાં અને આરણ્યકગ્રંથોમાં રહેલું સાહિત્ય—**ગાયત્રી, સાવિત્રી, સરસ્વતી** ઇત્યાદિ નામથી નિર્દિષ્ટ શક્તિઓ—તે દેવતાના સ્વરૂપમાં અંતર્ગત ભાવો—આ શક્તિઓ બ્રહ્મની સ્વભાવરૂપા છે, ગુણરૂપા નથી—બ્રહ્મવસ્તુનું સ્વભાવબલ તે **શક્તિ**, વિભ્રમ ઉત્પન્ન કરનારૂં ગુણબલ તે **માયા**—સ્વાભાવિક શક્તિ, જ્ઞાન, બલ, અને ક્રિયારૂપે પ્રકટ થાય છે—શક્તિનો બિંદુભાવ અને વિસર્ગભાવ—બ્રહ્મના **ઈક્ષણ**માં સમાયેલી ઇચ્છાશક્તિ, **તપ**માં સમાયેલી જ્ઞાનશક્તિ, અને **સર્જન**માં સમાયેલી ક્રિયાશક્તિ—વ્યાકરણાગમનો શબ્દબ્રહ્મવાદ **વિમર્શ** રૂપે એટલે પોતાના સ્વરૂપને ઓળખાવનારા



સામર્થ્યરૂપે શબ્દજ્ઞાનનો પ્રભાવ—સબિંદુત્રિકોણમાં અંતર્ગત સંકેત—અથર્વવેદનો સૌભાગ્યકાંડ—**સુભગા**નું બીજું નામ **શ્રી ત્રિપુરા, સુંદરી, અમ્બિકા** વિગેરે. અપરાત્રિપુરા અને પરાત્રિપુરાનો ભેદ—પિતૃયાણ અને દેવયાનમાં ગતિ કરાવનારી શક્તિ. પૃ. ૧૧–૧૭

**પ્રકરણ ત્રીજું:—**

શક્તિવાદનું ઉપનિષદ્ગ્રંથોનું સાહિત્ય—ચૌદ શાક્ત ઉપનિષદો—તેના ઉપરનાં ભાષ્યો તથા વિવરણો—વ્યાકરણાગમનો શક્તિવાદ—ભર્તૃહરિ, પુણ્યરાજ, વિગેરે વૈયાકરણોના શબ્દતત્ત્વ સંબંધના અભિપ્રાય.

પૃ. ૧૮–૨૨

**પ્રકરણ ચોથું:—**

શક્તિવાદનું સૂત્રસાહિત્ય—**પરશુરામ કલ્પસૂત્ર—ભારદ્વાજ**નાં શક્તિસૂત્રો, અગસ્ત્યનાં શક્તિસૂત્રો, નાગાનંદનાં શક્તિસૂત્રો, પ્રત્યભિજ્ઞામતનાં શક્તિસૂત્રો, અંગિરામુનિનાં દૈવી મીમાંસાસૂત્ર, ગૌડપાદનાં શ્રીવિદ્યારત્નસૂત્રો—આ સૂત્રો ઉપરનાં ભાષ્યો તથા વિવરણો.

પૃ. ૨૨–૨૩

**પ્રકરણ પાંચમું:—**

શક્તિવાદનું આગમ સાહિત્ય અથવા તંત્રસાહિત્ય—આગમોનો આવિર્ભાવ—તંત્રસાહિત્યનો વિસ્તાર—તેનો લોપ—તેનો અર્વાચીન સમુદ્ધાર—સર્વયુગોમાં સમયાનુસાર આગમોની અભિવ્યક્તિ—આગમોના ત્રણ વ્યૂહ, તંત્ર, ડામર, યામલ—તેનો તંત્રનામથી સંગ્રહ—તંત્રોના ત્રણ વ્યૂહો, અશ્વક્રાન્ત, રથક્રાન્ત, અને વિષ્ણુક્રાન્ત—જંબુદ્વીપમાં તંત્રમાર્ગનો ફેલાવો—ભારતવર્ષ ઉપરાંત ચીન—જાપાન વિગેરે દેશોમાં તંત્ર—ચોસઠ તંત્રોનું વર્ગીકરણ—તંત્રોમાં સમાયેલા વિષયો—તાંત્રિકોના સાત આચારભેદો—શુભાગમ પંચક અને સામયિક મત—૧ વૈદિક, ૨ વૈષ્ણવ, ૩ શૈવ, ૪ દક્ષિણ, ૫ વામ, ૬ સિદ્ધાન્તી અને ૭ કૌલ મતના તાંત્રિકો—વૈદિકો તાંત્રિકોની નિંદા કરે છે તેનું તાંત્રિકોએ આપેલું ઉત્તર.

પૃ. ૨૪–૩૩

**પ્રકરણ છઠ્ઠું:—**

શક્તિવાદનું નિબંધ અને વિવરણસાહિત્ય—સમયમતના શાક્ત વિચારકો—ગૌડપાદ, શંકરાચાર્ય, સાયણાચાર્ય, અપ્પય્યદીક્ષિત, ભાસ્કરરાય, ઉમાનંદ—રહસ્યસ્તોત્રો—પૌરાણિક સાહિત્ય—દેવી માહાત્મ્ય, સપ્તશતી—દેવીગીતા, શક્તિગીતા—સૂતસંહિતા—ક્રિયાકાણ્ડનાં તંત્રો—કાશ્મીરકોનાં ઉત્તરામ્નાયના ગ્રંથો—કૌલમતના શાસ્ત્રવિચારકો—પૂર્ણાનંદ—તેમના ગ્રંથો—રહસ્ય નામના ગ્રંથો—તારારહસ્ય, ત્રિપુરારહસ્ય, શ્યામારહસ્ય.

પૃ. ૩૪—૩૭

**પ્રકરણ સાતમું:—**

શાક્તસિદ્ધાન્ત વિચાર—અદ્વૈતસિદ્ધાન્ત શાક્તોનો છે. વેદાન્તમત અને શાક્તમતનું સાધર્મ્ય અને વૈધર્મ્ય—માયાવાદ અને શક્તિવાદ વડે શ્રુતિઓનો સમન્વય—ભાસ્કરરાયના મત પ્રમાણે બ્રહ્મનાં સકલ, નિષ્કલરૂપો—સકલરૂપમાં શક્તિસંયોગ—શક્તિજન્ય સૃષ્ટિના ચાર પ્રકારો—શક્તિનાં સ્થૂલ, સૂક્ષ્મ અને પર રૂપો—શંકરાચાર્યના મૂલ ગ્રંથોમાં સમાયેલો શક્તિવાદ—શંકરાચાર્યના જીવનમાંથી તરવાતા શક્તિવાદની હીમાયતના પ્રસંગો—શંકરાચાર્યમાં માતૃભક્તિ, **परदेवता**ની ભક્તિ, **केरल** દેશમાં **पराशक्ति**નો સંપ્રદાય—તેમના પુરોગામી દ્રવિડાચાર્યના **परादेवता**ને લગતા સિદ્ધાન્તો—ભગવતીનાં અંતર્ગુણો, અને બહિર્ગુણોવાળાં રૂપો—તે ઉપર બંધાયેલો નિર્ગુણબ્રહ્મવાદ અને સગુણબ્રહ્મવાદ—સર્વજ્ઞમુનિના સંક્ષેપ શારીરકનાં વાક્યોથી તરવાતા નિશ્ચયો—વાક્યકાર બ્રહ્મનંદી **परादेवता**ના સમર્થક હતા—શંકરાચાર્યના સમયમાં **भावनोपनिषद्** હતું—તેમણે કરેલો **श्रीविद्या**નો સમુદ્ધાર—બ્રહ્મસૂત્રભાષ્ય ઉપરથી **शक्तिवाद**નું સમર્થન—શંકરાચાર્યે **शक्ति**નાં આપેલાં નામાન્તરો, **आकाश**, **अक्षर**, **माया**, **अव्यक्त** વિગેરે—શંકરાચાર્યનો માતૃદેહના ઉત્સર્ગનો પ્રસંગ—માતાનો અગ્નિદાહ—સ્ત્રીજાતિપ્રતિ તેમની પૂજ્યબુદ્ધિ—ઉભયભારતીનો મંડનમિશ્ર સાથેના વિવાદમાં મધ્યસ્થ વિદુષી તરીકે સ્થાપવાનો પ્રસંગ—મંડનમિશ્રને સંન્યાસદીક્ષા આપ્યા પછી



પણ ઉભયભારતીને છાયારૂપે સુરેશ્વર (મંડનમિશ્ર) પાસે રહેવાની છૂટ—ઉભયભારતીને શક્તિના આવિર્ભાવરૂપે માની તેમની કરેલી ચાર મઠમાં પ્રતિષ્ઠા—જગન્નાથના પૂર્વપીઠમાં **विमलादेवी**, પશ્ચિમ પીઠમાં દ્વારકામાં **शारदादेवी**, ઉત્તરમાં બદરિકેશ્વર પીઠમાં **पूर्णगिरिदेवता** અને દક્ષિણમાં **कामाक्षी** દેવતા—પત્નીનો સહધર્માચરણ ઉપરાંત સબ્રહ્મચરણમાં વિનિયોગ—શંકરાચાર્યના શાક્તસંપ્રદાયના ગ્રંથો:—સૌન્દર્યલહરી, પ્રપંચસાર, લલિતા ત્રિશતીભાષ્ય, આનંદલહરી વિગેરે—શંકરાચાર્યના સમયમાં પ્રવર્તતા શાક્તસંપ્રદાયનાં ત્રણ રૂપો, કૌલ, મિશ્ર અને સામયિક—સામયિકમતનો કરેલો સમુદ્ધાર—સામયિક મતનું સ્વરૂપ—ચાર પ્રકારનું દેવતા સાથે ઉપાસકનું સામ્ય—શાક્તસાહિત્યને અવલોકન કરી ન્યાયનિર્ણય કરવાની જરૂર—શૈવસિદ્ધાન્ત અને શૈવાગમમાં પણ શક્તિનો સ્વીકાર—શૈવો શક્તિને ચિન્મયી માને છે—તત્ત્વપ્રકાશ, તત્વત્રય, મૃગેન્દ્ર વિગેરે શૈવસિદ્ધાન્તના પ્રમાણગ્રંથોનાં વાક્યો.

પૃ. ૩૮—૬૮

**પ્રકરણ આઠમું:—**

શાક્ત અધિકારના ભેદ—પંચ મકાર—દીક્ષાનું લક્ષણ—દીક્ષાના ત્રણ પ્રકારો—શાક્તી, શાંભવી, માંત્રી—સાધકના ચિત્તમાં કરવામાં આવતો શક્તિપાત—પિંડગત છત્રીસ તત્ત્વોનું શોધન—પશુ. વીર, અને દિવ્ય વર્ગના સાધકો—શક્તિસંગમ—સાધકસાધિકાનાં યુગ્મો—પંચ મકારમાં સમાયેલો નિયમવિધિ—વૈદિકોમાં રૂપાન્તરે પચ મકાર છે—તાંત્રિકો મનુષ્યહૃદયના ચઢીઆતા પરીક્ષક છે—પશુનાં પંચદ્રવ્યો, વીરનાં પચદ્રવ્યો, અને દિવ્યનાં પંચદ્રવ્યો—પંચદ્રવ્યોમાં પંચભૂતની ભાવના, સાત આચારભેદો—શક્તિ સાથેનું ચતુર્વિધ સામ્ય અથવા ઐક્ય—પશુ અધિકારના શાક્તો પૂર્વકૌલ, અને ઉત્તરકૌલમાં છે—પશુઅધિકારના બૌદ્ધ તાંત્રિકો—વજ્રયાન—લામામાં પ્રવર્તતો તંત્રયોગ—ગુજરાતના બીજમાર્ગીઓ કાંચળીઆ પંથીઓ તે પશુઅધિકારનાં વિકારી રૂપો છે—શાક્તોની સાત ઉલ્લાસભૂમિકા—આરંભ, તરુણ, યૌવન, પ્રૌઢ,

પ્રૌઢાન્ત, ઉન્મના, અનવસ્થા-બંધનો અથવા પાશોનું ક્રમપૂર્વક અતિક્રમણ-કઈ ભૂમિકામાં કયો આચાર રાખવો તે બાબત પરશુરામનો ઉપદેશ-વેદાંતમાર્ગની સાતભૂમિકા સાથે આ શાક્તોની સાત ઉલ્લાસ ભૂમિકાની સરખામણી-મહાનયપ્રકાશમાં સ્વીકારેલી **અધિકારભેદની** પ્રક્રિયા. પૃ. ૬૨-૭૨

**પ્રકરણ નવમું:—**

શાક્તોની વિદ્યા અને યંત્રના ભેદ-વિદ્યા એટલે શું ?-શબ્દનો વાચ્ય દેવતાને પ્રકટ કરવાનો સ્વભાવ-વાચ્યદેવતાને અભિવ્યક્ત કરે ત્યારે શબ્દબ્રહ્મ વિદ્યાનું રૂપ પકડે છે-શબ્દબ્રહ્મ અને અર્થબ્રહ્મનો સંબંધ-શાક્તપરબિંદુ-યંત્રરહસ્ય-શૂન્ય એટલે શું ?-**કાલી** એટલે શું ?-પરબિંદુભેદ-અપરબિંદુ, નાદ, અને બીજ-ત્રણનો સમન્વય-શક્તિતત્ત્વનું પ્રકરણ-ત્રણ દેવ, ત્રણ દેવી, ત્રણ જ્યોતિ, ત્રણ ગુણ વિગેરે ત્રૈપુર યોગ-**કામકલા** એટલે શું ? શક્તિનો સંકોચ-વિકાસ-બિંદુ-વિસર્ગ-બીજાક્ષરો-તેના સંકેતો-દશ વિદ્યાનાં નામ-તેનાં બીજકો-તેની સિદ્ધિવડે સાધકને સિદ્ધ કરવાનાં પ્રયોજનો-શાક્તવિદ્યાઓનો બે કુલમાં સમાસ-**કાલીકુલ. શ્રીકુલ**-કયા દેશમાં કઈ વિદ્યાનો સામાન્ય રીતે પ્રચાર છે-મંત્રના સમુદ્ધારની સાંકેતિક રીત-ગુપ્ત રાખવાનું પ્રયોજન-**કાલી** મંત્રનો સંકેતાનુસાર સમુદ્ધાર-તે માત્ર એક ઉદાહરણ છે-**કાલીકુલ**ની વિદ્યાનો અનધિકારીને બોધ કરવામાં ભય-ચિત્તભ્રમ થવાનો સંભવ-**શ્રીકુલ**ની વિદ્યાનો અનધિકારીને યોગ થાય તો ધનમદ અને કામાંધતા પ્રકટે છે-શક્તિનાં તે તે ધર્મનાં અનુયાયીઓમાં જૂદાં જૂદાં નામો-માહેશ્વરોની **શક્તિ**, સાંખ્યોની **પરાપ્રકૃતિ**, સૂર્યના ઉપાસકોની **મહારાજ્ઞી**, બૌદ્ધોની **તારા**, જડવાદીઓની **આશા**, પાશુપતોની **શાન્તા**, જૈનોની **શ્રી**, બ્રહ્મદેવના ભક્તોની **શ્રદ્ધા**, વેદવાદીઓની **ગાયત્રી**, અને અજ્ઞાનમાં ડૂબેલાની **મોહિની**-એવા અનેક પ્રકારે ચૈતન્યશક્તિનો સર્વને સ્વીકાર કરવો પડે છે-મંત્રનું યંત્રમાં નિયંત્રણ, અને તંત્રમાં સ્પષ્ટીકરણ-યંત્રમાં



શક્તિપૂજન-યંત્રસ્થ અક્ષરો વડે દેવતાનાં નામ, રૂપ, અને ગુણોનો ઉકેલ-શરીર, માનસ, અને વાચિક અર્ચનપદ્ધતિ-**ત્રિપુરાતાપિની** અને ઉપનિષદ્‌માં થયેલો પૂજનપદ્ધતિનો વિવેક. પૃ. ૭૩-૮૨

**પ્રકરણ દશમું.—**

શક્તિપૂજનના પ્રકારો-અંતર્યાગ અને બહિર્યાગ-તેનાં પાંચપાંચ અંગો-નિત્યકર્મ-નૈમિત્તિક કર્મ-કુમારિકા પૂજન-દંપતીઓનું તથા સુવાસિનીનું પૂજન-સ્વસ્ત્રીનું પૂજન-પ્રતીકોનું પૂજન-પ્રતીકોના પ્રકારો ઘટસ્થાપન, બાજઠ ઉપર માતૃસ્થાપન, જવારા વાવવાની રીત-પ્રતીકોના ભાવોનો ઉકેલ-શક્તિમાં થતો આવિર્ભાવ-સચેતનકર્મ અને અચેતન કર્મ-સચેતન કર્મમાં સ્વીકારાયેલો શક્તિવાદ-પ્રકૃતિમાં શક્તિના આવિર્ભાવનું પ્રથમરૂપ-સતીજન્મ-દક્ષયજ્ઞધ્વંસ-સતીદહન-હિમાચલને ત્યાં ઉમાનો બીજો આવિર્ભાવ-કામદહન-કામનું પુનર્જીવન-શિવશક્તિ વિવાહ-કુમારજન્મ-ગૌણ આવિર્ભાવો-તેનું પ્રયોજન-તેમાં સમાયેલું અધ્યાત્મ રહસ્ય-સામાન્ય જનોને અર્થે પીઠસ્થાનો-ભારત વર્ષનાં ૫૨, ૭૨, તથા ૧૦૮ મહાપીઠ સ્થાનો-મહાર્થમંજરીનાં અધ્યાત્મ પાંચ પીઠોની ભાવના-શાક્તોના વ્રત દિવસો-ગુજરાતનાં શક્તિપીઠો-ચારણસ્ત્રીઓના તાગાથી ઉત્પન્ન થયેલાં શાક્તપીઠો-ભારત વર્ષનાં બીજાં શાક્તપીઠની પૂજન પદ્ધતિમાં દેશકાલ અને વસ્તુપરિસ્થિતિ પ્રમાણે ભેદો-શંકરાચાર્યે કરેલી સુધારણા-દક્ષિણાચારની સુધારણા છતાં વામાચારનો સદ્‌ભાવ-અધિકાર ભેદ ઉપર શાસ્ત્રસિદ્ધાન્તમાં ભેદ. પૃ. ૮૩-૧૦૧

**પ્રકરણ અગીયારમું:—**

શાક્તસંપ્રદાયનો ગુજરાતને લગતો ઇતિહાસ-સૌરાષ્ટ્રમાં શ્રીકૃષ્ણ-સમયનો શક્તિસંબંધ-શૈવો અને શાક્તોનો સમાન સિદ્ધાન્ત-શિવ-શક્તિનો પ્રધાન તથા ગૌણવાદ-બૌદ્ધ અશોકના મૌર્ય રાજ્ય પછી ક્ષત્રપોનું રાજ્ય-મહાક્ષત્રપ રુદ્રદામાના (ઇ.સ.૧૩૦-૧૫૦)સમયમાં શૈવ

અને શાક્ત સંપ્રદાયનો પ્રચાર–તે રાજાના રાજ્યની બહોળી મર્યાદા–અર્ધનારીશ્વરની મૂર્તિના અવશેષો-તેવી મૂર્તિઓને લગતી ગ્રીક ઇતિહાસકારોને માહિતી–સિંહવાહિની શાસ્તાદેવીની મૂર્તિઓના અવશેષો –પ્રાચીન દુર્ગાદેવીનો તેમાં સંબંધ–શાસ્તાદેવીનો “છાસનાં દેવી” એવો અપભ્રંશ–શોજીત્રા પાસે તે નામનાં દેવીની મૂર્તિ–વલ્લભી રાજ્યમાં અંબાભવાનીની માન્યતાના પુરાવા–આબુ પાસે ક્ષેમામ્બાનું સ્થળ–અંબિકા શ્રીકુલની દેવી–તેનાં લલિતા, બાલા વિગેરે રૂપાંતરો–પાવકાચલ(પાવાગઢ)ની કાલીકુલની કાલિકાદેવી–તેને લગતો ઇતિહાસ –ભદ્રકાલી અને ભૈરવીમાં ભેદ–ભદ્રકાલીની ભાવના ગુજરાતમાં છે–ભૈરવીની ભાવના બંગાળામાં છે–બહુચરાજી માતામાં મૂલ બાલા ત્રિપુરાનું રૂપ–તે દેવીની ભાવનાની વિકૃતિ–તેને લગતો અપધર્મ–ગુજરાતનાં ગૌણ શાક્ત પીઠો. પૃ. ૧૦૨–૧૧૦

**પ્રકરણ બારમું:—**

શાક્ત સંપ્રદાયને લગતું ગુજરાતી સાહિત્ય–શાક્તમતનું ગુજરાતી સાહિત્ય ઘણે ભાગે ભક્તિપ્રધાન છે, જ્ઞાનપ્રધાન નથી–દેવીની સ્થૂલ, સૂક્ષ્મ, અને પરભાવના–તેની કાયિક, વાચિક અને માનસિક ઉપાસના–ગુજરાતના શાક્તસંપ્રદાયના લેખકો–નાથ ભવાન (૧૬૮૧ ૧૮૦૦)–તેમનું જીવનચરિત્ર, અને કૃતિઓ–અંબામાતાનો ગરબો–વલ્લભધોળા (ઇ. સ. ૧૬૪૦–૧૭૫૧)–તેમનું જીવન, અને ગરબાગરબીઓ–આનંદના ગરબાની ચમત્કૃતિ– પ્રેમાનંદ(૧૬૩૬–૧૭૩૪)નું દેવીચરિત્ર, અને માર્કંડેય પુરાણ–હરગોવન કવિ(૧૮૪૧)નો અંબા માતાનો ગરબો–ભોળાનાથભાઇનાં પૂર્વાવસ્થાની દેવીભક્તિનાં પદો–શાક્ત રસિક કવિ મીઠુ (ઇ. સ. ૧૭૩૮–૧૭૯૧)–તેનું જીવન, અને તેના ગ્રંથો–બાઈ જની મીઠુની શિષ્યા–તેનાં પદો, કવિ બાલ(૧૮૫૮–૧૮૯૮)ના શાક્તસંપ્રદાયના રહસ્યગ્રંથો–તેમનું જીવન–તેમના પિતા તરફથી મળેલી શક્તિની વિદ્યા–તેમના હરિપ્રેમપંચદશી, અને સૌન્દર્યલહરી ગ્રંથો–શૃંગાર અને ભક્તિરસના ભેદો–વિભ્રમ થવાનાં–કારણો–



સૌંદર્યલહરી તે શંકરાચાર્યની મંત્રસાર સ્તુતિ છે. તેના અનેક ટીકાકારો–શ્રી વિદ્યાનું સામયિક મતનું રૂપ–સૌન્દર્ય લહરીના વિભાગ –તેના વિષયોનું વર્ણન,–મીઠુની શ્રી લહરી તે સૌન્દર્યલહરીનું નામાંતર છે–કવિ બાલનું ભાષાન્તર–તેની ઉત્કૃષ્ટતા–મૂલ ગ્રંથ શંકરાચાર્યની કૃતિ છે એનું સમર્થન–શ્રીમન્નૃસિંહાચાર્યજી(૧૮૫૪–૧૮૯૭)–ના શકિતતત્ત્વ સંબંધી વિચારો. પૃ. ૧૧૧–૧૪૪

**પ્રકરણ ૧૩ મું:—**

શક્તિની ઉપાસનામાં પ્રવર્તતા ત્રણ ભાવો–હિન્દુધર્મના સર્વ સંપ્રદાયો અને પંથોમાં શક્તિની પ્રાણનાડી–સવ દેવોમાં દેવીતત્વનો સ્વીકાર–સર્વ દિવ્ય પદાર્થોનું બીજ શક્તિતત્ત્વમાં–શિવ-શક્તિનું ધર્મી–ધર્મરૂપ–પરસ્પરનો અવિનાભાવ સંબંધ–શાક્તનું ધર્મભાવે સ્વતંત્ર ચિન્તન–શક્તિના એકદેશી ચિન્તનમાં ધર્મીનો લોપ થતો નથી–નિષ્કલ, નિરાકાર, નિષ્પ્રકાર અને નિર્વિશેષ તત્ત્વને સકલ, સાકાર, સપ્રકાર અને સવિશેષ બનાવનારી શક્તિ–તેનાં નાગાનંદ સૂત્રમાં અપાયેલાં અનેક નામો–શક્તિ એ રૂઢસંજ્ઞા–સ્ત્રી-શરીરમાં શક્તિનો પ્રભાવ શાથી ?—પ્રપંચસારમાં શંકરાચાર્યનાં વચનો–સ્ત્રી શબ્દની વ્યાકરણ મહાભાષ્યમાં કરેલી વ્યુત્પત્તિ–અધિકરણ પ્રધાન સ્ત્રીશબ્દ–જગતના ઉપાદાન કારણના પ્રાધાન્યને લક્ષ્યમાં લઈ સ્ત્રીશરીરની પૂજ્યતા–નિમિત્ત કારણના પ્રાધાન્યમાં પુરુષભાવ–કાર્યકારણના ભાવની જ્યાં જરૂર નથી ત્યાં બ્રહ્મભાવ–શક્તિની કુમારી રૂપે, ગૃહિણી રૂપે, અને જનની રૂપે ઉપાસના–તેનામાં રહેલો તુરીયભાવ–મહાસરસ્વતી, મહાલક્ષ્મી, મહાકાલી–વામા, જ્યેષ્ઠા રૌદ્રી–વૈખરી, મધ્યમા પશ્યંતી વિગેરે શક્તિની ત્રિપુટીઓ–પરાદેવતા, અંબિકા, અને પરાવાગ્ રૂપે તુરીયભાવના–ધર્મ અર્થ કામ એ ત્રિવર્ગની સાધના–અગ્નિ, સૂર્ય, સોમ, એ જ્યોતિત્રય સાથે સંબંધ–પંચદશાક્ષરી મંત્રનો ત્રિવર્ગની સિદ્ધિમાં ઉપયોગ–ષોડશી મંત્ર પ્રતિપાદ્ય પરા દેવતા–ઉપાસ્ય દેવતાનાં અનેક રૂપોનો પ્રકાર પ્રપંચસારમાં

આપ્યો છે-ક્રિયાસિદ્ધિમાં સાધકસાધિકાનાં જોડાંનું સહધર્માચરણ-સાધકસાધિકામાં પરસ્પર પૂજ્યભાવ-ભર્તૃસ્તોત્ર અને સ્ત્રીસ્તોત્રનો વિધિ-વેદકાલની શકિત ઉપાસનાને જાણનારી લોપામુદ્રાદિ સિદ્ધવર્ગની સ્ત્રીઓ,-સ્માર્તકાલની મદાલસા અને ચૂડાલા જેવી સિદ્ધેશ્વરીઓ-અર્વાચીન કાલનાં મંડનમિશ્રનાં સ્ત્રી ઉભયભારતી-સ્ત્રીજાતિની પ્રતિષ્ઠા વેદાન્તીઓએ નિંદા કરી ગુમાવી છે, અને રાગીઓએ સ્તુતિ કરી ગુમાવી છે-શાક્તોએ કરેલી વાસ્તવ કદર-શાક્ત અને શૈવાગમમાં વિવાહપદ્ધતિનું ઉદારપણું-સ્ત્રીઓનો પતિવરણમાં અધિકાર-સાપંડ અને ભર્તૃહીન સ્ત્રી યોગ્ય પતિ સ્વતંત્રતાથી મેળવી શકે એવો શૈવ-સિદ્ધાન્ત-વૈદિકાચાર જેવો જ તાંત્રિક આચાર-બંને હિન્દુધર્મની શાખાઓ છે-પ્રાચીન વેદસાહિત્યમાં શ્રીની આખ્યાયિકા-તેમાંથી નીકળતો સાર-પુરાણોમાં શકિતનાં કુમારી, ગૃહિણી અને જનની રૂપે વર્ણનો-શકિતના ત્રિવિધ અવતારમાં ગુંથાએલા ત્રણ ભાવો-વાક્, સતી, ઉમા, સ્કંદમાતા વિગરેમાં ગુંથાયેલા ભાવો-દુર્ગામાં સમાયેલો ઉગ્ર ભાવ; તેનાં પરાક્રમોમાં સમાયેલો અધ્યાત્મભાવ-દેવીચરિત્રના સંકેતોનો સ્ફોટ ભાસ્કરરાયે ગુપ્તવતી અને સૌભાગ્યભાસ્કરમાં કર્યો છે-ત્રણે ભાવમાં ભજાયેલાં શકિતનાં સ્વરૂપનો સાધકમાં થયેલો આવિર્ભાવ-કવિ બાલનું શાક્ત અનુભવનું ઉર્મિકાવ્ય. પૃ. ૧૪૫-૧૫૫

પ્રકરણ ચૌદમું—

શાક્તસંપ્રદાય અને બૌદ્ધધર્મ-બૌદ્ધધર્મના અને બૌદ્ધદર્શનના સાહિત્ય સંબંધમાં હિન્દુઓનું અજ્ઞાન-બૌદ્ધધર્મ હિન્દુધર્મનો વિરોધી છે એ ખોટી કલ્પના છે-હિન્દુઓના વર્તમાન ધર્મનું રૂપ બૌદ્ધધર્મની અસરથી ઘડાયું છે-એ ધર્મ વચ્ચે થયેલી આપલે-પ્રાચીન સાંખ્ય-માંથી બુદ્ધે આર્યસત્યો સ્વીકાર્યાં-બૌદ્ધ મહાયાન મતના માયાવાદને વેદાન્તે સ્વીકાર્યો-હિન્દુ તંત્રશાસ્ત્રમાંથી મહાયાનમતમાં શકિતવાદ પેઠો-બ્રાહ્મણોના પિતૃયાન અને દેવયાન-ધૂમમાર્ગ અર્ચિમાર્ગ-યાનશબ્દનો અર્થ-બૌદ્ધોનો દક્ષિણાપથનો હીનયાન-ઉત્તરાપથનો તથા પૂર્વદેશોનો



મહાયાન-હીનયાનની અર્હતભાવના પ્રત્યેક બુદ્ધભાવના-મહાયાનમત-ની બોધિસત્વભાવના-મહાયાનનાં નવ ધર્મસૂત્રો-હીનયાનના એકંદર અઢાર સંપ્રદાયોનો વૈભાષિક અને સૌત્રાંતિક વ્યૂહમાં સમાસ-મહાયાન-ના યોગાચાર અને માધ્યમિક સંપ્રદાય-યોગાચાર મતના મૈત્રેય, અસંગ, વસુબંધુનું વિગેરે વિચારકો-માધ્યમિક મતના નાગાર્જુન, આર્યદેવ, શાન્તિદેવ વિગરે આચાર્યો-હિન્દુઓના શૈવ શાક્ત તંત્રના સાહિત્યનો બૌદ્ધોએ કરેલો સત્કાર-મહાયાન મતની વજ્રયાન અથવા મંત્રયાન નામની શાખા-તેના નવ પેટા ભેદો-તે પૈકી શ્રાવકયાન, પ્રત્યેક બુદ્ધ-યાન, અને બોધિસત્વયાન જૂના છે-તીબેટમાં બૌદ્ધધર્મ પેઠા પછી બાકીના છ યાનો પ્રકટ થયા છે-આ યાનોમાં દૃષ્ટિ, ધ્યાન, ચર્યા-અને ફલ-એ ચાર મુદ્દા ઉપર ચર્ચા છે-ફલને લગતાં છેલ્લાં ત્રણ યાનો છે, મહાયોગ તંત્રયાન, અનુત્તર તંત્રયાન, અને અતિયોગ તંત્રયાન-બોધિવસ્તુની સ્ત્રીભાવે ભાવના અનુત્તર તંત્રયાનમાં છે-આ ત્રણે યાનો વજ્રયાન અથવા મંત્રયાનના પેટામાં આવે છે-અતિયોગ તંત્રયાન ગૌડપાદના અજાતિવાદ જેવું છે-શૂન્યતા લક્ષણ, કરુણા સ્વરૂપ-શૂન્ય અને કરુણા વચ્ચે દંપતીયોગ-પંચમુખ શિવની પેઠે પંચધ્યાની બુદ્ધમૂર્તિ-વજ્રલક્ષણ-વજ્રધર તે ઊર્ધ્વ ધ્યાનીબુદ્ધ-ધ્યાની-બુદ્ધના ઘંટ અને વજ્ર મુદ્રાના સંકેતો-શૂન્ય અથવા શુદ્ધપ્રજ્ઞા તે ઉપેય-વજ્ર તે ઉપાય-વજ્રધરની વજ્રવારાહી શકિત વજ્રયાનની તાંત્રિકપદ્ધતિ હિન્દુઓની તંત્રપદ્ધતિ જેવી છે-તંત્રસાધનાનું ફલ-ત્રિકાયબુદ્ધની ભાવના-ધર્મકાય, સંભોગકાય અને નિર્માણકાયનાં લક્ષણો-બૌદ્ધ તંત્રના ગુરુઓની પરંપરા-બૌદ્ધોની તારા દેવી-તારા દેવીને લગતું સાહિત્ય-તાર-તારાનું યુગ્મ-પ્રેમપંચક-શૂન્યતા કામિનીનો પ્રતિભાસ કાન્ત સાથે યોગ-વિશ્વવિભ્રમ આ યોગથી થાય છે. પૃ. ૧૫૬-૧૬૫

પ્રકરણ પંદરમું:—

શાક્તસંપ્રદાય અને જૈનધર્મ-જૈનધર્મમાં દેવીપૂજાનો પ્રવેશ-તેનાં કારણો-જૈનોના શાસનમાં ધર્મધ્યાન અને શુક્લધ્યાનના

ભેદો-ધર્મધ્યાનના પિંડસ્થ, પદસ્થ, રૂપસ્થ અને રૂપવર્જિત એવા પેટા ભેદો- હેમચંદ્રસૂરિનું **अध्यात्मोपनिषद्** અથવા યોગ શાસ્ત્ર-પિંડસ્થ ધ્યાનપ્રકાર-પદસ્થ ધ્યાનપ્રકાર-વર્ણ, પદ, વાક્યની શકિતઓ-મંત્રોદ્ધાર -તે તે ધ્યાનનાં ફળો-મંત્રદેવતાનું શાકતસ્વરૂપ-શકિતવાદનો સારો અને ખોટો ઉપયોગ હિન્દુઓ, બૌદ્ધો અને જૈનોમાં સમાન છે; જૈનકવિઓ સારસ્વત કલ્પની ઉપાસનાને માને છે- કવિ બાલચંદ્રનું ઉદાહરણ.

પૃ. ૧૬૬-૧૭૧

**પ્રકરણ સોળમું:—**

શિવ-શકિત સામરસ્યનું ફલ-શિવશકિત વચ્ચે ધર્મધર્મીભાવનું અદ્વૈત-શૈવશાકતના પ્રતિબિંબવાદ અને વિવર્તવાદના તાત્પર્યમાં વેદાન્ત-શાસ્ત્રના તે શબ્દો કરતાં ભિન્ન અર્થ-વેદાન્તમાં વિવર્ત અવિદ્યા વડે, શાકતોમાં સ્વાતંત્ર્ય વડે-સાંખ્યયોગ, વેદાન્ત, બૌદ્ધ વિગરેના સિદ્ધાન્તમાં અને શાક્તસિદ્ધાન્તમાં શો ભેદ છે-જગતનું મિથ્યાત્વ નહીં પરંતુ સ્વરૂપ-ચમત્કૃતિ-શકિતના અનેક પ્રકારો-વેદાન્તનું એકરસપણું, સાંખ્યયોગનું વિરસપણું, શૈવશાકતનું સમરસપણું-શાકતસિદ્ધનો સમરસ શ્રુતિપ્રબોધિત છે-પૂર્ણાભિષેકવાળા શાકતનો પંચાવન પ્રકારનો રસ-સાંખ્ય-યોગના બદ્ધપુરુષની અવદશા-શૈવશાકતના મુકતપુરુષની ક્રમવાર ઉન્નતિ -શુદ્ધાધ્વાનાં તત્ત્વોમાં તેનો વિહાર, અને તેની દૈવી સંપત્તિઓ-શાકત-સંપ્રદાયની પડતીનાં કારણો-નિબંધનું પ્રયોજન. પૃ. ૧૭૨-૧૭૮

# શાક્ત સંપ્રદાય ગ્રંથ, અને ગ્રંથકારોની સૂચી


અ

પૃષ્ટ

અગસ્ત્ય સૂત્ર ૨૨
અજડ પ્રમાતૃસિદ્ધિ ૩૬
અજા ૪૯
અથર્વવેદ ૧૯, ૧૩૨
અદ્વયવજ્ર સંગ્રહ (તંત્ર) ૧૬૬
અદ્વૈતદર્શન ૪૩, ૫૨, ૫૮, ૫૯
અદ્વૈતભાવ (ઉ) ૧૮, ૨૦, ૪૩
અદ્વૈતવાદ ૩૮, ૩૯, ૪૮, ૫૯
અદિતિ ૮
અધ્યાત્મ (શક્તિ) જુઓ શક્તિ
અધ્યાત્મ ઉપનિષદ્ (જૈન) ૧૬૮
અધિદૈવ (શક્તિ) જુઓ શક્તિ.
અધિભૂત ( શક્તિ ) જુઓ શક્તિ.
અપરા શક્તિ ૫૧
અપ્પય્યદીક્ષિત ૧૯, ૩૪, ૩૫, ૪૬, ૪૭, ૫૮
અભિનવગુપ્ત ૩૬
અર્ગલાસ્તુતિ ૮૮
અર્ચનાત્રિંશિકા ૮૩
અર્ધનારીશ્વર ૩૫, ૧૨૧, ૧૬૨
અર્બુદ (આબુ) ૧૦૭
અરુણા (ઉ) ૧૮, ૨૦, ૪૭
અરુણેશ (તંત્ર) ૩૧, ૩૨

પૃષ્ટ

અરુણોપનિષદ્ ૧૩૨
અવસ્થા (ભેદ) ૭૧, ૭૨
અશ્વક્રાન્ત ૨૭
અશ્વઘોષ ૧૫૭
અસંગ ૧૫૭, ૧૫૯
અહિચ્છત્ર ૬૫
અક્ષર ૪૯
અંગિરા ૨૩
અંબા આનનનો ગરબો. ૧૧૩, ૧૧૪
અંબિકા ૧૬, ૧૦૭
અંભૃણ ૮, ૨૬

આ

આકાશ ૪૯
આગમ ૨૪, ૨૫
આચારભેદો (શાક્ત) ૩૨, ૩૩, ૧૦૧, ૧૪૩, ૧૪૪, ૧૫૩
આદિત્ય ૮
આદ્યા (વિદ્યા) ૭૫
આનંદમયી (શક્તિ) જુઓ શક્તિ.
આનંદલહરી ૩૫, ૪૬, ૫૬
આનંદેશ્વરી ૧૧૨
આર્થરએવલેન ૨૬

આર્યદેવ ૧૫૯
આર્યમહાસંઘિક (બૌદ્ધ) ૧૫૯
આર્યસ્થવિર (બૌદ્ધ) ૧૫૯
આરણ્યક ૧૧, ૧૬
આર્યપંચાશત ૩૫
આરુણકેતુક ૪૭
આરુણકેતુક (ઉપનિષદ્) ૧૩૨
આરુણિક (ઉ) ૨૦
આંતરયાગ ૮૩, ૮૪

ઇ–ઈ

ઈશ્વિરવાદ ૧૬૬

ઉ–ઊ

ઉપનિષદ્ બ્રહ્મ ૩૪
ઉપનિષદો ૧૮, ૪૮
ઉપાસનાપંચાંગ ૧૬૫
ઉભયભારતી ૫૪. ૫૫
ઉમાનંદ ૨૨
ઉમાહૈમવતી ૨૬
ઉષા ૮

ઋ–ૠ

ઋગ્વેદ ૧, ૮, ૨૦, ૪૫

એ–ઐ

ઐતરેય (ઉ.) ૧૩

ઓ–ઔ

ઔપનિષદમત ૩૮, ૩૯

ક

કમલા ૭૭
કર્પૂરાદિ સ્તોત્ર ૭૦
કરૂણા ૧૬૫
કલ્પસૂત્ર ૧૬, ૨૨, ૩૫, ૬૪
કલા ૧૪
કલાપક (તંત્ર) ૩૦
કલાવાદ (તંત્ર) ૩૦
કલાસાગર ૩૦
કાન્ત ૫૭
કાઠક ૮, ૧૦
કાત્યાયની (તંત્ર) ૩૬
કાદિમત ૧૯
કાપાલિક ૭૧
કામકલા ૪૧, ૭૬, ૭૯
કામકલા વિલાસ ૩૬
કામિક (તંત્ર) ૩૦
કામાક્ષી ૫૫
કાલટી ૫૩
કાલિકા પુરાણ ૩૬
કાલિકા કારકૂટ ૩૭
કાલિકુલસર્વસ્વ ૨૬
કાલિદાસ ૩૫
કાલી (ઉ) ૧૮, ૨૦, ૪૭
કાલી (વિદ્યા) ૭૫, ૭૭, ૭૯, ૮૦, ૮૧, ૧૦૮, ૧૦૯, ૧૪૯, ૧૬૫
કાંચળીઆ પંથ ૭૧
કુબ્જિકા મત (તંત્ર) ૩૦





કુમારસંભવ ૯૭
કુમારિલ ૫૪, ૬૫
કુલાર્ણવ સંગીત ૧૭૫
કુંડલિની ૪૧, ૬૦, ૬૮, ૭૬
કૂટત્રય ૧૫૦
કૂર્ચ ૭૯
કૂર્મ પુરાણ ૩૫
કેનોપનિષદ્ ૯૭
કેરલ ૫૩
કૌલ (ઉ.) ૧૮, ૨૦, ૩૪
કૌલ મત ૫૭, ૬૪, ૧૩૬
કૌલાચાર ૨૨, ૩૨, ૭૧
કૌષીતકી બ્રાહ્મણ ૧૯
ક્ષેમરાજ ૨૩
ક્ષેમંકરી ૧૦૭
ક્ષેમાર્યા ૧૦૭

ખ

ખિલ ૨૦
ખ્રીસ્ત ધર્મ ૧૦૨

ગ

ગાયત્રી ૧૧, ૧૨ ૧૭
ગાયત્રી (ઉ.) ૧૨
ગાયત્રી ભાષ્ય ૧૧૫
ગુજરાતમાં શાક્ત સંપ્રદાય ૧૦૨, ૧૧૧
ગુજરાતના શાક્ત મતના લેખકો ૧૧૨
ગુહ્યવતી ૩૪
ગુહ્યતંત્ર ૩૦
ગોપથ (બ્રાહ્મણ) ૧૨
ગોવિંદનાથ ૫૩
ગોવિંદાચાર્ય ૫૫
ગૌડપાદ ૨૩, ૩૫, ૫૫, ૧૪૦

ચ

ચક્ર ૧૭૯, ૧૯૨
ચંડીશતક ૩૫
ચિચ્છક્તિ ૫૭, ૬૦
ચિતિ ૧૨, ૬૦
ચીનાચાર ૨૬

છ

છાન્દોગ્ય ૧૦, ૧૨, ૩૯, ૪૪, ૪૫
છિન્નમસ્તકા ૭૭

જ

જગદાનંદ ૩૭
જની ૧૨૭
જંબુદ્વીપ ૨૭
જાતક ૧૬૫
જ્યેષ્ઠા ૨૭, ૭૫
જૈનધર્મ ૧૬૬
જૈન દેવતાઓ ૧૭૧
જૈન તંત્ર ૧૬૭
જૈન ધ્યાન ૧૬૭, ૧૬૮
જૈન મંત્રો ૧૬૯
જૈમિનિ ૨૩

ડ

ડામર (તંત્ર) ૨૭, ૩૬
ડાહ્યાભાઇ દેરાસરી ૧૨૭

ત

તત્ત્વાનંદ તરંગિણી ૩૭
તત્ત્વો (શુદ્ધાધ્વાનાં) ૭
તંત્ર ૧૬,૨૪૨૭,૫૭,૧૫૯,૧૬૩
તંત્રસાર ૩૬
તંત્રરહસ્ય ૩
તંત્રભેદ (તંત્ર) ૩૦
તંત્રરાજ (તંત્ર) ૭૭, ૮૨, ૧૭૯
તંત્રસાધના ૬૪, ૧૬૭
તંત્રવટધાનિકા ૩૬
તંત્રસુધા ૩૬
તંત્રજ્ઞાન (તંત્ર) ૩૦
તંત્રાલોક ૩૬
તંત્રોત્તર (તંત્ર) ૩૦
તારા ૧૮, ૨૦, ૨૭, ૪૭, ૭૭, ૭૮
તારા દેવીનું સાહિત્ય ૧૬૪, ૧૬૫
તારારહસ્ય ૩૭
તાંત્રિક અધિકાર ૩૩, ૬૫
તાંત્રિક મત ૩૯, ૭૪
ત્રિક દર્શન ૨૩, ૩૬, ૯૭
ત્રિકાય ૧૫૮, ૧૬૩
ત્રિપુર ૧૭૭
ત્રિપુરા ૧૬,૧૮,૧૯,૪૭,૬૨, ૭૫,૭૬,૭૭,૭૮,૧૯૨
ત્રિપુરાતાપિની ૧૮, ૧૯, ૪૭, ૮૩, ૧૭૯
ત્રિપુરા મહોપનિષદ્ ૧૬, ૧૯, ૩૪, ૪૭, ૧૭૯
ત્રિપુરામહિમ્નસ્તોત્ર ૩૫
ત્રિપુરારહસ્ય ૩૭, ૩૮, ૧૪૬
તીર્થંકરનાદ ૧૬૬
તૈત્તિરીય (આરણ્યક) ૧૧
તૈત્તિરીય (ઉ) ૪૬
ત્રૈપુરધામ ૧૫
ત્રોડલ (તંત્ર) ૩૦
ત્રોડલોત્તર (તંત્ર) ૩૦

દ

દત્તસંહિતા ૨૨
દયારામ ૧૩૧
દર્શનસાહિત્ય ૧૫૯
દ્રવિડશિશુ ૫૨
દ્રવિડાચાર્ય ૪૪, ૪૫
દશમહાવિદ્યા ૨૭, ૭૬, ૭૭, ૮૬
દક્ષિણાચાર અને માર્ગ ૫૭ ૧૭૦
દંડિની ૧૬૪
દ્રાવિડવેદાન્ત ૪૪
દિતિ ૮
દિઙ્નાગ ૧૫૮
દિવ્ય (સાધક) ૬૪
દીક્ષા (ભેદ) ૬૨, ૬૩, ૬૪
દેવતાવાદ ૩૮
દેવી (ઉ.) ૧૮, ૪૭, ૧૭૯



દેવી (પીઠોની) ૯૨
દેવીગીતા ૪૫
દેવીભાગવત ૨૭, ૩૫
દેવીમત (તંત્ર) ૩૧
દેવીમાહાત્મ્ય ૩૫, ૭૩, ૯૭
દેવીસૂક્ત ૯
દેવો ૪
દેવીમીમાંસાસૂત્ર ૨૩

ધ

ધર્મવિકૃતિઓ ૮૬
ધર્મકીર્તિ ૧૫૮
ધ્યાનીબુદ્ધ ૧૬૩
ધૂમાવતી ૭૭

ન

નવધર્મ (બૌદ્ધ) સૂત્રો ૧૫૮, ૧૫૯
નાગાનંદસૂત્ર ૧૪૬
નાગાર્જુન ૧૫૭, ૧૫૯
નાથભવાન ૧૧૨, ૧૧૪, ૧૧૫
નાદ ૧૫, ૨૨, ૭૫
નારાયણ (ઉ.) ૯
નાલંદા ૨૫
ન્યાયવૈશેષિક ૧૭૩
નિગમ ૨૫
નિત્યા ૨૨
નિત્યાષોડશિકાર્ણવ ૩૮, ૧૭૯
નિત્યોત્સવ ૨૨, ૩૫
નિરુત્તર (તંત્ર) ૩૨
નીલકંઠ ૩૫, ૪૭
નૃસિંહતાપિની (ઉ.) ૧૯
નૃસિંહાચાર્ય ૧૪૧, ૧૪૨, ૧૪૩

પ

પતાઈ રાવળ ૧૦૯
પદ્મપુરાણ ૧૦૭, ૧૦૮
પદ્મસંભવ ૧૬૦
પરદેવતા ૪૨, ૪૩, ૪૪, ૪૫
પરમવ્યોમન્ ૪૬
પરમેશ્વર ૪૩
પરશિવ ૪૩
પરશુરામ ૨૨, ૩૫, ૬૪, ૭૧
પરશુરામ સૂત્ર ૧૭૯
પરવિષ્ણુ (પરવાસુદેવ) ૪૩
પરાશક્તિ ૪૩, ૫૧
પરાત્રિંશિકા ૩૬
પરાદેવતા ૯, ૬૦
પરિણામવાદ ૧૭૩
પરિભાષા (મંત્રની) ૩૯, ૮૦
પરિશિષ્ટ ૨૦
પશુ ૬૪, ૬૫
પશુધર્મ ૬૪
પ્રકરણગ્રંથો ૪૩
પ્રકાશ ૧૭૩
પ્રકૃતિશક્તિ ૫૧
પ્રકૃતિકારણવાદ ૪૮
પ્રત્યભિજ્ઞા ૨૩, ૩૬, ૩૮, ૭૩

પ્રતીક ૮૫
પ્રધાન ૫૧
પ્રપંચસાર ૫૬, ૬૪, ૧૯૨
પ્રશ્ન (ઉ.) ૧૪, ૧૭
પ્રસ્થાનત્રય ૪૧, ૪૩, ૫૫
પંચદશાક્ષરી ૪૧, ૧૫૦
પંચકો (ધ્યાન, રશ્મિ, કર્મ, શક્તિના) ૧૭૭
પંચમકાર (પંચદ્રવ્ય) ૩૩, ૬૨, ૬૫, ૬૭, ૬૮, ૭૦, ૭૧, ૭૩, ૯૭
પંચામૃત (તંત્ર) ૩૧
પાતંજલ ૧૭૮
પાવકાચલ ૧૦૮, ૧૦૯
પ્રાતિશાખ્ય ૨૩
પાંચરાત્ર ૨૫
પુણ્યરાજ ૧૫, ૨૧
પુરુષ ૧૭૫, ૧૭૬, ૧૭૭
પુષ્કરસ્થાન (ક્ષેત્ર) ૧૦૭
પુરુષાર્થ ૧૪૯
પૂર્ણગિરિ ૫૫
પૂર્ણાનંદ ૩૭, ૭૧
પૃથ્વીરાજ ૧૦૯
પૃશ્નિ ૧૩૩
પ્રેમપંચક (બૌદ્ધ) ૧૬૫, ૧૬૬
પ્રેમાનંદ ૧૪૪

બ

બગલા ૭૭
બહિર્યોગ ૮૩, ૮૪
બહુરૂપાષ્ટક (તંત્ર) ૨૮
બહ્વૃચ ૧૮, ૧૯, ૪૭
બાણ ૩૫
બાદરાયણ ૨૩, ૩૯
બાલચંદ્રસૂરિ (જૈન) ૧૭૦
બાલા ૧૪૯
બાલાજી ૧૪૪
બાલાશંકર (કવિ) ૧૨૮, ૧૨૯, ૧૩૧, ૧૩૨, ૧૩૮, ૧૩૯, ૧૫૪
બિંદુ (પર) ૧૪, ૧૫, ૬૦, ૭૪
બિંદુ (અપર) ૧૪, ૧૫, ૨૨, ૬૮, ૭૪, ૭૫
બીજ ૧૫, ૨૨, ૭૫
બીજમાર્ગો ૭૧
બુદ્ધ ૬૬
બુદ્ધઘોષ ૧૫૮
બૃહદારણ્યક ૧૨
બોધિચિત્ત ૧૬૧
બૌદ્ધદેવતા ૧૬૨
બૌદ્ધ ધર્મ ૧૫૬, ૧૫૮
બૌદ્ધસંપ્રદાય ૧, ૭૧
બૌદ્ધસાહિત્ય ૧૫૭, ૧૫૯
બૌદ્ધ સિદ્ધાન્તની વેદાન્ત ઉપર અસર ૧૫૭
બ્રહ્મ ૧૨, ૧૭, ૪૦, ૪૫, ૫૧
બ્રહ્મનંદી ૪૪, ૪૫
બ્રહ્મનાડી ૬૩
બ્રહ્મયામલ ૨૪





બ્રહ્મરંધ્ર ૬૩
બ્રહ્મલોક ૧૭
બ્રહ્મવાદ ૪૫
બ્રહ્મસૂત્ર ૫૮
બ્રહ્માણ્ડપુરાણ ૪૦, ૯૮
બ્રાહ્મણ (ગ્રંથ) ૧૧

ભ

ભક્તિરસ ૧૩૦
ભર્ગ ૧૧
ભર્તૃસ્તોત્ર ૧૫૧
ભર્તૃહરિ ૨૧
ભાવના (ઉ.) ૧૮, ૨૦, ૪૭, ૮૨, ૧૭૯
ભાસ્કરરાય ૧૯, ૨૦, ૩૪, ૩૮, ૪૦, ૪૭
ભુવન ૧૪, ૧૬
ભુવનેશ્વરી ૭૭, ૮૦
ભૂમિકા (ભેદ) ૭૨
ભૈરવાષ્ટક (તંત્ર) ૨૮
ભૈરવી ૭૭
ભોળાનાથ ૧૪૪

મ

મધુસૂદન સરસ્વતી ૧૭૪
મનુ ૬૬
મરીચિ (તંત્ર) ૩૬
મહર્લોક (મહેન્દ્રલોક) ૧૭
મહાકાલસંહિતા ૬૫
મહાર્થમંજરી ૩૬, ૯૭, ૧૭૩
મહામાયા (તંત્ર) ૨૮
મહાસુખ પ્રકાશ ૧૫૬
મહાયાન ૧૫૯, ૧૬૦
મહાસારસ્વત (તંત્ર) ૨૮
મહાવ્રત ૬૫
મહાસંમોહન (તંત્ર) ૩૦
મહાનિર્વાણ (તંત્ર) ૬૬, ૧૫૨
મહાસૂક્ષ્મ (તંત્ર) ૩૦
મહાનયપ્રકાશ ૭૨
મહિષમર્દિની ૧૦૭
મહિષાસુર ૧૦૮
મણિમેખલા (બૌદ્ધદેવ) ૧૬૫
મહોચ્છૂય (તંત્ર) ૩૦
મંડનમિશ્ર ૫૪, ૫૫
મંત્રશાસ્ત્ર ૧૪
મંત્રોદ્ધાર ૭૯, ૮૧
માતૃભેદ (તંત્ર) ૩૧
માતૃકાચક્રવિવેક ૧૭૯
માતંગી ૭૭
માધ્યમિક મત ૧૫૯
માયા ૧૩, ૩૮, ૫૧, ૬૦
માયાવાદ ૪૧, ૪૮, ૧૫૭
માયોત્તર (તંત્ર) ૨૮
માર્કંડેય પુરાણ ૩૫
માલિનીવિજય ૩૬
માંડૂક્ય (ઉ.) ૫૫
મિશ્ર ૩૨, ૫૭

મીહૃ ૧૨૦, ૧૨૭, ૧૩૮, ૧૩૯, ૧૪૦
મીમાંસક ૭૪
મૃગેન્દ્ર ૬૧
મૈત્રેય ૧૫૯
મોહિનીશ (તંત્ર) ૩૧, ૩૨

**ય**

યજુર્વેદ (કૃષ્ણ) ૪૫
યજુર્વેદ (શુકલ) ૯
યજ્ઞ ૨
યંત્ર ૬૩, ૭૪, ૮૨, ૮૫
યાનભેદ ૧૫૮, ૧૬૦
યામલ ૨૭
યામલાષ્ટક (તંત્ર) ૨૮
યોગદર્શન ૬૨, ૭૪
યોગશાસ્ત્ર (જૈન) ૧૬૬, ૧૬૮, ૧૬૯
યોગસાર ૩૭
યોગાચાર (બૌદ્ધ) ૧૫૯
યોગિનીઓ (શ્રી ચક્રની) ૧૭૯, ૧૯૨ (પરિશિષ્ટ)
યોગિનીજાલ (તંત્ર) ૨૮
યોગીનીતંત્ર ૩૬, ૬૮
યોગિનીહૃદય (તંત્ર) ૩૪
યોનિ ૫૦

**ર**

રણછોડજી ૧૪૩
રથક્રાન્ત ૨૭
રસભેદો ૧૭૫, ૧૭૫
રસિકમોહન ૨૬
રાજશેખર ૧૪૦
રાધાતંત્ર ૨૭
રામાનંદ ૧૯
રામેશ્વર ૨૨
રૌદ્રી ૭૫

**લ**

લઘુપંચસ્તવી ૩૫
લતાસાધન ૮૭
લલિતા ૧૯, ૧૦૭
લલિતાસહસ્રનામ ૨૩, ૩૪, ૩૫, ૪૦, ૧૭૯
લલિતાત્રિશતી ૩૫, ૫૬, ૧૭૯
લક્ષ્મી ૯
લક્ષ્મી (તંત્ર) ૩૬
લક્ષ્મીધર ૩૨, ૩૩, ૭૧
લક્ષ્મીસૂક્ત ૮, ૪૭
લોપામુદ્રા ૫૭

**વ**

વજ્રયાન ૭૧, ૧૬૧, ૧૬૩.
વનરાજ ૧૦૮
વરિવસ્યારહસ્ય ૩૪, ૧૭૯
વલ્લભ ભોળા ૧૦૨, ૧૧૫, ૧૧૯
વલ્લભી રાજ્ય ૯૮, ૯૯
વસુબંધુ ૧૫૭, ૧૫૯
વાક્ (સૂક્ત) ૮, ૧૯, ૨૦, ૨૧
વાત્સાયન ૬૯





વાતુલ (તંત્ર) ૩૦
વામજુષ્ટ (તંત્ર) ૨૮
વામદેવ ૨૮
વામમાર્ગ ૨૦, ૫૭, ૧૭૦
વામકેશ્વર (તંત્ર) ૧૭૪
વામા ૭૫
વારાહી (તંત્ર) ૩૬, ૧૬૪
વાતુલોત્તર (તંત્ર) ૩૦
વાસિષ્ઠપુર ૧૦૭
વાસુકિ (તંત્ર) ૩૦
વાહન (તંત્ર) ૩૦
વાહનોત્તર (તંત્ર) ૩૧
વાક્યપદીય ૧૫, ૨૧
વ્યાકરણાગમ ૨૦
વિકુંઠેશ્વર (તંત્ર) ૩૧
વિદ્યા ૫૪, ૭૩, ૭૫, ૧૭૧
વિદ્યારણ્ય ૪૭
વિગલા ૫૫, ૧૭૩
વિમલાનંદ ૨૬, ૬૯
વિમર્શ ૧૨, ૧૪, ૬૪, ૭૩
વિમળશા ૧૬૬, ૧૬૭
વિરાટપર્વ ૨૭
વિવર્ત ૧૭૨
વિશુદ્ધેશ્વર (તંત્ર) ૩૨
વિશ્વાત્મક (તંત્ર) ૩૨
વિશ્વામિત્ર ૨૬
વિષ્ણુક્રાન્ત ૨૭
વિજ્ઞાનવાદ ૧૫૯
વીણાતંત્ર ૩૦
વીર ૬૪
વીરાવલી (તંત્ર) ૩૨
વેદ (મંત્ર–બ્રાહ્મણ) ૧
વેદાંત ૭૩
વૈષ્ણવાગમ ૨૦
વૈદિક ૬૫
વૈભાષિક ૧૫૯
વૈયાકરણ ૭૪
વૈયાકરણ સિદ્ધાન્ત મંજૂષા ૧૫, ૨૧
વૈશેષિક (તંત્ર) ૩૨

**શ**

શક્તિ (તેના ભેદો) ૩, ૪, ૫, ૬, ૭, ૧૨, ૧૩, ૧૪, ૨૨, ૩૯, ૪૧, ૪૫, ૪૬, ૫૦, ૫૧, ૭૪, ૭૫, ૭૬, ૮૧, ૯૯, ૧૦૧, ૧૪૬, ૧૪૭, ૧૫૮, ૧૭૨, ૧૭૩
શક્તિના આવિર્ભાવો ૯૭, ૯૮
શક્તિગીતા ૩૫
શક્તિભક્તિ ૧૧૧
શક્તિરહસ્ય ૧૩૧
શક્તિસૂત્ર ૨૩
શક્તિસંગમ ૧૩૪
શક્તિસ્તોત્ર ૩૫
શક્તિતત્ત્વવિમર્શિની ૩૬
શક્તિવાદ ૨, ૧૧, ૨૧, ૨૭, ૩૪, ૩૫, ૩૬, ૩૮, ૪૧, ૪૪, ૪૫, ૪૮, ૫૫, ૫૬, ૫૮, ૫૯

શક્તિપૂજન ૮૩, ૮૪, ૮૫, ૮૭, ૮૮, ૯૯, ૧૦૦
શક્તિસંગમ (તંત્ર) ૩૬, ૬૪
શબ્દબ્રહ્મ ૪૧, ૭૪
શરીર (ભેદ) ૫૮
શંકરવિજય ૫૩
શંકરસ્વામી (નૈયાયિક) ૧૫૮
શંકરાચાર્ય ૨૩, ૩૫, ૪૧, ૪૨, ૪૪, ૪૫, ૪૬, ૪૭, ૪૯, ૫૦, ૫૨, ૫૩, ૫૪, ૫૫, ૬૪, ૧૪૦, ૧૫૮
શંકરારણ્ય ૩૫, ૪૭
શંકરાચાર્યચરિત ૫૩
શંબર (તંત્ર) ૨૮
શાક્ત (પ્રયોગપદ્ધતિ) ૩૬
શાક્તઆચાર: જુઓ આચારભેદ
શાક્ત આગમ ૫૭
શાક્તક્રમ ૩૭
શાક્તપીઠો ૯૨, ૯૬, ૯૭, ૯૮, ૧૧૦
શાક્તમત ૫૭, ૫૮
શાક્તભાવો ૧૪૫, ૧૫૫
શાક્તવ્રત ૯૭
શાક્ત (શૈવ) વિવાહ ૧૫૨
શાક્ત સિદ્ધાંત ૩૮, ૪૩, ૫૨
શાક્તસંપ્રદાય ૧, ૫૮, ૧૦૨
શાક્તસંહિતા ૧૯
શારદા ૫૫
શાસ્તાદેવી (છાસના દેવી) ૧૦૬
શાંતિદેવી ૧૫૯
શાંકરસિદ્ધાન્ત ૪૧, ૪૮, ૫૯
શિવ ૧૫, ૪૧, ૬૦
શિવરહસ્ય ૧૩૧
શિવશક્તિ સામરસ્ય ૧૭૨
શીરોહી ૧૦૭
શુભાગમ ૩૨, ૩૩, ૫૭
શૂન્ય ૭૫, ૧૬૨, ૧૬૫
શૂન્યવાદ ૧૫૯, ૧૬૧
શૈવ પરિભાષા ૬૦
શૈવ સિદ્ધાન્ત ૫૯
શૈવ સંપ્રદાય ૧૦૩, ૧૦૪, ૧૦૫, ૧૦૬, ૧૦૭
શૈવાગમ ૩૮
શ્યામા ૭૭
શ્યામારહસ્ય ૩૭, ૭૮, ૧૩૧
શ્રદ્ધા ૧૪
શ્રીકંઠાચાર્ય ૪૬
શ્રીચક્ર ૮૨, ૧૩૭, ૧૭૯ (પરિશિષ્ટ)
શ્રીચક્ર સંભાર (તંત્ર) ૧૬૪
શ્રીતત્ત્વચિંતામણિ ૩૭
શ્રીમાલ ૧૦૭
શ્રીલહરી ૧૩૮
શ્રીવિદ્યા ૧૬, ૧૭, ૩૩, ૩૫, ૫૮, ૭૭, ૮૧, ૧૦૭, ૧૩૨, ૧૩૩, ૧૩૪, ૧૩૫, ૧૪૦, ૧૫૩, ૧૬૫, ૧૭૯, ૧૮૦





શ્રીવિદ્યાસૂત્ર ૩૫, ૫૬, ૭૮, ૧૭૯
શ્રીવિદ્યાતારક (ઉ) ૧૮, ૨૦
શ્રીસૂક્ત ૩૪
શ્રીહર્ષ ૧૦૦, ૧૦૭
શ્વેતાશ્વતર ૯, ૧૩, ૪૬
શ્વેતાંબર ૧૭૧
શૃંગારરસ ૧૩૦

ષ

ષટ્ચક્રવેધ ૧૩૪
ષોડશી ૭૭

સ

સત્ ૯
સતી ૮૯, ૯૦, ૯૧, ૯૭
સદાનન્દ ૩૪
સમયાચાર ૭૨
સરસ્વતી ૧૧, ૧૭૦, ૧૭૧
સરસ્વતીહૃદય (ઉ.) ૧૮, ૨૦, ૪૭
સહજાનંદ નાથ ૧૪૧
સહસ્રાર ૬૮
સબિંદુ ત્રિકોણ ૧૬
સપ્તશતી ૩૪, ૩૫, ૧૫૪
સર્વાસ્તિવાદી (બૌદ્ધ) ૧૫૯
સંધભાષા ૧૭૮
સંવિત્સિદ્ધિ ૩૬
સંવિત્સિદ્ધાન્ત ૩૬
સાત્વત તંત્ર ૨૫
સાધક, સાધિકા (ભેદ) ૬૪, ૬૫
સામવેદ ૮, ૪૫
સામયિક મત ૩૨, ૫૭, ૫૮
સામ્ય ૭૧
સામાનાધિકરણ્ય ૩૮
સાવિત્રી ૧૧
સાયણાચાર્ય ૩૪
સાંખ્ય ૭૩
સીતા (ઉ.) ૧૮, ૨૦
સુભગા ૧૬, ૪૦, ૭૯
સુભગોદય ૩૩, ૪૫, ૧૪૦
સુમેધા ૨૨
સુષુમ્ણા ૬૩
સુંદરી ૧૬, ૭૭, ૧૪૯
સૂક્તિમુક્તાવલિ ૧૪૦
સૂતસંહિતા ૩૪, ૩૫
સૂર્યા ૮
સૃષ્ટિ ૪૧
સેતુબંધ ૩૪
સૌત્રાંતિક ૧૫૯
સૌન્દર્યલહરી ૨૦, ૩૫, ૫૨, ૫૬, ૧૦૦, ૧૨૯, ૧૩૦, ૧૩૧, ૧૩૨, ૧૩૬, ૧૩૭, ૧૩૮, ૧૪૦, ૧૭૯
સૌન્દર્યલહરી ટીકાઓ ૧૩૬
સૌભાગ્યકાણ્ડ ૧૯
સૌભાગ્યભાસ્કર ૩૪, ૪૦, ૧૫૪

સૌભાગ્ય લક્ષ્મી (ઉ) ૧૮, ૨૦, ૪૭
સ્કંધ (બૌદ્ધ) ૧૬૩
સ્પંદકારિકા ૩૬
સ્પંદસંદોહ ૩૬
સ્ત્રી (પ્રતિષ્ઠા) ૭૩, ૧૪૭
સ્ત્રી(શરીર)માં શક્તિ-
ભાવના ૯૯, ૧૪૫, ૧૪૮
સ્ત્રીસ્તોત્ર ૧૫૧

હ

હદ્દભેદ (તંત્ર) ૩૭
હરગૌરી (તંત્ર) ૩૬
હાદિ મત ૧૯, ૩૬
હારીઝ ૧૩૧
હિન્દતત્ત્વજ્ઞાનનો ઇતિહાસ ૫૯
હીનયાન ૧૫૯
હેમચંદ્ર ૧૬૬, ૧૬૮, ૧૬૯

જ્ઞ

જ્ઞાનાર્ણવ (તંત્ર) ૩૨


---

# પ્રકરણ પહેલું

## વૈદિક ધર્મમાં વ્યાપેલો શક્તિવાદ

### શક્તિવાદનું મંત્રસંહિતામાં બીજ

प्रणोदेवी सरस्वती वाजेभिर्वाजिनीवती । धीनामवित्र्यस्तु ॥
(ઋ. ૧૦. ૬૧. ૪.)

હાલના હિન્દુ ધર્મના ઉંડા અને વ્યાપક અભ્યાસ વિનાના મનુષ્યો એવું માને છે કે શાક્તસંપ્રદાય આપણામાં અનાર્યોના સંબંધથી પેઠેલો કોઈ અપધર્મ છે. બૌદ્ધ ધર્મના ઇતિહાસના અને દર્શનના વ્યાપક અભ્યાસ વિના બ્રાહ્મણોએ એવું ઠસાવી દીધું છે કે બૌદ્ધ ધર્મ નાસ્તિક છે, અને વેદધર્મનાં સનાતન સત્યોથી વિરોધી છે. વેદને પ્રમાણભૂત નહીં માનનાર બૌદ્ધ સંપ્રદાય પ્રતિનો વેદાભિમાની મનુષ્યોનો તિરસ્કાર કદાચ આપણે ક્ષંતવ્ય ગણીએ, પરંતુ વેદને પ્રમાણભૂત માનનાર શાક્તસંપ્રદાય પ્રતિ નાક મરડનાર વેદાભિમાનીની ધૃષ્ટતા કોઈ રીતે ક્ષંતવ્ય નથી. વેદધર્મના સર્વ આચાર-વિચારો શુભ જ છે એવું માનવું એ ધર્માંધતા છે, તેમ વેદધર્મ વિનાના સર્વ ધર્મોમાં કંઈ સત્ય જ નથી એવું માનવું તે પણ મોટી ધૃષ્ટતા છે. કોઈપણ ધર્મના મત-મતાંતર અથવા સંપ્રદાયોમાં સમાયેલા આચારવિચારોમાં સનાતન સત્યો શાં છે, અને આગંતુક સત્યો ક્યાં છે તેની પરીક્ષા કરી, દેશ, કાળ અને વસ્તુસ્થિતિને અનુસાર ધર્માધર્મનો વિવેક કરવાનો છે. આવી વિવેકદૃષ્ટિ ઉંડા અને તે સાથે વ્યાપક અભ્યાસ વિના કદી ઉઘડતી નથી. શાક્તસંપ્રદાયમાં સમાયેલાં સનાતન સત્યોનો પ્રકાશ કરવા આ નિબંધમાં પ્રયત્ન કરવામાં આવે છે.

હિન્દુ ધર્મનું મૂલ પ્રભવસ્થાન વેદ છે. વેદ શબ્દ વડે મંત્ર-બ્રાહ્મણ-ગ્રંથોનો સમૂહ એવું સમજવામાં આવે છે. ઋગ્વેદાદિ શાસ્ત્રસમૂહ

એટલો બધો અહોળો છે કે યાવજ્જીવન અભ્યાસ કરનારને તે તૃપ્તિ આપે તેમ નથી, પરંતુ તેના પુનઃ પુનઃ અભ્યાસ વડે તેમાં સમાયેલાં સનાતન સત્યો પ્રતિભામાં સ્ફુટ થઈ શકે છે. સમગ્ર વેદાર્થનો સાર યજ્ઞ અને બ્રહ્મ–એ બે શબ્દોમાં સમાઈ જાય છે. તેમાં દેવતાને ઉદ્દેશીને પ્રિય પદાર્થોનું વિતરણ કરવું તે **યજ્ઞ** અને તે વડે ચિત્ત-શુદ્ધિ દ્વારા જે તત્ત્વને આત્મરૂપે ઓળખવું તે બ્રહ્મ. યજ્ઞ કેવલ વિચાર કરવાથી સિદ્ધ થઈ શકતો નથી, પણ અનુષ્ઠાનની અપેક્ષા રાખે છે; બ્રહ્મ કેવલ કર્મ વડે પ્રાપ્ત થઈ શકે તેવો પદાર્થ નથી, પણ શ્રવણ, મનન, નિદિધ્યાસનરૂપ વિચારશ્રેણીની અપેક્ષા રાખે છે.

સર્વ નદીઓનો આશ્રય જેમ સમુદ્ર છે, તેમ સર્વ દેવોનો આશ્રય નારાયણ અથવા પરમેશ્વર છે. તેથી **यज्ञो वै विष्णुः** યજ્ઞ ખરી રીતે વ્યાપક પરમાત્માનું પ્રત્યક્ષરૂપ છે. આ યજ્ઞના અનેક પ્રકારો વેદમાં વર્ણવ્યા છે, અને તે તે કામનાની સિદ્ધિને અર્થે તે તે યજ્ઞોનાં અનુષ્ઠાનો છે. વેદમાં નાના મોટા યજ્ઞો વર્ણવ્યા છે, માટે તે બધાએ આપણે કરવા એ વેદનું તાત્પર્ય નથી. વેદમાં આવેલા પશુમેધાદિ યજ્ઞો આ જમાનામાં જુગુપ્સા ઉત્પન્ન કરે તેવા છે. પરંતુ જીવો કેવી કેવી સાંસારિક કામનાને વશવર્તી કર્મો કરવા પ્રેરાય છે તેનું ઐતિહાસિક સત્ય ચિત્ર તેમાં છે. રાગ-દ્વેષથી હણાયેલા જીવોએ નિયમવિધિને વશવર્તી અહિંસા ક્રમપૂર્વક શી રીતે સાધવી તેની વ્યવસ્થા વેદવાદી વિચારકોએ કરી છે, અને તેમણે પશુયજ્ઞ કરતાં હવિર્યજ્ઞ ચઢીઆતો છે, અને હવિર્યજ્ઞ કરતાં જપયજ્ઞ ચઢીઆતો છે, અને દ્રવ્યથી થતા યજ્ઞ કરતાં જ્ઞાનયજ્ઞ ચઢીઆતો છે, એવું ન્યાયપુરઃસર પ્રતિપાદન કર્યું છે.

યજનીય પરમેશ્વર સાથે ક્રિયાયોગ વડે સંબંધ કરાવનારી કર્મ અને જ્ઞાનની સાંકળની કડીને વૈદિક વિચારકો ઉપાસના કહે છે. આ ઉપાસનાકાંડ સાથે **शक्तिवाद**નો મૂલ સંબંધ છે. શ્રૌત, સ્માર્ત અથવા લૌકિક ક્રિયા કર્યા પછી યજનીય પરમેશ્વરનાં નામ,



રૂપ, ગુણ અને પરાક્રમનું ભાન કરાવવા ઉપાસનાનો પ્રયોગ હોય છે. ઉપાસ્ય પરમેશ્વર અને ઉપાસક સાધક જીવને પરસ્પર સંયોજન કરાવનારા દૈવી સામર્થ્યને **शक्ति** કહે છે.

શક્તિ શબ્દ **शक्** ધાતુમાંથી વ્યુત્પન્ન થયેલો છે. ઇષ્ટ કાર્ય સધાવી શકે તેવા સામર્થ્યને અથવા બળને [1]**शक्ति** કહે છે. સામાન્ય સમજણથી આપણને જણાય છે કે કાર્ય કરવાનું બલ સત્ એટલે ભાવ પદાર્થમાં જ હોય છે, અસત્ એટલે અભાવ પદાર્થમાં હોતું નથી. તેથી અસત્ પદાર્થ કદી શક્તિવાળો હોતો જ નથી. વંધ્યાપુત્ર, શશવિષાણ વિગેરે પદાર્થો શક્તિ વિનાના હોય છે, અને માત્ર વિકલ્પવૃત્તિરૂપ જ હોય છે. પરંતુ પ્રત્યેક સત્ પદાર્થમાં નિયત શક્તિ હોય છે. તલમાંથી તેલ નીકળે છે, માટે તલમાં તેલની નિયત શક્તિ છે, રેતીમાં તેવી શક્તિ નથી. પરંતુ રેતીમાં જો તે ચૂનામાં ભળે તો અન્ય પદાર્થોને દૃઢ કરવાની શક્તિ છે, અને તે તેની નિયતશક્તિ છે, પણ તે નિયત શક્તિ તલમાં નથી. આ પ્રમાણે સર્વ ભૂત-ભૌતિક પદાર્થોમાં નિયત શક્તિઓ હોય છે. આ સર્વ શક્તિઓના વ્યૂહને અધિભૂત શક્તિ એવું નામ આપવામાં આવે છે.

અધિભૂત શક્તિને અર્વાચીન વિજ્ઞાનમાં પ્રકૃતિશક્તિ અથવા કુદરતનું નિયમબલ કહેવામાં આવે છે. આપણા વિચારકોનું એમ માનવું છે કે જડ પદાર્થોમાં તે તે નિયત શક્તિ હોય છે તે વાત ખરી છે, પરંતુ તેની યોજના કરવાનું સામર્થ્ય ભૂત-ભૌતિક પદાર્થોમાં હોતું નથી. યોજના કરવાનું સામર્થ્ય સચેતન પદાર્થમાં હોય છે, અને તેવા સચેતન પદાર્થો એટલે વનસ્પતિ, પશુ, પંખી વિગેરે અનેક પ્રાણીઓમાં પણ તે યોજના કરવાનું સામર્થ્ય તારતમ્યવાળું હોય છે, એટલે ચઢતા ઉતરતા ક્રમનું હોય છે. આ સચેતન પ્રાણીઓનું પ્રયોજન સિદ્ધ કરવાનું અને અધિભૂત પદાર્થોની પ્રાકૃતિક શક્તિનો

---

૧ પૂર્વમિમાંસકો શક્તિને સ્વતંત્ર પદાર્થ માને છે. જુઓ **तन्त्ररहस्य** પૃ. ૨૦–૨૩.

ઉદય કરી તે પ્રયોજનમાં ઉપકારક બનાવવાનું સામર્થ્ય મનુષ્ય પ્રાણીમાં ઘણું ઉંચા પ્રકારનું છે. આ યોજના કરવાનું મનુષ્ય પ્રાણીનું સામર્થ્ય પ્રકૃતિના નિયામક દેવોના ઉપકાર ઉપર આધાર રાખનાર છે, અને તે ઉપકાર મનુષ્યપ્રાણીની ઇન્દ્રિયો ઉપર થાય છે. આ ઉપકારક સામર્થ્યને અધિદૈવશક્તિ કહે છે, કારણ કે પિંડના દેવો એટલે ઇન્દ્રિયોને, બ્રહ્માંડના દેવોના એટલે પૃથિવ્યાદિ તત્વોના નિયામક અભિમાનીઓના પરસ્પર સંવાદ વડે, તે સામર્થ્ય પ્રકટ થાય છે. ચક્ષુરિન્દ્રિય રૂપગ્રહણ કરવા સમર્થ છે, પરંતુ પ્રકાશના અધ્યક્ષ સૂર્યાદિનો ઉપકાર અથવા મદદ મળે તો તે રૂપગ્રહણ થાય છે, તેવી જ રીતે આપણી સર્વ ઇન્દ્રિયોના સામર્થ્યને બ્રહ્માંડના અધિકારી દેવોના સાહાય્યની અપેક્ષા રહે છે. પરસ્પર ઉપકાર્યઉપકારકભાવથી મનુષ્ય-પ્રજા દેવપ્રજા સાથે જોડાયેલી છે. આવી દેવપ્રજાનો સદ્ભાવ સર્વધર્મોમાં સ્વીકારવામાં આવ્યો જણાય છે. આપણે તે દેવવર્ગનાં પ્રાણીને મનુષ્યપ્રજાનાં પ્રાણી પેઠે જોઈ જાણી શકતા નથી, તેથી તે નથી એવું અનુમાન કરવું તે સાહસ કહેવાય. પરંતુ તે સાથે એમ પણ સમજવાનું નથી કે દેવો પણ નિરંકુશ સ્વાતંત્ર્યવાળા છે. તેઓ પણ આપણા જેવા અભિમાની જીવો છે. તેમની શક્તિ પણ મર્યાદિત હોય છે, જો કે આપણી શક્તિ કરતાં તે વધારે બહોળી હોય છે. આ અભિમાની દેવોના મુખ્ય ત્રણ વૈદિક વ્યૂહો હોય છેઃ (૧) ભૂલોકનો અગ્નિવ્યૂહ (૨) અંતરિક્ષ અથવા ભુવર્લોકનો વાયુવ્યૂહ, અને (૩) દ્યુલોકનો અથવા સ્વર્લોકનો આદિત્યવ્યૂહ. આ લોકત્રયીની દેવત્રયીમાં બીજા અનેક દેવોની મર્યાદિત શક્તિઓ તથા ભોગ્યસ્થાનો હોય છે. પરંતુ આ ત્રણ દેવના વ્યૂહમાં સમાયેલી શક્તિને અધિદૈવશક્તિ એવું નામ આપવામાં આવે છે. આ શક્તિ કેવલ અધિભૂતશક્તિ જેવી જડાશ્રિત નથી, પરંતુ જડાજડ વર્ગની છે. અધિભૂત સાથે સંબંધ ધરાવતી હોવાથી તે જડવર્ગની છે, પરંતુ તેના ઉપરની આત્મભૂમિકાના આભાસ



અથવા છાયાને ધારણ કરનાર હોવાથી તેમાં ચૈતન્ય જેવી સ્ફુરત્તા હોય છે, તેથી અજડ વર્ગની પણ છે. આ જડાજડવ્યૂહમાં બ્રહ્માંડસ્થ દેવવર્ગ આવે છે એટલું જ નહિ, પણ આપણા સૂક્ષ્મ શરીરનો સઘળો ઇન્દ્રિયોનો વ્યૂહ તથા મન, બુદ્ધિ અને અહંકાર પણ આવી જાય છે.

અધિદૈવશક્તિથી ચઢીઆતી શક્તિને અધ્યાત્મશક્તિ કહે છે, અને તે ચેતનવર્ગની છે, તેથી તેને અજડશક્તિ પણ કહે છે. અધિભૂત પદાર્થો બીલકુલ અંતઃસામર્થ્યના મૂલને જાણતા નથી, પરંતુ તે શક્તિના માત્ર વાહક યંત્રરૂપ હોય છે; અધિદૈવવર્ગના અભિમાનીઓ પોતાના અંતઃસામર્થ્યને થોડું ઘણું જાણે છે, પરંતુ તેના ઉપર પરદેવતાનું નિયંત્રણ છે તે ભાગ્યે જ જાણે છે; તેથી તેઓ બદ્ધદશાના જીવો જેવા હોય છે. તેઓ પૈકી જેઓ અંતર્યામીને જાણે છે તેઓ મુક્તવર્ગના હોય છે. પરંતુ કર્મજન્ય દેવો ઘણે ભાગે બદ્ધદશાના હોય છે.

જ્યારે અભિમાની—પછી તે મનુષ્યવર્ગનો હોય કે દેવવર્ગનો હોય—પોતાના આત્મસ્વરૂપને અને તેના વિભવને સ્પર્શ કરી શકે છે ત્યારે તે બ્રહ્મવિદ્ ગણાય છે. આ બ્રહ્માત્માનો અનુભવ કરવાની શક્તિને અધ્યાત્મશક્તિ નામ આપવામાં આવે છે. આ અધ્યાત્મશક્તિ પણ જીવ અથવા અણુઆત્માને આશ્રિત રહેનારી અને પરમેશ્વર અથવા વિભુ આત્માને આશ્રિત રહેનારી એમ બે પ્રકારની હોય છે. જીવાશ્રિત અધ્યાત્મશક્તિ આવરણવાળી હોય છે, ઇશ્વરાશ્રિત અધ્યાત્મશક્તિ નિરાવરણ હોય છે. જીવની અધ્યાત્મશક્તિનાં આવરણો બે પ્રકારનાં હોય છેઃ (૧) જ્ઞાનનાં ઢાંકણરૂપ, અને (૨) ક્લેશના પ્રતિબંધરૂપ. પહેલાને જ્ઞાનાવરણ કહે છે, બીજાને ક્લેશાવરણ કહે છે. પહેલા આવરણ વડે કેટલીક વસ્તુઓનું જ્ઞાન જ જીવને થતું નથી, બીજા આવરણ વડે રાગદ્વેષાદિ દોષથી કલુષિત

દર્શન જીવને થાય છે. વસ્તુ જે પ્રકારની છે તે પ્રકારની નિરાવરણ અનુભવમાં આવવા સારૂ અજ્ઞાનનું અંધારૂં અને ક્લેશનાં પડળો દૂર થવાં જોઇએ. જીવની આદ્ય ઉપાધિ જ્યાંસુધી મલિન સત્ત્વની હોય છે ત્યાંસુધી અજ્ઞાનનું અને ક્લેશનું આવરણ સર્વાંશ દૂર થઈ શકતું નથી. જ્યારે તે ઉપાધિ પલટાઈ શુદ્ધ સત્ત્વની બને છે ત્યારે ઈશ્વિર જેવું વિમલ પ્રત્યક્ષ જીવ કરી શકે છે, પરંતુ આવા પ્રત્યક્ષમાં તેને યુંજાનયોગી થવું પડે છે, એટલે સમાહિત થવાનો પ્રયત્ન તેને કરવો પડે છે, જ્યારે ઈશ્વિરચેતનને તેવો પ્રયત્ન કરવો પડતો નથી, એટલે તે યુક્તયોગી ગણાય છે.

આ પ્રમાણે **शक्ति** એટલે ઇષ્ટકાર્ય કરવાનું સામર્થ્ય. તેનું સામાન્ય વર્ગીકરણ નીચે મુજબ થાય છેઃ—

**शक्ति**

- અધિભૂત (જડા) — પૃથિવ્યાદિ પંચ ભૂત અને તેનાં કાર્યોમાં રહેલી.
- અધિદૈવ (જડાજડા) — ઇન્દ્રિય, પ્રાણ, મન બુદ્ધિ, અહંકારમાં અને અગ્નિઆદિ ઉપકારક દેવવર્ગમાં રહેલી.
- અધ્યાત્મ (અજડા)
  - જીવાશ્રિતા
  - ઈશ્વિરાશ્રિતા

શ્રીકૃષ્ણ ભગવાને ગીતાશાસ્ત્રમાં પોતાની અપરા પ્રકૃતિ, અને પરા પ્રકૃતિ એવા બે વિભાગ પાડી અપરાને પંચભૂત અને મન, બુદ્ધિ, અહંકાર–એ ત્રણ મળી આઠ બ્યૂહમાં અંતર્ગત કરી છે, અને પરાને **जीवभूतां** એટલે જીવચેતનરૂપ સનાતન પ્રકૃતિ એવું નામ આપ્યું છે. પ્રકૃષ્ટ એટલે ઉંચા પ્રકારની " કૃતિ, " એટલે કાર્ય



કરવાનું સામર્થ્ય તેમાં રહેલું હોવાથી તે શક્તિને મૂલ પ્રકૃતિ કહે છે. પરંતુ આ અધ્યાત્મવર્ગની, મૂલપ્રકૃતિશક્તિ કરતાં ચઢીઆતી પુરુષોત્તમની અથવા પરમેશ્વર અથવા શિવચેતનની, સ્વાભાવિકી શક્તિ છે; તેને વેદશાસ્ત્રમાં **ચિચ્છક્તિ** કહે છે, અને તે નિત્યસિદ્ધ હોય છે, જ્યારે પુરુષાશ્રિત અધ્યાત્મશક્તિ અપરા પ્રકૃતિ કરતાં ચઢીઆતી છે, અને નિરાવરણ દશામાં વિશુદ્ધ દર્શન કરાવી શકે છે, પરંતુ પારકા ક્લેશોને દબાવી તિરોધાન કરવાનું તથા અન્ય જીવોને અનુગ્રહથી પાશ વિનાના કરવાનું સામર્થ્ય પુરુષાશ્રિત એટલે જીવાશ્રિત અધ્યાત્મશક્તિમાં હોતું નથી. તે જીવાશ્રિત અધ્યાત્મશક્તિ બહુ થાય તો ઉત્પત્તિ, સ્થિતિ અને નાશ કરવાનું સામર્થ્ય દર્શાવી શકે છે, અને તેનો પરમ વૈભવ બ્રહ્મા, વિષ્ણુ અને રુદ્રની ત્રણ ગુણમૂર્તિઓમાં હોઈ શકે છે. ગુણાતીત ભૂમિકાનું, પુરુષોત્તમનું અથવા પરમેશ્વરપદનું તિરોધાન અને અનુગ્રહ કરવાનું, બલ નથી મુક્તજીવોમાં, કે નથી બ્રહ્માદિ ગુણમૂર્તિઓમાં. આ બે શક્તિઓનું કેન્દ્ર જે પદમાં વાસ કરે છે તે પદ શાક્તસંપ્રદાયના અધ્યાત્મ ચિંતકોના અભિપ્રાય પ્રમાણે શુદ્ધ અધ્વાનાં *પંચતત્ત્વોમાં સમાયેલું છે. સ્વયંપ્રકાશ શિવતત્ત્વની આ પોતાના સ્વરૂપને પૂર્ણભાવે ઓળખવાની અથવા પરામર્શ કરવાની સ્વયંભૂ શક્તિને **चिच्छक्ति** કહે છે, અને તે જ્યારે જ્યારે આત્મપરામર્શ થાય ત્યારે ત્યારે પૂર્ણ આનંદને અભિવ્યક્ત કરે છે, અને તેથી તેને **आनंदमयी** પણ કહે છે. પોતાથી ભિન્ન પદાર્થના સ્પર્શ વડે થતો આનંદ તે વિષયાનંદ છે, અને પોતાના સ્વરૂપના સ્પર્શ વડે સ્ફુટ થતો આનંદ તે બ્રહ્માનંદ છે. આ મૌલિક બ્રહ્માનંદની છાંટ અથવા કણ વડે જીવોનો આનંદમય કોશ ઝળકે છે. જેમ ધૂળધોયાને મણ કચરામાંથી

---

* શુદ્ધ વિદ્યા, ઈશ્વર, સદાશિવ, શક્તિ અને શિવ એ પાંચતત્ત્વો.

જુઓ **भ. गी.** અધ્યાય ૭. ૪–૫ શ્લો.

એક રતી સોનું મળે અને તેને મોટા મનનો ઉદાર ચોકશી લઈ જવા દે, તેમ પરમેશ્વરની "આનંદમયી ચિચ્છક્તિ"ની હિરણ્યમયી રજકણુ આ સંસારના અસાર વિષયોમાંથી મહાક્લેશથી વિષયભોગની સમાપ્તિએ જીવને મળી આવે અને પરમેશ્વર તેને લીલા વડે લઈ જવા દે—આવું રહસ્ય જીવના આનંદમયકોશની પરીક્ષામાંથી આપણા વિચારકોને મળ્યું છે.

---

પરમેશ્વરની "આનંદમયી ચિચ્છક્તિ"ના સ્વરૂપના બોધક મંત્રો વેદમાં ઘણા મળી આવે છે. આ અખંડ આનંદ અને ચૈતન્યને સ્ફુરાવનારી શક્તિનું રહસ્યનામ **અદિતિ** આપવામાં આવે છે. તેને "દેવતામયી" કહેવામાં આવે છે. અદિતિને ગંધર્વ, મનુષ્ય, પિતરો, અસુરો, અને સર્વભૂતોની માતા કહી વર્ણવી છે. તેને મહી અથવા પૃથ્વી, સાવિત્રી, ગાયત્રી, સરસ્વતી એવાં નામોથી વિશેષ સ્પષ્ટ કરવામાં આવી છે. તેના પ્રકાશવાળા પુત્રોને **આદિત્ય** કહે છે. તેની વિરોધી મલિન સત્વા, અવિદ્યાશક્તિને **દિતિ** કહે છે, અને તેના પુત્રોને દૈત્યો કહે છે. દિતિ વિરુદ્ધ અદિતિ; દૈત્યો વિરુદ્ધ આદિત્ય; અસુરો વિરુદ્ધ દેવો—વિગેરે અનેક રૂપકો દ્વારા શક્તિનાં પાશમાં નાંખનારાં અને પાશ છોડાવનારાં ઘણાં પરાક્રમો વર્ણવ્યાં છે. ટુંકામાં **અદિતિ***માં શક્તિનો સર્વાંશ માતૃભાવ ગુંથ્યો છે.

**ઉષાદેવી**નાં અત્યંત ચમત્કૃતિવાળાં સૂક્તોમાં શક્તિનો **કુમારીભાવ** ચિતર્યો છે. **સૂર્યાદેવી**નાં સૂક્તોમાં શક્તિનો પત્નીભાવ વર્ણવ્યો છે. અંભૃણમુનિની પુત્રીએ રચેલું **વાકસૂક્ત**× પણ શક્તિ॰વાદનું સ્થાપક છે. ઋગ્વેદના પરિશિષ્ટમાં **લક્ષ્મીસૂક્ત** આવે છે.

---

* જુઓ **અદિતિ**નાં સૂક્તો; ऋ. ૧–૯૨; ૧–૧૧૩; જુઓ **काठक** ૪–૭; જુઓ **नारायण** उ. ૨૮. × જુઓ ऋ. ૧૦–૨૬.



યજુર્વેદના અગ્નિરહસ્યકાંડના યજ્ઞવેદીની ઈંટોના ગોઠવવાના મંત્રોમાં એક મંત્રમાં શ્રુતિ કહે છે કે—

"હું આ જગતની પ્રસૂતિ કરાવનાર સવિતાની પ્રાર્થનીય અને વિચિત્ર ચિચ્છક્તિને વિશ્વજન્યા સુમતિરૂપે બોલાવું છું. આ ચિચ્છક્તિરૂપ ગાયને કણ્વ મુનિએ સારી રીતે દોહી હતી, અને તેની સહસ્રધારા વડે પૃથ્વીરૂપી ગાય બલવાળી હૃષ્ટપુષ્ટ થઈ છે [1] ........જે આદ્યા શક્તિ એકરૂપા હતી તે બહુરૂપા થઈ. તે ચાર આંચળવાળી ગાય થઈ. સૂર્યપત્ની બની **નવવધૂ** થઈ નવનવા જડ જગતને તેણે ઉત્પન્ન કર્યું, અને તે સાથે ચર જીવોને પણ તેણે પ્રકટ કર્યાં." [2]

શ્વેતાશ્વતરશાખાના મંત્રોપનિષદ્‌માં કહે છે કેઃ—

"જ્યારે સર્વત્ર અજ્ઞાનનું અંધારૂં હતું, અને જ્યારે અહોરાત્રના ભેદ નહતા; જ્યારે જગત્કારણ સત્ (એટલે વ્યક્ત) ન હતું, તેમ અસત્ (એટલે અવ્યક્ત) પણ ન હતું; જ્યારે કેવલ બ્રહ્મ શાન્ત એટલે શિવરૂપે શમેલું હતું, ત્યારે જગતનો પ્રસવ કરનાર સવિતાનું પ્રાર્થનીય અક્ષરતેજ ઉન્મુખ થયું, અને તેમાંથી પ્રાચીન કલ્પની પુરાણી—**પ્રજ્ઞા** અથવા **સ્ફુરણા**[3] પ્રકટ થઈ."

સામવેદના તાંડિશાખામાં આવેલા છાન્દોગ્ય ઉપનિષદ્‌માં જગત્કારણને **સત્**—એવી સંજ્ઞા આપી છે, અને જીવના લયનું વર્ણન કરતાં કહે છે કેઃ—"જ્યારે જીવની વાણી મનમાં શમે છે, મન પ્રાણમાં શમે છે, પ્રાણ અધ્યક્ષ ચેતનમાં શમે છે, અને અધ્યક્ષ ક્ષેત્રજ્ઞ **પર દેવતામાં** શમે છે, ત્યારે હે શ્વેતકેતુ! જે આ

---

૧ જુઓ **शुक्लयजुर्वेद** અ. ૧૭ મંત્ર ૭૪; ૨ જુઓ **वधूर्जजान......**એ દેવીસૂક્ત. ૩ જુઓ **श्वे. श्व. उ.** ૪–૧૮

સૂક્ષ્મતાનો અવધિ આવે છે, તે સૂક્ષ્મતમ વસ્તુ વડે આ સર્વ દૃશ્ય જગત્ આત્મભાવથી ભરેલું રહે છે. તે સૂક્ષ્મતમ વસ્તુ જ ખરો આત્મા છે, અને તે સૂક્ષ્મતમ વસ્તુ તું પોતે જ[1] છું."

કાઠકશાખાના ઉપનિષદ્‌માં કહે છે કેઃ—" જે ન ભેદાય તેવી **अदिति** નામની શક્તિ **દેવતામયી** છે તે પ્રાણ વડે પ્રકટ થાય છે, અને ચિદંબરની વિજ્ઞાનમયની ગુહામાં પેઠેલી અનેક ભૂત એટલે પ્રાણીના રૂપમાં પ્રકટ થાય છે. આ ખરેખર સત્ય નિર્ણય છે."[2]

---

૧ જુઓ छान्दोग्य उ. ६–८–६. ૨ काठक. उ. २. ४.७



# પ્રકરણ બીજું

## બ્રાહ્મણ અને આરણ્યકમાં વ્યક્ત થતો શક્તિવાદ

### શક્તિવાદનું બ્રાહ્મણ અને આરણ્યક ગ્રંથોમાં સાહિત્ય

अष्टचक्रा नवद्वारा, देवानां पूरयोध्या
तस्यां हिरण्मयः कोशः स्वर्गो लोको ज्योतिषावृतः ॥
(तैत्तिरीय आ. प्र. १ अ. २८)

સંહિતાકાળમાં એક **सत्** બ્રહ્મની વ્યાપક દેવતામયી શક્તિનું સ્પષ્ટ ઉપાસ્યરૂપ બ્રાહ્મણોમાં અને આરણ્યકગ્રંથોમાં પ્રકટ થયું છે. તેમાં વેદત્રયીનાં બ્રાહ્મણ તથા આરણ્યકમાં બ્રહ્મચૈતન્યની શુદ્ધશક્તિને **गायत्री, सावित्री, सरस्वती** ઇત્યાદિ નામથી વ્યવહરવામાં આવે છે. તેમાં **सद्ब्रह्म**ના સ્વરૂપને ગાયત્રીમંત્રના ગાન વડે ત્રાણ એટલે રક્ષણ કરનારી શક્તિનું નામ **गायत्री** આપવામાં આવ્યું છે. તેના અધ્યાત્મતેજને **भर्ग** સંજ્ઞા આપવામાં આવી છે. તે તેજ આ વિશ્વને **ભરે** છે, વિશ્વમાં તે **રમે** છે, અને વિશ્વનો તેમાં છેવટે લય અથવા **ગતિ** થાય છે, તેથી **गायत्री** દેવી ભરણ, રમણ અને ગમન કરનાર હોવાથી **भर्गमयी, तेजोमयी, ज्योतिर्मयी** ઇત્યાદિ નામથી વ્યવહરવામાં આવે છે. તેમાંથી વિશ્વનો પ્રસવ થાય છે તેથી તેનું નામ **सावित्री** કહેવાય છે. તેમાંથી બ્રહ્મવસ્તુનો આનંદરૂપ પ્રવાહ–**सरः**–વહે છે; તેથી તેનું નામ **सरस्वती** આપવામાં આવે છે. બ્રહ્મશક્તિ પ્રાણમયી, જીવનમયી, આનંદમયી હોવાથી બ્રહ્મના સ્વભાવધર્મોને પ્રકટ કરનારી હોવાથી **सच्चिदानंदमयी** ગણાય છે, અને તે સ્વભાવધર્મોને વ્યક્ત અથવા પ્રકટ કરવાનું અંતર્બલ જે ધર્મીમાં રહ્યું છે તે પરબ્રહ્મ ઇત્યાદિ નામથી વ્યવહરવામાં આવે છે.

આ **ગાયત્રી** નામની બ્રહ્મશક્તિ ત્રિલોકીને ધડે છે, અને ત્રિલોકીથી પર પણ રહે છે. વળી તે વેદત્રયીના સારરૂપ છે, માટે વેદત્રયીના રહસ્યને જણવનારી છે. આ ચોવીસ અક્ષર વડે ઘડાયેલી, ત્રણપાદમાં રચાયેલી, ત્રણ વ્યાહૃતિમાં બીજભાવે રહેલી અને પ્રણવની ત્રણ માત્રામાંથી પ્રસૂતિબલ મેળવનારી શક્તિ દ્વિજોનું પરમદૈવત છે.×

આ આદ્યા શક્તિને માયારૂપા એટલે મિથ્યા માની નથી. જો અગ્નિનો દાહ પ્રકાશધર્મ મિથ્યા માનીએ તો અગ્નિનું સ્વરૂપ જ બંધાતું જેમ નથી, તેમ **सद्** વસ્તુના સ્વયંસ્ફુરણ પામવાના સામર્થ્યને (**चिति**), અને સ્વયંતૃપ્તિ દર્શાવવાના વેગને (**आनन्द**) આપણે જો મિથ્યા માનીએ તો બ્રહ્મવસ્તુનું સ્વરૂપ જ ઘડાતું નથી. બ્રહ્મવસ્તુના સ્વભાવધર્મો અને ઔપાધિક ધર્મો જૂદા છે. જે સ્વભાવધર્મો છે તે બ્રહ્મની **શક્તિ**રૂપ છે; જે ઔપાધિક ધર્મો છે તે બ્રહ્મના **ગુણો** છે. જેમ મહાસમુદ્રમાં અંતઃસ્પંદ થવાથી તરંગવાળી સ્થિતિ ઉત્પન્ન થાય છે અને પુનઃ નિસ્તરંગ સ્થિતિ થાય છે, તેમાં સમુદ્રનું સમુદ્રત્વ બંને અવસ્થામાં જેમ કાયમ રહે છે, તેમ બ્રહ્મચૈતન્યની સ્પંદવાળી એટલે સ્વયં સ્વરૂપને ઓળખનારી સ્થિતિ (જેને **विमर्श** નામ આપવામાં આવે છે), અને પુનઃ અંતર્મુખ થવાની સ્થિતિ બ્રહ્મના બ્રહ્મત્વનો બાધ કરનારી નથી. એક વસ્તુ અનેકાકાર ભાસે તેમાં જે વસ્તુ ભાસે છે તે મિથ્યા નથી, પરંતુ સત્ય છે; પરંતુ તેના આકારોમાં સત્યત્વબુદ્ધિ થવી, એ ભ્રમ છે. આ કારણથી શક્તિવાદમાં બ્રહ્મનું વિશ્વમય ભાસવું તે ખોટું નથી, પરંતુ જે ભેદો ભાસે છે તે સ્વતંત્ર ખરા છે, આ બુદ્ધિ ભ્રમરૂપા છે. વિશ્વ-

× ગાયત્રીના રહસ્ય વિવરણ સારૂ જુઓ गोपथब्राह्मण ૧-૩૦-૩૮; गायत्रीउपनिषद्, छान्दोग्य ३-१२; बृ. आ. ૭-૧૪ मैत्रायणी—પ્રપાઠક ૫.



રૂપે ભાસવાનું બ્રહ્મસામર્થ્ય તે **शक्ति** બ્રહ્મપક્ષપાતિની છે; તે આભાસોમાં સત્યત્વબુદ્ધિ તે મિથ્યા **माया** છે. ટુંકામાં જે વસ્તુ અનેકાકાર ભાસે છે તે સ્વયં સાચી છે, તે આકારોમાં ખરાપણાની બુદ્ધિ તે મિથ્યા છે. આ કારણથી શાક્ત અદ્વૈતમાં આ વિશ્વ બ્રહ્મરૂપ હોવાથી બ્રહ્મમયીનો વિલાસ છે, એટલે અધિકરણની ચમત્કૃતિ છે. એટલે વિશ્વનો અનુભવ બ્રહ્મરૂપ હોવાથી સાચો છે, એટલે વિશ્વ સાચું છે. પરંતુ વિશ્વના આભાસો બ્રહ્મવસ્તુથી પૃથક્ સાચા પદાર્થો છે એવી બુદ્ધિ તે ભ્રાન્તિ છે, અને તેથી સંસાર તે માયામય છે. શાક્ત અદ્વૈતીઓ આ પ્રમાણે અનુભવમાં આવતા વિશ્વને એટલે જગતને સત્ય માને છે, અને આભાસમાં સત્યત્વબુદ્ધિ એટલે સંસરણને મિથ્યા માને છે. લૌકિક ભ્રમમાં પણ છીપમાં રૂપાની પ્રતીતિ થવામાં દર્શન તો ખરી છીપનું જ થાય છે, એટલે અધિકરણ સત્ય છે, પરંતુ તેમાં જે રૂપાનો આભાસ થાય છે એટલે જે અધ્યસ્તરૂપે અધિકરણને ડબાવી તરતું રહે છે તે ખરૂં છે એ ભ્રાન્તિ છે. બ્રહ્મવસ્તુનું આ અધિકરણ રૂપે રહેવાનું અને અન્યથા વિશ્વરૂપે ભાસવાનું સામર્થ્ય કંઈ બહારનું માગી આણેલું નથી, તેથી **एकोऽहं बहुः स्याम्**—એ અનેકાકાર થવાનો આત્મસ્વભાવ તે આત્માની સ્વયંભૂ શક્તિ છે, અને ઔપાધિકી નથી. પોતે પોતાના શુદ્ધ સચ્ચિદાનંદ સ્વભાવનું આવરણ કરી, અનેકરૂપે વિક્ષિપ્ત થાય છે, તેથી પોતાને ઢાંકવાનું અને અન્યથા દેખાવાનું બલ બ્રહ્મવસ્તુનું સ્વાભાવિક છે. આ કારણથી આ શક્તિને આત્માની સ્વયંભૂ દિવ્યશક્તિ (**देवात्मशक्तिं स्वगुणैर्निगूढां**) કહે છે, અને તે સ્વાભાવિકી (**स्वाभाविकी ज्ञानबलक्रिया च**) જ્ઞાન, ઇચ્છા અને ક્રિયારૂપમાં વિભક્ત થતી શ્વેતાશ્વતર ઉપનિષદ્‌માં વર્ણવી છે.

બ્રહ્મની આદ્યા શક્તિના ત્રણ વિભાગને પ્રાચીન ઉપનિષદોમાં અનેક નામથી વ્યવહરે છે. ઋગ્વેદની ઐતરેય શાખાના બ્રાહ્મણના ઉપનિષદમાં **स ऐक्षत**—"તે પરમાત્માએ સંકલ્પ કર્યો અથવા દૃષ્ટિ

ઉઘાડી." ભીતરની ઇચ્છાશક્તિનો આ કેન્દ્રીભાવ કહેવાય છે, અને તેને પાછળના તંત્રશાસ્ત્રમાં **परबिंदु** કહે છે, કારણ કે તે સ્થિતિમાં બ્રહ્મચૈતન્ય એક કેન્દ્રમાં ઘનીભૂત થઈ પ્રથમ સંકલ્પ કરે છે. ત્યાર પછી તે પરમાત્મા અથવા બ્રહ્મે કામનો વેગ આપ્યો, અને ઘણું ઊંડું નિરીક્ષણ કર્યું (**सोऽकामयत । तपोऽकुरुत**). આ આદ્ય ઇચ્છા થયા પછીના જ્ઞાનરૂપ વેગ વડે બ્રહ્મ **तपसा अचीयत** એટલે તપ વડે એકીકરણ પામી ઘનરૂપ બન્યું, અને તેમાંથી **प्राण** તત્ત્વની ફુટ થઈ. બ્રહ્મવસ્તુની **परबिन्दु** અવસ્થામાંથી જે આદ્ય ક્ષોભ થઈ પ્રાણતત્વનો ઉદય થવો તેને તંત્રશાસ્ત્રમાં **अपरबिन्दु** કહે છે, અને વ્યાકરણાગમમાં અને મંત્રશાસ્ત્રમાં તેને **शब्दब्रह्म** કહે છે. આ પ્રાણતત્ત્વના ભેદ પછી પંદર * કલામાં સૃષ્ટિના રંગ રચવામાં રોકાયેલી બ્રહ્મવસ્તુની ત્રીજી શક્તિને **क्रियाशक्ति** કહે છે, અને તે સૃષ્ટવ્ય પદાર્થોના નિયમોમાં આસ્તિક્યબુદ્ધિ ( **श्रद्धा** ) ઉત્પન્ન કરે છે, પૃથિવ્યાદિ પાંચ તત્વોમાંની ભોગ્ય જગતને અને તેને ભોગવવાનાં કરણો એટલે ઇન્દ્રિયવર્ગને પ્રકટ કરે છે, આંતર મનને બાહ્ય વેગ આપે છે, બાહ્ય ક્રિયાઓ કરાવે છે, અને તેનાં સુખદુઃખાદિ વિવિધ ફલોને પ્રકટ કરે છે. પૃથિવ્યાદિ પાંચભૂતમાત્રાઓ, ઇન્દ્રિયોનો સમૂહ, મન મળી સાત કલા વડે કાર્યકરણસંઘાત[1-8] એટલે દેહરૂપ સાધન ઘડાય છે; [9]શ્રદ્ધા વડે તે શરીરમાં ગુંચાએલું ચેતન કર્મ કરે છે; તે કર્મ વડે નવાં નવાં [10]**नाम** ધારણ કરી ભોગ્ય પદાર્થોને (**अन्न**[11]) ને ભોગવે છે; ભોગ વડે પુનઃ પુનઃ નવું નવું કરવાનું [12]વીર્ય મેળવે છે, અને અનુભવવડે (**तप**[13]) જ્ઞાનદીપ્તિ કરે છે, [14]મંત્રાદિ દિવ્ય સાધનો મેળવે છે, અને પૃથિવ્યાદિ અનેક [15]લોકમાં જન્મ-જન્માંતર પામે છે. આ પ્રમાણે ક્રિયાશક્તિ પંદર કલા વડે ભુવનોને રચી, ભોગ્ય, ભોગસાધન, ભોગભૂમિ વગેરે બ્રહ્મવસ્તુના આદ્ય સંકલ્પને સૃષ્ટિમાં સફલ બનાવે છે. બ્રહ્મવસ્તુની આ ક્રિયાશક્તિને તંત્ર-

* જુઓ **प्रश्नोपनिषद्** ૬. ૪.



શાસ્ત્રમાં **नाद** કહે છે. અને જે દ્રવ્યમાં તે નાદની લહરી જાગે છે તેને **बीज** કહે છે. ઔપનિષદસિદ્ધાંતનાં આ મૂલ **ईक्षण, तप,** અને **सर्जन** નામનાં સૂત્રોમાંથી ઇચ્છા, જ્ઞાન અને ક્રિયાશક્તિનાં પારિભાષિક નામો વેદાન્તશાસ્ત્રમાં પ્રકટ થયાં છે, અને બિંદુ, બીજ, નાદ-એ તંત્રશાસ્ત્રનાં અથવા શક્તિવાદનાં પારિભાષિક નામો પ્રકટ થયાં છે. આ સઘળા વિચારોનાં બીજકો આપણને **आरण्यक**ના ઉપાસનાપ્રકરણોમાંથી મળી આવે છે. અને વ્યાકરણાગમનો* શબ્દ-બ્રહ્મવાદ તે શાક્તવાદનું પ્રાથમિક રૂપ છે. બ્રહ્મવસ્તુ સભર ભરાઈ વિશ્વાકાર થવાને એક કેન્દ્રમાં આવે તેનું નામ **परबिन्दु** અને તેમાંથી બ્રહ્મનો **પ્રકાશ** આંતર સ્વરૂપનો પરામર્શ કરનારો **વિમર્શ** રૂપે ( **विशेषेण मृष्यते अनुभूयते**-સારી રીતે પોતાને ઓળખે એવી ચૈતન્યની સ્થિતિ-Self Consciousness) જાગે છે. તેમાંથી દ્રવ્ય-ક્ષોભ થવાથી જે અવ્યક્ત બિંદુ જાગે છે તેનું નામ **अपरबिन्दु** અથવા શબ્દબ્રહ્મચૈતન્ય. તે **अपरबिन्दु**નો ભેદ થતાં જડ અંશ-માંથી **बीज**, અજડ અંશમાંથી **बिन्दु** અથવા અણુ, અને જડા-જડ અંશમાંથી **नाद** જાગે છે. આ ત્રણ ભૂમિકાને શક્તિવાદમાં ઇચ્છા, જ્ઞાન, ક્રિયા નામની અધ્યાત્મશક્તિ પરબ્રહ્મ અથવા પર-શિવની સ્વાભાવિકી ગણવામાં આવે છે. શક્તિના સ્ફુરણવાળા બ્રહ્મ-ચૈતન્યનું નામ **शिव** આપવામાં આવે છે, અને તે **शक्तिमान्** કહેવાય છે. બ્રહ્મવસ્તુના પરબિંદુ-અપરબિંદુ, તેના ત્રણ વિભાગ,-બિંદુ, બીજ, નાદ-ની ટુંકામાં સમજણ આપવા સારૂ વેદવાદીઓએ એક પ્રતીક રચ્યું છે, તેને **त्रैपुरधाम** કહે છે. જેમ શિવનું પ્રતીક અથવા પૂજ્ય આકૃતિ લિંગાત્મક છે; જેમ વિષ્ણુનું પ્રતીક અથવા પૂજ્ય ચિહ્ન શાલિગ્રામની શિલા છે; તેમ શક્તિનું પ્રતીક અથવા

* જુઓ **वाक्यपदीय**નો **ब्रह्मकाण्ड** અને તેના ઉપર **पुण्य-राज**ની ટીકા; જુઓ **वैयाकरणसिद्धान्तमञ्जुषा** પા. ૧૭૧.

પૂજ્ય આકૃતિ △ સબિંદુ ત્રિકોણ× છે. તેમાં મધ્યબિંદુ એ પરબિંદુનું સૂચક છે, અને ત્રણ કોણનાં ટપકાં તે અપરબિંદુના બિંદુ (ચિદંશ), બીજ (અચિદંશ), અને નાદ (ચિદચિદંશ)નાં સૂચક છે. આ સમગ્ર આકૃતિની અધિષ્ઠાત્રી દેવતાને અથવા દેવીને **त्रिपुरा** નામ આપવામાં આવે છે. આ મૂલ પ્રતીકનું સર્વાંશ વિવરણ અથવા પ્રસ્તાર તે શ્રીચક્ર, અને તેની સમજણ આપનારી વિદ્યા તે **श्रीविद्या.**

આ ત્રિપુરધામની અધિષ્ઠાત્રી દેવીને **त्रिपुरा** નામ ઉપરાંત બીજું નામ **सुभगा, सुंदरी, अम्बिका** વિગેરે આરણ્યક ગ્રંથોમાં આપવામાં આવે છે. ધર્મ, અર્થ, કામ–એ ત્રણ પુરૂષાર્થને સધાવે છે માટે, તથા ૧ ઐશ્વર્ય, ૨ ધર્મ, ૩ યશ, ૪ શ્રી, ૫ જ્ઞાન, ૬ વૈરાગ્ય–એ છ ભગ અથવા દિવ્ય ગુણોને આપે છે માટે તે **सुभगा** કહેવાય છે. તેની ઉપાસનાનું વર્ણન કરનાર વેદકાંડને સૌભાગ્યકાંડ કહે છે, અને તે અથર્વવેદનો ભાગ મનાય છે. તે કાંડના મંત્રો છૂટક રૂપમાં કેટલાંક ઉપનિષદોમાં સંગ્રહ પામ્યા જણાય છે; અને કેટલાક મંત્રો આરણ્યકમાં યજ્ઞપ્રક્રિયામાં ગુંચાયેલા હજુ પડેલા છે. તે મંત્રોના મૌલિક અર્થ યજ્ઞવિદ્યાને લગતા છતાં તેના અધ્યાત્મ અર્થો દેવીની ઉપાસનાને લગતા છે. તે મંત્રોને લગતાં પરશુરામાદિનાં **कल्पसूत्रो** છે; અને તેની અનુષ્ઠાનપદ્ધતિના અનેક ગ્રંથો આગમોમાં, યામલોમાં, અને તંત્ર ગ્રંથોમાં દાખલ થયા છે. આ શક્તિવાદના રહસ્યનું સાહિત્ય ઉપનિષદોમાં છે, અને તેમાં પણ શક્તિઉપનિષદો સર્વાંશ પ્રસિદ્ધ થયાં નથી.

જગત્‌ની ઉત્પત્તિ કરવાની ઇચ્છાશક્તિને "ત્રિપુરા" નામ આપવામાં આવે છે. તેમાં નીચેનાં ત્રણ ભુવન (**भू, भुवर्** અને **स्वर्**

---

× જુઓ **तिस्रः पुरः** —એ **त्रिपुरामहोपनिषद्**નો પ્રથમ મંત્ર.



અને તેના ભોક્તૃભોગ્ય પદાર્થો જેમાં સમાય છે એ ત્રિલોકીની ભાવના જગવનારી લોકપ્રસિદ્ધ ત્રિપદા ગાયત્રી સાંખ્ય શાસ્ત્રના ચોવીસ અક્ષરો વડે ચોવીશ તત્વોને સ્પષ્ટ કરનારી (**शांखायन-सगोत्रा गायत्री**). તે ત્રિપદા ઉપરાંતની (ત્રિપાદ ઉર્ધ્વ નારાયણ સ્વરૂપને જણવનારી) ગાયત્રી * સંસારના રાગ અને ભૌતિક રજસથી પર વસ્તુનો પ્રબોધ કરનારી "ત્રિપુરા" છે. તેનું બીજું નામ **श्रीविद्या** કહે છે. અપરા ત્રિપુરાને બ્રહ્મવાદીઓ **अपरब्रह्म** કહે છે; અને પરા ત્રિપુરાને બ્રહ્મવાદીઓ **परब्रह्म** કહે છે. અપરા ત્રિપુરાની ઉપાસના **सरजोब्रह्मलोक** એટલે મૈથુની સૃષ્ટિના લોકમાં અથવા પિતૃયાનમાં ગતિ કરાવે છે અને તે લોક પુનરાવૃત્તિવાળો છે; પરા ત્રિપુરાની ઉપાસના **विरजोब्रह्मलोक** એટલે દિવ્ય સૃષ્ટિના લોકમાં અથવા દેવયાનમાં ગતિ કરાવે છે, અને તે પુનરાવૃત્તિ વિનાનો છે. મધ્યમયાન સૂર્યલોકનો એટલે મહેન્દ્રલોક (**महर्**) નો છે.†

---

* **परोरजसेऽसावदोम्** જેને ગાયત્રીનો ગુપ્ત ચતુર્થપાદ કહે છે.

† સરજોબ્રહ્મલોક અને વિરજોબ્રહ્મલોકના ભેદ સારૂ જુઓ **प्रश्नोपनिषद् १-१५-१६.**

## પ્રકરણ ત્રીજું

### (૩) શક્તિવાદનું ઉપનિષદ્ સાહિત્ય-વેદાંગ સાહિત્ય

**कासि त्वं महादेवि। साब्रवीदहं ब्रह्मस्वरूपिणी**

(देवीउपनिषद्)

બ્રહ્મચૈતન્યના સ્વભાવધર્મ અથવા શક્તિનાં બોધક ઉપનિષદો નીચે પ્રમાણે તારવી શકાયાં છેઃ—

| | |
|---|---|
| ૧ त्रिपुरा<br>૨ त्रिपुरातापिनी<br>૩ देवी | આ ત્રણ ૧૦૮ ઉપનિષદોના સમૂહમાં નંબર ૮૩, ૮૪, ૮૫ મા આંકે આવે છે. |

૪ **बह्वृचा**—સમુચ્ચયમાં ૧૧૧મા આંકે છે.
૫ **भावना**—સમુચ્ચયમાં ૮૭મા આંકે છે.
૬ **सरस्वतीहृदय**—સમુચ્ચયમાં ૧૧૦મા આંકે છે.
૭ **सीता**—૧૦૮ ઉપનિષદોના સમૂહમાં ૪૭મા આંકે આવે છે.
૮ **सौभाग्यलक्ष्मी**—ઉપનિષદોના સમૂહમાં ૪૯મા આંકે છે.
૯ **काली**—Tantrik Texts વૉ. ૧૧ માં પ્રસિદ્ધ થયું છે.
૧૦ तारा— „
૧૧ अद्वैतभाव— „
૧૨ अरुणा— „
૧૩ कौल— „
૧૪ **श्रीविद्यातारक**—અપ્રસિદ્ધ છે. ગાયકવાડ લાયબ્રેરીની સૂચીમાં ૧૮૩૭ મા આંકે છે.

આ તરવાયેલાં ઉપનિષદોમાં **काली, कौल** અને **श्रीविद्यातारक** નામનાં ઉપનિષદો વેદની શાખાસાહિત્યમાં પકડાતાં નથી,



તેથી તંત્રશાસ્ત્રના ઉદય પછીનાં ગણવા જેવાં છે. પરંતુ બીજાં ઉપનિષદો મંત્ર અથવા બ્રાહ્મણ સમૂહમાં ઘણાં ખરાં પકડાય છે તેથી મૂલના વેદસાહિત્યનાં ચોક્કસ છે. **ત્રિપુરાનું** બીજું નામ **त्रिपुरा महोपनिषद्** છે. તેના સોળ મંત્રો છે. તે ઋચાઓ છે. શાકલસંહિતા અને કૌષીતકી બ્રાહ્મણ સાથે સંબંધ ધરાવતા આરણ્યકમાં બહ્વૃચ બ્રાહ્મણોના પાઠમાં આ મંત્રો આવે છે. તે સાથે શાંખાયન કલ્પસૂત્ર સાથે[1] આ મંત્રોનો વિનિયોગ સમજાય છે તેથી ચોક્કસ શ્રૌત સાહિત્યના તે મંત્રો છે. આ ઉપનિષદ્ ઉપર અપ્પયદીક્ષિત, ભાસ્કરરાય તથા રામાનંદનાં ભાષ્યો છે.

**त्रिपुरातापिनी**માં મૂળ **श्रीविद्या**ની પંચદશાક્ષરીનો ઉદ્ધાર છે. તેમાં દેવીની સ્થૂલ પૂજનપદ્ધતિ તથા સૂક્ષ્મ પદ્ધતિ આવે છે; ત્રણ દેવીમંત્રોનો તેમાં ઉદ્ધાર છે. ગાયત્રીમંત્રનું શક્તિવાદમાં તાત્પર્ય દર્શાવવામાં આવે છે; અને છેવટે નિર્ગુણ બ્રહ્મવિદ્યાનું પણ પ્રતિપાદન છે. તેના ઉપર અપ્પય્યદીક્ષિત તથા ભાસ્કરરાય વિગેરેનાં ભાષ્યો છે. લગભગ **नृसिंहतापिनी** જેવી તેની રચના છે. જ્યારે **नृसिंहतापिनी** અનુષ્ટુપ ઉપર રચાયેલી વિદ્યા છે, ત્યારે **त्रिपुरातापिनी** ત્રિપદા ગાયત્રી ઉપર ઘડાયેલી છે.

**देवी** ઉપનિષદ્‌માં **वाक्सूक्त**ના તથા **श्रीसूक्त**ના મંત્રો છે, અને તે ઉપરાંત શ્રીવિદ્યાની પંચદશી પણ તેમાં છે. આ ઉપનિષદ્ અથર્વવેદના સૌભાગ્યકાંડનું સ્પષ્ટ સમજાય છે.

**बह्वृच** ઉપનિષદ્‌માં શક્તિસંપ્રદાયની **कादि** અને **हादि**વિદ્યાનો ઉદ્ધાર છે, અને **ललिता** રૂપે પરબ્રહ્મનું ચિંતન છે. શક્તિની મૂલ પંચદશાક્ષરી મંત્રમાં જે મતમાં **क**વર્ણ આરંભમાં આવે છે તેને **कादि**મત કહે છે, અને જેમાં **ह**વર્ણ આદિમાં આવે છે, તેને **हादि**મત કહે છે.

---

[1] જુઓ આ **त्रिपुरा** ઉપનિષદ્ ઉપરનું ભાસ્કરરાયનું ભાષ્ય.

ભાવના ઉપનિષદ્ દેવીના પરસ્વરૂપનું ભાન કરાવનારું છે; તેમાં **શ્રીવિદ્યાની** અધ્યાત્મપ્રતિષ્ઠા છે. તેના ઉપર અપ્પય્યદીક્ષિત અને ભાસ્કરાચાર્યનાં ભાષ્યો છે. શાક્ત અદ્વૈતવાદનો પાયો આ ઉપનિષદ્ ઉપર છે.

**સરસ્વતીહૃદયમાં** ઋગ્વેદસંહિતામાં આવતા **સરસ્વતીને** લગતા સારભૂત મંત્રો છે, અને તેનો તાંત્રિક વિનિયોગ છે. મંત્રો સંહિતામાં હોવાથી પ્રાચીન જ છે, એમાં શંકા નથી.

**સીતા** ઉપનિષદ્ વૈષ્ણવાગમ પછીનું છે, અને **રામભક્તિના** વ્યાપકપણા પછીનું છે. સંહિતા-બ્રાહ્મણમાં તેનું સ્થાન પકડાતું નથી, તેથી તે **શ્રૌત** વર્ગનું ગણવા લાયક નથી.

**સૌભાગ્યલક્ષ્મીમાં** **શ્રીસૂક્ત** જે ઋગ્વેદના ચોથા અષ્ટકના ચોથા અધ્યાયના ૩૪ મા વર્ગમાં આવે છે, અને જે **खिल** અથવા **परिशिष्ट** સૂક્તોમાં આવે છે, તેનો તાંત્રિક વિનિયોગ છે; અને નવચક્રમાં દેવીની ઉપાસના કેવી રીતે કરવી તેની સમજણ છે.

**काली, तारा, अद्वैतभाव, कौल** અને **श्री विद्यातारक** પ્રાચીન નથી, અને વામમાર્ગના પ્રચાર પછીનાં છે. તેમાં **तारा** તો બૌદ્ધોની દેવી છે.

**अरुणा** ઉપનિષદ્ **तैत्तिरीय आरण्यकમાં** અંતર્ગત છે. તે ઉપનિષદ્ ૧૦૮ ઉપનિષદોના સમુચ્ચયમાં આવતા **आरुणिकोपनिषद्** કરતાં જૂદું છે. તે **अरुणा** નામના શાક્ત ઉપનિષદ્ ઉપરની ટીકા લક્ષ્મીધરની જે ટીકા **सौन्दर्यलहरी** ઉપરની છે તેમાં અંતર્ગત થયેલી છે.

વેદનાં છ અંગોમાં વ્યાકરણાગમ મુખ્યરૂપ ગણાય છે. વ્યાકરણઆગમમાં **वाक्**ને ચૈતન્યની શક્તિરૂપે સ્વીકારી છે; અને તેનો આધાર ઋગ્વેદના શ્રુતિઓમાં રહેલો ગણાવે છે. ઋગ્વેદના એક મંત્રમાં (ઋ. ૨. ૩. ૨૨. ૫) કહ્યું છે કે "વાગદેવીના ચાર પાદ છે. તેને બ્રાહ્મણો બુદ્ધિવાળા જાણે છે. તેના ત્રણ પાદ ગુહામાં ગુપ્ત છે, અને તેના ચોથા પાદને જ માત્ર મનુષ્ય પ્રાણી જાણે છે." આ મંત્રનાં અનેક વિવરણો થયાં છે. મંત્રશાસ્ત્રાનુસાર બ્રહ્મતત્ત્વની વાક્ શક્તિ છે. તેનાં પરા, પશ્યન્તી, મધ્યમા અને વૈખરી એવાં ચાર રૂપો તે ચાર પાદ છે. તેમાં પરા, પશ્યન્તી, અને મધ્યમા એ ત્રણ બુદ્ધિ, મન અને પ્રાણની ગુહામાં ગુપ્ત રહેલા પાદો છે; અને પ્રત્યક્ષ વૈખરી વાણી તે માત્ર મનુષ્ય પ્રાણીને સમજણવાળો પાદ છે. વૈયાકરણો જાતિ, ગુણ, ક્રિયા અને યદૃચ્છા ( એટલે ગુજરાતીમાં વિશેષ નામ કહીએ છીએ તે ) એવા શબ્દના ચાર પાદ માને છે. નિરુક્તકારો નામ, આખ્યાત, ઉપસર્ગ, અને નિપાત એવા ચાર પાદ માને છે. પરંતુ મૂલ શ્રુતિનું તાત્પર્ય પુણ્યરાજનું ભર્તૃહરિના વાક્યપદીય ઉપરના વિવરણ ઉપરથી એવું સમજાય છે કે ચૈતન્યનો બહિર્ગામી વેગ તે **वाक्** છે. પુણ્યરાજના શબ્દોમાં કહીએ તો:-પ્રત્યગાત્મા જે અંતર્નિષ્ઠ છે તેનો અન્ય પ્રાણીને પ્રબોધ આપવાનો અથવા સમજાવવાનો પ્રયત્ન તેનું નામ **शक्ति** છે, અને તે આત્મવસ્તુમાંથી સ્રવે છે. અર્થથી છૂટી પડયા વિનાની આ શક્તિ તે સૂક્ષ્મ**वाक्** દેવી છે. ભર્તૃહરિના બ્રહ્મકાણ્ડમાં આ આત્મચૈતન્યની શક્તિને સર્વ શબ્દ અને અર્થની પ્રકૃતિ કહી છે ( **वा. प.** ૧. ૧૦. ) "તે દેવીવાક્ આ પ્રપંચમાં વિખરાયેલી દેખાય છે" ( **वा. प.** ૧. ૧૯૬ ). ટુંકામાં વ્યાકરણાગમ પ્રમાણે શબ્દબ્રહ્મ, અથવા **वाक्** તે મૂલ પરબ્રહ્મનું અપર રૂપ છે, અને તે અપર બ્રહ્મને જાણનાર પરબ્રહ્મને અનુભવી શકે છે. આ શબ્દબ્રહ્મ અથવા અપરબ્રહ્મ શક્તિનો પર્યાય છે. શબ્દ કૂટસ્થ સ્ફોટરૂપ છે કે વર્ણાત્મક છે એ વિવાદનો વિષય છે, પરંતુ સ્ફોટાત્મક અથવા વર્ણાત્મક શબ્દ મૂલબ્રહ્મની શક્તિ છે, એ સંબંધમાં વિવાદનો વિષય નથી. વૈયાકરણસિદ્ધાંતમંજૂષામાં શક્તિવાદનો આશ્રય લઈ એવો સિદ્ધાંત સ્થાપ્યો છે કે:-પરમેશ્વરની સર્જન કરવાની ઇચ્છાવડે માયાવૃત્તિ પ્રકટ થાય છે. તેમાંથી અવ્યક્ત બિન્દુ ત્રણ ગુણવાળું

પ્રકટ થાય છે. આ બિન્દુરૂપ અવ્યક્ત તે જ **शक्तितत्व** સમજવું. તે બિન્દુનો જડ અંશ તે **બીજ**, ચૈતન્ય અંશ તે ( અપર ) બિન્દુ, અને મિશ્રઅંશ તે નાદ. ”

---

## પ્રકરણ ચોથું

## શક્તિવાદનું સૂત્રસાહિત્ય

### अथातः शक्तिजिज्ञासा ॥ ( अगस्त्यसूत्र १ )

વેદના કર્મ ઉપર શ્રૌત, ગૃહ્ય અને ધર્મ—એ ત્રણ શાખા ઉપરનાં સૂત્રોને **कल्पसूत्र** કહે છે. તેવી જ રીતે શક્તિને લગતા સૌભાગ્યકાણ્ડ ઉપર પણ સૂત્રસાહિત્ય વિપુલ છે. પરશુરામનું દશખંડી **कल्पसूत्र** છે. ગ્રંથ ઘણો ટુંકો છે. તેના ઉપર શાક્તોના આચારવિચાર ઘડાયેલા છે. તેમાં (૧) દીક્ષાખંડ, (૨) ગણેશપદ્ધતિ, (૩) લલિતાક્રમ, (૪) પંદર નિત્યાનું તથા પ્રધાન દેવતાનું લઘાંગ પૂજન, (૫) શ્રીચક્રપૂજનપદ્ધતિ, (૬) કામ્યપ્રયોગો, (૭) નિષ્કામ પ્રયોગ, (૮) સર્વ મંત્રોની સામાન્ય પદ્ધતિ, (૯) સમયાચાર સંગ્રહ, (૧૦) કૌલાચારસંગ્રહ—એટલા વિષયો આવે છે. શાક્તમતના અનુભવી વિદ્વાનોનું એમ કહેવું છે કે મૂલ દત્તસહિતામાં ૧૮,૦૦૦ શ્લોકો હતા. તેનો પરશુરામે ૬૦૦૦ સૂત્રમાં સંક્ષેપ કર્યો, અને તેમાં ૫૦ કાણ્ડ હતા. હારિતગોત્રના સુમેધાએ તેનો પણ સંક્ષેપ કર્યો, અને તે હાલ દશખંડી નામથી પ્રસિદ્ધ છે. ભાસ્કરરાય(ઈ. સ. ૧૬૬૯—૧૭૬૪) ના શિષ્ય ઉમાનંદનાથે નિત્યોત્સવ નામનો સૂત્ર ઉપર નિબંધ લખ્યો છે; તથા તેમની શિષ્યપરંપરામાં રામેશ્વરે (ઈ. સ. ૧૮૩૧ ) સૂત્ર ઉપર વૃત્તિ લખી છે. પરશુરામકલ્પસૂત્ર ગાયકવાડ સંસ્કૃત ગ્રંથાવલિમાં પ્રસિદ્ધ થયું છે.



વળી જેમ વેદના જ્ઞાનકાણ્ડ ઉપર જૈમિનિનું પ્રાતિશાખ્ય બ્રહ્મસૂત્ર છે, અને શાખા ઉપર બંધાયલા બ્રહ્મવાદનું બાદરાયણનું બ્રહ્મસૂત્ર છે, તેમ શાક્ત સિદ્ધાન્તને સ્થાપનારાં અગસ્ત્યમુનિનાં શક્તિસૂત્રો છે. તે ઉપરાંત ભારદ્વાજનાં પણ શક્તિધર્મનાં સૂત્રો છે. આ સૂત્રો પ્રસિદ્ધ થયાં જાણવામાં નથી, પરંતુ મૂલગ્રંથો મેં મેળવી વાંચી જોયા છે.

આ ઉપરાંત નાગાનન્દનાં પણ શક્તિસૂત્રો છે, એમ ભાસ્કરરાયની સપ્તશતી ઉપરની ટીકા તથા લલિતાસહસ્રનામની ટીકા ઉપરથી સમજાય છે.

ત્રિકદર્શન જે કાશ્મીરમાં પ્રકટ થયું છે તેની પરંપરામાં **प्रत्यभिज्ञा**મતનાં શક્તિસૂત્રો છે, અને તેના ક્ષેમરાજ કર્તા છે. તે કાશ્મીર ગ્રંથાવલિમાં પ્રસિદ્ધ થયાં છે.

મહર્ષિ અંગિરાનાં દૈવીમીમાંસાદર્શનનાં સૂત્રો છે. તેના પહેલા પાદનું નામ **रसपाद** છે, અને પરમેશ્વરનું રસાત્મક સ્વરૂપ તેમાં પ્રતિપાદન કર્યું છે. બીજા પાદનું નામ **उत्पत्तिपाद** છે, તેમાં શાક્તઅદ્વૈતને અનુસરતી શક્તિવાદની પ્રક્રિયા છે, અને બ્રહ્મ અને શક્તિનો અભેદ તેમાં પ્રતિપાદન કર્યો છે.

શ્રી શંકરાચાર્યના પરમ ગુરુ શ્રીગૌડપાદાચાર્યનાં **श्रीविद्यारत्नसूत्र** પણ છે, તે પ્રીન્સેસ ઓફ વેલ્સ સરસ્વતીભવન ગ્રંથાવલિમાં થોડાં વર્ષ ઉપર પ્રસિદ્ધ થયાં છે. તેના ઉપર શંકરારણ્યની ટીકા છે.

આ તારવણી ઉપરથી સ્પષ્ટ સમજાય છે કે વેદવાદનાં સૂત્રો જેવું શાક્તવાદનું પણ વિપુલ સૂત્રસાહિત્ય છે, અને તેની શોધ થવાની અગત્ય છે.

---

# પ્રકરણ પાંચમું

## શક્તિવાદનું આગમ સાહિત્ય અથવા તંત્રસાહિત્ય

तन्त्रकृत्तन्त्रसंपूज्या तन्त्रेशी तन्त्रसंमता ।
तन्त्रेशा तन्त्रवित्तन्त्रसाध्यां तन्त्रस्वरूपिणी ॥(ब्रह्मयामल)

શ્રૌતકાળ પૂરો થયા પછી તેના અનુસંધાનમાં આગમગ્રંથોનો આવિર્ભાવ થયો છે. છાન્દોગ્ય ઉપનિષદમાં પંચામૃત વિદ્યાનું વર્ણન છે. તેમાં સૂર્યના બિંબને દેવમધુ સંજ્ઞા આપવામાં આવી છે, અને તેનાં પૂર્વ, પશ્ચિમ, ઉત્તર, દક્ષિણ એવાં ચાર દિશાનાં કિરણો વડે તે મધુરસ બ્રહ્માંડમાં પ્રસરાવે છે. પૂર્વદિશાનાં કિરણો ઋગ્વેદરૂપી પુષ્પના રસને ખેંચે છે અને તેમાંથી જે મધુ ઉત્પન્ન થાય છે તે વડે વસુદેવતાઓ અગ્નિદ્વારા તૃપ્ત થઈ રહે છે; દક્ષિણ દિશાનાં કિરણો યજુર્વેદના પુષ્પરસને ચૂસે છે, અને તે વડે ઉત્પન્ન થતા અમૃત વડે રુદ્રદેવતાઓ ઇન્દ્રદ્વારા પોષાય છે; પશ્ચિમ દિશાનાં કિરણો સામવેદના પુષ્પોના રસને ખેંચી તેના અમૃત વડે આદિત્યદેવતાઓ વરુણના દ્વારા તૃપ્ત થાય છે, અને ઉત્તર દિશાનાં કિરણો અથર્વવેદનાં પુષ્પોના સારને ખેંચી તેના અમૃત વડે મરુદ્દેવતાઓ સોમદ્વારા પોષાય છે. વિદ્યારૂપી અમૃત અથવા મધુનાં આધાર પુષ્પો ઋગ્વેદ, યજુર્વેદ, સામવેદ અને અથર્વવેદમાં રહેલાં છે, અને તેના સારને ભગવાન્ સૂર્ય પોતાના બિંબમાં ખેંચી તે વડે વસુ, રુદ્ર, આદિત્ય, અને મરુત્–એ દેવતાના ગણો અનુક્રમે અગ્નિ, ઇન્દ્ર, વરુણ, અને સોમ–એ ચાર અધ્યક્ષ દ્વારા મધુરસ ભોગવી તૃપ્ત થાય છે. આ ચાર મુખના રૂપકવાળા બ્રહ્મદેવ પાછળથી ચાર વેદના પ્રવર્તક મનાયા છે. પરંતુ તે જ ઉપનિષદ્માં સૂર્યના ઉર્ધ્વમુખનું વર્ણન છે. તેનાં કિરણો **परोरजा** કહેવાય છે, કારણ કે તેમાં **रजस्**નો એટલે રજોગુણ અથવા રાગનો સ્પર્શ નથી, તેનાં કિરણો "ગુહ્ય આદેશ"ને ખેંચે છે, અને તે બ્રહ્મતત્ત્વના પુષ્પમાંથી ખેંચે છે, અને તેનું જે મધુ થાય છે તે પ્રણવદ્વારા સાધ્ય દેવતાઓ એટલે સિદ્ધજનો ભોગવે છે. આ ગુહ્ય



આદેશને આગમ કહે છે; અને પ્રકટ આદેશ જે ચાર વેદમાં છે તેને નિગમ કહે છે. આ ઉર્ધ્વમુખને આગમવાદીઓ પરમેશ્વરનું અથવા શિવનું પાંચમું મુખ કહે છે અને તે ઉર્ધ્વસ્રોતસ્ વડે બ્રહ્મવિદ્યા ચાર વેદમાં જ સમાપ્ત થતી નથી, પરંતુ દેશ, કાળ, અને નિમિત્તોના ફેરફાર થતાં યુગાનુસાર સિદ્ધજનોદ્વારા તે પ્રકટ થાય છે. માંડૂક્ય ઉપનિષદ્‌ને આ કારણથી આગમ પ્રકરણ જ કહે છે. આગમનું લક્ષણ વાચસ્પતિમિશ્ર એવું આપે છે કે જેમાંથી ભોગ અને મોક્ષ ઉભયનું સ્વરૂપ સમજાય છે તે આગમ. જૂનું વેદસાહિત્ય કર્મકાણ્ડદ્વારા માત્ર સ્વર્ગાદિ ભોગનાં સાધનોનું સ્વરૂપ સમજાવે છે, અથવા જ્ઞાનકાણ્ડદ્વારા કેવલ મોક્ષનું સ્વરૂપ અને સાધન દર્શાવે છે. પરંતુ પાંચમું આગમસાહિત્ય ભોગ અને મોક્ષની એકવાક્યતા કરી ક્રમપૂર્વક વ્યવહારસુખ અને પરમાર્થસુખ આપી શકે છે.

આ આગમ સાહિત્યનો આવિર્ભાવ બુદ્ધનિર્વાણ પછી ઘણાં સૈકાં સુધી થયો જણાય છે. અને પ્રત્યેક દેવતાવાદને લગતું આગમ સાહિત્ય હોય છે. શૈવોને લગતું શૈવાગમ સાહિત્ય, વૈષ્ણવોને લગતું સાત્વતતંત્રનું અથવા પાંચરાત્ર સાહિત્ય, સૌરોને લગતું સૌર સાહિત્ય; ગાણપત્યોને લગતું ગાણપત્ય આગમ સાહિત્ય. જૈનો અને બૌદ્ધો પણ આવા પોતપોતાના આગમ સાહિત્યને માને છે. આ સર્વ સાહિત્યમાં શક્તિવાદ રૂપાન્તરે પેઠેલો જણાય છે, અને તેની વિચારની અને ક્રિયાની પદ્ધતિ જેમાં સવિસ્તર વર્ણવી હોય તેવા ગ્રંથોને **तन्त्र** એવું નામ આપવામાં આવે છે. તે તે દેવતાના સ્વરૂપ, ગુણ, કર્મ વિગેરેનું ચિંતન જેમાં કરવામાં આવ્યું હોય, તેને લગતા મંત્રોનો ઉદ્ધાર કરવામાં આવ્યો હોય, તે તે મંત્રોને કેવા પ્રકારના યંત્રમાં ગોઠવી દેવતાનું ધ્યાન કરવું, એ દર્શાવવામાં આવ્યું હોય, તે તે દેવતાની ઉપાસનાનાં પાંચ અંગો પટલ, પદ્ધતિ, કવચ, નામસહસ્ર, અને સ્તોત્ર વ્યવસ્થિત રૂપે દર્શાવાયાં હોય તેવા ગ્રંથોને **तन्त्र** કહે છે. આ તંત્રોનું વિપુલ સાહિત્ય હતું, અને તેના ખંડ માત્ર હાલ ઉપલબ્ધ રહ્યા જણાય છે. નાલંદાની બૌદ્ધ વિદ્યાપીઠમાં તંત્રોનું અધ્યાપન થતું હતું. મુસલમાન

રાજ્યના આક્રમણના પ્રસંગે ઘણા બૌદ્ધોના અને હિંદુઓના તંત્રગ્રંથો નાશ પામ્યા છે. રસિકમોહન ચટ્ટોપાધ્યાયે આ હોળીની આગમાં પડેલા તંત્રગ્રંથો પૈકી કેટલાકનું રક્ષણ કર્યું છે; અને આર્થર ઍવલેન જે જસ્ટિસ વુડ્રોફનું ગુપ્ત નામ છે તેમણે ઘણાં તંત્રોનો ઉદ્ધાર કર્યો છે. આ તંત્રસાહિત્યના ઊંડા અભ્યાસકોનું સાંપ્રદાયિક મંતવ્ય એવું છે કે ગુહ્ય આદેશો સૃષ્ટિના આરંભથી તે આજ સુધી યોગ્ય ગુરુ-શિષ્યની પ્રણાલિકામાં ઉતરી આવ્યા છે, તેનો આત્યંતિક નાશ કદી થયો નથી, અને થવો સંભવતો નથી. યુગધર્મ તરીકે તે તે આદેશો દિવ્યગુરુ, સિદ્ધગુરૂ અથવા મનુષ્યગુરુ દ્વારા પ્રકટ થાય છે, અને તેનો સંપ્રદાય પ્રજાના અમુક વિભાગમાં સચવાયેલો રહે છે. જેમ માતાના જારને જાણનાર પુત્ર તે ગુપ્ત વાત કોઇને પ્રકટ કરતો નથી, તેમ તાંત્રિકો યોગ્ય અધિકાર વિના કોઇને કશું કહેતા નથી. અને યોગ્ય અધિકારની ખાત્રી થયા પછી ગુહ્ય આદેશને તે તે શિષ્યના ઉપયોગ પૂરતો જ પ્રકટ કરે છે, પછી તે શિષ્ય પોતાની સાધનસિદ્ધિના ક્રમે સિદ્ધપદે પહોંચે છે, અને છેવટે પૂર્ણાભિષિક્ત થાય છે.

વિમલાનંદ સ્વામી જેઓ અનુભવી તાંત્રિક જણાય છે તેમનું એવું કહેવું છે કે બ્રહ્મવિદ્યા ઉપાસનાદ્વારા ચારે યુગમાં આગમ અથવા તંત્રદ્વારા પ્રગટ થયેલી છે. સત્યયુગમાં જ્યારે તે તે દેવતાનાં સકામકર્મો બહુ થતાં હતાં ત્યારે આ બ્રહ્મવિદ્યા ઉમા હૈમવતીદ્વારા ઇન્દ્રાદિ દેવતાઓને પ્રકાશિત થઇ હતી; અંભૃણમુનિની પુત્રીને वाक्सूक्तમાં પ્રકટ થઇ હતી. ત્રેતાયુગમાં જ્યારે પશુયજ્ઞનો અતિશય થયો હતો, ત્યારે બ્રહ્મવિદ્યા વસિષ્ઠ, વિશ્વામિત્ર, જનક, પરશુરામ વિગેરે બ્રહ્મર્ષિ, અને રાજર્ષિઓ દ્વારા પ્રકટ થઇ હતી. વસિષ્ઠ મુનિએ ચીનાચારદ્વારા તંત્રપ્રકાશ કર્યો જણાય છે; વિશ્વામિત્રની તંત્રવિદ્યા ગંધર્વતંત્રના પ્રથમ પટલમાં છે, અને પ્રસિદ્ધ ગાયત્રીની સઘળી રહસ્યપદ્ધતિ વિશ્વામિત્રે રચી જણાય છે. આની સાક્ષી વિશ્વામિત્રનો ગાયત્રીસ્તવરાજ અદ્યાપિ પૂરે છે. વિદેહરાજ જનકના ઘણા તાંત્રિક જીવનના પ્રસંગો ગાર્ગી–સુલભા વિગેરેનાં આખ્યાનોમાં આવે છે. કાલિકુલસર્વસ્વમાં પરશુરામનું તાંત્રિકત્વ વર્ણવ્યું છે, અને તેમનું कल्पसूत्र



દશખંડી અદ્યાપિ વિદ્યમાન છે. દ્વાપરયુગમાં જ્યારે હવિર્યજ્ઞોનો અતિશય થયો ત્યારે બ્રહ્મવિદ્યાનું સ્થાપન શ્રીકૃષ્ણે આગમદ્વારા કર્યું છે. શ્રીકૃષ્ણનો ભગવદ્ગીતાનો પ્રસિદ્ધ આદેશ છે, અને ગુહ્ય આદેશ રાધાતંત્રમાં, દેવીભાગવતમાં, મહાભારતના અનુશાસનપર્વ( અધ્યાય ૧૪ ) માં, સમાયેલો જણાય છે. વિરાટપર્વના છઠ્ઠા અધ્યાયમાં સમજાય છે કે પાંડવો, રાજર્ષિ ભીષ્મ, વેદવ્યાસ, શુકદેવ, અસિત, દેવલ, દુર્વાસા વિગેરે શક્તિવાદના રહસ્યને જાણનારા હતા. છેવટના વર્તમાન કલિયુગમાં દુર્ગાપૂજામાંતથા અનેક વ્રત વિગેરેમાં તંત્રમાર્ગ ગુંથાઈ ગયેલો જણાય છે. સાધન કરનારા પોતાના સાધનના તંત્રાનુસારી મર્મોને સમજતા નથી, એ પ્રશ્ન જૂદો છે. પરંતુ તાંત્રિક કર્મ અને ઉપાસના વૈદિક કર્મ અને ઉપાસના સાથે આડાઅવળી ગુંથાયેલાં છે. આ આગમશાસ્ત્ર શક્તિને લગતું ત્રણ બ્યૂહમાં વહેંચાયેલું છે. સત્ત્વાદિ ત્રણ ગુણોના આધારે આ ત્રણ બ્યૂહને તંત્ર, યામલ અને ડામર–એવાં નામ આપવામાં આવે છે. દરેકમાં ૬૪ ગ્રંથોનો સમાસ કરી, સંપૂર્ણ સાહિત્ય ૧૯૨ ગ્રંથોમાં ગ્રથિત થયેલું કહેવામાં આવે છે. આ ત્રણ સાહિત્યના બ્યૂહને પૃથ્વીના ત્રણ વિભાગ કલ્પી ત્રણ ખંડમાં વહેંચવામાં આવ્યું છે. પહેલા ખંડને અશ્વક્રાન્ત, બીજાને રથક્રાન્ત, અને ત્રીજાને વિષ્ણુક્રાન્ત કહે છે. આ પ્રત્યેક ભૂમંડળના વિભાગમાં કયા કયા પ્રદેશો આવે છે તે નક્કી કરવાનું સાધન મને અદ્યાપિ મળ્યું નથી. પરંતુ આ બ્યૂહ ઘણે ભાગે સમગ્ર જંબુદ્વીપને એટલે એશીયા ખંડને લાગુ પડે છે; અને તેમાં ચીન, જાપાન વિગેરે પ્રદેશોના તાંત્રિક આચારો અથવા દેવતાવાદોનો સમાસ થયો જણાય છે. ઉદાહરણ તરીકે દશમહાવિદ્યા પૈકીની तारादेवी બૌદ્ધોની મુખ્ય દેવતા છે, અને તેની ઉપાસના મુખ્યત્વે કરીને બૌદ્ધ દેશોમાં થાય છે, અને ભારતવર્ષમાં તેનો ગૌણ પ્રચાર છે. ज्येष्ठा નામની દેવીની મૂર્તિઓ ખોદકામમાંથી નીકળી છે, અને તેથી તે દેવીની પૂજાપદ્ધતિ સારી રીતે પ્રવર્તતી હશે, એવું અનુમાન જાય છે.

મુખ્ય ૬૪ તંત્રગ્રંથોની સંપૂર્ણ સાહિતી હજુ મળી શકી નથી. તોપણ મુખ્ય તંત્રોના અભ્યાસથી નીચે પ્રમાણે તે ગ્રંથો હોય એમ જણાય છે. નીચેના કોષ્ટકમાં જ્યાં નામ ભેદ છે ત્યાં જૂદાં નામ આપ્યાં છે. તે શિવાયનાં નામો પહેલા ખાના પ્રમાણે સમજવાં:—

| વામકેશ્વર તંત્રાનુસાર અને (ઇ. સ. ૧૭૨૪) ભાસ્કરરાયના મત પ્રમાણે. | કુલચૂડામણિ તંત્ર અનુસાર. | સૌન્દર્ય લહરીના ટીકાકાર લક્ષ્મીધરના મત પ્રમાણે (ઇ. સ. ૧૨૬૮-૧૩૭૯) | નોટ |
|---|---|---|---|
| १ महामाया | | | |
| २ शंबर | १ मायोत्तर | | |
| ३ योगिनी जालशंबर | २ महासारस्वत | નં. ૨, ૩, ૪—એક તંત્ર. शंबर | |
| ४ तत्व शंबर | | | |
| ५–१२ भैरवाष्टक | | वामजुष्ट અને | આ તંત્રોમાં મુખ્ય શા વિષયો આવે છે તે બાબત જુઓ મારો હિંદતત્વજ્ઞાનનો ઇતિહાસ વિભાગ ૨. પૃ. ૬૩–૬૫ |
| असितांग | | वामदेव જૂદાં | |
| चरु | | તંત્ર ગણે છે. | |
| चण्ड | | | |
| क्रोध | | | |
| उन्मत्त | | | |
| कपालि | | | |
| भीषण | | | |
| संहार | | | |
| १३–२० बहुरूपाष्टक | | | |
| ब्राह्मी | | | |
| माहेश्वरी | | | |
| कौमारी | | | |
| वैष्णवी | | | |
| वाराही | | | |
| माहेन्द्री | | | |
| चामुण्डा | | | |
| शिवदूती | | | |
| २१–२८ यामलाष्टक | | | |
| ब्रह्मयामल | | | |
| विष्णुयामल | | | |
| रुद्रयामल | | | |
| लक्ष्मीयामल | | | |
| उमायामल | | | |
| स्कंदयामल | | | |
| गणेशयामल | | | |
| ग्रहयामल | | | |

| | | | |
|---|---|---|---|
| ૨૯ | મહોચ્છૂષ્મ | ૨૯ તંત્રજ્ઞાન | ૨૯ ચંદ્રજ્ઞાન નિત્યાષોડશીનું |
| ૩૦ | વાતુલ | ૩૦ વાસુકિ | ૩૦ માલિની (સમુદ્રયાનવિદ્યા) |
| ૩૧ | વાતુલોત્તર | ૩૧ મહાસંમોહન | ૩૧ મહાસંમોહન વામમાર્ગનું |
| ૩૨ | હૃદ્ભેદ (કાપાલિક મતનું) | | |
| ૩૩ | તંત્રભેદ } અભિચાર સામે પ્રયોગોનું | ૩૩ મહાસૂક્ષ્મ | |
| ૩૪ | ગુહ્યતંત્ર } | | |
| ૩૫ | કામિક | | |
| ૩૬ | કલાવાદ કામશાસ્ત્રનું | ૩૬ કલાપક અથવા કલાપદ | |
| ૩૭ | કલાસાર વર્ણના ઉત્કર્ષની વિદ્યા | | |
| ૩૮ | કુબ્જિકામત આયુર્વેદને લગતું | | |
| ૩૯ | તંત્રોત્તર | ૩૯ વાહન | |
| ૪૦ | વીણાતંત્ર યક્ષિણીપ્રયોગનું | | |
| ૪૧ | ત્રોડલ } ઘુટિકા, અંજન, અને પાદુકાસિદ્ધિના પ્રયોગોનું છે. | | |
| ૪૨ | ત્રોડલોત્તર } | | |



| | | | | |
|---|---|---|---|---|
| ૪૩ | પંચામૃત પંચભૂતનાં દેહસ્થ પુટો શી રીતે અજરામર રહે તેને લગતું. | | | |
| ૪૪ | સૂર્યભેદ } *મારણાદિ પ્રયોગોનું છે. | | | |
| ૪૫ | ભૂતોડ્ડામર } | | | |
| ૪૬ | કુલસાર | | | |
| ૪૭ | કુલોડ્ડીશ | | | |
| ૪૮ | કુલ ચૂડામણિ | ૪૮ વાહનોત્તર | | |
| ૫૦ | મહાકાલીમત } આ સાત કાપાલિકોને લગતાં છે. | ૫૦ માતૃભેદ | | |
| ૫૧ | મહાલક્ષ્મીમત } | | ૫૧ અરુણેશ | પહેલા ખંડના અને ત્રીજા ખંડના ગ્રંથો એક જ છે, કે ભિન્ન તે કળી શકાય તેમ નથી. |
| ૫૨ | સિદ્ધયોગેશ્વરીમત } | | ૫૨ મોહિનીશ | |
| ૫૩ | કુરૂપિકામત } | | ૫૩ વિકુંઠેશ્વર | |
| ૫૪ | દેવરૂપિકામત } | | ૫૪ દેવીમત | |
| ૫૫ | સર્વવીરમત } | | | |
| ૫૬ | વિમલામત } | | | |
| ૫૭ | આમ્નાય: પૂર્વામ્નાય, પશ્ચિમામ્નાય, દક્ષિણામ્નાય, ઉત્તરામ્નાય | | | |

| | |
|---|---|
| ૫૮ निरुत्तर | |
| ૫૯ वैशेषिक | |
| ૬૦ ज्ञानार्णव | |
| ૬૧ वीरावलि (જૈનતંત્ર ? ) | ૬૧ विश्वात्मक |
| ૬૨ अरुणेश | |
| ૬૩ मोहिनीश | |
| ૬૪ विशुद्धेश्वर | |

આ ચોસઠે તંત્રોમાં અનેક વ્યાવહારિક વિદ્યાઓ અને પરમાર્થ વિદ્યાઓનો સમાસ થએલો જણાય છે. તેમાં બ્રહ્મનું સ્વરૂપ, બ્રહ્મવિદ્યા અને શક્તિતત્વ, જગતની સૃષ્ટિ અને સંહાર-ક્રમનું વર્ણન, તત્ત્વવિભાગ-એટલા વિષયો પરમાર્થને લગતા છે અને બાકીના વિષયો વ્યવહારના ધર્મ, અર્થ અને કામને સાધનારા છે. આ તંત્રસાહિત્યના વિચારકોના આચારભેદ સાત પ્રકારના હોય છે: (૧) વૈદિક આચારવાળા, (૨) વૈષ્ણવાચારવાળા, (૩) શૈવાચારવાળા, (૪) દક્ષિણાચારવાળા, (૫) વામાચારવાળા, (૬) સિદ્ધાંતાચારવાળા અને (૭) કૌલ મતના કુલાચારવાળા. આ સર્વનો તાત્વિક સિદ્ધાન્ત શાક્ત અદ્વૈતવાદનો છે. લક્ષ્મીધર તાંત્રિકોના સામયિક, કૌલ, અને મિશ્ર એવા ત્રણ ભેદ પાડે છે.

સામયિક મતનું સાહિત્ય પાંચ શુભાગમોમાં વહેંચાયેલું છે, એમ લક્ષ્મીધર જણાવે છે; અને તેની પાંચ સંહિતાઓ છે, અને તેના કર્તા વસિષ્ટ, સનક, શુક, સનંદન અને સનત્કુમાર એ



પાંચ ગણાય છે. આ પાંચ શુભાગમના આધારે શંકરાચાર્યે સૌન્દર્ય-લહરી નામના ગ્રંથમાં **શ્રીવિદ્યાનો** સમુદ્ધાર કર્યો જણાય છે, અને તેમના પરમગુરુ ગૌડપાદાચાર્યે **સુભગોદય** ગ્રંથ આ સામયિક સિદ્ધાન્તને અનુસરતો લખ્યો છે. પાંચ શુભાગમો મને ઉપલબ્ધ થઈ શક્યા નથી.

સામયિકના સિદ્ધાન્તીઓ લક્ષ્મીધર વિગેરે સમયમાર્ગનાં તંત્રોને શુદ્ધ માને છે, અને આચારમાં ક્રમપૂર્વક ૧ વૈદિક, ૨ વૈષ્ણવ, ૩ શૈવ, ૪ દક્ષિણ, ૫ વામ, ૬ સિદ્ધાન્ત અને ૭ કૌલ ચઢતા ઉતરતા માને છે. એટલે વૈદિકોનો આચાર શુદ્ધ, તેનાથી ઉતરતો વૈષ્ણવોનો વિગેરે. કૌલોનું મંતવ્ય એવું છે કે કૌલાચાર શ્રેષ્ઠ, અને સિદ્ધાન્ત, વામ, દક્ષિણ, શૈવ, વૈષ્ણવ અને વૈદિક ક્રમપૂર્વક ઉતરતા.

કૌલોના આચારો પાંચ મકારને લગતા સ્થૂલભૂમિકાના હોવાથી અને તેમાં પશુબુદ્ધિનાં મનુષ્યો નિયમવિધિને સમજ્યા વિના અધઃપતન કરાવનારા હોવાથી સામયિકોની નિંદાના પાત્ર બન્યા છે; જ્યારે કૌલાચાર્યો સામયિકોને પ્રચ્છન્ન તાંત્રિકો કહી નિંદે છે. એટલું તો તટસ્થ વિચારકને સમજાય એમ છે કે વૈદિકોના પ્રાચીન વેદાનુ-યાયી આચારમાં પણ સોમપાન, માંસભક્ષણ (યજ્ઞશેષ), મહાવ્રતમાં મૈથુન વિગેરેની છૂટ હતી, અને તેઓને તાંત્રિકોનાં મદ્ય, માંસ, મત્સ્ય, મુદ્રા, મૈથુન ઉપર કટાક્ષ કરવાનો હક્ક નથી. વસ્તુસ્થિતિ વિચારતાં સમજાય છે કે વૈદિકો અને તાંત્રિકો-બંનેને દેવતાને નિમિત્ત કરી, પાંચ તત્વોનો ઉપયોગ-પછી તે મુખ્ય દ્રવ્યરૂપે અથવા પ્રતિનિધિ તત્ત્વરૂપે-સ્વીકૃત જણાય છે. આ વિષયની વિશેષ ચર્ચા આગળ ઉપર તાંત્રિકોના અધિકારભેદનો વિચાર કરવાનો પ્રસંગ આવશે ત્યારે થશે.

---

## પ્રકરણ છઠ્ઠું

### શક્તિવાદનું નિબંધ અથવા વિવરણરૂપ સાહિત્ય તથા પૌરાણિક સાહિત્ય.

वागुद्भूता पराशक्तिर्या चिद्रूपा पराभिधा
वन्दे तामनिशं भक्त्या श्रीकंठार्धशरीरिणीम्
( सूतसंहिता )

ઉપર કહેલ શ્રૌત, બ્રાહ્મણ, આરણ્યક, ઉપનિષદ્, સૂત્ર, અને આગમ અથવા તંત્ર નામના શક્તિવાદના સાહિત્ય ઉપર ભાષ્ય, વૃત્તિ, ટીકા, નિબંધ, વિવરણ સ્તોત્રો–ઇત્યાદિ રૂપનું વિપુલ સાહિત્ય તાંત્રિકોએ રચ્યું છે.

શ્રૌત, બ્રાહ્મણ આરણ્યક અને ઉપનિષદ્ સાહિત્યમાં સમાયેલા શક્તિવાદના મૂલવાઙ્‌મય ઉપર સાયણાચાર્ય (ઇ. સ. ૧૩૦૦), ઉપનિષદ્બ્રહ્મ (ઇ. સ. ૧૭૫૦), અપ્પય્ય દીક્ષિત (ઇ. સ. ૧૫૨૦–૧૫૯૬), ભાસ્કરરાય (ઇ. સ. ૧૭૨૪) અને કૌલાચાર્ય સદાનંદનાં ભાષ્યો ઉપલબ્ધ છે. તેમાં પણ પ્રથમના બે શાંકરમતના વેદાંતીઓ છે, અપ્પય્ય દીક્ષિત શિવાદ્વૈતી છે, ભાસ્કરરાય શાક્ત અદ્વૈતી છે, અને સદાનંદ કૌલ અદ્વૈતી છે. અપ્પય્ય દીક્ષિતની આનંદલહરી અને તેના ઉપરની ટીકા શાક્તવાદના ઉંડા મર્મને પ્રકાશ કરનારી છે; અને ભાસ્કરરાયનાં **श्रीसूत्र** ઉપર, **कौलउपनिषद्** ઉપર, **त्रैपुर महोपनिषद्** ઉપર, **ललितासहस्र नाम** ઉપર (**सौभाग्यभास्कर**), **सप्तशती** ઉપર **गुप्तवती** વિગેરે ભાષ્યો, તથા **योगिनीहृदय** તંત્ર (વામકેશ્વરતંત્રનો ભાગ છે) ઉપરની સેતુબંધ ટીકા વિગેરે ગ્રંથો અપૂર્વ ચમત્કૃતિવાળા, અને ઘણાં ગુપ્ત રહસ્યોને સમજાવનારા છે. તેમનો **वरिवस्यारहस्य** નામનો પ્રકરણ ગ્રંથ મંત્રશાસ્ત્રનો અને ઉપાસનાનો સ્ફોટ કરનારો અપૂર્વ વિદ્વત્તાભરેલો છે.



ભાસ્કરરાયની શિષ્યપરંપરામાં ઉમાનંદનાથે **श्रीविद्या** સંબંધી **नित्योत्सव** નામનો નિબંધ લખ્યો છે. તેની પરંપરામાં રામેશ્વરે (ઇ. સ. ૧૮૩૧) પરશુરામના કલ્પસૂત્ર ઉપર વૃત્તિ લખી છે. ગૌડપાદનાં **श्रीविद्यासूत्र** ઉપર શંકરારણ્યની ટીકા છે.

રહસ્યસ્તોત્રોમાં **लघुपंचस्तवी** જેમાંનાં એક બે સ્તોત્રો પ્રસિદ્ધ કવિ કાલિદાસનાં રચેલાં મનાય છે; ગૌડપાદનું **सुभगोदय**, શંકરાચાર્યની **सौन्दर्यलहरी, आनंदलहरी**; અપ્પય્ય દીક્ષિતની **आनंदलहरी**; દુર્વાસાનું **त्रिपुरामहिम्नस्तोत्र, ललितात्रिशती** ( જેના ઉપર શંકરાચાર્યનું ભાષ્ય છે), **आर्यापंचाशद्** વિગેરે ખાસ અધ્યયન કરવા યોગ્ય છે.

પૌરાણિક સાહિત્યમાં દેવીભાગવત, અને નીલકંઠની ટીકા, બ્રહ્માંડપુરાણના બીજા વિભાગમાં સમાયેલું **ललितासहस्र** નામનું ૩૨૦ શ્લોકનું પ્રકરણ, માર્કંડેય પુરાણમાં સમાયેલું દેવીમાહાત્મ્ય અથવા **सप्तशती**; સૂતસંહિતાના યજ્ઞવૈભવ ખંડમાં ૪૭ મા અધ્યાયમાં સમાયેલું **शक्तिस्तोत्र** વિગેરે શક્તિવાદનું સ્વરૂપ સમજાવનારાં છે. દેવીગીતા નામનું પ્રકરણ દેવી ભાગવતમાંનું છે. શક્તિગીતા ગ્રંથ આધુનિક જણાય છે.×

કૂર્મપુરાણમાં શિવમાં પરબ્રહ્મનું રૂપ વધારે સ્ફુટ છે એવું પ્રતિપાદન કરી, શક્તિની પૂજાનો મહિમા ગાયો છે. અર્ધનારીશ્વર દેવતા પુરુષ અને સ્ત્રીરૂપમાં વિભક્ત થાય છે, અને પરમેશ્વરીનાં ૮,૦૦૦ નામ વડે સ્તુતિ કરવામાં આવી છે. અર્ધનારીશ્વરના પુરુષ-અંશમાંથી રુદ્રો થયા છે, અને સ્ત્રી-અંશમાંથી શક્તિઓ પ્રકટ થયાનું વર્ણન છે.

---

× દેવીમાહાત્મ્યનો એક શ્લોક ઇ. સ. ૬૦૮ માં કોતરાયેલા એક લેખમાં આવે છે. (D. R. Bhandarker J. B. R. A. S. 23 1909 P. 73 F.) બાણ કવિનું ચંડીશતક આ માહાત્મ્ય ઉપર ઘડાયું છે.

**कालिका पुराण** શકિતવાદનું સ્વતંત્ર પુરાણુ છે. શાકતોની પ્રયોગપદ્ધતિઓ **योगिनीतंत्र, वाराहीतंत्र, कात्यायनीतंत्र, मरीचितंत्र, डामरतंत्र, हरगौरीतंत्र, शक्तिसंगमतंत्र, लक्ष्मीतंत्र** વિગરે ગ્રંથોમાં છે. પુરાણોના ટીકાકાર નીલકંઠનો **शक्तितत्वविमर्शिनी** નામનો નિબંધ વિચારથી ભરપૂર છે.

આ ઉપરાંત કાશ્મીરકોના ઉત્તરામ્નાયને લગતા નીચેના ગ્રંથો શકિતવાદને બહુ સ્પષ્ટ કરનારા છે:—

[1]**संवित्सिद्धि**, [2]**अजडप्रमातृसिद्धि** , [3]**तंत्रालोक**, [4]**तंत्रसार**, [5]**तंत्रसुधा**, [6]**तंत्रवटधानिका**, [7]**परात्रिंशिका**, [8]**प्रत्यभिज्ञासूत्र**, (વૃત્તિ તથા વિમર્શિની તથા હૃદય સાથે) [9]**महार्थमंजरी**, [10]**मालिनीविजय**, [11]**कामकलाविलास**, (આ ગ્રંથને કામશાસ્ત્ર સાથે કંઈજ સંબંધ નથી, પરંતુ મંત્ર બીજનો ઉદય શી રીતે થાય છે તેનું વર્ણન **हादिमत** પ્રમાણે છે) [12]**स्पंदकारिका** અને [13]**स्पंदसंदोह**.

આ પ્રત્યભિજ્ઞાવાદ અથવા સંવિત્સિદ્ધાન્ત શકિતવાદ ઉપર રચાયેલો છે, અને તેનો કાશ્મીરક શૈવોના ત્રિકદર્શન સાથે ગાઢ સંબંધ છે. તે વાદના મુખ્ય પ્રવર્તક અભિનવગુપ્ત (ઇ. સ. ૯૯૩), ક્ષેમરાજ વિગેરે થયા જણાય છે.

---

૧ Kashmere S. S. No. 36; ૨. K. S. S. No. 34; ૩. K. S. S. No. 28–33; ૪. K. S. S. No. 20; ૫. Trivandram S. S. No. 44; ૬ અભિનવગુપ્તનો તંત્રાલોકનો સંક્ષેપ; ૭. K. S. S. 21. ૮. K. S. S. No. 26, 27, 3; ૯ Trivnadram S. S. No. 66; ૧૦ K. S. S. N. 38. ૧૧. K. S. S. No. 13; ૧૨–૧૩ K. S. S. No. 15, 19.



કૌલમતના પ્રસિદ્ધ શાસ્ત્રવિચારક પૂર્ણાનંદ અથવા જગદાનંદ ગૌડાચાર્ય ઇ. સ. ૧૪૪૮–૧૫૨૬ માં થયા છે, અને તેમનો **श्रीतत्त्वचिन्तामणि** નામનો મોટો ગ્રંથ હજુ અપ્રસિદ્ધ છે. તેનું છઠ્ઠું પ્રકરણ **षट्चक्रनिरूपण** પ્રસિદ્ધ થયું છે. પૂર્ણાનંદ સ્વામીના **श्यामारहस्य, शाक्तक्रम, तत्त्वानन्दतरंगिणी, योगसार, कालिकाकारकूट** ગ્રંથો તારવી શકાયા છે.

રહસ્ય ગ્રંથોમાં **श्यामारहस्य** ઉપરાંત **ताराहस्य** અને **त्रिपुरारहस्य** વિચારવા યોગ્ય છે.

---

# પ્રકરણ સાતમું

## શાક્તસિદ્ધાન્ત વિચાર

**चितिः स्वतंत्रा विश्वसिद्धिहेतुः ॥ ( प्रत्यभिज्ञासूत्र )**

પ્રત્યેક ધર્મસંપ્રદાયની પીઠમાં તત્ત્વવિચાર હોય છે. તત્ત્વપીઠ વિનાનો દેવતાવાદ વિચારકોની પરીક્ષામાં ટકતો નથી. શાકત સંપ્રદાયની પીઠમાં પણ સિદ્ધાન્ત સમાયેલો છે. શાકતસિદ્ધાન્ત પાયામાં અદ્વૈત મતનો છે; અને શાંકરમત સાથે ગાઢ સંબંધવાળો છે. તે સાથે શૈવાગમ સાથે પણ સમવાય સંબંધથી જોડાયેલો છે.

શાંકર અદ્વૈતવાદ જ્યારે માયાવાદ ઉપર ઘડાયો છે, ત્યારે શાક્ત અદ્વૈતવાદ શક્તિવાદ* ઉપર ઘડાયેલો છે. ભાસ્કરરાય નિત્યાષોડશિકાર્ણવના ભાષ્યમાં આ બાબત નીચે પ્રમાણે અભિપ્રાય આપે છે:—

"ઔપનિષદ મતના અનુસરનારા અદ્વૈતીઓનો પક્ષ એવો છે કે ચિદ્રુપ પરમાત્માની શકિતનું નામ માયા છે. તે પોતે જડ છે. તે માયાશકિત જગતનું ઉપાદાન કારણ છે. પરબ્રહ્મ વિવર્તોપાદાન થાય છે. આથી જગત્ માયાનો પરિણામ હોવાથી જડ છે, અને મિથ્યા છે. અદ્વૈતને જણાવનારી શ્રુતિઓ પારમાર્થિક વસ્તુ એક જ છે, એવું પ્રતિપાદન કરે છે. આ સર્વ બ્રહ્મ છે એ મતલબની, જગતનું અને બ્રહ્મનું સામાનાધિકરણ્ય જણાવનારી શ્રુતિ જગતનું મિથ્યાત્વ બાતલ કરતાં સર્વશિષ્ટ બ્રહ્મ છે, એ પ્રકારે બાધ સામાનાધિકરણ્ય વડે બંધ બેસે તેવી છે.

---

* सर्वं मायेति यज्ज्ञानमज्ञानं परिकीर्त्यंतो सर्वं शिव इति ज्ञानं ज्ञानं ज्ञानविदो विदुः

( त्रिपुरारहस्य ).



તાંત્રિકોનો પક્ષ એવો છે કે ચિચ્છક્તિ જે ઔપનિષદોને પણ ઇષ્ટ છે, તે જ અનંતરૂપ ધારણ કરનારી માયા છે. તે પરમેશ્વરની પરા શકિત વિવિધ ભાવવાળી છે; માયા અને અવિદ્યારૂપે પોતે જ થાય છે; ઇત્યાદિ શ્રુતિ આ રહસ્યને જણાવે છે. તે મૂલ શકિતનો જ પરિણામ તે પ્રપંચ અથવા જગત્ છે. તેથી જગત્ ચિદ્રૂપ છે. આ પ્રપંચ ચિદ્વિલાસ છે–એ યોગવાસિષ્ઠનું વાકય આ પ્રકારે બંધ બેસે છે. આથી આ વિશ્વ સત્ય હોવાથી—'આ સર્વ બ્રહ્મ છે.' —એ શ્રુતિ મુખ્ય સામાનાધિકરણ્યથી બંધ બેસે છે. આમ થવાથી અદ્વૈત શ્રુતિને બાધ આવતો નથી; કારણ કે વિરોધને ઉત્પન્ન કરનાર ભેદને જ અમે મિથ્યા માનીએ છીએ. ( ભેદને પ્રકટ કરનાર શકિત તો ચિન્મયીજ છે ). બાદરાયણનાં સૂત્રો—"આ જગતનું બ્રહ્મ ઉપાદાન કારણ છે, કારણ કે પ્રતિજ્ઞાવાકય અને દૃષ્ટાન્તનાં છાન્દોગ્ય ઉપનિષદ્‌નાં વાકયો આ રીતે બંધ બેસે છે" "આ જગત્ આત્મકૃતિનું પરિણામ છે." "આ જગત્ બ્રહ્મથી અભિન્ન છે, કારણ કે કાર્યરૂપે તેમાંથી તે આરંભ પામેલું છે, વિગેરે વેદવાકયો તે ભાવમાં બંધ બેસે છે":- આ પ્રકારના અદ્વૈતમાં સરલતાથી તાત્પર્ય બોધક થાય છે.

આ પ્રકારે બંને પક્ષમાં પ્રપંચના કારણ રૂપે શકિતનો સ્વીકાર હોવાથી, પરશિવને અથવા પરબ્રહ્મને વચમાં સાકરના કડકા જેવો ઔપનિષદોને માનવાની જરૂર નથી. ઘટના સંબંધમાં પરિણામી ઉપાદાન કારણ મૃત્તિકા વિના બીજું કોઈ જાતનું વિવર્ત કારણ અમે જોઈ શકતા નથી. આથી એક જાણ્યાથી સર્વ જણાય છે એ પ્રકારની શ્રુતિમાં કરેલી પ્રતિજ્ઞા–હે પુત્ર શ્વેતકેતુ! જેવી રીતે માટીના પિંડથી સર્વ ઘટનું સ્વરૂપ સમજાય છે તેમ સત્‌બ્રહ્મ જાણ્યાથી જગતનું સ્વરૂપ સમજાય છે, એ દૃષ્ટાન્ત છાન્દોગ્ય ઉપનિષદ્‌નું બંધ બેસે છે."

વળી તે જ સમર્થ તાંત્રિક વિચારક ભાસ્કરરાય લલિતાસહસ્ર‡ નામના ભાષ્યમાં લખે છે કે:—

"બ્રહ્મતત્ત્વ બે પ્રકારનું છે: (૧) સકલ અને (૨) નિષ્કલ. બંને પ્રકારનું બ્રહ્મ જાણવાયોગ્ય છે. એક પર અને બીજું અપર. તે પણ પુન: બે પ્રકારનું છે: (૧) જગન્નિયામક, (૨) જગદાત્મક. (આ વિભાગના ટેકામાં તે શ્રુતિ–સ્મૃતિનાં પ્રમાણવાક્યો આવે છે); જગદાત્મક બ્રહ્મ ચર અને અચર એમ બે પ્રકારનું છે. તે બે પ્રકારનું પણ બ્રહ્મ હિરણ્યગર્ભથી માંડી તે ઘણા ચર જીવો વડે અને આકાશાદિ તત્ત્વોના ભેદ વડે અનેક પ્રકારનું છે. જગન્નિયાત્મક બ્રહ્મ વસ્તુત: એક છતાં સૃષ્ટિ, સ્થિતિ, નાશ, તિરોધાન, અને અનુગ્રહ વિગેરે નિયમનના ભેદો વડે બ્રહ્મા, વિષ્ણુ, રુદ્ર, ઈશાન, સદાશિવ વિગેરે નામવાળું અનેક પ્રકારનું થાય છે.

નિષ્કલ બ્રહ્મ સદા સર્વદા એક જ પ્રકારનું છે......આ પ્રમાણે સગુણ બ્રહ્મમાં શબ્દશક્તિનો પ્રવેશ હોવાથી તેનાં સ્વરૂપનાં બોધક નામો સાર્થક છે. કારણ કે શબ્દપ્રવૃત્તિનાં નિમિત્તો (ગુણ; ક્રિયા, જાતિ, રૂઢિ) તેથા સગુણ બ્રહ્મમાં લાગુ પડે છે. નિર્ગુણ બ્રહ્મમાં શબ્દની વાચક શક્તિ પ્રવર્તતી નથી, તો પણ લક્ષણા વૃત્તિ

‡ આ મૂલ ગ્રંથ બ્રહ્માંડપુરાણના બીજા વિભાગમાં ત્રણ અધ્યાયમાં ગ્રથિત થયેલો છે. તેમાં ૩૨૦ શ્લોકો છે. તેના બાર વિભાગ (कला) છે. પ્રથમ અધ્યાયમાં પહેલી કલા. ભગવતીનાં સો સો નામના દશ ખંડી (હજાર નામ)નો બીજો અધ્યાય છે; અને ફલસ્તુતિ તે ત્રીજો અધ્યાય છે. એકંદર બાર કળામાં વહેંચાયેલા ગ્રંથની ટીકાનું નામ **सौभाग्यभास्कर** પાડવામાં આવ્યું છે. તેનો એક અર્થ **सुभगा** એટલે ભગવતીના સ્વરૂપનો પ્રકાશ એવો થાય છે, અને બીજો અર્થ સુભગાના અનુગ્રહવાળા ભાસ્કરરાયનો રચેલો એવો પણ થાય છે.



પ્રવેશે છે. આ પ્રમાણે નામ અથવા શબ્દ વડે સકલ બ્રહ્મ પ્રાપ્ત થાય છે.

સકલ બ્રહ્મનું વિમર્શરૂપ એટલે સ્વાનુભવ કરવાનું સામર્થ્ય તેને દેવી અથવા શક્તિ કહે છે. તે ચૈતન્ય શક્તિનાં સ્થૂલ, સૂક્ષ્મ અને પર એવાં ત્રણ રૂપો હોય છે. કરચરણાદિ અવયવવાળું રૂપ તે સ્થૂલ; મંત્રમય શરીર તે સૂક્ષ્મ; અને ઉપાસકની બુદ્ધિની વાસનાથી ઘડાયેલું રૂપ તે પર. સૂક્ષ્મરૂપ પણ સૂક્ષ્મ, સૂક્ષ્મતર, અને સૂક્ષ્મતમ એમ ત્રણ પ્રકારનું હોય છે. પહેલું તે પંચદશાક્ષરી મંત્રથી ઘડાયેલું; બીજું *કામકલાક્ષરવાળું; અને ત્રીજું પિંડમાં રહેલી કુંડલિનીશક્તિવાળું. આ સર્વ પ્રકારનાં રૂપો નામાદિ વડે ઉકેલી તેનું ભક્તિપુર:સર ચિંતન કરવાથી શક્તિસ્વરૂપનો સાક્ષાત્કાર થાય છે.

પરમ શિવની શક્તિથી પ્રકટ થનારી સૃષ્ટિના ચાર પ્રકારો શાસ્ત્રો વર્ણવે છે: (૧) ભાવસૃષ્ટિ; (૨) ભૂતસૃષ્ટિ, (૩) શબ્દસૃષ્ટિ, અને (૪) અર્થસૃષ્ટિ. ભાસ્કરરાય પ્રથમ બેનાં નામ ચક્રમયી સૃષ્ટિ, અને દેહમયી સૃષ્ટિ કહે છે. આ ચાર પ્રકારની સૃષ્ટિમાં શક્તિતત્ત્વની ચિન્મયી અને આનંદમયી કળા ઓળખવાની છે."

ભાસ્કરરાયની આ વિવેચકપદ્ધતિનો આશ્રય લઈ મેં પુન: શંકરાચાર્યના પ્રસ્થાનત્રયીના ગ્રંથો વાંચી જોયા, અને પ્રકરણગ્રંથો પણ પુન: અવલોકયા. તે ઉપરથી મને એવું લાગે છે કે કેવળ વેદાન્તીઓ માયાવાદ દ્વારા શાંકર સિદ્ધાંતને સમજે છે, તે ઉપરાંત શાસ્ત્રોની દૃષ્ટિ વડે શાંકર સિદ્ધાંત શક્તિવાદદ્વારા પણ સમજવાની જરૂર છે. મારા તા. ૪–૧૦–૨૭ ના એક વ્યાખ્યાનમાં શાંકર અદ્વૈત

* શબ્દબ્રહ્મનું કામ અથવા ઇચ્છા શક્તિનું સબિંદુ એટલે કેન્દ્રગામી ગુંછળાવાળું (કુંડલિની) રૂપ છે, તેના વાચક એકાક્ષર (ईं) ને કામકળા–એવું રહસ્ય નામ આપવામાં આવે છે. "કામકલા" એટલે Manifestation (કલા) of Creative Will.

દર્શનમાં શાક્તિવાદ કેવી રીતે પેઠેલો છે તેનું મેં વર્ણન કર્યું છે, અને તેનો ઉતારો અત્ર વસ્તુવિચારમાં ઉપયોગી થશે એમ ગણી આપું છું:—

આપણાં સર્વ દર્શનોમાં શિરોમણિ તરીકે ગણાતું શાંકર અદ્વૈત દર્શન છે. તે અદ્વૈત દર્શનનું અત્યન્ત સુંદર રૂપ શ્રી શંકરાચાર્યે ઘડયું છે, તેથી તેને આપણે "શાંકર અદ્વૈત" કહીએ છીએ. ખરી રીતે તે અદ્વૈત દર્શનની મૂલ પીઠ તો વેદશાસ્ત્રનાં ઉપનિષદોમાં છે. પરંતુ વેદત્રયીમાં સમાયેલી ત્રણ વિદ્યા–ધર્મને લગતી, ઉપાસનાને લગતી, અને બ્રહ્મજ્ઞાનને લગતી–સર્વાંશ ન સમજાવાથી એકદેશી ઝઘડા આપણા ધાર્મિક સાહિત્યમાં પેઠા છે. શ્રી શંકરાચાર્યને સામાન્ય કેળવણી પામેલા મનુષ્યો એક તત્ત્વજ્ઞાની રૂપે સમજે છે, પરંતુ એકલા તત્ત્વજ્ઞાનના બલ વડે શ્રી શંકરાચાર્યની પ્રતિષ્ઠા ભૂમંડળ ઉપર પ્રસરેલી નથી. એકલું તત્ત્વજ્ઞાન તો માત્ર વિચારકો અથવા પરીક્ષકોને આકર્ષી શકે. કેવળ તત્ત્વજ્ઞાન વડે જનતાના ચિત્તનું આકર્ષણ કદી થઈ શકે જ નહિ. સમાજના ચિત્તનું આકર્ષણ મહાત્માઓ તેમના તત્ત્વજ્ઞાન વડે કરી શકતા નથી, પરંતુ તેમના ધાર્મિક જીવનબલ વડે જ કરી શકે છે. શંકરાચાર્યનું, સમયમાં માત્ર બત્રીસ વર્ષનું લઘુ, પરંતુ પ્રજાના ઉદ્ધરણના કાર્યમાં સતત દીર્ઘ વેગવાળું જીવન, જેઓ સારી રીતે સમજી જાણતા નથી, તેમને શંકરાચાર્યના શ્રમની કિંમત ભાગ્યે જ અનુભવમાં આવવી સંભવે છે. આ મહાત્માના જીવનના પ્રસંગોમાંથી અને તેમની કૃતિઓની તારવણી ઉપરથી હું એમ સાબિત કરવા માગું છું કે તેઓ માત્ર શુષ્કજ્ઞાની નહોતા, પરંતુ ભાવિક "પરદેવતાના" ઉપાસક પણ હતા. તેઓએ હિન્દુ ધર્મની જે સુધારણા કરી છે, તેમાં તે સમયના સર્વ પ્રચલિત સંપ્રદાયોના દોષો દૂર કરી, પ્રત્યેકને બ્રહ્મવસ્તુના કેન્દ્રમાં ખેંચી આણવા પ્રયત્ન થયો છે. બ્રહ્મતત્ત્વના પરમ સત્ય સ્વરૂપ સાથે તેના દિવ્ય ભાવને તેમણે સારી રીતે સાધી



જાણ્યો છે; એટલે તત્ત્વરૂપે જે સચ્ચિદાનંદ બ્રહ્મ અથવા પરમાત્મા તે જ ઉપાસ્યરૂપે "પરદેવતા" અથવા "પરમેશ્વર" અથવા "ભગવાન્" તેઓ સમજે છે. સચ્ચિદાનંદ વૈભવવાળી એક જ વસ્તુ પોતાના નિષ્કલ, નિર્વિકલ્પ, નિરાકાર, અને નિર્ગુણ સ્વરૂપે વિદ્યમાન છતાં, તે સકલ, સવિકલ્પ, સાકાર, અને સગુણ રૂપમાં આ દૃશ્ય જગતમાં ભાસે છે, એ સિદ્ધાન્તમાં શ્રી શંકરાચાર્યે શક્તિવાદનો આશ્રય લીધો છે. એમના સિદ્ધાન્તને આપણે "અદ્વૈત દર્શન" કહીએ છીએ. અદ્વૈત એટલે એક નહિ, પરંતુ બે ભિન્ન સત્તાવાળા પદાર્થો નહિ એવો ભાવ અદ્વૈત શબ્દમાં રહ્યો છે. બ્રહ્મતત્ત્વમાં આ દિવ્ય ભાવના અથવા શક્તિસંપન્નતાની ભાવના તેમણે પોતાનાં પ્રસ્થાનત્રયીનાં ભાષ્યોમાં વર્ણવી છે, તેના કરતાં તેમણે પ્રકરણગ્રંથોમાં વધારે સારી વર્ણવી છે. પ્રસ્થાનત્રયીનાં ભાષ્યોમાં એમણે વેદના જ્ઞાનકાણ્ડના સિદ્ધાન્તોને તરતા રાખ્યા છે. પરંતુ પ્રકરણગ્રન્થોમાં તેમણે ઉપાસનાકાણ્ડના સિદ્ધાન્તોની ચર્ચા સ્પષ્ટ રીતે કરી છે. સામાન્ય રીતે આપણું દુર્દૈવ છે કે વેદના ઉપાસનાકાણ્ડની અથવા મધ્યમકાણ્ડની મીમાંસાના ગ્રન્થો લગભગ લોપ પામ્યા છે. તેનાં સૂત્રો અને ભાષ્યો હાલ ઉપલબ્ધ થતાં નથી. તો પણ તે કાણ્ડને લગતા મન્ત્રશાસ્ત્રમાં તથા આગમ અને શાક્ત તન્ત્રોમાં અદ્વૈતદર્શનની શક્તિવાદની પ્રક્રિયા થોડે ઘણે અંશે જળવાઈ રહી છે. શાંકર દર્શનમાં મૂલ "બ્રહ્મ" એ શબ્દ સાથે પર અને અપર એવાં વિશેષણો લગાડવામાં આવે છે, અને જે બ્રહ્મતત્ત્વ જ્ઞેય તે પર, અને જે બ્રહ્મતત્ત્વ ઉપાસ્ય તે અપર, એવો વિવેક કરવામાં આવે છે. આથી અપર એટલે ખોટું અને પર એટલે સાચું એવો ભાવ સમજવાનો નથી. ગમે તે દેવના સ્વરૂપ સાથે શંકરાચાર્ય પર શબ્દનો પ્રયોગ કરી, તે દેવના તાત્ત્વિક ભાવ પ્રતિ આપણી બુદ્ધિને ખેંચે છે. પરવિષ્ણુ અથવા પરવાસુદેવ, પરશિવ, પરાશક્તિ વગેરે શબ્દો વડે તે તે દેવના આભિમાનિક રૂપની પીઠમાં સાચું અન્તર્યામી સચ્ચિદાનંદ કલાવાળું દિવ્ય રૂપ છે, એમ સ્પષ્ટ સમજાવે છે.

શંકરાચાર્ય જે કેરલ ભૂમિમાં જન્મ્યા હતા ત્યાં છાંદોગ્ય ઉપનિષદ્‌ની **परा देवता**ની ઉપાસના પ્રચલિત હતી. તેમની પહેલાં થઈ ગયેલા અદ્વૈતવાદી દ્રવિડાચાર્યે **तत्त्वमसि** મહાવાક્યના છાંદોગ્ય પ્રપાઠક ઉપર શાક્તવાદ ઉભો કર્યો હતો. બ્રહ્મનંદી નામના એક દ્રવિડાચાર્યે જગતના કારણરૂપે લેવાતા **तत्** એટલે પરમેશ્વરના વાચક શબ્દના **અર્થ**માં **परदेवता**ને* લીધી હતી.

છાન્દોગ્ય ઉપનિષદ્‌ના શંકરાચાર્યની પૂર્વે થઈ ગયેલા વાક્યકાર બ્રહ્મનંદીએ અને ભાષ્યકાર દ્રવિડાચાર્યે જગત્ કારણમાં **सत्** સંજ્ઞાવાળા બ્રહ્મમાં **परादेवता**નો ભાવ સ્પષ્ટ કર્યો હતો. આ સદ્‌બ્રહ્મ અથવા **परादेवता**ની ભાવના દ્રાવિડ વેદાન્તમાં અને શૈવ સિદ્ધાન્તમાં **शक्तिवाद**ના રૂપમાં પ્રવેશ પામેલી સારી રીતે ઓળખી શકાય તેમ છે. શંકરાચાર્યના શિષ્યના શિષ્ય સર્વજ્ઞ મુનિ સંક્ષેપ શારીરકમાં આ પૂર્વાચાર્યના અભિપ્રાયને સ્પષ્ટ જણાવે છે:—

> **अन्तर्गुणा भगवती परदेवतेति**
> **प्रत्यग्गुणेति भगवानपि भाष्यकारः ।**
> **आद्यन्तयत्तदिह निर्गुणवस्तुवादे**
> **संगच्छते न तु पुनः सगुणप्रवादे ॥**

---

*પૃથ્વી, જલ, અને તેજની અધિષ્ઠાત્રી ત્રણ દેવતાઓ સામાન્ય પુરુષ એટલે જીવના શરીરમાં પ્રવેશ પામેલી છે, તે પુરૂષ મરે છે ત્યારે તેની વાક્‌શક્તિ મનની શક્તિમાં લય પામે છે, મન શક્તિ પ્રાણમાં લય પામે છે, પ્રાણશક્તિ તેજની શક્તિમાં લય પામે છે, અને આ પિંડગતા, તેજોમયી શક્તિ **परादेवता**માં એટલે ચિચ્છક્તિમાં લય પામે છે. આ "**परादेवता**" તે **स य एष अणिमा** તે હે શ્વેતકેતુ ! આપણી શોધનું છેવટનું ઝીણામાં ઝીણું રૂપ છે. એ ઝીણી પરદેવતાના આત્મા વડે આ સર્વ જગત્ આત્માવાળું એટલે સચેતન છે. તે સત્ય છે. " તે આત્મા તું છું."

(છાન્દોગ્ય ૬—૪.)



ભગવતી પરદેવતા "અન્તર્ગુણા" એટલે ગુણોને ભીતર શમાવનારી છે, અને તે "પ્રત્યગ્‌ગુણા" એટલે આત્મા રૂપે ઉપસી આવનારી પણ છે; એમ ભગવાન્ ભાષ્યકાર એટલે દ્રવિડાચાર્ય આપણને સમજાવે છે. તે ઉપરથી એટલું તો સાબીત થાય છે કે (શાંકર) નિર્ગુણ બ્રહ્મવાદ સાથે આ પ્રક્રિયા બંધ બેસે છે, કંઈ સગુણ બ્રહ્મવાદ સાથે બંધ બેસતી નથી. સારાંશ પરદેવતા "અંતર્ગુણા" હોય ત્યારે નિર્ગુણ અને "પ્રત્યગ્ગુણા" હોય ત્યારે સગુણ બ્રહ્મ કહેવાય. પરંતુ બ્રહ્મ વસ્તુમાં કેવલ સગુણ જ ભાવ હોય તો "અન્તર્ગુણા" એ વિશેષણને અવકાશ જ રહેતો નથી, એમ કહી સર્વજ્ઞ મુનિ શાંકર દર્શનના નિર્ગુણવાદમાં સગુણ અને નિર્ગુણ બંને પ્રકારના બ્રહ્મને એટલે ઉપાસ્ય અને જ્ઞેયને સ્થાન છે, પરંતુ કેવલ સગુણવાદમાં "અંતર્ગુણા" પર દેવતાની પદ્ધતિને સ્થાન નથી, એમ સાબીત કરવા પ્રયત્ન કરે છે. આ અવતરણ એટલું બતાવી શકે છે કે જગત્ કારણ સદ્‌બ્રહ્મમાં **परादेवता** અથવા શક્તિનો ભાવ છાંદોગ્ય ઉપનિષદ્‌માં ઘણો જૂનો હતો, અને બ્રહ્મનંદિ અને દ્રવિડાચાર્યે તે ઉપર શંકરાચાર્યની પહેલાં ભાર મૂકયો હતો.

બ્રહ્મતત્ત્વમાં સ્વાભાવિકી જગદ્‌વૈચિત્ર્ય પ્રકટ કરનારી શક્તિ રહેલી, એ સિદ્ધાન્ત શંકરાચાર્યનો પૂર્વભાવિ હતો. તેનાં મૂળ બીજકો ઘણાં ઉપનિષદોમાં મળી આવે છે. ઋગ્વેદમાં—**इयमेव साद्या प्रथमा व्यौच्छत् अन्तरस्य चरति प्रतिष्ठा** આ જ ચિત્‌શક્તિ આદ્યા કહેવાય છે, અને તે સ્વચ્છ અથવા નિર્મળ ભાવે વિલસે છે. તે શક્તિ સર્વ પ્રાણીપદાર્થમાં અંતર્ગત રહી ચમત્કૃતિ કરે છે. સામવેદની શાખાના છાંદોગ્ય ઉપનિષદ્‌માં તેને **परादेवता** નામથી જ સ્પષ્ટ ઉલ્લેખી છે, અને તેના ઉપર શંકરાચાર્યના પૂર્વભાવી દ્રાવિડાચાર્યે સગુણ બ્રહ્મવાદની સ્થાપના કરી હતી. કૃષ્ણ યજુર્વેદની તૈત્તિરીય

શાખાના ઉપનિષદ્‌માં * આ ચિદ્‌શક્તિને જ **परमे व्योमन्**[1] એ નામથી ઓળખવામાં આવી છે. યજુર્વેદની એક શાખાના શ્વેતાશ્વતર ઉપનિષદ્‌માં તો સ્પષ્ટ જ શક્તિવાદનો ઉલ્લેખ છે. ઉપનિષદ્‌ના આરંભમાં પ્રશ્ન છે કે:–"બ્રહ્મવાદીઓ પૂછે છે: ૧. કારણ બ્રહ્મ શું છે? ૨. ક્યાંથી આપણે જન્મ્યા છીએ? ૩. કોના બળ વડે જીવીએ છીએ? ૪. શાથી આપણે પ્રતિષ્ઠિત થએલાં છીએ? ૫. કોના અધ્યક્ષપણા નીચે આપણે સુખ દુ:ખ ભોગવીએ છીએ, અને ૬. બ્રહ્મવિદ્યાની વ્યવસ્થા કેવી છે?"

આ પ્રશ્નાવલિના પહેલા પ્રશ્નના ઉત્તરમાં અનેક પૂર્વપક્ષો બતાવી સિદ્ધાન્તમાં ઉપનિષદ્ કહે છે કે:—

"ધ્યાનયોગના બળ વડે તે બ્રહ્મવિદોએ જોયું છે કે પોતાના ગુણોથી ઢંકાયેલી દેવની **આત્મભૂતા શક્તિ** જગતનું કારણ છે, ને

---

* **ब्रह्मविदाप्नोति परम्। तदेषाऽभ्युक्ता। सत्यज्ञान-मनन्तं ब्रह्म। यो वेद निहितं गुहायां परमे व्योमन्। सोऽश्नुते सर्वान् कामान् सह ब्रह्मणा विपश्चितेति।**

**तै. उ. २-१ ॥**

૧. બ્રહ્મને જાણનાર પરમ લાભ મેળવે છે. આ સૂત્રના ટેકામાં ઉપરનો **ऋग्** મંત્ર છે. સત્ય, જ્ઞાન, અને અનંત–એ બ્રહ્મ વસ્તુ છે, તે હૃદ્ ગુહાના ચઢીઆતા આકાશમાં (ચિદંબરમાં) સ્થપાયેલું જે ઉપાસી જાણે છે, તે કાર્ય બ્રહ્મ એટલે બ્રહ્મદેવ સાથે સાયુજ્ય ભાવથી સર્વ કામના પૂર્ણ કરી શકે છે. (આ ઉપનિષદ્ ઉપરના **श्रीकंठाचार्य**ના વિવરણમાં અપ્પય્યદીક્ષિતના આનંદ લહરી નામના પ્રકરણમાં તાત્પર્ય નિર્ણય વડે **परमव्योम** વડે આનંદમયી ચિદાકાશ સંજ્ઞાવાળી શક્તિનો અર્થ તારવ્યો છે. આ આનંદલહરી અને શંકરાચાર્યની આનંદલહરી બે જૂદા ગ્રંથો છે તે ધ્યાનમાં રાખવાની જરૂર છે.)



અનેક કારણોની પરંપરાને તે એક સશક્ત દેવ કાલાદિથી યુક્ત નિયંત્રિત કરે છે."

આગળ ઉપર તે જ ઉપનિષદ્‌માં કહે છે:

"તે પરમેશ્વરને દેહ (કાર્ય) નથી, ઇન્દ્રિયો નથી, તેના સમાન કોઈ નથી, તેનાથી અધિક કોઈ જણાતો નથી. તે દેવની પરા શક્તિ સ્વાભાવિકી (એટલે માયિક અથવા કલ્પિત નહિ) વિવિધ રૂપવાળી છે, અને તેના ત્રણ મુખ્ય વિભાગ–જ્ઞાનશક્તિ, બલશક્તિ (સંકલ્પ અથવા ઇચ્છાશક્તિ) અને ક્રિયાશક્તિ–પડે છે."

પરબ્રહ્મની આ સ્વાભાવિકી પરા શક્તિને લગતાં સ્વતંત્ર અદ્વૈત દર્શનને ટેકો આપનારાં નીચેનાં શાક્ત સંપ્રદાયનાં ઉપનિષદો છે:—

**१ बह्वृच्, २. अरुणा, ३. आरुणकेतुक, ४. लक्ष्मी-सूक्त, ५. देवी, ६. सौभाग्यलक्ष्मी, ७. सरस्वतीहृदय, ८. त्रिपुरातापिनी, ९. त्रिपुरा, १०. भावना, ११. त्रिपुरा-महस्, १२. अद्वैतभाव, १३. काली, १४. तारा.**

આ શાક્ત ઉપનિષદોમાં પ્રથમનાં સાત તો શંકરાચાર્યના સમયનાં પ્રસિદ્ધિમાં હતાં એમ તારવી શકાય છે. ત્યાર પછીનાં ઉપનિષદો તેમની અવલોકનમર્યાદામાં આવ્યાં હશે કે કેમ તે ખાત્રીથી કહી શકાય તેમ નથી. પરંતુ **भावना** ઉપનિષદ્ જેમાં **श्री-विद्या**ની ઉપાસના છે તે ઘણે ભાગે શંકરાચાર્યના પૂર્વકાળનું માનવાને બળવાન કારણો છે. કારણ કે શ્રી વિદ્યારણ્ય સ્વામી જેઓ દક્ષિણાપથના શ્રૃંગેરી પીઠના શાંકર મતના શંકરાચાર્ય થયા છે તેમણે તથા તેમના પ્રત્યક્ષ શિષ્ય શંકરારણ્યે પોતાના ઉપાસનાકાણ્ડનાં પ્રકરણોમાં તેનો ઉપયોગ કર્યો છે. આ શાક્ત સંપ્રદાયના અદ્વૈત-દર્શનને અનુસરતાં ઉપનિષદો ઉપર શ્રી અપ્પય્ય દીક્ષિત, નીલકંઠ દીક્ષિત, ભાસ્કરરાય વગેરે અનેક શાસ્ત્રના વિશારદ વિદ્વાનોએ ટીકાઓ લખી છે, અને તે સર્વ વિચારકો શ્રી શંકરાચાર્યના અદ્વૈતદર્શનને

સિદ્ધાન્તરૂપે સ્વીકારનારા છે, અને ઉપાસનામાં શિવશક્તિના અનુયાયીઓ છે.

અદ્વૈતદર્શનનાં ઉપર જણાવેલાં શાક્ત ઉપનિષદો તથા સુપ્રસિદ્ધ સામાન્ય વેદાન્તનાં ઉપનિષદો પરબ્રહ્મની જગતકારણતા કેવલ કલ્પનામય અથવા માયામય માનતા નથી, પરંતુ તેની સ્વાભાવિકી શક્તિરૂપે માને છે. શાંકરમતના અનુયાયીઓએ, પરમેશ્વરની માયા તે કાંઈ અદ્‌ભુત જાદુગરની હાથચાલાકી જીવોને છેતરવાને જાણે ઉભી કરી હોય એવું માન્યું છે, અથવા મનાવ્યું છે, તેવું શંકરાચાર્યના પોતાના ગ્રંથોમાંથી નીકળી આવતું જણાતું નથી. જ્યાં જ્યાં જગત્‌કારણના ચિંતનનો પ્રસંગ આવે છે ત્યાં ત્યાં શંકરાચાર્યના શબ્દો શક્તિવાદના સમર્થનમાં જાય છે; કહેવાતા માયાવાદના સમર્થનમાં ઢળતા નથી. ઉદાહરણ તરીકે:—

(૧) બ્રહ્મસૂત્રના પહેલા અધ્યાયના ચોથા પાદના **आनुमानिक अधिकरण**ના એક સૂત્રના વિવરણમાં શંકરાચાર્ય દ્વૈતભાવની સાંખ્યશાસ્ત્રની પ્રકૃતિ કરતાં જૂદા પ્રકારની અદ્વૈતવાદની **બ્રાહ્મશક્તિ**નો ઉપન્યાસ કરે છે. તેમના શબ્દોમાં કહીએ તો:—

" અમે (વેદાંતીઓ) જો જગત્‌ના ઉદય પહેલાંની અવસ્થાવાળા રૂપને **સ્વતંત્ર** માની જગત્‌ના કારણ રૂપે માનતા હોઇએ તો તો અમારા સિદ્ધાન્તમાં પ્રધાનકારણવાદ અથવા પ્રકૃતિકારણવાદ આવે. પરંતુ અમે કાર્યાકાર જગત્‌ની કારણ અવસ્થાને પરમેશ્વરને અધીન માનીએ છીએ, અને તેને પરમેશ્વરથી પૃથક્ રહી સ્વતંત્ર કાર્ય કરવાને સમર્થ માનતા નથી. જગત્‌ની આ કારણાવસ્થા અવશ્ય સ્વીકારવાની છે. તે સ્વીકાર હેતુપુરઃસર છે, એટલે અર્થવાળો છે. તે કારણ અવસ્થા વિના પરમેશ્વરનું જગત્‌નું સ્રષ્ટાપણું સાબીત થઈ શકે તેમ નથી. **શક્તિ રહિત પરમેશ્વરની પ્રવૃત્તિ બની શકે તેમ નથી.**" (**शक्तिरहितस्य तस्यानुपपत्तेः**) મુક્તોની પુનરુત્પત્તિ નથી, કારણ કે વિદ્યા વડે આ બીજશક્તિનો દાહ થાય છે.



અવિદ્યા રૂપા આ બીજ શક્તિ અવ્યક્ત શબ્દથી ઓળખવામાં આવે છે. તે પરમેશ્વરને આશ્રયે રહેનારી, માયામયી સુષુપ્તિ છે; જેમાં પોતાનાં સ્વરૂપના બોધ વિના સંસારી જીવો ઉંઘે છે. આ અવ્યક્તને કેટલાંક ઉપનિષદોમાં **आकाश** નામથી વર્ણવવામાં આવે છે. " હે ગાર્ગી! આ અક્ષરબ્રહ્મમાં આકાશ આડાઅવળી ગુંથાએલું છે." પ્રસંગે તેને **अक्षर** શબ્દ વડે કહેવામાં આવે છે, જેમકે " કારણ અક્ષરથી પર તે પુરુષ છે." પ્રસંગે તેને માયા શબ્દ વડે વ્યવહરવામાં આવે છે. જેમકે " માયા તે પ્રકૃતિ છે, માયાવી તે મહેશ્વર છે." એવી શ્વેતાશ્વતર શ્રુતિ કહે છે.

(૨) તે જ અધ્યાયના ચોથા પાદમાં **चमसाधिकरण** ( **ब्र. सू.** ૧. ૪. ૯ ) સૂત્રોના વિવરણમાં શંકરાચાર્ય કહે છે કે:—

" બ્રહ્મવાદીઓ પૂછે છે, કારણ બ્રહ્મ કેવું છે? એ પ્રશ્નનો ઉપક્રમ કરી તે ધ્યાનયોગ વડે પોતાના ગુણથી ઢંકાયેલી દેવની આત્મશક્તિને કારણરૂપે જોઈ શક્યા". એવા વાક્યના ઉપક્રમથી સઘળા જગતને રચનારી, પરમેશ્વરની શક્તિ(**पारमेश्वर्याः शक्ति**)ને સમજાવી છે. વળી તે જ ઉપનિષદ્‌માં વાક્યશેષ વડે કહ્યું છે કે " માયાને પ્રકૃતિ જાણવી અને માયાને મહેશ્વર સમજવા " એમ કહી વેદ સ્પષ્ટ સમજાવે છે કે કોઈ સ્વતંત્ર પ્રકૃતિ અથવા પ્રધાન જગતનું કારણ નથી અને તેથી **अजा** શબ્દ વડે તેવી પ્રકૃતિ અથવા પ્રધાનનો અર્થ સમજવાનો નથી. પ્રકરણ બલથી સમજાય છે કે "તે જ દૈવી શક્તિ જેનાં નામરૂપ વિકાસ પામ્યાં નથી, અને જે ભાવિ વિકાસ પામનારાં નામરૂપની પૂર્વાવસ્થા અથવા બીજાવસ્થા છે તે જ શક્તિનો **अजा** શબ્દથી અર્થ મન્ત્ર વડે સમજવાનો છે. તે અજાશક્તિ પોતાના ત્રણ વિકારો વડે ત્રણ રૂપવાળી થાય છે."

( ૩ ) વળી બ્રહ્મસૂત્રના પ્રથમાધ્યાયના ચોથા પાદના **प्रकृत्यधिकरण**ના વિવરણમાં ( **ब्र. सू.** ૧. ૪. ૨૩. ૨૭ ) શંકરાચાર્ય બ્રહ્મતત્ત્વ જગતનું કેવલ નિમિત્ત કારણ નથી, પરંતુ ઉપાદાન

કારણ પણ છે, એમ વેદવાકયોથી સાબીત કરી, તે શક્તિને **યોનિ** શબ્દથી વ્યવહરવામાં આવે છે, અને તે ભાવરૂપા બીજાવસ્થા છે. પરમેશ્વરમાં જ પ્રકૃતિભાવ અથવા ઉપાદાનકારણતા રહેલી છે, એમ-વર્ણવી બ્રહ્મતત્ત્વ શકિતસંપન્ન પદાર્થ છે, એવું પ્રતિપાદન કર્યું છે.

(૪) પુનઃ બીજા અધ્યાયના પહેલા પાદના **ઉપસંહારદર્શના-ધિકરણ**માં ( **ब्र. सू.** ૨. ૧. ૨૪. ૨૫ ) શંકરાચાર્ય કહે છે કે "બ્રહ્મપરિપૂર્ણ શકિતવાળું છે. તેને બીજા કોઈ સાધનની પૂર્ણતા લાવવામાં જરૂર પડતી નથી. શ્રુતિ કહે છે કે તે પરમેશ્વરને દેહરૂપી કાર્ય જોઇતું નથી, ઇન્દ્રિયોરૂપી કારણની જરૂર નથી. તેના સમાન અન્ય કોઈ નથી. તેનાથી અધિક કોઈ નથી. તેની **પરા શકિત** સ્વાભાવિકી જ્ઞાન, ઇચ્છા, (બલ) અને ક્રિયાવાળી સાંભળવામાં પરંપરાથી આવી છે." તેથી એક જ બ્રહ્મની વિચિત્ર શક્તિના યોગ વડે દુધમાંથી દહીંનો જેમ વિચિત્ર પરિણામ થાય છે, તેમ જગત રૂપ વિચિત્ર પરિણામ સંભવી શકે છે.

(૫) વળી બીજા અધ્યાયના પ્રથમ પાદના **सर्वोपेताधिकरण**-માં ( **ब्र. सू.** ૨. ૧. ૩૦. ૩૧ ) શંકરાચાર્ય કહે છે કે—" એક જ બ્રહ્મની વિચિત્ર શક્તિ યોગ વડે વિચિત્ર પ્રપંચ થાય છે, એમ કહ્યું. શા ઉપરથી કહો છો કે વિચિત્ર શક્તિયુક્ત પરબ્રહ્મ છે ? ઉત્તર —તે દેવતા સર્વશકિતવાળી છે, એમ વેદવાકય કહે છે. તેથી સર્વ-શકિતયુકત પરાદેવતા છે એમ સ્વીકારવાની અગત્ય છે. વેદ કહે છે કે 'તે પરમેશ્વર સર્વ કામ-કર્મ કરનાર, સર્વ કામને સિદ્ધ કરનાર, સર્વ ગન્ધવાળો, સર્વ રસવાળો, આ દશ્ય જગત્‌માં સર્વભાવે પેઠેલો, વાણીથી ન સમજાય એવો, અને લગાર પણ ક્ષોભ નહિ પામનારો છે."

આ પ્રમાણે શંકરાચાર્યનાં બ્રહ્મસૂત્રભાષ્યો ઉપરથી, અને તે ગ્રન્થ પોતાની જ કૃતિ છે એવું સર્વમાન્ય હોવાથી તેના આધારે, આપણે સમજી શકીએ એમ છીએ કે શંકરાચાર્યના પોતાના



HANSA MEHTA

અભિપ્રાયમાં દશ્યના કારણરૂપે અનાત્મ નામરૂપને માયા અથવા અવ્યક્ત નામ વડે ઢાંકનારી જે બીજ-શક્તિ છે તેને અંકુરભાસ આપનારી, આત્મદેવની આત્મભૂત ચિત્‌શકિત છે. જેટલા અંશમાં તે અનાત્મરૂપે દેખાય છે તેટલા અંશમાં તે માયા શક્તિ છે, અને જેટલા અંશમાં તે અનાત્મરૂપને વ્યકત કરે છે તેટલા અંશમાં તે દૈવી ચિત્‌શકિત છે. આ પ્રમાણે બ્રહ્મતત્ત્વની મૂળ પૂર્ણભાવવાળી પ્રેરક દૈવી શકિતને ઉપનિષદ્‌માં **परा देवता** અથવા **देवात्मशक्ति** અથવા **चितूशक्ति** કહે છે, અને ઉપાદાન કારણરૂપા શકિતને **मायाप्रकृति** કહે છે. એક શકિતમાં કર્તૃત્વ અથવા પ્રેરકબલ છે અને તે ઉપનિષદ્‌ના શબ્દોમાં **स्वाभाविकी परा शक्ति** છે, અને બીજી શકિતમાં ભિન્ન નામરૂપને પરિણામમાં લાવનારૂં બલ છે, અને તેથી તે **अपरा मायाशक्ति** કહેવાય છે. કર્તૃત્વ અથવા નિમિત્તબલ **चितशक्ति**માં છે, કાર્યાકાર પામવાનું બલ માયાશક્તિમાં છે, પરંતુ આ **परा** અને **अपरा** શક્તિ જેને શક્તિસંપ્રદાયમાં **चितशक्ति** અને **मायाशक्ति** રૂપે વર્ણવી છે, તે બન્ને મૂલ બ્રહ્મવસ્તુને આશ્રિત છે અને પૃથક્ સત્તાવાળી નથી, અને તેટલા મુદ્દામાં સાંખ્યશાસ્ત્રની **प्रकृति, प्रधान, अव्यक्त,** નામવાળી જડ સ્વતંત્ર પ્રકૃતિથી વિવિક્ત કરવા યોગ્ય છે.

અદ્વૈતદર્શનમાં બ્રહ્મવસ્તુને **धर्मी** કહે છે, અને તેની શક્તિને **धर्म** કહે છે. દ્રવ્ય અને દ્રવ્યનો સ્વભાવગુણ જેમ છૂટો પાડી શકાતો નથી, તેમ **ब्रह्मतत्त्व** અને તેની સ્વાભાવિકી પરા શક્તિ એ કદી છૂટાં પાડી શકાય તેવા પદાર્થો નથી. જેમ અગ્નિ અને ઉષ્ણતા, જલ અને તેની શીતલતા અવિભક્ત છે, જેમ હાલના વિજ્ઞાન પ્રમાણે પરમાણુ-રૂપ દ્રવ્ય ( matter ) અને તેનો નિર્વાહ કરનાર( Ether )માં ક્ષોભ કરનારા વિદ્યુત્‌કણો ( Electrons ) એક જ અધિકરણના અવસ્થા-ભેદો છે; તેમ બ્રહ્મતત્વ અને તેની સ્વાભાવિકી પરા શક્તિના અન્તઃ-ક્ષોભ વડે આ વિચિત્ર જગત્ ભાસે છે. આ જગત્ તે શક્તિસંક્ષોભ-

વડે ઉત્પન્ન થતો બ્રહ્મતત્ત્વનો આભાસ છે, એવું શાંકરવેદાન્તી માને છે. તે બ્રહ્મતત્ત્વનો આ અનુભવાતો પ્રપંચ સાચો પ્રતિબિંબ સાથેનો પરિણામ છે એવું શાક્ત અદ્વૈતીઓ માને છે. વેદાન્તી અને શાક્ત બન્ને સિદ્ધાન્તમાં અદ્વૈતી છે, અને સાંખ્યની પેઠે દ્વૈતી નથી, એટલા મુદ્દામાં ઔપનિષદો અને શાક્તમતવાળા એક પક્ષમાં છે, અને સાંખ્યયોગવાળા દ્વૈતવાદી હોવાથી બીજા પક્ષમાં છે.

શ્રી શંકરાચાર્યનું ભૌતિક જીવન તપાસતાં પણ આપણને સમજાય છે કે તેમના ચિત્તમાં શક્તિવાદની ઉંડી ભાવના પ્રવેશ પામી હતી. નીચેના જીવનના પ્રસંગો આ અનુમાનને ટેકો આપનારા છેઃ–

(૧) કેરલ ભૂમિમાં હિન્દુ ધર્મશાસ્ત્રથી વિલક્ષણ માતૃવંશમાં વારસો ઉતરવાની રૂઢી ઘણા કાળથી પ્રચલિત છે. શંકરાચાર્યના પિતા શિવગુરુ તેમની અત્યન્ત બાલ્યાવસ્થામાં કૈલાસવાસી થયા હતા. અને તેમના વિદ્યાભ્યાસમાં અને કિશોર અવસ્થામાં તેમનાં માતુશ્રીએ ઘણો જ શ્રમ લીધો હતો. દેવીને નૈવેદ્ય દૂધનું ધરાવવાની પોતાનાં માતુશ્રીની પદ્ધતિ નિત્ય લક્ષમાં રાખનાર આ કુશળ બાળકે માતાથી નૈવેદ્ય ન ધરાવવાનો પ્રસંગ ઉભો થતાં પોતે ધરાવવા ગયા, અને દૂધ જેવું ને તેવું પાત્રમાં રહ્યું તેથી દેવી આરોગતાં નથી એમ સમજી ભાવનાપૂર્વક સ્તુતિ કરી. તેના ફલરૂપે વાગ્દેવતા પ્રસન્ન થયાં અને **द्रविडशिशु**એ ઉત્તમ કાવ્યો લખ્યાં એવી લોકવાયકા છે, એટલું જ નહિ પરંતુ સૌન્દર્યલહરી નામના પ્રકરણ ગ્રંથમાં ઉલ્લેખ પણ છે. આ પ્રસંગમાં અલૌકિક બાબત બાદ કરીએ તો એટલું તો સમજાય છે કે દેવીની ભક્તિ શંકરાચાર્યની બાલક અવસ્થામાં પ્રવેશ પામેલી હતી.

(૨) પોતાનાં માતુશ્રી પ્રતિ શંકરાચાર્યમાં અદ્ભુત ભક્તિભાવ હતો. પોતાની સંન્યાસદીક્ષામાં સંમતિ, મગરે તેમનો નદીમાં પગ પકડયો તે વખતે, તેમનાં માતાએ, "જો બાળક છૂટે તો તેને



સંન્યાસ લેવા દઈશ" એવી પ્રતિજ્ઞા કર્યા પછી શંકરાચાર્ય મરણના પંજામાંથી બચ્યા એ ઉપકાર વડે દબાએલી વૃત્તિએ સંન્યાસ લીધા પછી પણ "તું જ્યારે સ્મરણ કરીશ ત્યારે આવી ઉભો થઇશ," એવું વચન આપી પરિવ્રાજક થઈ ચાલ્યા ગયા. પિત્રાઇઓએ માને દુઃખ દીધું. તેઓ મરણશય્યા ઉપર હતાં ત્યારે તેમને સ્વપ્ન આવવાથી એકદમ બદરિકેદારથી છેક કાલટીગામ (કેરલ દેશમાં) આગળ આવી પહોંચ્યા. માતાની છેવટની ઘડીએ તેમને વિષ્ણુના પરમપદનો બોધ કર્યો, અને તેમના દેહોત્સર્ગ પછી તેમના પિત્રાઈઓએ અગ્નિસંસ્કાર કરવાની ના પાડી ત્યારે ખિન્ન મને, અગ્નિને સંન્યાસીએ નહિ અડવું જોઇએ, તેમ છતાં વિધિકિંકર્ય એટલે વેદવાક્યનું દાસત્વ ન સ્વીકારતાં સ્વતંત્ર બ્રહ્મવાદીરૂપે પોતાની માતાના શબના કકડા કરી તેમને અગ્નિદાહ કર્યો, અને નીચેના શ્લોક વડે તેમનો દેહસંસ્કાર કર્યો હતો, તેમ તેમના જીવનચરિત્ર* ઉપરથી જણાય છે.

आस्तां तावदियं प्रसूतिसमये दुर्वार शूलव्यथा
नैरूच्ये तनुशोषणं मलमयी शय्या च सांवत्सरी ।
एकस्यापि न गर्भभारभरणक्लेशस्य यस्याः क्षमो
यातुं निष्कृतिमुन्नतोऽपि तनयस्तस्यै जनन्यै नमः ॥

ભાવાર્થઃ–"હે માતા! પ્રસૂતિસમયની અસહ્ય શૂલવેદનાને હું બાજુ ઉપર મૂકું, જન્મ્યા પછી એક એક સંવત્સર પર્યન્ત મલવાળી શય્યા તેં ભોગવી તારૂં શરીર સૂકવી નાખ્યું તે વાત પણ બાજી

* શંકરાચાર્યના સમકાલીન ગોવિંદનાથનું રચેલું **शंकराचार्य-चरित** જૂનામાં જૂનું ગ્રંથલિપિમાં છે. તેની નકલ મેં લંડનથી મેળવી છે. તેની દેવનાગરી પ્રત મેં મદ્રાસથી મેળવી છે. તેના ચોથા સર્ગમાં આ શ્લોક છે. આ કાવ્ય ઘણું સરળ, અને સુંદર છે. વિદ્યારણ્યના સંક્ષેપ શંકરવિજય કરતાં પ્રાચીન છે. આ કાવ્ય મુદ્રિત થયું નથી. મુદ્રણ કરવા યોગ્ય છે.

કરું, પરંતુ તેં જન્મ પહેલાં મારા આ સ્થૂલ દેહનો ભાર સહન કરી જે કષ્ટ વેઠ્યું એટલા એકજ તારા ઉપકારનો બદલો વાળવા હું આવો ઉંચો બ્રહ્મવિદ્ થયો છતાં સમર્થ નથી તે માતાને અગ્નિદાહ પ્રસંગે નમસ્કાર હો.”

આવી માતૃભક્તિ વિનાના સંન્યાસીઓ જગત્‌નો ઉદ્ધાર શી રીતે કરી શકે, તે હું સમજી શકતો નથી.

(૩) શક્તિસંપ્રદાયમાં—

विद्याः समस्तास्तव देवि भेदाः ।
स्त्रियः समस्ताः सकलाः जगत्सु ॥

સઘળી વિદ્યાઓ ભગવતીનાં રૂપો છે, અને સઘળી સ્ત્રીઓ જગત્‌માં ભગવતીની મૂર્તિઓ છે, એ ભાવ શંકરાચાર્યે સંન્યાસાશ્રમમાં મંડનમિશ્રનાં વિદુષી પત્ની ઉભયભારતી પ્રતિ છેવટ સુધી જાળવી જાણ્યો હતો. કુમારિલના શિષ્ય અને આગ્રહી કર્મમીમાંસાના સમર્થ પ્રચારક મંડનમિશ્ર સામે વિવાદના પ્રસંગમાં મધ્યસ્થ તરીકે ન્યાયનિર્ણયમાં મંડનમિશ્રનાં પત્નીને શંકરાચાર્યે સ્વીકાર્યાં હતાં. પક્ષપાત કરશે તો પોતાના પતિ પ્રતિ કરશે, અને સંન્યાસી તરફ નહિ કરે એવો સભ્ય જનોમાં વિશ્વાસ ઉત્પન્ન કરવાની આ કલામાં પણ તેમને વિદુષીની વિદ્વત્તા પ્રતિ શ્રદ્ધા હતી, અને તે વિવાદના અંતમાં ફળી હતી, અને જે ઉભયભારતી પતિને મધ્યાહ્‌ને જમવા પધારો અને યતિને ભિક્ષા લેવા પધારો એમ કહેતાં હતાં, તેમણે સાતમા દિવસના મધ્યાહ્‌ને બન્નેને ભિક્ષા લેવા પધારો, એવું બોલી ન્યાયનિર્ણય શંકરાચાર્યના લાભમાં આપ્યો. એ જોઈ શંકરાચાર્યને તે વિદુષી પ્રતિ સન્માન ઉપજ્યું હતું; અને તેના ચિહ્‌ન તરીકે મંડનમિશ્રને સન્યાસદીક્ષા આપી, સુરેશ્વર સંજ્ઞા આપ્યા છતાં પોતાના ચાર પીઠોમાં ઉભયભારતીને બ્રહ્મવિદ્યાનો અવતાર માની, શાક્ત પીઠની સ્થાપના કરી હતી. શાંકરસંપ્રદાયમાં એમ



માનવામાં આવે છે કે પૂર્વપીઠમાં જગન્નાથમાં **विमलादेवी** નામવડે શક્તિપ્રતિષ્ઠા કરી; પશ્ચિમપીઠમાં દ્વારકામાં **शारदादेवी** નામથી પ્રતિષ્ઠા કરી, ઉત્તરપીઠમાં **पूर्णगिरिदेवता** નામથી પ્રતિષ્ઠા કરી, અને દક્ષિણની પીઠમાં **कामाक्षी** દેવતા તરીકે પ્રતિષ્ઠા કરી. આ શક્તિની પ્રતિષ્ઠા કરવામાં અને પૂજનપદ્ધતિ દાખલ કરવામાં મંડનમિશ્રનાં વિદુષી પત્ની ઉભયભારતીના ઉત્તમ જીવનની અસર આપણને જણાય છે. શંકરાચાર્યના જીવનચરિત્રમાંથી એમ પણ જણાય છે કે મંડનમિશ્રનાં પત્નીને તેમના પતિને સંન્યાસદીક્ષા આપ્યા પછી સબ્રહ્મચારિણી તરીકે છાયાવત્ સુરેશ્વર સાથે રહેવાની છૂટ આપી હતી, અને જેમ મૈત્રેયીને યતિદીક્ષા યાજ્ઞવલ્કયે આપી હતી, તેવી દીક્ષા ઉભયભારતીને પણ મળી હતી.

શંકરાચાર્યના જીવનના આ પ્રસંગો સ્ત્રીજાતિ પ્રતિની તેમની પૂજ્ય બુદ્ધિ અને નારીપ્રતિષ્ઠાનું ભાન કરાવી શકે છે. સામાન્ય સંન્યાસીઓ જ્યારે સ્ત્રીને નરકનું દ્વાર માની નિંદ્ય ગણે છે, ત્યારે શંકરાચાર્ય સ્ત્રીજાતિને પૂજ્ય માની, બ્રહ્મવિદ્યાની સહાયક માને છે.

શંકરાચાર્યના મનમાં તેમની જન્મભૂમિએ, તેમનાં માતુશ્રીએ, અને મંડનમિશ્રનાં પત્ની ઉભયભારતીએ શક્તિવાદની ભૂમિકા રચી હતી, ત્યારે તેમના પરમ ગુરુ શ્રી ગૌડપાદે તેમને શક્તિવાદની ઉપાસના શિખવી હતી. શંકરાચાર્ય પોતાના યતિધર્મના ગુરુ શ્રી ગોવિન્દાચાર્ય પાસે માત્ર સંન્યાસ અને યોગવિદ્યા જ શિખ્યા હતા, ત્યારે ઉપાસનાકાણ્ડ અને જ્ઞાનકાણ્ડનો મર્મ તેઓ તેમના પરમ ગુરુ ગૌડપાદાચાર્ય પાસે શિખ્યા હતા. પ્રસ્થાનત્રયીનાં ભાષ્ય રચ્યા પૂર્વે તેઓ ઘણો સમય શ્રી ગૌડપાદાચાર્ય પાસે વિદ્યાપ્રાપ્તિ અર્થે રહ્યા હતા. આ ગૌડપાદના બ્રહ્મવિદ્યાના પ્રસિદ્ધ ગ્રન્થોમાંથી માંડૂક્યકારિકા ઉપર શંકરાચાર્યે ભાષ્ય કર્યું છે. પરંતુ બ્રહ્મવિદ્યાને ઉપાસનાની પદ્ધતિથી મેળવવામાં શ્રી ગૌડપાદે તેમને ઘણી સહાયતા આપી હતી. ગૌડપાદની

દેવીભાગવત ઉપર ટીકા છે. તે ઉપરાંત તેમનાં **શ્રીવિચારરત્ન સૂત્ર** શક્તિસંપ્રદાયના રહસ્ય ઉપર ઘણો પ્રકાશ નાંખે છે. આ ગ્રંથ થોડા સમય ઉપર પ્રસિદ્ધ થયો છે. તેનું અવલોકન કરતાં જણાય છે કે વેદાન્તશાસ્ત્રની શ્રવણ, મનન, અને નિદિધ્યાસનવાળી જ્ઞાનપદ્ધતિ ઉપરાંત બ્રહ્મવિદ્યા મેળવવાની શક્તિમાર્ગની ધ્યાનપદ્ધતિ પણ છે. જ્ઞાનપદ્ધતિ અને ધ્યાનપદ્ધતિનો વિવેક અધિકારભેદથી કર્યો છે, પણ બંનેનું ફલ મોક્ષ, સમાન છે. તેમાં ધ્યાનપદ્ધતિ સુગમ, અને તેનો યોગ ભોગથી અવિરોધીપણે મોક્ષરૂપ પુરુષાર્થની સિદ્ધિમાં થઈ શકે છે. ઉપાસના વડે ચિત્તવિક્ષેપ દૂર કરી, બ્રહ્મવિદ્યાનાં શ્રવણાદિ સાધનો સાધનાર કેવળ આત્મહિત કરી શકે છે એટલું જ નહિ પણ પ્રજાને પ્રબુદ્ધ કરવામાં વધારે સમર્થ થઈ શકે છે. બ્રહ્મનું ધ્યાન અને બ્રહ્મનું જ્ઞાન કેવી યોજનાથી મેળવી શકાય તે બાબતમાં શ્રી ગૌડપાદે ઘણી ઊંડી સમજણ મેળવી હતી, અને તે દીક્ષા તેમણે શંકરાચાર્યને આપી હતી.

શંકરાચાર્યની આ શાક્ત દીક્ષાના ફલ તરીકે નીચેના શંકરાચાર્યના મંત્રશાસ્ત્રના ચાર પ્રકરણગ્રંથો છે.

(૧) **सौन्दर्यलहरी**
(૨) **प्रपंचसार**
(૩) **ललितात्रिशतीभाष्य**
(૪) **आनन्दलहरी વગેરે સ્તોત્રો**

પહેલા પ્રકરણગ્રંથમાં શક્તિનું સ્વરૂપ અને તેની ઉપાસના મંત્રમાર્ગ વડે કાવ્યરૂપે વર્ણવી છે. તેના બે ખંડ છે. બ્રહ્મલહરી, અને સુંદરીલહરી. પ્રથમ ખંડમાં બ્રહ્મમયી શક્તિનું અમૂર્ત સ્વરૂપ અને તેના મંત્રનો પ્રકાશ, અને બીજા ખંડમાં તેનું મૂર્ત સ્વરૂપ અને તેનું સૌન્દર્યભાવનાવાળું ચિંતન અપૂર્વ ધ્વનિકાવ્ય વડે કર્યું છે. બીજા પ્રકરણગ્રંથમાં સમગ્ર મંત્રશાસ્ત્રની પરિભાષા અને અદ્વૈતદર્શનને પોષણ



આપે એવી સિદ્ધાન્તપ્રક્રિયા રચી છે. ત્રીજા પ્રકરણગ્રંથમાં ભગવતીનાં રૂપ, ગુણ અને કર્મનાં પ્રબોધક નામોનું વિવરણ કર્યું છે. ચોથા સ્તોત્રોમાં ભગવતીને કેવા ભાવથી ભજવાં તેના અનેક પ્રકારો આપ્યા છે. આ પ્રકરણગ્રંથોની સમજણ સામાન્ય વેદાન્તીઓને નથી, કારણ કે તેમને મંત્રશાસ્ત્રની અને ઉપાસનાકાણ્ડની પરિભાષાનું જ્ઞાન નથી. તે ઉપરાંત સામાન્ય દર્શનશાસ્ત્રના અભ્યાસકોને તંત્રશાસ્ત્ર પ્રતિ કંઈ પૂર્વગ્રહ ( Prejudice ) હોય છે, અને તેથી આ ગ્રંથોનો અભ્યાસ કરવામાં તેઓ અનધિકારી હોય છે.

શંકરાચાર્યના સમયમાં શાક્તમતનાં ત્રણ રૂપો પ્રચલિત હતાંઃ—

૧ કૌલમત, ૨ મિશ્રમત, અને ૩ સામયિકમત. ત્રણે મતમાં અદ્વૈતવાદ ઇષ્ટ છે, પરંતુ ઉપાસનાપ્રકારમાં અને દ્રવ્યાદિ પૂજનસામગ્રીમાં ભેદ છે. ભગવતીના સ્થૂલ, સૂક્ષ્મ, અને પર રૂપને લક્ષમાં લઈ અધિકારીના ચિત્તના પશુ, વીર, અને દિવ્ય એવા ભેદને લક્ષમાં લઈ શાક્ત આગમોના ત્રણ વ્યૂહો બંધાયા છે. પશુ અધિકારમાં ચોસઠ‡ કુલાગમો છે, વીર અધિકારના આઠ આગમો છે, અને દિવ્ય અધિકારના પાંચ શુભાગમો છે. એકંદર શાક્ત આગમો સિત્તોતેર છે. તેના દિવ્ય અધિકારને ઉપયોગી થાય તેવા પાંચ શુભાગમો—શુક, શનક, સનંદન, સનાતન, અને વસિષ્ઠ મુનિથી પ્રબોધાએલી સંહિતામાં છે, અને તે પાંચ સંહિતા ઉપર ભગવતીની સામાયિક ઉપાસનાની પદ્ધતિ રચવામાં આવી છે. હાલના જમાનામાં કૌલમતને વામાચારી કહે છે, અને સામયિક મતને દક્ષિણાચારી કહે છે. મિશ્રમત લોપામુદ્રાથી પ્રચલિત થયો મનાય છે. શક્તિસંપ્રદાયના મલિન અંશો દૂર કરી, ચિચ્છક્તિની ચાર પ્રકારના સામ્યને પ્રકટ કરનારી, સામયિક ઉપાસના શંકરાચાર્યે સ્થાપન કર્યાનું

‡ જેઓ ત્રણ “ ક્રાન્ત ” માં તંત્રોને વહેંચે છે તેઓના મત પ્રમાણે ૬૪×૩=૧૯૨ તંત્રો છે. જુઓ પ્રકરણ પાંચમું.

સમજાય છે, અને આ સ્થાપનાની સાબીતી ઉપરના પ્રકરણગ્રન્થો કરે છે. સામયિક મતમાં ઉપાસ્ય દેવતા સાથે ચાર પ્રકારનું સામ્ય મેળવવાનો આશય રહેલો છે. પોતાના પિંડને ઉપાસ્ય દેવતાના વિગ્રહ-ની સમાન બનાવી પિંડગત સામ્ય સાધવું, એ પહેલો પ્રકાર છે. સમાન અણુઓથી રચાયેલા પિંડ છતાં લિંગ શરીરનું સામ્ય ન હોય તો ઉપાસક અને ઉપાસ્ય વચ્ચેનો યોગ પ્રકટ થતો નથી; તેથી લિંગાત્મા અને સૂત્રાત્માનો સમાન સંબંધ શી રીતે ઉત્પન્ન કરવો, એ બીજું સામ્ય ગણાય છે. સ્થૂલ દેહ અને લિંગદેહનું સામ્ય છતાં દેવતાના કારણશરીર સાથે સંયોગીકરણ થાય તેવી કારણદેહની રચના ઘડાયા વિના સાયુજ્યની પ્રાપ્તિ થતી નથી; તેથી બીજશરીર અથવા કારણશરીરનું સમાનપણું મંત્રદ્વારા મેળવવું, એ ત્રીજો પ્રકાર છે. આ ત્રણ સામ્ય મેળવ્યા પછી સ્થૂલ, સૂક્ષ્મ અને કારણ શરીરનું ઉપાસકનું સાક્ષી ચેતન ઉપાસ્ય દેવતાના સ્થૂલ, સૂક્ષ્મ, અને કારણ શરીરના ચેતન સાથે એકીકરણ પામી શકે છે, અને તે વડે દેવભાવ અથવા શાક્ત આવેશ અથવા સમાપત્તિ ઉપાસકમાં પ્રકટ થાય છે. આ ચાર પ્રકારના સામ્યને પ્રકટ કરવાની વિદ્યાપદ્ધતિનું નામ **શ્રીવિદ્યા** છે અને તેનો પ્રબોધ દીક્ષાના ક્રમથી ગુરુ, શિષ્યમાં સંક્રાન્ત કરાવી શકે છે, એવું શક્તિસંપ્રદાયનું મન્તવ્ય છે. શાંકર અદ્વૈતદર્શનની પીઠમાં સામયિક મતનો શક્તિવાદ રહેલો છે, તે જણાવવામાં અને તે સંબંધી રસવૃત્તિ ઉત્પન્ન કરવામાં આ લખાણ ઉપકારક થશે. શાક્ત સંપ્રદાયના સાહિત્યને જેવો જોઇએ તેવો ન્યાય મળ્યો નથી. દોષ વેદસાહિત્યમાં પણ ઘણા છે, અને જે આચારના દોષો બંને પક્ષમાં હોય તેમાંના એક પક્ષે બીજાને સદોષ કહેવો, એ કોઈ રીતે ન્યાયવાળું ગણાશે નહિ. આ કારણથી શ્રી અપય્ય દીક્ષિત આદિ વિચારકોએ વેદ અને તન્ત્રો સમાન આદરથી અવલોકયાં છે, અને યોગ્ય સમન્વય કર્યો છે. શાક્ત મતના ભક્તો અને ચિંતકો શાક્ત



સાહિત્ય સારી રીતે સમજી જાણે તો શક્તિ નામથી ભડકવાનું કંઈ પણ પ્રયોજન નથી.‡

શાંકર અદ્વૈતદર્શનની પીઠમાં એટલે લોકપ્રસિદ્ધ વેદાન્તમાં શક્તિ-વાદ છે તે ઉપરાંત શૈવદર્શનમાં પણ ચિન્મયી શક્તિનો વાદ સ્વીકા-રાયો છે. શૈવસિદ્ધાન્તના તત્વપ્રકાશિકા નામના પ્રકરણમાં ભોજરાજ કહે છે કેઃ—

**शक्तो यथा स शंभुः ।**
**भुक्तौ मुक्तौ च पशुगणस्यास्य ॥**
**तामेकांचिद्रूपां ।**
**आद्यां सर्वात्मनास्मि नतः ॥ ३ ॥**

• જે શક્તિના સંબંધ વડે શંભુ આ જીવવર્ગને ભોગ અને મોક્ષ આપી શકે છે તે **ચૈતન્યરૂપા આદ્ય શક્તિને** હું સર્વભાવથી નમું છું. વળી શૈવસિદ્ધાન્તના અઘોરશિવાચાર્યના રત્નત્રય નામના પ્રકરણ માં લખ્યું છે કેઃ—

"આ શક્તિ ન દબાય તેવાં અને બહોળાં ચૈતન્યકિરણો વાળી, અખંડ સ્ફુરણરૂપા, અમર્યાદભાવવાળી, નિર્વિકલ્પ સ્વરૂપવાળી, નિરાવરણ, નિર્દ્વંદ્વ, બીજા કોઈ જડ ઉપાદાન કારણના આશ્રય વિના વૈભવ દેખાડનારી, મૂલ વસ્તુના બિન્દુમાં એટલે શિવરૂપ કેન્દ્રમાં પ્રપંચના અસ્ત અને ઉદયને દેખાડવામાં ચતુર, બીજા કોઇપણ સાધનની અપેક્ષા નહિ રાખનારી, પોતાના સ્વભાવબળથી પ્રકાશ

---

‡ દર્શનશાસ્ત્રની દૃષ્ટિથી શાક્તમતનું સ્વરૂપ સમજવા સારૂ સહિન્દતત્વજ્ઞાનના ઇતિહાસના બીજા વિભાગનું સાતમું પ્રકરણ આ સાથે વાંચવા ભલામણ કરવામાં આવે છે. આ પુસ્તકમાં માત્ર શક્તિસંપ્રદાયમાં સમાયેલો અદ્વૈતવાદ કેવા પ્રકારનો છે તે સમજાવવા પ્રયત્ન કર્યો છે, અને તે વાસ્તવ શાંકરમતનો વિરોધી નથી એટલું સૂચવ્યું છે.

પામનારી, સર્વતોમુખી, આદિ મધ્ય અને અંત વિનાની, સર્વ-બંધન વિનાની, પ્રપંચની છેલ્લી કાષ્ઠા અને નિષ્ઠા રૂપે રહેનારી, અતિદિવ્ય સ્ફુરણવાળી, **વસ્તુરૂપા ચિતિ** છે, અને તે પરમેશ્વરનો કદિ ન કરમાય તેવો મહિમા છે. જેમાં કંઈ વધારો અથવા ઘટાડો થતો નથી એવા શિવતત્ત્વમાં નિત્ય અવિનાભાવસંબંધ વડે, એટલે કદિ વિખુટા ન પડે તેવા તાદાત્મ્યસંબંધ વડે, વિચિત્ર વૃત્તિઓ વડે વિકારો દર્શાવે છે, તે શકિત પ્રત્યેક જીવના અણુ ચિદાકાશમાં રહેલા શિવબિન્દુને નાદની લહરીઓથી ભરપૂર કરે છે; અને જેમ ચન્દ્રબિંબ આકાશમાં રહેલું પૃથ્વી ઉપરના સમુદ્રને ચંચલ મોજાંની ભરતીથી ભરી દઈ ગગનમંડળને ગજવી મૂકે છે, તેમ જીવના હૃદયાકાશમાં નિનાદ કરી મૂકે છે. આ શિવાશ્રયા શક્તિ અમોઘ બલવાળી એક અને અનેક વિભાગો વડે કાર્યનું વૈચિત્ર્ય કરે છે. જેમ સવિતાની શક્તિ ભુવનમંડળનાં પ્રાણીપદાર્થોના સંસ્કારોનાં ગ્રહણ અને ત્યાગ કરે છે તેમ આ શક્તિ જીવોના અધ્યાત્મ-સંસ્કારોનાં સંકોચ અને પ્રસારણ કરાવે છે × × તે શક્તિ જન્મ પામનારી નથી, તેમ મરતી પણ નથી, વધતી પણ નથી, અને ક્ષય પામતી પણ નથી; કારણ કે પોતે અજડધર્મવાળી છે, અને પ્રકાશરૂપા તે **ચિતિશક્તિ** છે. × × શિવની આ જે વિમલા શક્તિ છે તે શિવ સાથે સમવાયસંબંધથી જોડાયેલી છે, એટલે નિત્યસંબંધવાળી છે, તે શક્તિ પોતે જ ક્રિયારૂપા બની, સદાશિવનું શરીર પ્રકટ કરે છે." (સારાંશ સદાશિવની મૂર્તિ શક્તિનો એક પ્રકારનો વૈભવ છે).

વળી શૈવ પરિભાષાના પતિ પરિચ્છેદમાં કહે છે કે :—

"શિવની પરિગ્રહરૂપા શક્તિનાં બીજાં નામ પરા, મહામાયા, કુંડલિની, બિન્દુ વિગેરે છે. તે શક્તિ જગતનું ઉપાદાન કારણ શિવ-તત્ત્વ જ છે" (અન્ય કોઈ વસ્તુ નથી).



તે જ ગ્રંથના પાશપરિચ્છેદમાં કહે છે કે :—

"આ સ્થળે એક રહસ્ય કહેવાનું છે. આ પરમેશ્વરની શક્તિ અવિકારી, અને આદિ અંત વિનાની છે; અખંડ ઉદય પામેલી રહે છે; નિરંતર જડ અને અજડ વસ્તુઓમાં સાધારણ ભાવ વડે વ્યાપી રહેલી હોય છે, અને તે વસ્તુઓની અનેક અવસ્થાઓમાં પણ તે તે ધર્મને અનુસરતું રૂપ ધારણ કરી, સ્થિતિ કરીને રહે છે."

મૃગેન્દ્ર આગમમાં પણ કહ્યું છે કે :—"પરમેશ્વરનું કરણ અથવા સાધન શક્તિથી જૂદું કંઈ નથી. તે શક્તિ અચેતન નથી, અનેક વિષયોનાં બોધ અને ક્રિયાઓમાં તે એક જ સમર્થ છે."

---

## પ્રકરણ આઠમું

# શાક્ત અધિકારી ભેદ અને પંચ મકાર.

**परिस्रुतं झषमाजं पलं च भक्तानि योनीः सुपरिष्कृताश्च**
**निवेदयन्देवतायै महत्यै स्वात्मीकृते सुकृते सिद्धिमेति ॥**

( त्रिपुरोपनिषद्. )

ગયા પ્રકરણના સિદ્ધાંતના વિચારથી સમજાશે કે શાક્તો અને વેદાન્તીઓ સિદ્ધાન્તમાં અદ્વૈતીઓ છે. માત્ર અદ્વૈતાનુભવની સાધનપ્રણાલિકા બેમાં ભિન્ન છે. શાક્તોની સાધનપ્રણાલિકા પ્રધાનપણે શબ્દશક્તિની ઉકેલ અને ઉપાસના ઉપર બંધાયેલી છે, ત્યારે વેદાન્તીઓની સાધનપ્રણાલિકા શ્રવણ–મનન–નિદિધ્યાસનની વિચારપદ્ધતિ ઉપર ઘડાયેલી છે. ઉપાસનાપદ્ધતિનો મુખ્ય આધાર શબ્દતત્ત્વ ઉપર હોવાથી શાસ્ત્રોનાં મુખ્ય સાધનમાં મંત્ર હોય છે, અને તે મંત્ર દ્વારા કરવામાં આવતી ઉપાસનાનાં પટલ, પદ્ધતિ, વર્મ(કવચ), નામસહસ્ત્ર, અને સ્તોત્ર એવાં પાંચ અંગો હોય છે. તે ઉપરાંત જપ, હોમ, તર્પણ, માર્જન, અને બ્રહ્મભોજન–એવાં પાંચ ઉપાંગો હોય છે. એકંદરે દશાંગી ઉપાસના શક્તિની કરવામાં આવે છે. પ્રત્યેક સાધકના ચિત્તની પરીક્ષા કરી કોઈ સિદ્ધગુરુ મંત્રની દીક્ષા આપે છે, અને સાધકે તે મંત્રનું પુરશ્ચરણ કરી પોતાનો આંતર અભ્યાસ વધારી, ઇષ્ટદેવતાનો‡ સંપ્રયોગ કરવાનો હોય છે આ દીક્ષાના મુખ્ય ભેદ ત્રણ છેઃ—(૧) **શાક્તી** એટલે શક્તિનો પાત શિષ્યના ચિત્તમાં કરાવનારી, (૨) **શાંભવી**—એટલે સ્વરૂપસુખનો જેમાંથી જન્મ થાય છે એવા મંત્રના વર્ણનો વિન્યાસ કરી, સ્વરૂપાનન્દનો ઉદ્બોધ કરનારી, (૩) **માંત્રી**—જેમાં મંત્રની સર્વ આરંભથી તે અંત સુધીની પ્રયોગ

‡ જુઓ **पातंजल योगदर्शन. २. ४४**



પદ્ધતિ વડે ઇષ્ટદેવતાનો સાક્ષાત્કાર કરાવનારી. આ‡ ત્રણેનો, અથવા કોઈ એકનો આશ્રય લઈ સિદ્ધ મનુષ્યશરીરમાં પ્રકટ થયેલા પરમશિવ મંત્રચૈતન્યને સાધકચિત્તમાં જગવે છે અને પરિણામે પૂર્ણાભિષેકની પ્રાપ્તિ થયા પછી સાધક સિદ્ધપદમાં આવી વસે છે.

આ દીક્ષા આપવાના પ્રસંગે, અને ત્યારપછી સિદ્ધપદમાં પહોંચતા સુધી, સાધકનાં જીવનક્રમ ઉપર સિદ્ધગુરૂ ઘણીજ દેખરેખ રાખે છે. આ દેખરેખ સામાન્ય ઉપદેશવાળી એટલે કહેવાકથવારૂપ હોતી નથી, પરંતુ નેત્રદ્વારા, સ્પર્શદ્વારા, યંત્રદ્વારા, અથવા ગમે તે સાધકને પ્રિય પદાર્થ હોય તેની દ્વારા સાધકમાં શક્તિપાત કરવામાં આવે છે, અને સાધકને ખબર પણ પડતી નથી કે તેના શરીરમાં પેઠેલાં છત્રીસ તત્ત્વોનું શોધન શી રીતે થાય છે.

દીક્ષાને લગતી મંડપરચના, યંત્રરચના, દ્રવ્યરચના વિગેરે બાહ્ય ઉપચારો કંઇક ઉઘાડા અને કંઇક ઢાંકયા—એવા રૂપમાં કરવામાં આવે છે, અને સાધકના મસ્તક ઉપર ભગવતીના રક્તશુક્લ પાદુકાની ભાવના કરી, તેના ક્ષાલનજલ વડે બ્રહ્મરંધ્રથી માંડી સુષુમ્ણા માર્ગે પૃષ્ઠવંશના મધ્યની બ્રહ્મનાડીમાં જાણે કોઈ પ્રકાશની લહરી વિદ્યુત્ જેવી ઊંડી ઉતરતી હોય એવી સ્થિરભાવના શુરુ કરે છે. તે પ્રકાશલહરી શિષ્યના શરીરનાં ઘટક તત્ત્વોમાં પેઠેલી પાપ સંસ્કારોને જાણે બાળી નાંખતી હોય તેવું ચિંતવવામાં આવે છે, અને પછીથી શક્તિના મંત્રમય શરીરની સાધકના હૃદયમાં સ્થાપના કરવામાં આવે છે. આ રહસ્યપ્રક્રિયા પાપનું ક્ષાલન કરનારી હોવાથી અને જીવનું જીવત્વ ટાળી, દિવ્યભાવ આપનારી હોવાથી દીક્ષા–એવા હેતુ

‡ જુઓ **परशुरामकल्पसूत्र प्रथम खंड** તથા **नित्योत्सवनो आरंभोल्लास** દીક્ષાના સ્વરૂપ અને પ્રકાર સંબંધમાં.

ગર્ભ નામવાળી હોય છે.×

મર્યાદિત શક્તિવાળા ગુરુઓ માત્ર પોતે સિદ્ધ કરેલી વિદ્યાની જ દીક્ષા આપી શકે છે, પરંતુ સિદ્ધગુરુ અથવા દિવ્યગુરુ ગમે તે સાધકનું કલ્યાણ કરનારી દીક્ષા આપી શકે છે.

સાધકોના ત્રણ પ્રકાર માનવામાં આવે છે: (૧) પશુ અધિકારી, જેમનામાં દેખાતા મનુષ્યત્વ છતાં આસુરભાવ નિવૃત્ત થયો નથી, અને જેમનાં કામ[૧], ક્રોધ[૨], લોભ[૩], મોહ[૪], મદ[૫], અને માત્સર્ય[૬] એ છ પશુધર્મો નિયમવિધિ વડે પકવી શકાય તેવા છે તેવા સાધકો; (૨) વીર અધિકારી, જેમનામાં વીરનો ભાવ એટલે વીર્ય બળવાન્ છે, અને શક્તિસંગમ થવાથી જેમનું સ્વાભાવિક શૌર્ય ઝળકી ઉઠે તેવું છે તેવા; (૩) અને દિવ્ય અધિકારી એટલે જેમનામાં મનુષ્યશરીર છતાં કામાદિ દોષોનો ક્ષય થયો છે, અને જેમને શક્તિસંગમ જેવા ઉત્તેજક નિમિત્ત વિના વાસ્તવ શક્તિ એટલે સ્વરૂપનું ભાન અથવા **વિમર્શ** સ્ફુટ થવામાં વાર લાગે તેમ નથી તેવા. સાંખ્યની પરિભાષામાં તામસ, રાજસ, અને સાત્વિક કહીએ, અથવા વેદાન્તની પરિભાષામાં કનિષ્ઠ, મધ્યમ, અને ઉત્તમ કહીએ તો ચાલે. પરંતુ શાક્તોના આ અધિકારનાં નામોમાં ખાસ ભેદ એ છે કે તેમનાં સાધનો પણ પશુ, વીર, અને દેવને છાજે તેવાં હોય છે.

તંત્રસાધનામાં સ્ત્રીને આવશ્યક સાધન માનવામાં આવી છે; અને તેવી જ રીતે સ્ત્રીને પણ પુરુષ સહાયક માનવામાં આવ્યો છે. આ સંબંધમાં વૈદિકો જેવી રીતે પત્નીને સહધર્માચરિણી માને છે, તેવી રીતે તાંત્રિકો સ્ત્રીને પરમપવિત્ર સાધિકા માને છે. સ્ત્રી

×**દીક્ષા** સંબંધમાં જુઓ **પરશુરામકલ્પસૂત્ર** પ્રથમ ખંડ; જુઓ શંકરાચાર્યના **પ્રપંચસારનું પટલ** ૫-૬. પ્રથમ પદ્ધતિ **કૌલ** માર્ગની છે; બીજી પદ્ધતિ સામાયિક માર્ગની છે.



સાધિકાને મહાકાલસંહિતાના ગુહ્યકાલી ખંડમાં પૂર્ણતા આપનારી કહેવામાં આવે છે, અને તે ઘણે ભાગે સ્વકીયા શક્તિ હોય છે; "જેવા ગુણવાળો સાધક વર્ણવ્યો છે તેવા ગુણવાળી સાધિકા પણ જોઈએ. તેવા જોડાના યોગથી સિદ્ધિની પ્રાપ્તિ થાય છે. બીજી કોટિએ સાધન સાધનારને સો વર્ષે પણ સિદ્ધિ મળતી નથી."

જે સાધકને જન્મસહભાવી મદ્યાદિ હોય તેમને નિયમવિધિથી તે ક્રમપૂર્વક છોડાવવાં એવો આશય પશુ અધિકારીના સાધનક્રમમાં રાખવામાં આવેલો હોય છે. પશુ અધિકારીનાં પંચ દ્રવ્યોને પંચમકાર સંજ્ઞાથી ઓળખવામાં આવે છે, અને તેઓ અનુક્રમે મદ્ય, માંસ, મત્સ્ય, મુદ્રા અને, મૈથુન—એવા નામથી પ્રસિદ્ધ છે. ઇષ્ટ દેવતાને અર્પણ કરેલા પદાર્થોજ ભોગવાય, અન્ય નહિ એવા ખાસ પ્રતિબંધો મૂકેલા હોય છે, અને અખંડ મદ્યાદિનું સેવન કરનારને ભ્રષ્ટ જ માનવામાં આવે છે. તાંત્રિકોના પશુ અધિકારીનાં આ પાંચ દ્રવ્યો વૈદિક યજ્ઞકાંડમાં ગુંથાયેલાં હતાં; માત્ર ધર્મના ઇતિહાસના જ્ઞાન વિનાના હિન્દુઓ વૈદિકોની સ્તુતિ અને તાંત્રિકોની નિંદા કરે છે. વેદના પશુયજ્ઞમાં સોમરસનું ઉન્મત્ત થતા સુધીનું પાન હતું; તે યજ્ઞમાં અનેક પશુઓનો વધ થતો હતો અને માંસભક્ષણ પણ થતું હતું, અને પિતૃશ્રાદ્ધમાં ગોવધ પણ થતો હતો; વૈદિક બ્રાહ્મણો બંગાળા વિગેરેમાં મત્સ્ય ખાય છે; વડાં ચણા વિગેરે ખાદ્ય પદાર્થો જેવા તાંત્રિકોમાં છે તેવા વૈદિકોમાં પણ પુરોડાશ હતા; અને તાંત્રિકોમાં જેવું લતાસાધનનું મૈથુન છે તેના કરતાં વધારે અધમ મહાવ્રતના છેલ્લા દિવસે ગમે તે જાતિની સ્ત્રી સાથે સ્વેચ્છાવિહાર થતો હતો. લગભગ સાતમા આઠમા સૈકા સુધી શિષ્ટ આચાર કોને કહેવો તે બાબત વૈદિકો અને બૌદ્ધો વચ્ચે ભારે ઝઘડા ચાલતા હતા, અને કુમારિલ ભટ્ટને પોતાના વાર્તિકમાં કૃષ્ણ—બલરામના દારૂ પીવાના પ્રસંગો, શ્રાદ્ધાદિમાં ચાલતાં માસભક્ષણ, તેના પોતાના સમયમાં અહિછત્રની બ્રાહ્મણીઓ (કદાચ નાગર જાતિની હોય) દારૂ પીએ છે,

આસુર અને પૈશાચ લગ્નો થાય છે, વિગેરે બૌદ્ધ પ્રતિપક્ષીઓના શિષ્ટાચાર સંબંધી પ્રશ્નોના ખુલાસા આપવામાં પાણી ઉતર્યું જણાય છે. ટુંકામાં દેશકાળ પરત્વે આચારધર્મ બંધાયેલો છે, એ વાતનું સત્ય નહિ જાણનારા પોતાના આચારનો જ મહિમા ગાનારા અન્ય ધર્મ અને સંપ્રદાયનું ઉદાર મનથી અવલોકન કરી શકે તેમ નથી. ભગવાન્ બુદ્ધનો આદેશ અહિંસામાં છતાં હાલ સઘળા બૌદ્ધ ધર્મના વિસ્તારવાળા ચીન, જાપાન, લંકા વિગેરે સ્થાનમાં માંસભક્ષણ થાય છે. માત્ર આ બાબત જૈનોએ કંઈક વિશિષ્ટતા જાળવી છે, અને તેનું કારણ પણ તે ધર્મ માત્ર ભારતવર્ષમાં પોતાનું સંગોપન કરી ટકી રહ્યો છે માટે તે વિશિષ્ટતા જળવાઈ છે. હિન્દુઓના વૈદિક કાળ પછી અનેક પ્રજાનાં આક્રમણો થવાથી તેમના આચારોની હિન્દુધર્મ-વ્યવસ્થાપકોએ વ્યવસ્થા કરી છે, અને માંસભક્ષણ કરે છે, મદ્ય પીએ છે એટલા માત્રથી પરમેશ્વર સંબંધી અનુભવ ન મળે, એવો સંકોચભાવ જણાવ્યો નથી. મનુ ભગવાન કહે છે કે:—"માંસ ભક્ષણ કરવું એટલામાં દોષ નથી; મૈથુન કરવું એટલામાં પાપ નથી. પ્રાણીઓની આ બે સ્વાભવિક પ્રવૃત્તિએ છે. પરંતુ તેમાંથી નિવૃત્ત થવું તે મહા ફળને આપનાર છે."

શ્રૌતાચારના અગ્રણી મનુના વિચારને અનુસરતું તાંત્રિકાચાર્યોનું પણ મંતવ્ય છે કે દેવતાના પ્રસાદ રૂપે મદ્યાદિ પશુ અધિકારીને સેવ્ય છે, અને ઇતરને અસેવ્ય છે. નીચેના કોષ્ટકમાં ત્રણ અધિકારીઓના દ્રવ્યનું વર્ગીકરણ છે:—



| | ૧ | ૨ | ૩ | ૪ | ૫ |
|---|---|---|---|---|---|
| પશુનાં પાંચ દ્રવ્યો. | મદ્ય | માંસ | મત્સ્ય | મુદ્રા | મૈથુન |
| વીરનાં પાંચ દ્રવ્યો. | દુધ, ઘી, મધ. | માષાન્ન | મસુર | ડાંગર અથવા ઘઉંના પદાર્થ. | કુંડ-બિન્દુ-યોગ વજ્રોળી વિ. સાધન. |
| દિવ્યનાં પાંચ દ્રવ્યો. | તેજસ્તત્ત્વની ધારણા | વાયુ તત્ત્વની ધારણા. | જલતત્ત્વની ધારણા. | ભૂમિતત્ત્વની ધારણા | આકાશ તત્ત્વની ધારણા અથવા અપરાજિતા પુષ્પની ધારણા. |

મહાનિર્વાણ તંત્રમાં પંચભૂતમાં સ્થૂલ, સૂક્ષ્મ અને પર સ્વરૂપને પંચદ્રવ્ય ગણવામાં આવ્યાં છે. તેજસ્ તત્ત્વનો સ્થૂલ પરિણામ મદ્યમાં છે, સૂક્ષ્મ પરિણામ દૂધ, ઘી, મધ વિગેરેમાં છે, અને પોતાની રૂપ તન્માત્રામાં તેનું પરરૂપ છે; વાયુ તત્ત્વનો સ્થૂલ પરિણામ પશુ-પંખીનાં શરીરો છે; એટલે તેમનું માંસ છે; સૂક્ષ્મ પરિણામ ચણા વિગેરે અન્નમાં છે, અને રસ તન્માત્રામાં તેનું પરરૂપ છે; જળ-તત્ત્વનું સ્થૂલ પરિણામ મત્સ્ય શરીર છે, સૂક્ષ્મ પરિણામ મસુર-નામનું ધાન્ય છે, અને રસ તન્માત્રામાં તેનું પરરૂપ છે; પૃથ્વીતત્ત્વનો સ્થૂલ પરિણામ વડાં વિગેરેમાં છે, ચોખા, ઘઉં વિગેરેમાં તેનો સૂક્ષ્મ પરિણામ છે, અને ગંધ તન્માત્રામાં તેનો પર પરિણામ છે; આકાશ તત્ત્વનું સ્થૂલરૂપ તે સ્ત્રીપુરુષનું મૈથુન છે, એટલે તેમની એકબીજામાં વ્યાપ્તિ છે, સૂક્ષ્મરૂપ તે માત્ર ઉભયના શુક્રશોણિતનો પ્રેમબંધમાં વિનિમય

છે; અને પરરૂપ તે શિવશક્તિનો શબ્દ તન્માત્રાનો કુંડલીયોગ છે.‡

આ સ્થૂલ, સૂક્ષ્મ અને પરભૂમિકાનાં દ્રવ્યોના ગુણદોષનું વર્ણન નીચે પ્રમાણે તે તંત્રમાં આપવામાં આવ્યું છે:—

"દુઃખવિસ્મરણ કરાવવામાં જીવોનું મોટું ઔષધ, અને આનંદ આપનારૂં પહેલું તત્ત્વ છે. તે જો સંસ્કાર વિનાનું હોય તો ઉન્માદ અને ભ્રમને ઉત્પન્ન કરે છે, એટલું જ નહિ પણ લવારો તથા રોગને ઉત્પન્ન કરે છે, માટે હે ગૌરિ! આવું તત્ત્વ કદી લેવું નહિ.

"ગામમાં ઉછરેલાં, વનમાં ઉછરેલાં, વાયુમાં ઉડતાં પ્રાણીઓનાં શરીરો મનુષ્ય પ્રાણીને પુષ્ટિ આપનારાં છે; બુદ્ધિ તેજ અને બલને વધારનારાં છે. તેને બીજું તત્ત્વ કહે છે.

"જળમાં ઉત્પન્ન થનારૂં સુંદર અને સુખપ્રદ જળચર શરીર પ્રજાવૃદ્ધિ કરનારૂં ત્રીજું તત્ત્વ છે.

"પૃથ્વીમાંથી ઉત્પન્ન થનારાં ધાન્યાદિ જીવોને સુલભ જીવનનાં સાધનો છે. ત્રણે લોકમાં આયુષને આપનાર આ ચોથું તત્વ છે.

"પ્રાણીઓની સૃષ્ટિક્રમને વધારનારૂં, વિષયાનંદની મોટી કળાને જણાવનારૂં અનાદિ જગન્મૂલ કારણ તે પાંચમું તત્વ છે.

"પહેલા તત્વને તું તેજ સમજ; બીજાને વાયુ સમજ; ત્રીજાને જલ સમજ; ચોથાને પૃથ્વી સમજ; અને પાંચમાને આકાશ સમજ."

પોતપોતાના અધિકારને અનુસાર પશુ, વીર, અને દિવ્ય આ પાંચે તત્ત્વોનો ઉપયોગ શાક્ત સાધનમાં કરે છે. પ્રથમ કહી ગયા

---

‡ सहस्रारोपरि बिन्दौ कुन्डल्या मेलनं शिवे।
मैथुनं परमं द्रव्यं यतीनां परिकीर्तितम् (योगिनीतंत्र)
સહસ્રાર પદ્મમાં બિન્દુપદમાં એટલે શિવતત્ત્વમાં, હે પાર્વતી! જે યતિઓ પોતાના પિંડની કુંડલિની શક્તિને મેળવી જાણે છે તેઓ સર્વોત્તમ મૈથુન નામના દ્રવ્યને મેળવી જાણે છે.



તેમ વૈદિકો પણ તેનો આશ્રય લેતા હતા. અને હજુ પણ આ દેશના કેટલાક ભાગમાં થાય છે. બૌદ્ધ અને ખ્રીસ્તી ધર્મમાં પણ થાય છે. માત્ર જૈનાચારમાં આ વસ્તુઓને સ્થાન નથી. નિયમવિધિ વડે આ પંચતત્ત્વોને અથવા દ્રવ્યોને ક્રમપૂર્વક નીચી જાતમાંથી ઉંચી જાતનાં સેવવાની પ્રથા તાંત્રિકોએ સ્વીકારી છે, અને તેથી સઘળા તાંત્રિકો આ વસ્તુનો ઉપયોગ કરતા જ નથી, એવું કોઇ કહેતું હોય તો તે પણ ભૂલ છે. સહજ જીવન સહભાવી દોષોમાંથી છૂટી ક્રમપૂર્વક શી રીતે ઉંચે ચઢી ઉંચા ધર્મનું પાલન કરવું, એ ધ્યેય તાંત્રિકોએ રાખ્યું જણાય છે. વાત્સાયન કહે છે કે આહાર સહભાવી કામ છે. શાસ્ત્રમાં અનેક સાધ્યસાધનના નિયમો બતાવ્યા છે. પરંતુ શાસ્ત્રાર્થો વ્યાપક સમજવા, અને પ્રયોગો એકદેશી સમજવા. શાસ્ત્રમાં અમુક પ્રકારનાં કર્મો અમુક પ્રકારનું ફલ લાવી આપે છે. તેથી સર્વેએ સર્વ કર્મ કરવાં એવો ધર્મનો નિર્ણય નથી. શાસ્ત્ર, સદાચાર અને આપણો અધિકાર કેવો અને કેટલો છે એનો પોતાની જાતે અથવા ગુરુજનો દ્વારા નિર્ણય કરી ધર્મનું અનુષ્ઠાન કરવું એવો ધર્મના તત્ત્વનો નિર્ણય છે, અને તે તાંત્રિકોને પણ માન્ય છે.

વિમલાનંદ સ્વામી આ જમાનાના ટીકા કરનારાને ઉદ્દેશી લખે છે કે:—

"મદ્ય, માંસ, મત્સ્ય વિગેરેનો ઉપયોગ, અને સ્ત્રીપુરૂષોનું સ્વેચ્છા રમણ આ પૃથ્વી ઉપર એટલું બધું ચાલે છે કે મને સમજ નથી પડતી કે આ પદાર્થોનો દેવતાની ઉપાસનાના અંશ તરીકે સ્વીકાર કરવામાં તાંત્રિકો ખુલ્લા દિલથી સ્વીકારે છે તેથી શા સારૂ નવ શિક્ષિતો ગભરાઈ ઉઠે છે? સઘળા મનુષ્યો જાણે છે કે ઘી શરીરને પોષણ આપનાર છે, અને આયુષને વધારનાર છે. તો પણ તેનો અણઘટતો ઉપયોગ ચૂંક લાવી મરણ પણ ઉપજાવે છે. સાપનું ઝેર મનુષ્યનું મરણ નીપજાવે છે, પરંતુ કુશલ વૈદ્યે શોધેલું અને છાશ વિગેરે શાન્ત ઉપચારો સાથે આપેલું ઔષધ ગાંડા માણસની ઘેલછા દૂર

કરે છે. તેવી જ રીતે પરમેશ્વર રૂપી મહાવૈદ્યે આદ્યાશક્તિના મંત્રરૂપ ઔષધ પંચમકારના અધિકારભેદનો વિચાર કરી આપેલું યોગ્ય ગુરુની દેખરેખ નીચે લેવાય તો આ કલિ કાલના મહાપાપીઓનું શોધન કરનારૂં છે, એટલું જ નહિ પણ મોટા ભવરોગનું નિવારણ કરનારૂં છે. આયુર્વેદમાં મદ્ય, માંસ, મત્સ્યાદિનો ઉપયોગ સ્વીકાર્યો છે, અને શક્તિ લાવવામાં તેનો મિત ઉપયોગ કરવાનું કહ્યું છે. આટલા માત્રથી આયુર્વેદને નિંદવો ઘટતો નથી. તેથી પંચમકારનું વિધાન કરવા માત્રથી મંત્રશાસ્ત્ર નિંદાવું જોઇએ નહિ. શિવે તંત્ર શાસ્ત્રમાં કોઈ સ્થળે શક્તિસાધકોને ઉદ્દેશી એમ કહ્યું નથી કે તેમણે નિત્ય દારૂ પીવો, પશુઓ મારવાં, માંસ ખાવું, સ્ત્રીવિહાર કરવો; અને તેમ કરશે તો જ તેમને મોક્ષ મળશે. ઉલટું વારંવાર એમ પ્રબોધવામાં આવ્યું છે કે આ વસ્તુઓનો અતિશય કદી થવો ન જોઇએઃ અને સ્વાભાવિક વસ્તુઓનો ઇશ્વરપૂજનમાં વિનિયોગ કરી તે પદાર્થોના ઉપયોગનું નિયંત્રણ કરવું જોઇએ. અધમ જાતિના પશુઓએ પંચમકારને પ્રાધાન્ય આપી, શાસ્ત્રને નિંદાકોટિએ ચઢાવ્યું છે." (ત્યાર પછી ઘણાં પ્રમાણવચનો પંચમકારનો ક્યાં કેવી રીતે વિનિયોગ કરવો તે બાબત આપ્યાં છે.)‡

શાક્તોના મુખ્ય ત્રણ અધિકારીઓના પંચમકારનો ઉપયોગ કેવી રીતે કરે છે તે ઉપરથી અનેક આચારભેદો છે. તેમાં વૈદિક, વૈષ્ણવ, શૈવ, દક્ષિણ, વામ, સિદ્ધાન્ત અને કૌલ એવા સાત ભેદો તંત્રોમાં આવે છે. પરંતુ આ સાતેનો ત્રણમાં સમાસ લક્ષ્મીધર પંડિત કરે છેઃ (૧) દક્ષિણ અથવા સામયિક, (૨) વામ અથવા કૌલ, અને (૩) મિશ્ર એટલે દક્ષિણ–વામ માર્ગનું સંમિશ્રણ. જેઓ પંચમકારના દિવ્ય અધિકારીના નિયમ પ્રમાણે વર્તે છે તેઓ દક્ષિણ માર્ગી શાક્તો છે. તેમનું બીજું નામ સામયિક છે, એટલે શિવ–શક્તિનું

‡જુઓ કર્પૂરાદિસ્તોત્ર ઉપરનો ઉપોદ્ઘાત. પૃ. ૧૯–૨૩.



સામ્ય તેઓ ચાર પ્રકારે સાધે છે. આ ચાર પ્રકારનું સામ્ય અથવા સમરસપણું નીચે પ્રમાણે કરવામાં આવે છેઃ—

(૧) પિંડનું અને બ્રહ્માંડનું તે તે કેન્દ્રો દ્વારા ઐક્ય.
(૨) લિંગ શરીર અને બ્રહ્માંડના સૂત્રાત્માના શરીરનું ઐક્ય.
(૩) કારણ શરીર અને અવ્યાકૃતથી રંગાયેલા ઇશ્વરના શરીરનું ઐક્ય.
(૪) શુદ્ધ ક્ષેત્રજ્ઞ અથવા સાક્ષી આત્માનું પરમાત્મચૈતન્ય સાથે ઐક્ય.

આ ચાર પ્રકારનું સામ્ય સાધવાથી સાયુજ્ય યોગ જામે છે, અને ઉપાસકમાં ઉપાસ્ય દેવતાનું ગુણસામર્થ્ય પ્રકટ થાય છે.

બીજા પ્રકારના વામમાર્ગીઓ પ્રસિદ્ધ પંચમકારનું સેવન સ્થૂલ રૂપમાં કરે છે. તેઓ આ વસ્તુનો ઢાંકપીછોડો કરતા નથી. તે વર્ગના કૌલાચાર્યો ઉન્મત્ત અથવા ભ્રષ્ટ હોય છે એમ કંઈ નથી. કેટલાક પૂર્ણાનંદ સ્વામી જેવા આરૂઢ દશાના સિદ્ધયોગી પણ હોય છે. જેમ આરૂઢ શૈવો ભાંગ અથવા ગાંજો પીવામાં પાપ માનતા નથી તેમ આ કૌલ શાક્તો નિયમવિધિથી પૂજાના અંતમાં મદ્યાદિ લેવામાં પાપ માનતા નથી. લક્ષ્મીધર આ કૌલોના પુર્વ અને ઉત્તર કૌલ એવા ભાગ પાડે છે, અને તેમના ભ્રષ્ટ આચારો જુગુપ્સા ભરેલા છે એમ જણાવે છે. પૂર્વ કૌલો અને ઉત્તર કૌલો ઘણે ભાગે બૌદ્ધ મતના અને કાપાલિક મતના હોવાનો સંભવ છે. આસામની કામાક્ષી દેવી તરફના કૌલો ઉપર અથવા બૌદ્ધોના વજ્રયાનનાં સાધનો કરનાર લામા વિગેરે ઉપર આ કટાક્ષ હોવાનો સંભવ છે. આપણા ગુજરાતના બીજમાર્ગીઓ, અથવા કાંચળીઆ પંથીઓ આ કૌલ માર્ગના વામાચારના અવશેષો જણાય છે.

પરશુરામનું મંતવ્ય એવું છે કે સાધકની [૧]આરંભ, [૨]તરુણ, [૩]યૌવન, અને [૪]પ્રૌઢ, અવસ્થા થતાં સુધી સમયાચાર પાળવા, ત્યાર

પછીની [5]પ્રૌઢાંત, [6]ઉન્મના, અને [7]અનવસ્થા, ભૂમિકામાં સ્થિત થયેલાને આચારનું બંધન નથી, પરંતુ તેઓ અવધૂતની પેઠે યથેચ્છ વર્તે છે. ટુંકામાં તેવી સ્થિતિના સિદ્ધોને લૌકિક નીતિનાં બંધનો હોતાં નથી. પરંતુ આવી ભૂમિકા બંધાયા વિના સ્વેચ્છાવિહાર કરનારનું અંધઃપતન થાય છે. સિદ્ધભૂમિકામાં ચઢેલાં સ્ત્રીપુરુષોનાં આચરણ પ્રથમના નિયમના અભ્યાસબલ વડે સ્વાભાવિક સુંદર હોય છે; તેઓ ઘૃણા, શંકા, ભય, લજ્જા, જુગુપ્સા, કુલ, જાતિ, અને શીલના પાશોથી મુક્ત હોય છે. ગુરુ, પરમગુરુ વિગેરેના સંબંધ થતાં મર્યાદાનું પાલન કરવા તેઓ નમનાદિ કરે છે; યોગ્ય પુરુષોનું સંમાન કરે છે; પોતાના સ્વપ્રકાશ સ્વરૂપની દૃઢ ભાવના અખંડ ચાલુ રાખવા તેઓ પ્રાણ ધારણ કરી રાખે છે. તેવા સિદ્ધ પુરુષોનું સ્વરૂપ સમજ્યા પછી તેમના વચન વડે જ સાધકો વ્યવસ્થા કરી લે છે; તેઓ સર્વથા સત્ય બોલે છે; પરધનમાં આસક્તિ રાખતા નથી; પોતાની સ્તુતિ અને પરનિંદામાં રોકાતા નથી; પારકાના મનને મર્મવેધી થાય એવું વચન, પરિહાસ, ધિક્કાર વિગેરે કાઢતા અથવા દર્શાવતા નથી. જ્યાં સુધી પૂર્ણ ખ્યાતિ એટલે પૂર્ણાનુભવ નિષ્ઠાના રૂપમાં બંધાતો નથી ત્યાં સુધી શક્તિવિદ્યાનું આરાધન કર્યાં જ કરે છે. સમયાચારો ઘણા કાળ સેવાયા પછી કુલનિષ્ઠા બંધાય છે; એટલે તે સ્વતંત્ર બને છે. તે કુલનિષ્ઠ કૃતકૃત્ય હોય છે. તેમને ચાંડાલને ત્યાં દેહ પડશે કે કાશીમાં પડશે તેની પરવા હોતી નથી. આ ખરા જીવનમુક્ત છે.

શાક્તોની ઉપરની સાત ઉલ્લાસભૂમિકા વેદાન્ત શાસ્ત્રની સાત જ્ઞાનભૂમિકા સાથે મળતી આવે છે, અને પરિણામ બંનેમાં છેવટે એક જ પ્રકારનો આવે છે.

શૈવશાસનમાં પણ અધિકારીભેદને લક્ષમાં લઈ દ્રવ્યવિનિયોગ કર્યો છે. મહાનયપ્રકાશ નામના ગ્રંથમાં કહ્યું છે કેઃ—



"મૈથુન, મદ્ય, માંસમાં સર્વ જંતુઓની સામાન્ય પ્રવૃત્તિ હોય છે; કેટલાકમાં તે વિશેષ હોય છે. તેવા પ્રાણીઓને આરંભમાં જ જો ત્યાગનું વિધાન કરવામાં આવે તો ધર્મનો ઉપદેશ ચિત્તમાં લગાર પણ સ્પર્શ કરે નહિ, અને પરબ્રહ્મની પ્રાપ્તિમાં વાસના બીલકુલ જાગે નહિ. આ કારણથી દેવતાને નિમિત્ત કરી સ્ત્રી, મદ્ય, માંસ, વિગેરે પૂજાદ્રવ્યમાં સ્વીકારવામાં આવ્યું છે."

---

## પ્રકરણ નવમું

### શાક્તોની વિદ્યા અને મંત્રના ભેદ

विद्याः समस्तास्तव देवि भेदाः
स्त्रियः समस्ताः सकला जगत्सु ॥ (देवीमाहात्म्य)


શાક્તોનાં સાધનોમાં મંત્ર એ પ્રધાન સાધન ગણાય છે. મંત્રની વાચક શક્તિ અથવા વિમર્શશક્તિ–એ શક્તિત્ત્વનું મૂલ રૂપ છે. આ મંત્રની વાચક શક્તિ મંત્રની વાચ્ય દેવતાને પ્રકાશિત કરે–એ શાક્ત સાધનાનું પ્રયોજન છે. શાક્તો ભોગ અને મોક્ષ ઉભયની એકવાક્યતા કરે છે, અને ત્યાગ અને વૈરાગ્ય ઉપર સાંખ્ય અને વેદાન્તીઓની પેઠે અણઘટતો ભાર મૂકતા નથી. સ્ત્રીજાતિની પ્રતિષ્ઠા અને વંદનીયતા તેઓ ઉંચા પ્રકારની માને છે. સ્ત્રી ધર્મસાધનામાં સહાયક છે, એવું સ્પષ્ટ માને છે અને આચરણમાં મૂકે છે. વાચક મંત્ર જ્યારે વાચ્યદેવતાને સ્પષ્ટ કરે ત્યારે તે **विद्या** ‡ એવું નામ ધારણ કરે છે.

---

‡ **विद्याशरीरसत्ता मंत्ररहस्यम्** (**प्रत्यभिज्ञा**) વિદ્યામય શરીરવાળા થવું, એ મંત્રનું રહસ્ય છે.

તાંત્રિકો, મીમાંસકો, વૈયાકરણો, અને યોગીઓ અર્થ અને શબ્દ વચ્ચે અનાદિ પ્રકાશ્યપ્રકાશક સંબંધ માને છે અને યોગ્ય સાધન દ્વારા પ્રકાશ્ય વસ્તુ શબ્દ દ્વારા અભિવ્યકત થાય છે એવું સ્વીકારે છે. તાંત્રિકોના એક શ્લોકમાં કહ્યું છે કે "દેવતાનું શરીર બીજમાંથી, એટલે બીજાક્ષરમાંથી પ્રકટ થાય છે." પરદેવતા એટલે પરશિવનું શકિતમય સ્વરૂપ શબ્દબ્રહ્મ અથવા નાદબ્રહ્મનો આશ્રય લઈ સાધકના ચિત્તમાં પ્રકટ થાય છે, અને તે સ્થૂલ, સૂક્ષ્મ, અને પર એવા ત્રણ રૂપમાં પ્રકટ થઈ શકે છે. તેના પ્રકટીકરણ વડે જે સ્થૂલ, સૂક્ષ્મ, અને કારણ ભૂમિકાનાં, સાધકે ઇચ્છેલાં પરિણામો પ્રકટ થાય તે તે પ્રકટીકરણનો પુરાવો છે. મૂલ પરાદેવતા એટલે શકિતતત્ત્વનું સ્વરૂપ ચિન્મય અને આનંદમય સ્વભાવનું છે, અને તે મધ્ય આનંદઘન ચેતનમાંથી ત્રણ રેખાઓ પ્રકટ થાય છે. મધ્ય કેન્દ્રને પરબિન્દુ કહે છે, અથવા પ્રધાનદેવતા કહે છે, અને તેમાંથી જે ત્રણ નાનાં બિન્દુઓ પ્રકટ થાય છે. તેને જ્ઞાન, ક્રિયા અને ઇચ્છાનાં ત્રણ અપરબિન્દુઓ કહે છે. આ મધ્ય કેન્દ્રમાંથી બળ મેળવી જે કોણબિન્દુઓ થાય તેની જોડનારી રેખાઓ વડે સબિન્દુ ત્રિકોણ મુખ્ય ચિદાકાશમાં પ્રકટ થાય છે. તે વિમર્શશકિતનું આદ્ય સૂચક યંત્ર છે:-

**શાક્ત પરબિંદુ**




આ યંત્રમાં પરબિન્દુને શૂન્ય સંજ્ઞા આપવામાં આવે છે, પરંતુ તેનો અર્થ કંઈ નહિ તેવો નથી. સચ્ચિદાનંદના વૈભવવાળું મૂલ-



તત્ત્વ પોતાના અંતર્ગત બળને બહાર કાઢવા હજુ ઉદ્યોગશીલ થયું નથી તેથી તે શૂન્ય છે. આ શૂન્યબિન્દુ મહાકાલની કલા વડે એટલે અહંભાવ વડે છૂટું પડી, કંઇક પોતાનું સ્વરૂપ કળી શકે (**कलनात्**) તેવા ઉછળતા અથવા ઉગતા ભાવવાળું થાય ત્યારે સબિન્દુ વર્તુલ અથવા શૂન્ય થાય. આ સબિન્દુ વર્તુલ ખરી રીતે કાર્યબિન્દુ ગણાય અને તેને **काली** સંજ્ઞા આપવામાં આવે છે. તેનું બીજું નામ **आद्या** અથવા **विद्याराज्ञी** છે; કારણ કે મંત્રોદયમાં તે પ્રથમ પ્રકટ થાય છે, અને ભવિષ્યમાં સર્વજ્ઞતાને અર્પનારી વિદ્યા તેમાંથી જન્મે છે. આ આદ્યા વિદ્યારાજ્ઞી, ચિન્મયી તથા આનંદમયી એવા સ્વભાવવાળી છે; એટલે કે તે કાર્યબિન્દુને હું છું એટલું જ ભાન હોય છે એમ નહિ, પરંતુ પોતે નિત્યતૃપ્ત અથવા આનંદમય છે એવું પણ ભાન હોય છે. તે કાર્યબિન્દુમાંથી ત્રણ અવાન્તર પરિણામો પ્રકટ થાય છે. એક (૧) અપરબિન્દુ, (૨) નાદ, અને (૩) બીજ. તેમાં અપરબિન્દુ ચેતનમય છે, નાદ જડાજડ છે, અને બીજ જડ છે. પરંતુ આ ત્રણે અજડ, જડાજડ, અને જડ અંશો એકમેક ગુંથાયેલા હોય છે, એટલે જેમ મોરના ઇંડાનું દ્રવ્ય-ગર્ભ, જળ, અને ઇંડાનું છોતરૂં એ ત્રણુ-એકમેક જેવાં હોય છે તેવાં એકમેક આ ત્રણ શકિતનાં પરિણામો રહે છે. આ અપરબિન્દુનું બીજું નામ શબ્દબ્રહ્મ છે, અને તે પ્રત્યેક સચેતન પ્રાણીમાં અર્થની વ્યકિતનું નિમિત્ત બને છે. ઉપરની આકૃતિમાં **अ** ને અપરબિન્દુ કહીએ, **ब** બિન્દુને નાદ કહીએ, અને **क** બિન્દુને બીજ કહીએ. પરંતુ એ ત્રણેનો પરસ્પર સંબંધ છે, અને શક્તિનું પ્રસરણ રેખા દ્વારા થાય છે. આ ત્રણ રેખા વડે જે ત્રિકોણ ઉત્પન્ન થાય છે તેને માંત્રિકો ત્રિપુરબીજ કહે છે. તેમાં **अ-ब** માં રૌદ્રી શક્તિ અને રુદ્ર પુરુષ, **ब-क** માં જ્યેષ્ઠા શકિત અને બ્રહ્મા પુરુષ, અને **क-अ** માં વામા શકિત અને વિષ્ણુ પુરુષ, એવાં જોડકાં પ્રકટ થાય છે. ધ્યાનમાં રાખવું કે આ વસ્તુવિચારનું રૂપક માત્ર છે. પહેલા જોડકામાં જ્ઞાનશકિતનું પ્રાધાન્ય, સંહારકર્મ અગ્નિજ્યોતિ, અને

તમોગુણ; બીજામાં ઇચ્છાશકિતનું પ્રાધાન્ય, ઉત્પત્તિકર્મ, સોમજ્યોતિ અને રજોગુણ; ત્રીજામાં ક્રિયાશકિતનું પ્રાધાન્ય, પાલનકર્મ, સૂર્યજ્યોતિ અને સત્વગુણ. આ પ્રમાણે કાર્યબિન્દુમાંથી ત્રણ અવાન્તર શકિતઓનો તથા પુરુષોનો આવિર્ભાવ, ત્રણ પ્રકારનાં કર્મ, ત્રણ પ્રકારની પ્રકાશક જ્યોતિઓ, અને ત્રણ પ્રકારના ગુણો વ્યકત થાય છે, અને તે ત્રણ ત્રણ વસ્તુઓ ઉપર એક જ પરબિન્દુ (પરાશકિત) અધ્યક્ષપણું કરે છે, માટે તે **त्रिपुराम्बा** કહેવાય છે. આ કારણથી સબિન્દુ ત્રિકોણ એ શકિતનું પરમ રહસ્ય સૂચવનારોં યંત્ર મનાય છે. તેને **कामकलाबिन्दु** એવું હેતુગર્ભ નામ આપવામાં આવે છે. કોણને સંસ્કૃતમાં યોનિ કહે છે. પરંતુ આ શાક્તબીજ, નથી પુરુષ, નથી સ્ત્રી, કે નથી નપુંસક. ચિન્મય અને આનંદમય મૂલતત્ત્વ –પછી તેને બ્રહ્મ કહો, શિવ કહો, વિષ્ણુ કહો ગમે તે કહો–પોતાનો અંતર્ગત વેગ બહિર્ગામી કરે છે, અને તે સામર્થ્યને **शक्तितत्त्व** કહે છે. આ શકિતતત્ત્વના બીજમાંથી પ્રણવ સંબંધ વડે અથવા શિવતત્ત્વાત્મક નાદના ક્ષોભ વડે **અકારાદિ** વર્ણો, અને તેમાંથી પદો અને વાક્યો સચેતન પ્રાણી રચે છે. પરંતુ આ વર્ણ, પદ, અને વાકયને રચવાની શકિત કંઈ બહારથી આવતી નથી. તે શકિત પ્રાણીમાં અંતર્ગત સંકોચવાળી ગુપ્ત હોય છે તેથી કુંડલિની કહેવાય છે. તે જ્યારે પરમવિકાસને પામી, પોતાના મૂલ સ્વરૂપને એટલે સકલ અને નિષ્કલ શિવને પ્રકટ કરે છે, ત્યારે તે બદ્ધ કુંડલિની છૂટી મુકત કુંડલિની બને છે. જે સંકોચવાળી બદ્ધ હતી, તે વિકાસવાળી મુકત થાય છે.

આ શાકતબીજમાંથી જે જે મંત્રો અનુભવીઓએ ઉદયના ક્રમથી મેળવ્યા છે તેને તાંત્રિકો દશ મહાવિદ્યા અથવા અરાઢ મહાવિદ્યા કહે છે. પરંતુ અરાઢ વિદ્યાઓ તે દશના પેટા પ્રકારો છે. દશ મહાવિદ્યાનાં નામ નીચે પ્રમાણે છેઃ—



| | | બીજાક્ષર મંત્ર. | પ્રયોજન સિદ્ધ કરનારી. |
|---|---|---|---|
| ૧ | काली | ॥ क्रीँ ॥ | કૈવલ્યદાયિની |
| ૨ | तारा | ॥ हूँ ॥ | તત્ત્વવિદ્યાદાયિની |
| ૩ | सुन्दरी (षोडशी) અથવા त्रिपुरसुन्दरी. | ॥ श्रीँ ॥ | ત્વરિત ફલ આપનાર ભોગ–મોક્ષદાત્રી |
| ૪ | भुवनेश्वरी | ॥ ह्रीँ ॥ | સ્વરૂપજ્ઞાનકરી |
| ૫ | भैरवी | “ ह्सैं, ह्सैं ” | બુદ્ધિદા |
| ૬ | छिन्नमस्ता | फट् | શત્રુચ્છેદકરી |
| ૭ | धूमावती | धूँ धूँ | ધર્મદા |
| ૮ | बगला | ॐ ह्रीँ | વાક્સ્તંભકરી |
| ૯ | मातंगी | ॐ ह्रीँ क्लीं हूँ | માનદા |
| ૧૦ | कमला | ऐं ह्रीँ श्रीं क्लीं हस्हौः | લાલિત્યપ્રદા |

આ દસને પુનઃ બે મુખ્ય કુલમાં ગોઠવવામાં આવે છેઃ (૧) **कालीकुल** અને (૨) **श्रीकुल**. તે તે કુલની વિદ્યાના ઉપાસકો તે તે કુલની અંગી દેવતાને પ્રધાન માને છે, અને તેઓ મંત્રોદયમાં **कादि** મતવાળા હોય છે કે **हादि** મતવાળા હોય છે. ત્રીજો મિશ્ર-મત **कहादि**નો છે. જે વિદ્યાનો આદ્ય અક્ષર **क**થી થાય તે **कादि**, **ह**થી થાય તે **हादि**, અને **क** થી અથવા **ह** થી આરંભ પામતા ગમે તે દીક્ષાના મંત્રનો આશ્રય લઈ શિવ–શકિતનો યોગ કરી સંમેલન અને સમરસપણું મેળવે તે **कहादि** તંત્રરાજતંત્રમાં ત્રણે પ્રકારે વ્યવસ્થા કરવામાં આવી છે. આ સર્વ પ્રકારની વિદ્યાના વિભાગોમાં **काली** અથવા **श्यामा**નો પ્રચાર પૂર્વ ભારતમાં વધારે છે; **सुंदरी**નો અથવા **श्री**નો પ્રચાર દક્ષિણમાં વધારે છે; **भुवनेश्वरी**નો પ્રચાર

ઉત્કલ એટલે ઓરીસામાં વધારે છે; પશ્ચિમમાં પણ **ત્રિપુરાનો** અંબિકા નામથી પ્રચાર વધારે છે. **તારાનો** મુખ્ય પ્રચાર સર્વ બૌદ્ધ દેશોમાં છે, અને તે **કાલી** સાથે વિશેષ સંબંધવાળી છે.

**કાલીનો** સંપૂર્ણ મંત્ર ૨૨ અક્ષરનો છે; અને ત્રિપુરાનો મૂલ મંત્ર પંદર અક્ષરનો છે, અને ષોડશી સાથે તે જ પંદર અક્ષરો સોળ થાય છે.

**કાલીનો** વિદ્યાવિસ્તાર **શ્યામારહસ્યથી** સમજાશે. **શ્રી** નો વિસ્તાર પરશુરામ કલ્પસૂત્ર અથવા સૌન્દર્યલહરીની લક્ષ્મીધરની ટીકાથી સમજાશે, અથવા ગૌડપાદના **શ્રીવિદ્યારત્નસૂત્રથી** સમજાશે. આ નિબંધમાં તે તે વિદ્યાનો મંત્રોદ્ધાર કરવાથી વાચકને કંઈ પણ ફળ મળે તેમ નથી. તે જેમણે જાણવું હોય તેમણે યોગ્ય ગુરુ દ્વારા મંત્રોદ્ધયનો ક્રમ, તેનો વર્ણ-વિન્યાસ, તેની પ્રયોગ-પદ્ધતિ, તેનાં સહસ્રનામ, તેનાં સ્તોત્ર વિગેરે મેળવવાં જોઇએ. શાક્ત વિચારકોનું એમ માનવું છે કે દીક્ષાના ક્રમથી મળેલો મંત્ર ઉપાસનાના ક્રમથી જ સિદ્ધ થાય છે, તે વિના ભાષાના નિયમથી આ વસ્તુ સમજાય તેમ નથી. જેમ $H^2O$ વડે પાણીનો સંકેત માત્ર આપણે સમજીએ છીએ, પરંતુ જલબિન્દુ ઉત્પન્ન કરવા સારૂ તો પ્રયોગશાળામાં શિક્ષક પાસે પ્રયોગ કરવો જ જોઇએ, તેવો નિયમ આ શાક્તતંત્રમાં સ્વીકારાયેલો છે, એટલું જણાવી મંત્રોદ્ધાર કરવાનું મેં યોગ્ય ગણ્યું નથી.

મંત્રના આરંભમાં મુખ્યત્વે કરીને પ્રણવ હોય છે, ત્યાર પછી તે તે દેવતાને લગતો બીજ અક્ષર હોય છે. તે કાંતો એક વાર, બે વાર અથવા ત્રણ વાર ઉચ્ચાર કરવાનો હોય છે. ત્યાર પછી મુખ્ય દેવતાનું નામ આવે છે, ત્યાર પછી કાં તો નમસ્કાર હોય છે, અથવા મૂલબીજ અથવા બીજોની પુનરાવૃત્તિ હોય છે. કેટલાક મંત્રો નમસ્કારાંત નહિ હોતાં સ્વાહાન્ત પણ હોય છે.



મંત્રશાસ્ત્રના સંબંધમાં એ પણ જાણવાની જરૂર છે કે મંત્ર-દેવતાનું નામ, તથા અંગ મંત્રનો નિર્દેશ લૌકિક ભાષામાં જણાવવામાં આવતાં નથી. તે તે અક્ષરો તે તે દેવતાના સંકેતરૂપ હોય છે, અથવા અવયવની સંજ્ઞારૂપ હોય છે. આ સર્વ પરિભાષા ઘણે ભાગે ગુરુગમ્ય હોય છે. ગુરુથી દીક્ષા મળ્યા પછી તંત્રાભિધાન, બીજનિઘંટુ, મુદ્રા-નિઘંટુ વિગેરે કોશની મદદથી મંત્રના ઉદ્ધાર અને અંતર્ગત વિદ્યાનું સ્વરૂપ કળી શકાય છે. ઉદાહરણ તરીકે **કાલીનો** મંત્ર નીચે પ્રમાણે સંકેતથી વર્ણવ્યો છે:—

"હવે તે દેવીને બ્રહ્મરંધ્રમાં બ્રહ્મસ્વરૂપિણી સાધકે પ્રાપ્ત કરવી. તે સુભગા છે, કામ, રેફ, ઇન્દિરાની સમાધિરૂપ છે. તે સમાધિને ત્રણ વાર બોલવી. ત્યારપછી કૂર્ચબીજ બે વાર, ત્યાર પછી ભુવનાનું બીજ બે વાર. ભુવના આકાશ, અગ્નિ અને ઇંદિરા તથા શૂન્યના સંમિશ્રણથી થાય છે. તે બે વાર બોલવી. ત્યાર પછી **दक्षिणे कालिके**-એવાં બે પદો દેવી જાણે સન્મુખ ઉભાં છે એવા ભાવથી બોલવાં. ત્યારપછી ઉપર કહ્યાં તે સાત બીજોનો ઉચ્ચાર કરવો અને મોટી અગ્નિની સ્ત્રીને બોલાવવી. આ પ્રમાણે સર્વતંત્રોમાં ઉત્તમોત્તમ મંત્ર વ્યુત્પન્ન થાય છે:—( **कालिका श्रुति** )

હવે આ ઉપનિષદનું શબ્દાર્થ વિવરણ કોઈ સ્પષ્ટ મંત્રનું સ્વરૂપ સમજાવી શકે તેમ નથી. પરંતુ બીજનિઘંટુ વિગેરેની મદદથી મંત્રનો ઉદ્ધાર નીચે પ્રમાણે થઈ શકે છે:—

**सुभगा**—એ ભગવતીની સંજ્ઞા છે. તે સર્વોત્તમ ૭ ભગ અથવા ઐશ્વર્યને આપનારી છે. તે **काम** એટલે **क्**; **रेफ** એટલે **र्**; ઇન્દિરા એટલે **ई** એ ત્રણ અક્ષરોની સમષ્ટિ, એટલે સમસ્ત રૂપ છે. સારાંશ પ્રથમાક્ષર **क्रीँ** છે. તે અક્ષર ત્રણ વાર બોલવો **क्रीँ क्रीँ क्रीँ** ॥

ત્યાર પછી **कूर्च** બીજ બે વાર બોલવું. **कूर्च**બીજ એટલે **हूँ** તે બે વાર, એટલે **हूँ हूँ** એ રીતે ઉચ્ચાર કરવો.

ત્યારપછી ભુવના બીજ બે વાર બોલવું. **भुवना** બીજ આકાશ એટલે ह्, અગ્નિ એટલે र् અને ઇન્દિરા એટલે ईं, અને શૂન્ય એટલે બિન્દુ અથવા અનુસ્વાર એના સંમેલનથી થાય છે. એટલે **ह्रीँ** બીજ બે વાર બોલવું. ત્યાર પછી આપણી સંમુખ જાણે દક્ષિણા એટલે મોક્ષદાન કરવાને ઉભી હોય એવી **कालिके** એ નામથી મંત્રદેવતાનું આવાહન કરી પુનઃ ઉપર કહેલાં **क्रीँ**$_3$ **हूँ**$_2$ અને **ह्रीँ**$_2$ એ સાત બીજકો બોલી; મોટાં અગ્નિની સ્ત્રી એટલે **स्वाहा** શબ્દનો ઉચ્ચાર કરવાથી સર્વોત્તમ ૨૨ અક્ષરનો **काली** મંત્ર વ્યુત્પન્ન થાય છે.

આ પ્રમાણે સંપૂર્ણ મંત્ર નીચે પ્રમાણે ઉભો થાય છે:—

3 2 2 (6) 3 2 2 (2) =22

**ॐ क्रीँ$_3$ हूँ$_2$ ह्रीँ$_2$ दक्षिणे कालिके क्रीँ$_3$ हूँ$_2$ ह्रीँ$_2$ स्वाहा**

આમાં નિચેના ૩, ૨ વિગેરે આંક એવું સૂચવે છે કે તે ત્રણ વાર બોલવા અથવા બે વાર બોલવા. તે પ્રાચીન શિષ્ટ પદ્ધતિ છે. ઉપર મેં ઇંગ્રેજી આંકડા લખ્યા છે તે અક્ષરની સંખ્યાના સૂચક છે. તેનો સરવાળો ૨૨ થાય છે એટલે બાવીસ અક્ષરનો આ મંત્ર છે.

આ નિયમ પ્રમાણે દશે વિદ્યાનો ઉદ્ધાર થઈ શકે છે. ટુંકામાં જેમ રસાયણ શાસ્ત્રની પરિભાષા છે, અને રાસાયણિકો તે પરિભાષામાં બોલી પરસ્પર ભાવ સમજી જાણે છે, તેમ તાંત્રિકો પણ પોતાની પરિભાષામાં બોલી, પરસ્પર સમજી જાણે છે. આ મંત્રના ઉત્કીલન અથવા ઉકેલ સંબંધમાં ક્લિષ્ટ રચનાનું પ્રયોજન શું, એ પ્રશ્નના ઉત્તરમાં તાંત્રિકો કહે છે કે પ્રથમ જે અક્ષરો, પદો અને વાક્યો લૌકિક રીતે ઉચ્ચરિત થાય તે અમે ઝપટ સમજીએ છીએ એવું માની લેવામાં આવે છે, અને તેથી સાધક તે મંત્રના સ્થૂલ, સૂક્ષ્મ અને પર—એવા અર્થને ઉકેલવા મહેનત કરતો નથી; અને બુદ્ધિના મથન વિના ઉપાસના સફળ થતી નથી. બીજું કારણ એવું આપવામાં આવે છે કે જેનો જેમાં અધિકાર નથી તેને તે તે



મંત્રો કંઈ પણ કામના નથી, અને જો યોગ્ય ગુરુ વિના તે પ્રાપ્ત કરી ઉપયોગ કરે છે, તો તે તેને અનર્થ ઉપજાવે છે. ઉદાહરણ તરીકે સામાન્ય રીતે **कालिका** ઘોર દેવી મનાય છે, પરંતુ તેના અંતર્ગત ભાવમાં કૈવલ્યદાત્રી અઘોર દેવી છે. હવે આ મંત્ર મોક્ષપ્રદ છતાં સાંસારિક સુખની પ્રાપ્તિ અર્થે મનુષ્યો વાપરે તો ઉઘાડો અનર્થ થાય છે. વગર સમજે **काली**ની ઉપાસના કરનારા ચિતભ્રમવાળા થઈ જાય છે.

તેવી જ રીતે **श्रीकुल**ની વિદ્યાઓ પણ અનધિકારીને ધનલોભી અને સ્ત્રીવ્યસની કરી દે છે તેથી પંચદશાક્ષરી અથવા ષોડશીનો ઉપદેશ પ્રત્યક્ષ રીતે કદી કરવામાં આવતો નથી, પરંતુ ઉપર કહેલા **काली**ને લગતા કાયદા પ્રમાણે કરવામાં આવે છે.

શાક્તસંપ્રદાય હિન્દુધર્મના દેવતાઓને લાગુ પડે છે એમ નથી, પરંતુ વ્યવહારમાં બૌદ્ધ અથવા જૈન હોય તેઓને પણ ઉપરના જ નિયમો મંત્રોદ્ધારમાં લાગુ પાડવામાં આવે છે. એટલે કે મંત્રશાસ્ત્ર સર્વ ધર્મોનું સામાન્ય તંત્ર છે. એક તંત્રમાં શક્તિની વ્યાપકતા સંબંધમાં કહ્યું છે કે:—

"જે જે ભાવથી અને જે જે રૂપથી ચૈતન્યશક્તિને આપણે ચિંતવીએ તે તે ભાવવાળી અને તે તે રૂપવાળી સાધકને પ્રતીત થાય છે. માહેશ્વરો તેને **शक्ति** નામ આપે છે; સાંખ્યો તેને **परा प्रकृति** કહે છે; સૂર્યના ઉપાસકો તેને **महाराज्ञी** કહે છે; સુગતના ભક્તો એટલે બૌદ્ધો તેને **तारा** કહે છે; લોકાયત મતના ચાર્વાકો તેને **आशा** નામથી માને છે; પાશુપત વિગેરે તેને **शान्ता** કહે છે; જૈન મતવાળા તેને **श्री** નામથી ભજે છે; હિરણ્યગર્ભના એટલે બ્રહ્માના ભક્તો તેને **श्रद्धा** એ નામથી ઓળખે છે; વેદવાદીઓ તેને **गायत्री** નામથી ભજે છે; અને અજ્ઞાનમાં ડૂબેલા સર્વ મનુષ્યોના મનમાં તે **मोहिनी**નું રૂપ પકડે છે."

ટુંકામાં ચૈતન્યની શક્તિનો સદ્‌ભાવ સર્વને નામાન્તરે માન્ય છે, અને જેઓ નાસ્તિક છે તેઓ પોતાની મૂઢતાને જાણુતા નથી અને તે રીતે પણ શક્તિ મોહિનીના રૂપમાં તેને પાશબદ્ધ કરે છે. સ્વરૂપને ઓળખવામાં જેઓ મથે છે તેમને મોક્ષ આપનારી છે; દેહાદિ રૂપમાં આત્મબુદ્ધિ બાંધનારાને તે ધર્મને અવિરોધી કામ અને અર્થ આપનારી છે; અને જેઓ તેવી આત્મશકિતને નથી માનતા તેમને તેમના અજ્ઞાનના પ્રમાણુમાં પાશમાં અથવા બંધમાં રાખે છે આવી સમજણુ તાંત્રિકોની છે.

દરેક મંત્રના બીજાક્ષરમાંથી તે તે દેવતાનાં નામ, રૂપ, ગુણુ અને કર્મનો બોધ ઉપાસનાક્રમથી કરાવવામાં આવે છે. આ બોધક નકશાને **યંત્ર** કહે છે. કારણુ કે તે વડે દેવતાનું સર્વ સ્વરૂપ નિયંત્રિત થઇ મનમાં સમજાય છે. પ્રત્યેક દેવતાને લગતો **મંત્ર** અને **યંત્ર** હોય છે, અને તેની ઉપાસનાપદ્ધતિ જે ગ્રંથમાં આપી હોય તેને **તંત્ર** નામ આપવામાં આવે છે.

નાનામાં નાનું શકિતનું યંત્ર તે સબિંદુ ત્રિકોણ △ છે; મોટામાં મોટું વિશિષ્ટ યંત્ર **श्रीचक्र** છે. આ ગ્રંથના પરિશિષ્ટમાં નમુના તરીકે શ્રી યંત્રનું ચિત્ર આપ્યું છે. આ યંત્રો વસ્ત્ર ઉપર રંગ વડે અને ધાતુના પતરા ઉપર, સ્ફટિક ઉપર અથવા શાલિગ્રામ ઉપર કોતરીને કાઢવામાં આવે છે. તેની અંદર મંત્રના બીજોનો વિન્યાસ કરવામાં આવે છે. શકિતની સાધનામાં યંત્રનો પશુ, વીર, અને દિવ્ય અધિકારીઓ જૂદો જૂદો ઉપયોગ કરે છે. પશુઓ બાહ્ય જડ યંત્રોમાં, વીરો સ્ત્રીના શકિતમય શરીરમાં, અને દિવ્યો પોતાના શકિતમય દેહમાં યંત્ર-રચના રચી બાહ્ય અને આંતર યજન કરે છે. **भावनोपनिषद्**માં **नवरंध्ररूपो देहः। नवचक्ररूपं श्रीचक्रम्॥** એ પ્રમાણે દેહનું અને શ્રી ચક્રનું સામાનાધિકરણ્ય કરી શ્રી ચક્રપૂજનની ભાવનામયી પદ્ધતિ વર્ણવી છે. **तंत्रराज**ના **वासनापटल**માં પણ **श्रीविद्या**ની



અધ્યાત્મસાધના વર્ણવી છે. યંત્રસ્થ શકિતનું પૂજન શરીર વડે, વાણી વડે અને ધ્યાન વડે કરવામાં જે ક્રમ સાધવો જોઇએ તેનું સ્પષ્ટીકરણ **त्रिपुरातापिनी** તથા **भावना** ઉપનિષદમાં સામયિક મતાનુસાર આપ્યું છે.

---

## પ્રકરણ દશમું.

## શકિતપૂજનના પ્રકારો

---

**बालिकारचितवस्त्रपुत्रिकाक्रीडितेन सदृशं तदर्चनम्।**
**यत्र शाम्यति मनो न निर्मलं स्फीतचिज्जलधिमध्य माश्रितम्॥**

( અર્ચનાત્રિંશિકા )

પાછલા પ્રકરણોમાં શક્તિનું મૂલ અધ્યાત્મ સ્વરૂપ, તેને સમજવાની મંત્રવિદ્યા, અને તેને લગતી ઉપાસનાનાં યંત્રો, અને તેની સવિસ્તર સમજણુ આપનારાં તંત્રોનું સામાન્ય જ્ઞાન મેળવ્યા પછી શાક્ત સંપ્રદાયનું બાહ્ય રૂપ સમજવું જરૂરનું છે. દેવીના આંતરચિંતનને ઉપાસના કહે છે, અથવા અંતર્યાગ કહે છે; તેના બાહ્ય અર્ચનને બહિર્યાગ કહે છે. બહિર્યાગના આલંબન અથવા આધારને લીધા વિના અંતર્યાગની પદ્ધતિ ઘણાઓને સિદ્ધ થઈ શકતી નથી. બાહ્ય-યાગનાં પાંચ અંગો હોય છે: [૧]જપ, [૨]હોમ, [૩]તર્પણુ, [૪]માર્જન, અને [૫]બ્રહ્મભોજન. દેવીના સ્વરૂપના બોધક મંત્રને વાચક રીતિએ પુરશ્ચરણાદિ નિયમો વડે જપવો; તે મંત્રના જપની દશાંશ સંખ્યાનો અગ્નિનું સ્થાપન કરી હવિર્દ્રવ્ય વડે હોમ કરવો; દેવીનું પંચ દ્રવ્યના ઉપયોગ વડે પોતાના અધિકાર અનુસાર સંતર્પણુ કરવું; સંસારના સંસ્કારોનું માર્જન કરવું એટલે તેને ખસેડી નાંખી દેવીની ક્રમપૂર્વક

ચઢીઆતી ભાવના બાંધવી; અને પોતાના ન્યાયપુરઃસર મેળવેલા ધન વડે યથાશક્તિ બ્રાહ્મણોનું ભોજન કરવું–આ પાંચ અંગ વડે શાક્ત અધિકારી કાયિક અને વાચિક યજનક્રિયા કર્યા પછી માનસ અર્ચન અથવા અંતર્યાગનો અધિકારી બને છે. અંતર્યાગનાં પાંચ અંગો હોય છેઃ—(૧) પટલ, (૨) પદ્ધતિ, (૩) વર્મ, (૪) સ્તોત્ર, (૫) નામસહસ્ર. દેવીના સ્વરૂપબોધક મંત્રના અક્ષરો વડે પિંડના નાડીવ્યૂહમાં સવિસ્તર ભાવનાનું પટલ રચવું, એટલે કે મંત્રાક્ષરો વડે મૂલાધાર, સ્વાધિષ્ઠાન, મણિપુર, અનાહત, વિશુદ્ધ, આજ્ઞા અને સહસ્રદલમાં દેવીના સ્વરૂપની ભાવના ગોઠવી ચિત્તને શક્તિસંપન્ન બનાવવું તેને પટલ કહે છે. તે મંત્રપટલ વડે માનસ પાંચ અથવા સોળ ઉપચાર વડે આંતર યજન હૃદયાદિ પીઠમાં દેવીનું કરવું તેને પદ્ધતિ કહે છે; તે પ્રકારે નાડીવ્યૂહમાં અને હૃદયાદિ પીઠસ્થાનોમાં પટલ તથા પદ્ધતિ રચ્યા પછી વિદ્યાના એટલે ઇષ્ટ મંત્રના અક્ષરો વડે સ્થૂલ દેહ ઉપર કવચ રચી, દેવીનાં અનેક નામો વડે પિંડની રક્ષણ ભાવના બાંધવી તેને વર્મ અથવા કવચ કહે છે. ત્યાર પછી દેવીના મંત્રની સ્મૃતિ જાગ્રત રહે તેવા લઘુસ્તવી આદિ રહસ્યસ્તોત્ર વડે દેવીનું પરાક્રમ ગાવું અથવા ભજનકીર્તન કરવું; અને છેવટે દેવીના અનેક ગુણોમાંથી વિશેષ ધ્યાનમાં રાખવા લાયક હજાર ગુણોનાં બોધક નામો વડે આન્તર ભૂમિકામાં નમસ્કાર કરવો. શક્તિનાં દશ મુખ્ય રૂપોની બોધક દશ મહાવિદ્યાને લગતાં આ પાંચે અંગની ઉપાસનાના કલ્પગ્રંથો, અથવા પદ્ધતિગ્રંથો હોય છે.

આ અંતર્યાગ અને બહિર્યાગનાં પ્રત્યેકનાં પાંચ પાંચ અંગો નિત્યકર્મ રૂપે કરવાનાં હોય છે. નૈમિત્તિક અર્ચનપદ્ધતિમાં કુમારિકાપૂજન અને બટુકપૂજન શાક્તોમાં ખાસ લક્ષ્ય ખેંચનારૂં હોય છે. બે વર્ષથી માંડી દશ વર્ષ પર્યંતની ગમે તે જાતિની કુમારિકામાં શક્તિના સ્વરૂપની ભાવના બાંધી, તેમની બાહ્ય પાંચ અથવા



ષોડશ ઉપચારથી પૂજન કરવાની વિધિ હોય છે. બ્રાહ્મણ જાતિની જ કન્યા પૂજ્ય હોય એવો નિયમ નથી. શૂદ્ર અને અતિશૂદ્ર જાતિની કુમારિકાને બોલાવી, સ્નાન, આસન વિગેરે આપી, તેમનામાં શક્તિનું સચેતનરૂપ છે, એમ કલ્પી તેમનું મન પ્રસન્ન થાય તેવી રીતે આહાર, વસ્ત્ર, અલંકાર વિગેરે આપવામાં આવે છે. વીર અધિકારવાળા શાક્તો યુગ્મપૂજા કરે છે, એટલે દંપતીનો શિવશક્તિ રૂપે સત્કાર કરે છે; અને ચક્રપૂજન સમયે જાતિભેદ માનવામાં આવતો નથી. પંચમકારનો ઉપયોગ થાય છે, પરંતુ તે નિયમવિધિ વડે કરવાનો હોય છે. જેઓ નિયમવિધિનો ત્યાગ કરે છે, તેમને, જો પીઠાધિકારી યોગ્ય વિદ્યાવિનયસંપન્ન હોય છે તો, ચક્રપૂજનમાંથી બાતલ કરવામાં આવે છે, અને પશુ અધિકારમાં પાછો મોકલવામાં આવે છે.

નિત્ય અને નૈમિત્તિક પૂજનમાં યજનીય દેવીને ઘણે ભાગે પ્રતીક રૂપે લેવામાં આવે છે. એટલે કે કાં તો યંત્રમાં પીઠસ્થાપના કરી, અથવા માટીના છિદ્રવાળા ઘડામાં ઘીના દીપકની સ્થાપના કરી, અથવા એક બાજઠ ઉપર કેળના છોડ ચાર બાજુએ ગોઠવી, રેશમી વસ્ત્ર વીંટાળી, શિખર ઉપર દર્પણ ગોઠવી, તેમાં ગર્ભસ્થાને સબિંદુ ત્રિકોણ કંકુથી રચી, અથવા માટીના કુંડામાં ગાયના છાણ વડે અથવા શુદ્ધ માટી વડે પૂરણ કરી તેના ઉપર જલસિંચન કરી, તેમાં જવના દાણા નાંખી, જવારા ઉગાડી, દેવીનું પૂજન કરવામાં આવે છે. યંત્રપીઠમાં શક્તિની ભાવના બાંધવાનો ક્રમ પાછલા પ્રકરણમાં આવી ગયો છે. માટીના છિદ્રવાળા ઘડામાં દીપકની સ્થાપના તે નવરંધ્રરૂપ આપણા સ્થૂલ દેહમાં ચિન્મયી દેવીની સ્થાપનાનું સૂચક પ્રતીક છે; બાજઠ ઉપરની રચના માતૃકાની ભાવના આપનાર પ્રતીક છે; જવારાની રચના તે મંત્રાક્ષરનાં બીજકો દેવીની વિદ્યાનો પ્રસવ કેવી રીતે થાય છે તેનું સ્વરૂપ જણાવનાર પ્રતીક છે. જવારાના ખીલવા ઉપર શક્તિનો ઉપાસક પોતાના મંત્રના ખીલવાનું અનુમાન બાંધે છે.

દશ મહાવિદ્યા પૈકી કોઈપણ મહાવિદ્યાનું પ્રતીકપૂજન કરનાર પ્રસંગે દેવીની સ્થૂલ મૂર્તિની પણ પૂજા કરે છે. આ મૂર્તિ પણ પ્રત્યેક દેવીની જૂદી જૂદી હોય છે. તેનાં વાહન, આયુધો, તેની પરિવાર દેવતાઓ, તેનાં અંગ તથા પ્રત્યંગો, તેની મુદ્રાઓ શક્તિના રહસ્યનાં સ્ફોટક હોય છે. ઉદાહરણ તરીકે મહિષમર્દિની ચંડીની મૂર્તિ તે અજ્ઞાનરૂપ મહિષને મારનારી છે; તેને સિંહનું વાહન છે, એટલે તે પરતંત્ર પ્રાણીનો આશ્રય લેનારી નથી, પરંતુ સ્વતંત્ર અને બલવાન્ પ્રાણીને નિમિત્ત કરી, પોતાનું કાર્ય સાધે છે; તેની આઠે ભુજાનાં આયુધો પાપીનાં નાશ કરનારાં ચિતરવામાં આવે છે; તેની અભય અને વર મુદ્રાઓ ભક્તજનનું પરિપાલન કરવાનું સૂચવે છે–આ વિગેરે ભાવચિત્ર મૂર્તિમાં આલેખવામાં આવે છે. કેવલ મનુષ્ય-ભાવના આ મૂર્તિઓમાં ગુંથાએલી હોતી નથી, અને તેથી સ્થૂલ પ્રતિમાને બદલે સૂક્ષ્મ ભાવબોધક મૂર્તિ દેવીની રચવામાં આવે છે. ઘણા સ્થૂલ મૂર્તિને જ દેવી માને છે, અને અંદરના સૂક્ષ્મ ભાવને ઉકેલી શકતા નથી તેમાં શાક્તતંત્રોનો અથવા સંપ્રદાયનો દોષ નથી, પરંતુ ઉત્તમ શાકતગુરુના અભાવનું પરિણામ છે. શાકત તંત્રના અનુભવી ગુરુજનો આ સર્વ તંત્રનાં ઉપકરણોને સમજાવી શકે છે, અને જડ વસ્તુઓમાં ચેતનતા જગવી શકે છે.

મહાકાલીનું પણ રૂપ કર્પૂરાદિસ્તોત્રમાં રહસ્યભાવનું બોધક ઉકેલવામાં આવ્યું છે; અને આ ઉત્કીલન થયા પછી પ્રથમ દર્શને જે વિચિત્ર જુગુપ્સા જગવનાર કાલી દેખાય છે તે પરીક્ષકની દૃષ્ટિએ કેવલ્યપ્રદા આદ્યા શકિત છે, એમ સ્ફુરે છે.

પ્રત્યેક ધર્મ સમજણ વિના અપધર્મ, વિધર્મ, અથવા અધર્મ બની જાય છે. શૈવોમાં પણ કાપાલિકો અને અઘોરપંથીઓમાં ક્યાં અપધર્માદિ વિકૃતિ નથી? વૈષ્ણવોમાં પણ ક્યાં કામાદિ સ્વચ્છંદ-વિહાર અપધર્મરૂપે ઉભો થયો નથી? સૌરોમાં નગ્નવિહાર કરવાનું



ક્યાં ઉભું થયું નથી? ગાણપત્યોમાં ક્યાં ઉચ્છિષ્ટ ગણપતિની ભાવનામાં મેલી ક્રિયા થતી નથી? જ્યારે પંચાયતન દેવતાના ચાર દેવતાની શુદ્ધ ભાવના છતાં વિકૃત ભાવના સમજણના અભાવે ઉભી થઈ છે, તો એકલા શાક્તોની વિકૃત ભાવનાની નિંદા કરવા તત્પર શા સારૂ થવું જોઇએ? ધર્મને સિદ્ધાન્તાનુસાર આચારમાં ઉતારવો તે આચાર્યનું કર્તવ્ય છે; ધર્મનું સ્વરૂપ સમજી, આચારમાં મૂકવા માગનારે સામાન્ય જ્ઞાન અને અંધશ્રદ્ધાનો ત્યાગ કરી, પ્રૌઢ શ્રદ્ધા ધારણ કરી, યોગ્ય ગુરુજનને ગુરુભાવે ભજવા જોઇએ, અને અયોગ્ય પુરુષોનો સત્કાર કરવો જોઇએ નહિ. શાક્તતંત્રમાં તો એટલે સુધી કહ્યું છે કે ઉદ્દામ ગુરુનું શિષ્યે શાસન કરવું, અને તેમાં ગુરુદ્રોહ નથી, પરંતુ સંપ્રદાયશુદ્ધિનું પુણ્ય છે.

કુમારિકા તથા દંપતીપૂજન ઉપરાંત શાકતોમાં પોતાની શકિતનું પૂજન કરવાનું વિધાન હોય છે. પુરુષ જે ક્રમથી સાધના કરવા માગતો હોય તે જ ક્રમથી પોતાની પત્ની સાધના લઈ પોતાને મદદગાર થાય એવી રીતે પત્નીને દીક્ષિત કરવાનો વિધિ છે. સ્વકીયા શકિતને દીક્ષાના ક્રમથી સંસ્કાર આપ્યા પછી તેને નિત્ય નૈમિત્તિક કર્મમાં અધિકાર મળે છે. પ્રસંગે પરસ્ત્રી જો દીક્ષિત હોય તો તેનો પણ સહાયક તરીકે સ્વીકાર થાય છે, પરંતુ તેમાં કેવલ પૂજ્યભાવ બાંધવાનું વિધાન હોય છે; ભોગ્યભાવ બાંધવાની મનાઈ છે. જો ભોગ્યભાવ બાંધે છે તો તેને પતિત માનવામાં આવે છે. ઘણે ભાગે સ્વકીયા સ્ત્રીમાં પણ શકિતપૂજન આદ્ય ઋતુસમયે કરવામાં આવે છે, જેથી યાવજ્જીવ પુનઃસંસ્કારની જરૂર પડતી નથી. આ પ્રકારનું શકિતપૂજન રામકૃષ્ણ પરમહંસના જીવનમાં આપણને સ્વીકારાયેલું જાણવામાં આવ્યું છે; અને મારા જાણવામાં કેટલાંક યુગ્મો શુદ્ધ શાકત આગમ પ્રમાણે દીક્ષિત થઈ ઊંચા અધિકારમાં આવ્યાં છે. એટલે શકિતપૂજન અને શકિતસંગમ, જેને લતાસાધન કહે છે, તે કંઈ સ્વેચ્છાવિહાર નથી, પરંતુ આત્મશોધનના પ્રકારોમાં એક

ઉપયોગી સાધન તરીકે શાક્તોએ સ્વીકારેલો પ્રકાર છે. સ્વકીયા શકિતને દીક્ષાના ક્રમથી પવિત્ર કરવાનો વિધિ છે; અને તેવી સ્ત્રી પ્રસંગે પતિની પણ તારિણી બને છે.‡

શકિતપૂજન સચેતન કુમારિકા, સુવાસિની સ્ત્રી, અને આત્મપત્નીમાં કરવાનો વિધિ સમજ્યા પછી, અચેતન પદાર્થોમાં શકિત-પૂજાની પ્રથા વિચારવા યોગ્ય છે. અચેતન પદાર્થોમાં ઉપર આપણે કેટલાંક પ્રતીકોનું વર્ણન કર્યું છે, એટલે કે માટીના ઘડામાં દીવો મૂકવાનું, બાજઠ ઉપર રેશમી વસ્ત્ર કરી, દર્પણ ગોઠવી, માતાનું શરીર રચવાનું, જવારા વાવવાનું–વિગેરે અનેક રીતે શકિતનાં પ્રતીકો અથવા ચિહ્નો રચવાના પ્રકારો હોય છે. પરંતુ આ સર્વમાં સમાયેલા હેતુને સામાન્ય શકિતપૂજકો સમજતા નથી. પરંતુ શકિતનું આ સ્થૂલભાવનું પૂજન શકિતના સ્થૂલ આવિર્ભાવની પ્રક્રિયા ઉપર બંધાયેલું છે. અધ્યાત્મ ચિચ્છકિત, અધિદૈવ માયાશકિતના રૂપમાં પલટાયા પછી અધિભૂત પ્રકૃતિશકિતમાં પ્રકટ થાય છે. પ્રકૃતિના અથવા કુદરતના સર્વ વ્યતિકરો આ પ્રકૃતિશકિતનાં વિવિધ રૂપાન્તરો છે. આ રૂપાન્તરો વડે જે જે બનાવો બને છે તેને પ્રકૃતિકારણવાદિઓ નૈસર્ગિક પરિણામો માને છે, પરંતુ શાક્તો અંતર્યામીની પ્રેરણા-સત્તાના વિવર્તો માને છે. જો મૂલ કારણ વિશ્વનું સચેતન હોય તો આ વિશ્વના સર્વ વ્યતિકરો તે અંતર્યામી કારણના સંકલ્પાનુસાર થાય છે એમ માનવું પડે છે. આ સંકલ્પ આદ્ય પ્રેરણા રૂપ હોય અને પછીના પરિણામો પ્રવાહ રૂપે નિયત ક્રમથી ચાલતા હોય. બાહ્ય ક્રિયા અને આંતરક્રિયા સર્વ જડ અજડ પદાર્થોમાં ચાલ્યાં જ

---

‡ જુઓઃ–पत्नीं मनोरमां देहि मनोवृत्तानुसारिणीम्।
तारिणीं दुर्गसंसारसागरस्य कुलोद्भवाम्॥
(अर्गलास्तुति)
પત્ની સંબંધી આવી ઉંચી ભાવના વૈદિકોમાં ભાગ્યે જ મળશે.



કરે છે. પ્રયત્નજન્ય અથવા ઇચ્છાજન્ય ક્રિયાને આપણે સચેતન કર્મ કહીએ, અને જેમાં પ્રયત્ન અથવા ઇચ્છાનો વેગ સ્વયંભૂ નથી એવા પદાર્થોની ક્રિયાને આપણે જડ અથવા અચેતન કર્મ કહીએ. લોકવ્યવહારમાં સચેતન કર્મ અને અચેતન કર્મ એવા વિભાગ પાડી શકીએ, પરંતુ શાસ્ત્રવ્યવહારમાં મૂલ કર્મનું પ્રેરણ સચેતન વર્ગનું જ હોય છે. આ કારણથી સેશ્વરસાંખ્યમતમાં તથા અદ્વૈત-દર્શનમાં ક્રિયાનું વૈચિત્ર્ય પ્રકૃતિમાં દેખાતાં છતાં તેનું નિમિત્ત કારણ પુરુષ અથવા બ્રહ્મમાં માનવામાં આવે છે. આ પ્રમાણે વસ્તુસ્થિતિ છે તેનો સ્વીકાર શાક્તોએ કરેલો છે. તેઓ પ્રકૃતિના સર્વ પરિણામો અને વિકારો મૂલ શકિતના બલ વડે થતા માને છે. જ્યારે પ્રકૃતિ-શકિતનો ચિન્મયી શકિત સાથેનો સંબંધ વિસરાય છે, ત્યારે આ વિશ્વ જડવાદના પાશમાં ગુંચાય છે. જડ જણાતા પદાર્થોમાં અજડ શકિતના આવિર્ભાવો થાય છે, અને તેવા આવિર્ભાવોને શાક્તો પૂજ્ય માને છે. સૃષ્ટિના આદ્ય કારણને **સત્** એવી છાન્દોગ્ય ઉપનિષદ્‌માં સંજ્ઞા આપવામાં આવી છે. આ સદ્ વસ્તુને લગતી જગદાકાર દેખાડનારી શકિતને **સતી** એવી સંજ્ઞા આપવામાં આવે છે. ચિન્મયી શકિત બ્રહ્મસ્વરૂપમાં અવ્યકત દશામાં રહેલાં નામ, રૂપ અને કર્મનું વ્યાકરણ એટલે વિકાસ કરે છે, અને અવ્યકત છે તે વ્યકત થાય છે. આ આદ્ય સ્ફુરણ કરનારી પારમેશ્વરી શકિતનો પ્રકૃતિ રૂપે પ્રથમ આવિર્ભાવ થયાનું વર્ણન પુરાણોમાં અને તંત્રોમાં દક્ષયજ્ઞ અને સતીની આખ્યાયિકામાં કરવામાં આવ્યું છે.

સૃષ્ટિના આરંભનું વર્ણન કર્યા પછી મહાભારતના આદિ-પર્વમાં અને અનેક પુરાણોમાં પ્રજાપતિની સૃષ્ટિનાં વર્ણનો આવે છે. તેમાં દક્ષ પ્રજાપતિને ત્યાં ઘણી કન્યાઓ થઈ તેમાં દશ ધર્મને પરણાવી, સત્તાવીસ કન્યાઓ ચંદ્રને પરણાવી, અને **સતી**ને શિવ સાથે પરણાવી. સતી શિવ સાથે વર્યા ત્યાર પછી કૈલાસ ગયાં, અને પોતાના સ્વાભાવિક આનંદમાં મગ્ન થયાં અને પિતાના ઘરને અને વૈભવને

ભૂલી ગયાં. દક્ષને આ ઉન્મત્ત અથવા ગાંડા ગરીબના જોડા ઉપર ગુસ્સો આવ્યો, અને પોતાને ત્યાં મોટો યજ્ઞ કર્યો, ત્યારે સતીને અને જમાઈ (શિવ)ને નિમંત્રણ મોકલ્યું નહિ. **દક્ષ** (વ્યવહારમાં ડાહ્યા) પ્રજાપતિને પોતાની પુત્રી **સતી**નો અને તેના કલ્યાણમય પતિ શિવનો મહિમા બીલકુલ સમજાયો નહિ, અને ઉલટો બંને પ્રતિ તિરસ્કાર દર્શાવ્યો. જામાતાને નિમંત્રણ કરવામાં પોતાને હીણપદ લાગે એવા ભાવનાં વાક્યો દક્ષે ઉચ્ચાર્યાં. આ વાક્યોમાં પ્રત્યક્ષ નિંદા અને પરોક્ષ રીતે શિવનો મહિમા વેદવ્યાસે ગાયો જણાય છે:—

દક્ષ કહે કેઃ—“ શિવ મારા પિતાના કરતાં પણ ઘરડો છે. તેનામાં કોઈ પણ ગુણ નથી; તે ભટકતો છે; એને રહેવાનું સ્થાન નથી; તે વ્યસની હોઈ મત્ત રહે છે; તેને માનઅપમાનનું ભાન નથી; તેને પુણ્યઅપુણ્યનો અથવા શુભઅશુભનો વિવેક નથી; તેને અવિદ્યાવિદ્યા સરખાં છે; તે કોઈ પણ ધર્મને માનતો નથી; તે કોઈ કર્મનું અનુષ્ઠાન કરતો નથી; ચંદન અને રાખોડીને સરખાં માને છે; તેને મ્લેચ્છ, બ્રાહ્મણ, કૂતરો, અને પોતાની જાત સરખી લાગે છે; સ્વર્ગ અને સ્મશાન સરખાં ગણી ગાંડા તરીકે સ્મશાન ભૂમિમાં પડી રહે છે; દુઃખમાં તેને સુખ ભાસે છે; સુખમાં તેને દુઃખ લાગે છે; મરણ પછી શું થશે તેનો એને ભય નથી; કોઈ જાણતું નથી કે તે કઈ જ્ઞાતિનો છે; તે કોઇને માન આપતો નથી; તેને બ્રાહ્મણ ગણી શકાય તેમ નથી, કારણ કે વૈદિક ધર્મક્રિયાની મર્યાદા બહાર છે; તેને ક્ષત્રિય કહેવાય તેમ નથી, કારણ કે તે જટાધારી અને રાખોડી ચોળનાર છે; તેને વૈશ્ય ગણાય તેમ નથી, કારણ કે તે જમીન ખેડતો નથી અને વ્યાપાર કરતો નથી; તેને શૂદ્ર પણ ગણાય તેમ નથી, કારણ કે ત્રૈવર્ણિક પ્રજાની પૂજા સ્વીકારે છે; અને સાપનું જનોઈ પહેરે છે, જ્યારે ખરો શૂદ્ર પોતાની મર્યાદા પાળે છે અને જનોઇ ધારણ કરતો નથી; તે ગૃહસ્થ નથી કારણ કે ભીખ માગી પેટ ભરે છે; તે સંન્યાસી નથી, કારણ કે



સતીને અખંડ સંબંધમાં રાખે છે; તેને વની અથવા યોગી કહેવાય તેમ નથી; કારણ કે તે અરણ્યમાં રહેતો નથી, પરંતુ કૈલાસના શિખર ઉપર રહે છે; તેને બ્રહ્મચારી કહેવાય તેમ નથી, કારણ કે અનેક દાસીઓ સાથે તે રમે છે.”

આ સર્વ દોષોની ભાવનામાં સાચા ગુણો રહેલા છે તે સતી જાણે છે, અને દક્ષ જાણતા નથી. તેથી દક્ષની અવળી મતિને લીધે આ આદ્ય જગતનાં જનક અને જનનીના જોડાનો તિરસ્કાર થતો જોઈ નારદાદિ મહર્ષિઓને ચિન્તા થાય છે. સતીએ હેતુપુરઃસર પિતાને ઘેર જવાનો નિશ્ચય કર્યો. એમ કહેવામાં આવે છે કે પિતાને ઘેર નિમંત્રણ વિના જતાં પહેલાં શક્તિએ પોતાનાં દશ રૂપો શિવ આગળ ખડાં કર્યાં, અને પ્રત્યેક રૂપને મહાવિદ્યાનું નામ આપ્યું, અને શિવને તે વિદ્યાઓ સ્વાધીન કરી, પોતે પિતાને ઘેર નંદી સાથે ગયાં. વગર બોલાવ્યે ગયેલાં સતીનો અનાદર થયો અને દક્ષે કહ્યું કે “ સઘળા જગતના રાજાની દીકરી આવી ભીખારી દશામાં મારે ત્યાં આવી તેથી મને લાંછન લાગે છે. તું વિધવા થઈને આવી હોત તો હું તારૂં પાલન કરત. જ્યાં સુધી તારો ગાંડો પતિ જીવે છે ત્યાં સુધી હું તારૂં મોં જોવા માગતો નથી. ”

આ વચનો સાંભળતાં સતીએ સ્વેચ્છાથી પ્રાણત્યાગ કર્યો. નંદીએ શિવને આ માઠાં પરિણામની ખબર કહી. શિવનું શાન્ત રૂપ બદલાઈ ભૈરવ રૂપ થયું. દક્ષના યજ્ઞનો ધ્વંસ થયો. નંદીએ દક્ષનું માથું કાપી યજ્ઞકુંડમાં નાંખ્યું. દક્ષની પત્ની પ્રસૂતિના પ્રલાપથી પીગળી, શિવે દક્ષને પુનર્જીવન આપ્યું; અને સતીના શબને ખભે નાંખી, ગમગીનીમાં ચાલ્યા ગયા. આ પ્રસંગ કનખલ ક્ષેત્ર આગળ બન્યો.

શિવના ઉન્મત્ત ભૈરવવેશમાં સતીના શબને લઈ ફરવાથી ભૂમંડળમાં ભારે ક્ષોભ થયો. પુરાણો કહે છે કે વિષ્ણુએ પોતાના ચક્રને છોડી, સતીના દેહના શિવને ખબર ન પડે તેવી રીતે, કકડા

કર્યાં, અને ખભા ઉપરનો ભાર હલકો થવાથી ઉન્મત્ત ભૈરવને ભાન આવ્યું; અને પોતાના મૂલ શાન્ત સ્વરૂપમાં ઠરી જઈ, કૈલાસમાં પાછા ગયા. સતીના શબનાં બાવન અવયવોના કકડા જ્યાં જ્યાં પડયા ત્યાં ત્યાં શક્તિનાં પીઠો થયાં, અને ત્યાં ત્યાં શિવ પોતાના બાવન અંશમાં રહ્યા. મંત્રચૂડામણિતંત્ર પ્રમાણે બાવન મહાપીઠો પશ્ચિમથી પૂર્વ તરફ સતીના શબનાં અવયવો પડયાનું વર્ણન સમજાય છે; અને તે બાવન મહાપીઠો શાક્તતીર્થો મનાય છે.

ભગવતી ભાગવતના સપ્તમ સ્કંધમાં શક્તિપૂજાનાં સ્થાનોનો નિર્દેશ છે, અને દેવીનાં ૧૦૮ નામો આપ્યાં છે. તેમાં કેટલાંક ભૂલોકનાં પ્રત્યક્ષ સ્થાનો છે, કેટલાંક પિંડમાં અધ્યાત્મસ્થાનો છે, જેમ કે ચિત્તમાં "બ્રહ્મકલા," સર્વ પ્રાણીવર્ગમાં "શક્તિ", જ્ઞાનીના હૃદયમાં "હલ્લેખા"નું ચિન્તન કરવાનું વિધાન છે.

શાક્ત પીઠોની ગણના વિવિધ પ્રકારે થયેલી જણાય છે. મંત્રચૂડામણિમાં બાવન મહાપીઠો ગણાવ્યાં છે, અને દેવી ગીતાના પ્રકરણના આઠમા અધ્યાયમાં ૭૨ પીઠો ગણાવ્યાં છે, તેનું કોષ્ટક નીચે પ્રમાણે છેઃ—

| ૧૦૮ પીઠો | | | ૭૨ પીઠો | | |
|---|---|---|---|---|---|
| | દેવીનું નામ | સ્થાન | | દેવીનું નામ (૧૦૮ મા કયા અંકમાં આવે છે) | સ્થાન |
| ૧ | વિશાલાક્ષી | કાશી | ૧ | લક્ષ્મી(૫૯તથા૭૯) | કોલ્હાપુર |
| ૨ | લિંગધારિણી | નૈમિષારણ્ય | ૨ | રેણુકા | માતૃપુર (સહ્યાદ્રિમાં) |
| ૩ | લલિતા | પ્રયાગ | ૩ | તુલજા | તુલજાપુર |
| ૪ | કામુકી | ગંધમાદન | ૪ | સપ્તશ્રુંગી | સપ્તશ્રુંગ (નાસિકથી પચીસ માઇલ ઉપર) |
| ૫ | કુમુદા | દક્ષિણ માનસ | ૫ | હિંગુલા | હિંગલાજ |
| ૬ | વિશ્વકામા | ઉત્તર માનસ | ૬ | જ્વાલામુખી | |
| ૭ | ગોમતી | ગોમત પર્વત | ૭ | શાકંભરી | (રજપુતાનામાં) |
| ૮ | કામચારિણી | મંદરાચલ | ૮ | ભ્રામરી (ભ્રમરાંબા) | (શ્રી શૈલમાં) |
| ૯ | મદોત્કટા | ચૈત્રરથ | ૯ | રક્તદંતિકા | |
| ૧૦ | જયન્તી | હસ્તિનાપુર | ૧૦ | દુર્ગા | |
| ૧૧ | ગૌરી | કનોજ | ૧૧ | વિંધ્યવાસિની(૫૮) | વિંધ્યાચલ |
| ૧૨ | રંભા | મલયાચલ | ૧૨ | અન્નપૂર્ણા | ? |
| ૧૩ | કીર્તિમતિ | એકાગ્રપીઠ | ૧૩ | કાંચી | કાંચીપુર |
| ૧૪ | વિશ્વેશ્વરી | વિશ્વક્ષેત્ર | ૧૪ | ભીમાદેવી (૮૫) | |
| ૧૫ | પુરુહૂતા | પુષ્કર | ૧૫ | વિમલા (૩૪) | |
| ૧૬ | સન્માર્ગદાયિની | કેદાર | ૧૬ | ચંદ્રલા (૪૪) | કર્ણાટકમાં |
| ૧૭ | મંદા | હિમાલયપૃષ્ઠ | ૧૭ | કૌશિકી | |
| ૧૮ | ભદ્રકર્ણિકા | ગોકર્ણ (ગોવા) | ૧૮ | નીલામ્બા | નીલપર્વત |
| ૧૯ | ભવાની | સ્થાનેશ્વર | ૧૯ | જાંબુનદેશ્વરી | |
| ૨૦ | બિલ્વપત્રિકા | બીલ્વા | ૨૦ | શ્રી | શ્રીનગર |
| ૨૧ | માધવી | શ્રીશૈલ | ૨૧ | ગુહ્યકાલી (૨૬ ?) | નેપાલ |
| ૨૨ | ભદ્રા | ભદ્રેશ્વર | ૨૨ | મીનાક્ષી | ચિદંબરહાલારયનાથ |
| ૨૩ | જયા | વરાહશૈલ | ૨૩ | સુંદરી (૪૦ ?) | વેદારણ્ય |
| ૨૪ | કમલા | કમલાલય | ૨૪ | પરાશક્તિ (એકામ્બરા) | પુરીપાસે |
| ૨૫ | રુદ્રાણી | રુદ્રકોટિ | ૨૫ | મહાલયા | દક્ષિણમાંમલ્લારી |
| ૨૬ | કાલી | કાલંજર | ૨૬ | યોગેશ્વરી | યોગેશ્વરી ગુફા(?) |
| ૨૭ | મહાદેવી | શાલગ્રામ | ૨૭ | નીલસરસ્વતી | ચીન |
| ૨૮ | જલપ્રિયા | શિવલિંગ | ૨૮ | બગલા | વૈદ્યનાથ |
| ૨૯ | મહાલિંગા | કપિલા | ૨૯ | ભુવનેશ્વરી | મણિદ્વીપ |
| ૩૦ | મુકુટેશ્વરી | માકોટ | ૩૦ | કામાક્ષી | કામરૂપ(આસામ) |
| ૩૧ | કુમારી | હરિદ્વાર | ૩૧ | ગાયત્રી (૯૯) | પુષ્કર |

| | | | |
|---|---|---|---|
| ૩૨ લલિતામ્બિકા | સંતાન | ૩૨ ચંડિકા(૬૮) | અમરેશ્વર |
| ૩૩ મંગલા | ગયા | ૩૩ પુષ્કરેક્ષિણી(૭૦) | પ્રભાસ |
| ૩૪ વિમલા | પુરુષોત્તમ (પુરી) | ૩૪ લિંગધારિણી(૨) | નૈમિષારણ્ય |
| ૩૫ ઉત્પલાક્ષી | સહસ્રાક્ષ | ૩૫ પુરુહૂતા(૧૫) | પુષ્કરાક્ષ |
| ૩૬ મહોત્પલા | હિરણ્યાક્ષ | ૩૬ રતિ (૫૦ ?) | આષાઢી |
| ૩૭ અમોઘાક્ષી | વિપાશા | ૩૭ ચંડમુડિ (દંડિની) | મહાસ્થાન |
| ૩૮ પાટલા | પુંડ્રવર્ધન | ૩૮ ભૂતિ | ભારભૂત(ભાડભૂત?) |
| ૩૯ નારાયણી | સુપાર્શ્વ | ૩૯ નાકુલી | નાકુલ(નર્મદાતટે) |
| ૪૦ રુદ્રસુંદરી | ત્રિકૂટ | ૪૦ ચંદ્રિકા(૪૪) | હરિશ્ચંદ્ર |
| ૪૧ વિપુલા | વિપુલ | ૪૧ શાંકરી(૨૧માધવી?) | શ્રીગિરિ |
| ૪૨ કલ્યાણી | મલયાચલ | ૪૨ ત્રિશૂલા | જ્યેશ્વર |
| ૪૩ એકવીરા | સહ્યાદ્રિ | ૪૩ સૂક્ષ્મા | આમ્રાતકેશ્વર |
| ૪૪ ચંદ્રિકા | હરિશ્ચંદ્ર | ૪૪ શાંકરી(૭૬ ?) | મહાકાલ |
| ૪૫ રમણા | રામતીર્થ | ૪૫ શર્વાણી | મધ્યપ્રદેશ |
| ૪૬ મૃગાવતી | યમુના | ૪૬ માર્ગદાયિની(૧૬) | કેદાર |
| ૪૭ કોટવી | કોટિતીર્થ | ૪૭ ભૈરવી | ભૈરવ |
| ૪૮ સુગંધા | માધવવન | ૪૮ મંગળા(૩૩) | ગયા |
| ૪૯ ત્રિસંધ્યા | ગોદાવરી | ૪૯ સ્થાણુપ્રિયા | કુરુક્ષેત્ર |
| ૫૦ રતિપ્રિયા | ગંગાદ્વાર | ૫૦ સ્વાયંભુવી | નાકુલ |
| ૫૧ શુભાનંદા | શિવકુંડ | ૫૧ ઉગ્રા | કનખલ |
| ૫૨ નંદિની | દેવીકોટ | ૫૨ વિશ્વેશા(૧૪) | વિમલેશ્વર |
| ૫૩ રુક્મિણી | દ્વારકા | ૫૩ મહાનંદા | અટ્ટહાસ |
| ૫૪ રાધા | વૃંદાવન | ૫૪ મહાંતકા | મહેન્દ્ર |
| ૫૫ દેવકી | મથુરા | ૫૫ ભીમેશ્વર(૮૫) | વસ્ત્રાપથ (દક્ષિણમાં) |
| ૫૬ પરમેશ્વરી | પાતાલ | ૫૬ ભવાની શાંકરી(૧૯) | અર્ધ કોટિક |



| | | | |
|---|---|---|---|
| ૫૭ સીતા | ચિત્રકૂટ | ૫૭ રુદ્રાણી(૨૫) | રુદ્રકોટિ |
| ૫૮ વિંધ્યવાસની | વિંધ્યાચલ | ૫૮ વિશાલાક્ષી | કાશી વિમુક્ત (૧૪?) |
| ૫૯ મહાલક્ષ્મી | કરવીર | ૫૯ મહાભાગા(૭૩) | મહાલય |
| ૬૦ ઉમાદેવી | વિનાયક | ૬૦ ભદ્રકર્ણી(૧૮) | ગોકર્ણ |
| ૬૧ આરોગ્ય | વૈદ્યનાથ | ૬૧ ભદ્રા(૨૨) | ભદ્રકર્ણક |
| ૬૨ મહેશ્વરી | મહાકાલ | ૬૨ ઉત્પલાક્ષી(૩૫) | સુવર્ણાક્ષ |
| ૬૩ અભયા | ઉષ્ણતીર્થ | ૬૩ સ્થાણ્વીશા(૧૯) | સ્થાણુ |
| ૬૪ નિતંબા | વિંધ્યપર્વત | ૬૪ કમલા(૨૪) | કમલાલય |
| ૬૫ માંડવી | માંડવ્ય | ૬૫ પ્રચંડા(૬૭) | છગલંડક (દક્ષિણ સમુદ્ર) |
| ૬૬ સ્વાહા | માહેશ્વરપુરી | ૬૬ ત્રિસંધ્યા(૪૯) | કુરુંડલ |
| ૬૭ પ્રચંડા | છગલંડ | ૬૭ મુકુટેશ્વરી(૩૦) | માકોટ |
| ૬૮ ચંડિકા | અમરકંટક | ૬૮ શાંડકી | મંડલેશ |
| ૬૯ વરારોહા | સોમેશ્વર | ૬૯ કાલી(૨૬) | કાલંજર |
| ૭૦ પુષ્કરાવતી | પ્રભાસ | ૭૦ ધ્વનિ | શંકુકર્ણ |
| ૭૧ દેવમાતા | સરસ્વતી | ૭૧ સ્થૂલા | સ્થૂલકેશ્વર |
| ૭૨ પારાવારા | સમુદ્રતટ | ૭૨ હલ્લેખા(૧૦૭) | જ્ઞાનીનું હૃદયાંબુજ |
| ૭૩ મહાભાગા | મહાલય | | |
| ૭૪ પિંગલેશ્વરી | પયોષ્ણી | | |
| ૭૫ સિંહિકા | કૃતશાચ | | |
| ૭૬ અતિશાંકરી | કાર્તિક | | |
| ૭૭ લોલા | ઉત્પલાવર્તક | | |
| ૭૮ સુભદ્રા | શોણસંગમ | | |
| ૭૯ લક્ષ્મી | સિદ્ધવન | | |
| ૮૦ અનંગા | ભરતાશ્રમ | | |

| | |
|---|---|
| ૮૧ વિશ્વમુખી | જાલંધર |
| ૮૨ તારા | કિષ્કિંધ |
| ૮૩ પુષ્ટિ | દાસવન |
| ૮૪ મેધા | કાશ્મીર |
| ૮૫ ભીમા | હિમાલય |
| ૮૬ તુષ્ટિ | વિશ્વેશ્વર |
| ૮૭ ધરા | શંખોદ્ધાર |
| ૮૮ ધૃતિ | પિંડારક |
| ૮૯ કલા | ચંદ્રભાગા |
| ૯૦ શિવધારિણી | અચ્છોદ |
| ૯૧ અમૃતા | વેણા |
| ૯૨ ઉર્વશી | બદરીકાશ્રમ |
| ૯૩ ઔષધિ | ઉત્તરકુરુ |
| ૯૪ કુશોદિકા | કુશદ્વીપ |
| ૯૫ મન્મથા | હેમકૂટ |
| ૯૬ સત્યવાદિની | કુમુદ |
| ૯૭ વંદનીયા | અશ્વત્થ |
| ૯૮ નિધિ | કુબેરસ્થાન |
| ૯૯ ગાયત્રી | વેદમુખ |
| ૧૦૦ પાર્વતી | સદાશિવ |
| ૧૦૧ ઇંદ્રાણી | દેવલોક |
| ૧૦૨ સરસ્વતી | બ્રહ્મમુખ |
| ૧૦૩ પ્રભા | સૂર્યબિમ્બ |
| ૧૦૪ વૈષ્ણવી | માતૃગણ |
| ૧૦૫ અરુંધતી | સતીગણ |
| ૧૦૬ તિલોત્તમા | સ્ત્રીગણ |
| ૧૦૭ બ્રહ્મકલા | ચિત્ર |
| ૧૦૮ શક્તિ | સર્વપ્રાણીવર્ગ |



મહાર્થમંજરી નામના ત્રિકદર્શનના ગ્રંથમાં આ બાહ્ય અધિભૂત શક્તિપીઠોને બદલે ઉપાસનામાં ઉપયોગી થાય એવાં પાંચ પીઠની ભાવના આપી છે. આપણો પિંડ પૃથિવ્યાદિ પાંચ તત્ત્વોથી ઘડાયેલો છે. તે પાંચ તત્ત્વો શાક્તોના પંચમકારને સ્થાને છે, એમ આપણે આઠમા પ્રકરણમાં વિચારી ગયા છીએ. આ પાંચ તત્ત્વોથી ઘડાયેલાં મૂલાધારમાં માતૃકાપીઠ, સ્વાધિષ્ઠાનમાં કુંડલીપીઠ, મણિપુરમાં ક્રિયાપીઠ, અનાહતમાં મુદ્રાપીઠ, અને વિશુદ્ધમાં વ્યોમપીઠ–એવાં પાંચ શક્તિ-પીઠોની ભાવના કરવી, અને અનુક્રમે પૃથ્વી, જલ, તેજ, વાયુ અને આકાશના મંડળની ધારણા તે તે પીઠમાં કરવી અને પૂજનસામગ્રી તરીકે અનુક્રમે ગંધ, નૈવેદ્ય, દીપ, ધૂપ અને પુષ્પના ઉપચારો કરવા.

ઉપરનાં મહાપીઠો તે શાક્તોનાં તીર્થ ગણાય છે. શાક્તોનાં વ્રતોમાં કૃષ્ણ અષ્ટમી, આશ્વિન શુકલ પક્ષની તથા ચૈત્ર શુકલપક્ષની નવરાત્રિઓ, તથા અમાવાસ્યા અને પૂર્ણિમા મુખ્ય તિથિઓ ગણાય છે. તે વ્રતચર્યાના દિવસોમાં નૈમિત્તિક પૂજન તથા ચક્રપૂજન પણ થાય છે.

સતીનો બીજો આવિર્ભાવ પુરાણોમાં અને તંત્રમાં હિમાલયને ત્યાં ઉમાના શરીરમાં થયો છે. તે આવિર્ભાવ ઉપર કામદહન અને કામના પુનર્જીવનની ભાવના ઉભી કરી, શિવ-પાર્વતીનો લગ્નપ્રસંગ વર્ણવી, કાર્તિકેય અથવા કુમારના જન્મનું વર્ણન રચાયું છે; અને કવિ કાલિદાસે આ પ્રસંગને વસ્તુરૂપે લઈ **कुमारसंभव** કાવ્ય રચ્યું છે; ઉપનિષદ્‌સમયમાં ઉમા હૈમવતીની શક્તિ તરીકે ભાવના સિદ્ધ થઈ ચૂકી હતી એમ **केनोपनिषद्**થી સમજાય છે.

આ બે મુખ્ય અવતારો ઉપરાંત શક્તિના ઘણા ગૌણ આવિ-ર્ભાવો દેવીમાહાત્મ્યમાં વર્ણવાયા છે. પુરાણોમાં એવી પણ કલ્પના છે કે જ્યારે જ્યારે વિષ્ણુના અવતારો થાય છે ત્યારે શક્તિના પણ આવિર્ભાવો થાય છે. કૃષ્ણાવતારમાં પણ તેમ થયું હતું.

પ્રત્યેક આવિર્ભાવમાં શક્તિ અમુક પાપી અસુર અથવા

દૈત્યને મારે છે, એવી ભાવના ગુંથવામાં આવી છે. સપ્તશતીમાં શુંભ, નિશુંભ, અને મહિષાસુરના વધ ચંડીએ કર્યા છે. તારકાસુરના વધ અર્થે કુમાર ઉત્પન્ન કરવા પાર્વતીનો શિવ સાથેનો યોગ વર્ણવાયો છે. બ્રહ્માણ્ડપુરાણમાં લલિતાદેવીએ ભંડાસુરનો વધ કર્યાનું વર્ણન છે.

આ સઘળાં આખ્યાનો દેવીના ચરિત્રનું રૂપક દ્વારા વર્ણન કરનારાં છે અને પ્રત્યેકમાં અધ્યાત્મ રહસ્ય રહેલું છે એમ ભાસ્કરરાયની સપ્તશતી ઉપરની ગુપ્તવતી ટીકા તથા લલિતાસહસ્ર નામ ઉપરની સૌભાગ્યભાસ્કર ટીકા ઉપરથી સારી રીતે સમજાય છે.

રૂપકના અધ્યાત્મભાવો દિવ્યાધિકારીને અર્થે છે. સામાન્ય જનો જેઓ શક્તિના મહિમાને સાંભળે છે તેમને શકિત પ્રતિ ભકિતનાં અંકુરો જાગે છે. તે તે સ્થાનોનાં પીઠોને તીર્થરૂપે જાણી પોતાના મનનું શોધન કરે છે.

ગુજરાતનાં શાકતપીઠોમાં મુખ્ય અંબિકાપીઠ આરાસુરમાં છે; કાલિકાપીઠ પાવાગઢમાં તથા ગિરનારમાં છે. કાઠીઆવાડમાં પ્રભાસક્ષેત્ર, પિંડતારકક્ષેત્ર જાણીતાં છે. કૌલગિરિપીઠ તે હાલ કોયલા નામે પ્રસિદ્ધ છે તેમાં હરસિદ્ધિદેવી છે; અને તે જામનગર રાજ્યમાં પોરબંદર પાસે છે. કચ્છમાં:—આશાપુરી માતાનો ગઢ નારાયણસરોવરથી બારગાઉ ઉપર છે. રુદ્રાણી ભુજથી થોડે દૂર છે. ઓખામંડળના બેટમાં અભયા માતાનું પીઠ છે. આરંભડામાં લૂણી માતા છે. દ્વારકામાં રૂકિમણી અને ચંદ્રભાગા છે અને ભદ્રકાલી પીઠ પણ છે. કાળાવડમાં શીતળા માતા છે. હળવદમાં સુંદરીપીઠ છે; ઉપલેટા પાસે ખત્રીયોની કુલદેવતા માતૃમાતા છે. ભાવનગર પાસે ખોડીઆર માતા છે. આબુમાં અર્બુદાદેવીનું પીઠ છે. નર્મદાતીરે અનુસૂયા ક્ષેત્ર છે. બહુચરાજી ચુંવાળમાં છે.

ભારતવર્ષનાં બાવન મહાપીઠો બાવન વર્ણાવલિનું ભાન કરનારાં તથા ગુજરાતનાં નાનાં નાનાં પીઠો એટલું સ્પષ્ટ બતાવે છે કે શક્તિ-સંપ્રદાય ઘણો વ્યાપક છે, અને પુરાતન છે. વલ્લભીના રાજ્ય સમય-



માં (ઈ. સ. ૭૪૬ ) જ્યારે વલ્લભીનો નાશ થયો ત્યારે શીલાદિત્ય રાજાની રાણી પુષ્પાવતી અંબાજી ગયાં હતાં એવો ઐતિહાસિક દાખલો છે.

શકિતની ભાવના સ્ત્રીશરીરમાં પેઠેલી હોવાથી, અને ચારણ જાતિની સ્ત્રીઓ ક્ષત્રિયવર્ગમાં પૂજ્ય ગણાયાથી કેટલેક સ્થળે ચારણ સ્ત્રીઓએ દેહત્યાગ કર્યો છે તે તે સ્થાને શકિતની પૂજાનો પ્રવેશ થયાના પ્રસંગો છે. હાલનું બહુચરાજીનું શકિતનું ક્ષેત્ર છે, તે ચુંવાળમાં આવેલું છે. ચારણજાતની સ્ત્રીઓ સલખનપુરથી પાસેના ગામે જતી હતી ત્યાં તેમને કેટલાક કોળીઓએ લૂંટી. તેમાં એકનું નામ બહુચરા હતું તેણે તરવાર વડે પોતાનાં સ્તન કાપી નાખ્યાં અને તાગું કર્યું. તેની બૂટ અને બુલાલ નામની બહેનો પણ તાગાં કરી મરી ગઈ. આ અપમાન સહન ન કરવાના ત્રણનાં તાગાના આવેશને લઈ તે મરણસ્થાને ત્રણેમાં દેવીની ભાવના બંધાઈ. ચુંવાળમાં બહુચરાજી પૂજાયાં; અરણેજમાં બૂટ પૂજાયાં; અને સીહોરથી પંદર માઇલ દૂર આકલકુ આગળ બુલાલ પૂજાયાં.

જે જે સ્થાનની પીઠદેવતા હોય છે તે તે સ્થાનના લોકોના સ્વાભાવિક આચારવિચારો તથા મનની કેળવણી અનુસાર પૂજન-પદ્ધતિ રચાયેલી હોય છે, અને તે તે દેવતાનાં નામ ઉપરથી સ્થાન-પૂજાનું સ્વરૂપ લક્ષણા દ્વારા કળાય છે. ઉદાહરણ તરીકે શ્રી બહુચરા-જીમાં બાળા ત્રિપુરાનો નિર્દોષ ભાવ ઘણે ભાગે ખીલેલો જણાય છે. પૂજનપદ્ધતિ ઘણી સાદી હોય છે. સામાન્ય ઉપવાસ વિગેરે પણ થઈ શકે છે. બલિમાં કૂકડાં વિગેરે માત્ર જીવતાં છોડી દેવામાં આવે છે. આરાસુરની અંબિકાના આરાધનમાં કંઇક યુવતિનો ભાવ છે; માતૃભક્તિ આગળ પડતી છે; ભૂખ્યા રહેવાની મનાઈ છે, કારણ કે માતાને ભૂખ્યાં બાળકો ગમતાં નથી; યૌવનસહભાવી કેટલીક આ-ચારની, ભવાઈ વિગેરેમાં, છૂટ લેવાય છે; ભીલ લોકોના વાતાવરણમાં માતાનું સ્થાન હોવાથી પશુબલિ પણ અપાય છે, અને હાલના

અહિંસાના વાતાવરણના બલને લઈ પશુબલિ બંધ થયાનું સંભળાય છે. પાવાગઢની કાલિકામાં પ્રૌઢ ભાવ છે. ગંભીરતાની જાણે પરાવધિ હોય તેવી પૂજનપદ્ધતિ ગુપ્ત રીતે થાય છે. પશુબલિ પણ જંગલી લોકોનાં મંતવ્યને અનુસાર થાય છે. શક્તિઓ અંગી દેવતાના પરિવાર અથવા અંગ દેવતારૂપે એકત્ર થઈ તે તે પીઠમાં ગરબાના રૂપમાં ગાય છે એવી ભાવના દૃઢ છે; અને તેનું અનુકરણ લૌકિક ગરબામાં સ્ત્રીસમાજમાં કરવામાં આવે છે.

આજ રીતે ગુજરાત શિવાયના અન્ય દેશનાં શાકત પીઠોમાં પણ દેશ, કાલ અને જનતાના સ્વભાવને અનુસાર પૂજનપદ્ધતિ હોય છે. શ્રીશૈલનાં ભ્રમરામ્બા, ગોકર્ણ પાસેનાં મૂકામ્બા, આસામનાં કામાક્ષી, કાલીઘાટનાં કાલિકા, ટિપેરાનાં ત્રિપુરા, વિંધ્યાચલનાં વિંધ્યવાસિની ચંડી, વિગેરે પ્રસિદ્ધ શાક્તપીઠમાં પૂજનપદ્ધતિ તે તે દેવતાનાં નામ, ગુણ, અને પરાક્રમને અનુસરતી હોય છે. આ સર્વ પ્રસિદ્ધ પૂજનશ્રેણીઓનાં વામ અને દક્ષિણ, કૌલ અને સામયિક રીતિએ વર્ગીકરણ કરી દક્ષિણ અથવા સામયિક પદ્ધતિ ઉપર પ્રજાને વાળવાના મુદ્દાથી શંકરાચાર્યે શાક્ત સંપ્રદાયના સમુદ્ધરણનો પ્રયત્ન બળવાન કર્યાનું સમજાય છે. ટુંકામાં શ્રીકુલની મુખ્ય શ્રી વિદ્યાને સામયિક દિશા પ્રતિ વાળવાનો એમનો પ્રયત્ન **सौन्दर्यलहरी** નામના ઉપાસનાથી ભરેલા કાવ્યગ્રંથમાં સ્પષ્ટ સમજાય એમ છે. પરંતુ આ વિશુદ્ધ વાતાવરણને લઈ એમ સમજવાનું નથી કે વામાચાર અથવા કૌલાચાર તે તે દેવીના પીઠ આગળ થતા નથી. તેવા આચારો પરાપૂર્વથી પશુ અધિકારીઓને અર્થે થતા આવ્યા છે, અને થાય છે. કવિ બાણની કાદંબરી જે શ્રીહર્ષના રાજ્યસમયમાં લખાઈ છે, અને જે સમયે બૌદ્ધોનું અહિંસામય વાતાવરણ વિદ્યમાન હતું તે સમયે પણ ચંડિકાના પૂજનમાં કૌલાચાર હતો એમ આપણને ચંડિકાના સ્થાનના વર્ણનમાંથી અને જરદ્ દ્રાવિડ ધાર્મિકના વર્ણનમાંથી સમજાય છે. શાક્ત ધર્મની વિકૃતિ સર્વ દેશકાલમાં હોય છે, અને



હોવા સંભવ છે; પરંતુ તેની પીઠમાં પ્રકૃતિધર્મ હોય છે, એ વાત વિસરવી જોઇતી નથી. શાક્ત સંપ્રદાયમાં વિલક્ષણતા એ છે કે તે પશુધર્મના સહભાવનો સ્વીકાર કરે છે, અને વીરત્વ અને દિવ્યત્વને ધ્યેય તરીકે માને છે, જ્યારે શૈવ, વૈષ્ણવ વિગેરે સંપ્રદાયો અશુભ આચારનો ઢાંકપીછોડો કરે છે, અને શુભ આચાર જ અમારા સંપ્રદાયમાં છે એવો ખોટો દાવો કરે છે; આથી પ્રચ્છન્ન પાપ થાય છે, અને પ્રકટ પુણ્યનો મહિમા દેખાડાય છે.

શાકત સંપ્રદાયનું મંતવ્ય છે કે શકિત સ્વરૂપે અધ્યાત્મભાવે ચિન્મયી અને આનંદમયી છે. તે દેવવર્ગમાં માયામયી, અને મનુષ્યાદિ પ્રાણીઓમાં પ્રકૃતિમયી થાય છે. પ્રકૃતિમયી એટલે ભૂતમયી થયા પછી તે વિકૃતિમયી પણ બને છે. ટુંકામાં જે શકિત પાશમોક્ષ કરનારી છે તે જ પાશબદ્ધ પણ કરનારી છે, એના વિનિયોગમાં અને સેવનના પ્રકારમાં શુદ્ધાશુદ્ધ ભેદ છે, અને જેમ બ્રહ્મરૂપ ધર્મી જગદાકાર દેખાતાં છતાં બ્રહ્મ સ્વરૂપ બદલાતું નથી અને નિત્યશુદ્ધ રહે છે, તેમ બ્રહ્મશકિત પણ પ્રકૃતિ અને વિકૃતિમાં અધ્યાત્મભાવે પેઠેલી પ્રકૃતિ–વિકૃતિના ગુણદોષ વડે શુભઅશુભ બનતી નથી. ગુણ અને દોષો જીવોએ પોતે ઉભા કરેલા ધર્મો છે, વસ્તુ ગુણ–દોષ વિવર્જિત છે. વસ્તુના સ્વરૂપને સમજવા અર્થે આપણે ગુણદોષવાળા પ્રકૃતિજન્ય પદાર્થોને એટલે વિકૃતિઓને આલંબન અથવા આધાર રૂપે લઇએ છીએ; ગુણદોષનો વિવેક કરતા જઇએ છીએ, અને છેવટે ગુણોનો પણ ઉપસંહાર કરી "અંતર્ગુણા ભગવતી" ને ભજીએ છીએ. શાક્ત સિદ્ધાન્ત જગતના વૈષમ્યનો અને ભેદનો સ્વીકાર કરી આચારના ભેદને જેવા છે તેવા સ્વીકારી ઉંચી કક્ષા ઉપર લઈ જવા મથે છે, જ્યારે બીજા ધર્મ સિદ્ધાન્તો તે વૈષમ્યનો અને ભેદનો જાણે અભાવ જ હોય અને ધર્મનો અધિકાર માત્ર બુદ્ધિવાળા અને કહેવાતા સંસ્કારીને અથવા કેળવાયેલાને જ હોય એવું ખોટું ધર્માભિમાન ઉભું કરે છે. **यथादेवस्तथाबलिः**—એ સૂત્ર સાચા મર્મને

જણાવે છે. આથી શાકત ધર્મમાં પશુબલિ કેમ થાય છે, મદ્યાદિનું સેવન કેમ થાય છે, એ પ્રશ્નો ખરી રીતે ઉભા થવા ન જોઇએ; કારણ કે અધિકારભેદનો અભ્યુપગમ અથવા સ્વીકાર છે, અને તેથી વિરોધ નથી. ખ્રીસ્ત ધર્મમાં પરપ્રજા ઉપર આક્રમણ કેમ થાય છે, એ ખરો પ્રશ્ન છે, કારણ કે જીસસ ક્રાઇસ્ટની ધર્મભાવના અત્યંત નમ્રતાની છે, અને કેટલાક ખ્રીસ્તીઓનાં વર્તન તેથી વિરોધી છે. આ નિયમ સર્વ ધર્મોને લાગુ પડે છે. જ્યાં ધર્મ અધિકારભેદની અવગણના કરે છે, ત્યાં આવા પ્રશ્નો ઉભા થાય છે; જ્યાં અધિકારભેદનો સ્વીકાર છે ત્યાં આવા પ્રશ્નો ઉભા થતા નથી.

---

# પ્રકરણ અગીઆરમું

## શાક્ત સંપ્રદાયને લગતો ગુજરાતનો ઇતિહાસ

"પૃથ્વી એનું પીઠ, ગગન ગહન ચંદરવો,
ચારૂ ચામર વાય, તેજ દીપે છે ગરવો;
અભિષેક જળતત્ત્વ, ચિતિશક્તિ સચરાચર,
મા ! તું સકલ મહત્વ, વ્યાપક કહે સુર મુનિવર.
(વલ્લભ ધોળા)

ગુજરાત અને પશ્ચિમ હિન્દુસ્થાનમાં શાક્ત સંપ્રદાયનું અસ્તિત્વ ઘણું પુરાતન કાળનું જણાય છે. બુદ્ધ પૂર્વભાવી ગુજરાતનો ઇતિહાસ આપણને જેવો જોઇએ તેવો ઉપલબ્ધ નથી; પરંતુ સૌરાષ્ટ્રમાં અને મુખ્યત્વે કરીને દ્વારકાવાળા ઓખામંડળના ભાગમાં શ્રી કૃષ્ણે નવો વાસ કર્યો ત્યારથી શૈવ અને શાક્ત સંપ્રદાય આ ભૂમિમાં દાખલ થયાનું અનુમાન જાય છે. આરાસુરની અંબિકાનું પીઠ ઘણું પ્રાચીન હોવાનો સંભવ છે. શ્રી કૃષ્ણના વાળ ત્યાં ઉતર્યા હતા; અને રુક્મિણી માતાના પૂજન અર્થે ત્યાં ગયાં હતાં; ત્યાંથી તેમનું હરણ



થયું-ઇત્યાદિ પરંપ્રરાગત વાતોમાં કંઈ નહિ તો એટલું સત્ય સમજાય છે કે આ સ્થાન પ્રતિનો પૂજ્યભાવ મહાભારતના સમયમાં પણ હતો. લોકોની દંતકથાનો પ્રસંગ વીતાવી ગયા પછી જ્યારથી સૌરાષ્ટ્રમાં ક્ષત્રપોનું રાજ્ય થયું ત્યારથી શાક્ત સંપ્રદાય કંઈક ઉત્તેજિત થયો જણાય છે.

શૈવો અને શાકતો સિદ્ધાન્તમાં જૂદા નથી. શિવ અને શક્તિ એ અવિનાભાવવાળાં એટલે પૃથક્ ન પડે તેવાં પ્રકાશ અને વિમર્શ-રૂપ તત્ત્વો છે. જ્યારે પ્રકાશનું અથવા જ્ઞાનનું પ્રાધાન્ય આપવામાં આવે ત્યારે ઉપાસક શૈવ કહેવાય; જ્યારે વિમર્શનું અથવા આત્મભાન કરાવનાર ક્રિયાનું પ્રાધાન્ય આપવામાં આવે ત્યારે ઉપાસક શાક્ત કહેવાય. શિવ-શક્તિની ઉપાસનાનો ભેદ માત્ર વસ્તુના ગુણપ્રધાન ભાવ ઉપર બંધાયેલો છે. શૈવો અને શાકતો બંને છત્રીશ તત્ત્વોને માને છે; અધિકારભેદની વ્યવસ્થા સરખી છે; અદ્વૈતભાવ પણ સરખો છે; તંત્રમાર્ગ પણ સરખો છે; યોગચર્યા પણ સરખી છે; પ્રસંગે શિવ ઉપદેષ્ટા થાય છે અને શક્તિ શિષ્યા બને છે; પ્રસંગે શક્તિ ઉપદેષ્ટા થાય છે અને શિવ શિષ્ય બને છે. પહેલી રીતિમાં તંત્રશાસ્ત્ર આગમનું રૂપ પકડે છે, બીજી રીતિમાં તંત્રશાસ્ત્ર નિગમનું રૂપ પકડે છે; જ્યાં શિવ પૂજાય ત્યાં શક્તિ પૂજાય; જ્યાં શક્તિ પૂજાય ત્યાં શિવ પૂજાય; જ્યાં શિવનું જ્યોતિર્લિંગ ત્યાં શક્તિની પીઠિકા; જ્યાં શક્તિનું પીઠ ત્યાં શિવનું લિંગ; જ્યાં સાયુજ્ય મોક્ષ ત્યાં શિવ-શક્તિનું સામરસ્ય. શૈવો અને શાક્તો કૈવલ્ય મોક્ષને માનતા નથી. કૈવલ્ય મોક્ષનો સિદ્ધાન્ત સ્માર્તોનો, એટલે શાંકરમતવાળાનો છે. શંકરાચાર્યના સિદ્ધાન્તને અનુસરનારા વસ્તુતઃ શૈવ, શાક્ત નથી, છતાં શાંકર મતાનુયાયી શૈવ મનાય છે, અથવા શાક્ત મનાય છે. આ ભ્રમ ગુજરાતમાં ઘણો ચાલે છે. શંકરાચાર્યનો કેવલાદ્વૈત સિદ્ધાન્ત શૈવોના અને શાક્તોના વિશિષ્ટ અદ્વૈત અથવા શુદ્ધાદ્વૈત કરતાં કંઇક જૂદો છે અને આ બાબતમાં શૈવો શ્રી રામાનુજ સાથે અને

શાક્તો શ્રી વલ્લભાચાર્ય સાથે કંઇક અંશે મળતા છે. જો દેવતાનું નામ શિવને બદલે વાસુદેવ અથવા વિષ્ણુ માનવામાં આવે, અને શક્તિને બદલે શ્રી કૃષ્ણ માનવામાં આવે તો સિદ્ધાન્તમાં મોટો ભેદ રહેતો નથી, માત્ર આચારમાં, અને સાધનમાં ભેદ રહે છે. જેઓ દેવતાવાદી છે, અને તત્ત્વવાદી નથી તેમના મોક્ષનું સ્વરૂપ સાયુજ્ય શિવાય બીજું હોવું સંભવતું નથી. ઉપાસ્યઉપાસકનો છેવટનો પ્રતીતિરૂપ ભેદ સાયુજ્ય વિના ટકી શકતો નથી; કેવલ અભેદ ઉપર ઉપાસના અથવા ભક્તિ બંધાતી નથી. આ કારણથી બૌદ્ધ રાજા અશોકના રાજ્યસમય પછી મહાક્ષત્રપ ચસ્તનું રાજ્ય સૌરાષ્ટ્રમાં થયું, ત્યારથી શિવ–શાક્ત મતનું બલવાન આંદોલન તે ભૂમિમાં પેઠું જણાય છે. રુદ્રદામા ( ઇ. સ. ૧૩૦–૧૫૦ ) પરમ શૈવ હતા. જૂનાગઢનો લેખ ( Ep. India VIII. P. P. 39–40 ) આ શૈવ રાજાની શાસનમર્યાદાનું ભાન કરાવે છે. અકરાવંતી (માળવા) અનૂપ (નર્મદાના ઉપરનો પ્રદેશ), સૌરાષ્ટ્ર (હાલનું કાઠીઆવાડ), શ્વભ્ર (સાબરમતીના કાંઠાનો પ્રદેશ ), મરુ ( મારવાડ ), કચ્છ, સિંધ–સૌવીર ( સિંધ પ્રાંત અને મૂલવાન પ્રદેશ ), કુકુર ( રજપુતાનાનો પૂર્વ ભાગ ), અપરાન્ત ( ઉત્તર કોકણ ), અને નિશાદ ( વિંધ્યાચળનો પ્રદેશ ) આ શૈવ રાજાના શાસનમાં હતો. આ મર્યાદામાં હાલની મુંબાઇ ઇલાકાની મહારાષ્ટ્ર અને કર્ણાટકના જીલ્લાઓ બાદ કરતાં રહે તે સરહદ, તથા કચ્છ, કાઠીઆવાડ, રેવાકાંઠા, મહીકાંઠા, વિગેરે દેશી રાજ્યો અને એજંસીનો મુલક સમાઈ જાય છે, અને તે ઉપરાંત મધ્ય હિંદ એજંસીનો ભાગ પણ તેમાં આવી જાય છે. ઇરાન, અરબસ્થાન, પૂર્વ આફ્રિકા, મીસર અથવા ઇજીપ્ત, અને મધ્ય સમુદ્ર સાથે આ શૈવ રાજાના રાજ્યનો વેપારસંબંધ હતો; અને ઉજ્જયિનીમાં રાજધાની હતી, ત્યારે પશ્ચિમનાં સમુદ્ર પારનાં રાજ્યોના એલચીઓ અત્ર આવતા હતા; અને હિન્દુસ્થાનના આ પશ્ચિમ વિભાગના રાજાના એલચીઓ તે પરપ્રદેશમાં પણ જતા હતા. ટોલેમી ( Pto-



lemy ) "ઓઝેની" ( ઉજ્જયિની )માંથી "તિએસ્તીનિસ" એલચી તરીકે આવ્યાનું લખે છે. ઇ. સ. ૨૧૮–૨૨૨ માં સીરીઆમાં જ્યારે એન્ટોનીમસ ( Antonimus ) રાજ્ય કરતો હતો, ત્યારે જે એલચી આવેલા તે ક્ષત્રપ રાજા ચન્દ્ર ( Tsandra ) તરફથી આવ્યાનું લખે છે. વળી બરદેસનીસ ( Bardesanes ) હિન્દુસ્થાનના બ્રાહ્મણ અને જૈન સાધુઓની ત્યાગવૃત્તિથી કંઇક ચકિત થયો હતો. બ્રાહ્મણ અને શ્રમણો કેવલ વનસ્પતિનો આહાર કરે છે, મરણનો તેમને ભય નથી, અને રાજા તથા પ્રજા આ સાધુઓને બહુમાન આપે છે. સ્ટોબેઇઓસ ( Stobaios ) બરદેસાનીસના લખાણના આધારે જણાવે છે કે હિન્દુસ્થાનમાં ઘણાં મંદિરો ગુહામાં હોય છે. તે ગુહામાં અર્ધનારીશ્વરની મૂર્તિઓ અથવા કોતરેલી આકૃતિઓ હોય છે. એક પર્વતની ગુહામાં દશથી બાર વેંતની અર્ધનારીશ્વરની મૂર્તિ છે, અને તે પદ્માસન વાળી બેસાડેલી છે. તેનું દક્ષિણ બાજુનું અર્ધ શરીર સર્વાંશમાં અસ્ખલિત પુરુષનું અને ડાબી બાજુનું અર્ધ શરીર સર્વાંશમાં અસ્ખલિત સ્ત્રીનું છે. અને બેનાં સંયોગીપણામાં એવો તો અદ્વૈતભાવ જગવ્યો છે કે જોનાર ચકિત થઈ તન્મય બને છે. આ લખાણ સ્પષ્ટ સાબીત કરે છે કે શિવ–શક્તિનું પૂજન પશ્ચિમ-હિન્દના પ્રદેશમાં ઇસવી સનના પહેલા બીજા સૈકામાં વ્યાપક હતું. હિન્દુસ્થાનના આ વેપાર સંબંધમાં આવેલા એલચીની દરમીયાનગીરીથી હિન્દુ વેપારીઓ અલેકઝાન્ડ્રામાં ઇ. સ. ૨૧૫ માં આવી વસ્યા હતા. જ્યારે કેરેકેલ્લા( Caracalla )એ અલેકઝાન્ડ્રાના વસનારાને કતલ કર્યા, અને પરદેશીઓને કાઢી મૂકયા ત્યાર પછી હિન્દુસ્થાનનો વેપાર રોમન રાજ્યમાં થોડો એબીસીનીઆ મારફત અને થોડો એશીઆ માઇનર મારફત ચાલતો રહ્યો. *

* Saka Pallavas in Indian History–by Shrinivasa Iyengar–Journal of the Quarterly Research July, September, 1930—ઉપરથી આ લખાણ તારવ્યું છે.

અર્ધનારીશ્વરની મૂર્તિમાં સમાયેલી શક્તિભાવના ઉપરાંત સમગ્ર હિન્દુસ્થાનમાં સિંહ ઉપર બેસાડેલી દુર્ગાની કોતરેલી મૂર્તિઓ શાક્ત સંપ્રદાયના અસ્તિત્વનો બળવાન પુરાવો છે. આ અવશેષો ખ્રીસ્ત જન્મ પૂર્વના છે. ઘણાં ગામડાંઓમાં મોટા રસ્તા ઉપર શાસ્તા દેવીનાં મંદિરોના અવશેષો મળે છે; અને શાસ્તાના વાહન તરીકે સિંહ અને હાથીઓ દર્શાવવામાં આવે છે. શાસ્તા નામની દેવી છે, અને તે શક્તિનું રૂપાન્તર છે. શાસ્તાનું બીજું રૂપ "શાસના" પડ્યું છે, અને સોજીત્રા પાસે એક મંદિરમાં જૈનો તે દેવીના પૂજનની વ્યવસ્થા કરે છે, એમ મેં ત્યાંના વતની તરફથી સાંભળ્યું છે. હાલ લોકમાં "છાસનાં દેવી" ગણાય છે. અપભ્રંશના શબ્દમાં શાસન કરનાર દેવીની ભાવના તારવી શકાય તેમ છે; અને પ્રાચીન દુર્ગા જે સિંહવાહીની છે તેની છાયા તેમાં ઉતરી આવેલી જણાય છે.*

ગુજરાતમાં વલ્લભીના રાજ્યસમયમાં અંબા ભવાનીની ભક્તિ મોટા રૂપમાં પ્રચલિત હતી. ઇ. સ. ૭૪૬ માં વલ્લભીપુર પડ્યું ત્યારે શીલાદિત્ય રાજાનાં રાણી અંબા ભવાની માતાએ યાત્રાર્થે ગયાં હતાં એવો ઉલ્લેખ મળે છે. કાળપરંપરાએ દાંતાના રાજ્યમાં આ દેવી-પીઠ આવ્યું છે, અને રાજા પોતાને અંબાના ભક્ત તરીકે માને છે, અને દેવીનું અર્પણ થયેલું ધન તે ભોગવી શકે છે. આ સ્થાન સાથે રાજ્યવ્યવસ્થા કરનાર નાગર જાતિના બ્રાહ્મણોનો પરાપૂર્વનો સંબંધ જણાય છે અને વડનગરા, વીસનગરા, સાઠોદરા વિગરે નાગરો આ સ્થાનમાં કાર્તિક, માર્ગશીર્ષ, શ્રાવણ, ભાદરવો વિગરે મેળામાં સંઘમાં જાય છે, અને માતાની પૂજાનો તેમનો પહેલો હક્ક છે, એમ માને છે, અને વ્યવહાર પણ તેવો ચાલે છે. આ સર્વ

* Ramchandra Dikshita on "Asokas' Religion." Journal of Quarterly Research–July–September 1930 ઉપરથી.



પ્રવૃત્તિ સાબીત કરે છે કે બ્રહ્મ-ક્ષત્રથી પૂજાયેલું આ આરાસુરની અંબા ભવાનીનું પીઠ આધુનિક નથી, પરંતુ ઘણું પ્રાચીન છે. અંબા-દેવી **श्रीकुल**ની વિદ્યા જણાય છે; અને **ललिता** દેવી સાથે મળતાં આવે છે. જૈનોનાં દેવળોનો નાશ થવામાં દેવીનો કોપ કારણ હતો, એવા મંતવ્યને લઈ જૈનો પણ માતાને માને છે, અને ઘણાં જૈન-મંદિરોમાં દેવીની મંદિરમાં પેસવાની બાજુએ સ્થાપના હોય છે.

શીરોહી રાજ્યના તાબામાં પિંડવારા રેલ્વે સ્ટેશનની નજીક દક્ષિણે પાંચ માઇલ ઉપર નાનો ડુંગર છે. તેના ઉપર એક ગઢ છે. તેને વસંતગઢ કહે છે. આ ગઢની પશ્ચિમમાં નાનું માતાનું દેવળ છે. માતાને "ખીમેલ" માતા કહે છે. તે શબ્દ **क्षेमार्या**નો અપભ્રંશ જણાય છે. ત્યાં ઇ. સ. ૬૨૫ નો શિલાલેખ છે. તેમાં લખાણ છે કે "આબુની આસપાસના મુલકનો રાજા વર્મલાટ( અથવા શર્મ-લાટ )નો સામંત રાજિજલ હતો. તેનો કબજો અને સત્તા વટકાર-( વસંતગઢ )માં હતાં, ત્યારે સત્યદેવ નામના વેપારીએ મહાજનની આજ્ઞાથી **क्षेमार्या**નું મંદિર બંધાવ્યું હતું." ઇ. સ. ૧૦૪૨ના અરસામાં વટપુર ( **वासिष्ठपुर** ) પાસે દેવળ હતું તેનો વિગ્રહરાજનાં રાણી લાહિનીએ જીર્ણોદ્ધાર કર્યો હતો. વર્મલાટની રાજધાની ભિન-માલ( **श्रीमाल** )માં હતી. આબુમાં અર્બુદાદેવીનું સ્થાન પુરાણોમાં પ્રસિદ્ધ છે.

આ ઉપરથી સમજાય છે કે આરાસુર પાસેનાં અંબિકાના સ્થાનના હાલના દાંતાના મહારાણા જે પરમાર કુલના ગણાય છે તેમની મર્યાદામાં તથા આબુ પાસેના ચૌહાણવંશનાં શીરોહીરાજ્યની મર્યાદામાં દેવીભક્તિ લગભગ શ્રીહર્ષના સામ્રાજ્ય સમયમાં પ્રચલિત હતી.

રજપુતાનામાં પુષ્કરક્ષેત્ર આગળ **क्षेमंकरी**નું પીઠ છે. આ દેવીનું વર્ણન પદ્મપુરાણના સૃષ્ટિખંડના ૩૦ મા અધ્યાયમાં છે. આ દેવીએ **महिषमर्दिनी**નું રૂપ પકડ્યું જણાય છે. આસુરી કન્યા

માહિષ્મતીનો પુત્ર મહિષ થયો અને તેણે દેવી પ્રતિ સકામ વાસના કરવાથી તે મહિષાસુરનો વધ થયો. પાવાગઢમાં પતાઇરાવળના વિનાશમાં પણ આવી જ ભાવના દાખલ થયેલી જણાય છે. પદ્મપુરાણના આ ખંડમાંથી સમજાય છે કે જે સ્ત્રીઓ અખંડ કૌમારવ્રતવાળી રહે તેઓના પતિ શિવ જ ગણાય છે, અને મનુષ્ય પ્રાણીને તેવી સ્ત્રીઓ પતિ તરીકે સ્વીકારતી નથી.‡

ગુજરાતની ભૂમિમાં શ્રીકુલની અંબિકા, લલિતા, બાલા, તુલજા ભવાની વિગરે દેવી ઉપરાંત કાલીકુલની દેવીની પણ પ્રતિષ્ઠા ઘણા પ્રાચીન સમયની હોય એમ સમજાય છે. કાલીકુલની દક્ષિણા કાલીની નૈસર્ગિક સ્થાપના પાવાગઢના પર્વતમાં છે. પાવાગઢનું પૌરાણિક નામ પાવકાચલ છે, અને તે વાત જ સૂચવે છે કે આ પર્વત વડવાનલથી જ્વાલામુખી રૂપે પ્રકટ થયેલો છે. પાવકનો અર્થ અગ્નિ થાય છે. આ પર્વતની કુદરતી આકૃતિ કાલિકાના યંત્ર જેવી છે, એટલે પંચત્રિકોણાત્મક છે. સ્કંદ પુરાણમાં પાવકાચલ માહાત્મ્ય નામનું પ્રકરણ છે. તેમાં વિશ્વામિત્રે એક જ દેહમાં બ્રહ્મત્વનો જાત્યન્તર પરિણામ મેળવવા પ્રકૃતિદેવીની આરાધના કર્યાનું વર્ણન છે, અને આદ્યા શક્તિનો અનુગ્રહ થવાથી તપસિદ્ધિ થઈ છે. તેમાં પાંડવાશ્વમેધ પર્યંતનો પૌરાણિક ઇતિહાસ આવે છે. ત્યાર પછી પૌરાણિક અથવા સાચો ભૌગોલિક ઇતિહાસ મળી આવતો નથી.

ગુજરાતના અણહિલવાડ રાજ્યસમયમાં વનરાજના મંત્રી ચાંપાએ આ પર્વતને લગતી ભૂમિને આબાદ કરી તે દેશને ગુજરાતના

‡ જુઓઃ एतासां सर्वभेदेषु पृथगेकैकशोभनः ।
सर्वासां भगवान् रुद्रः सर्वगत्वात्पतिः स्मृतः ।
यावत्यस्ता महाशक्त्यस्तावद्रूपाणि शंकरः ।
कृत्तिवासास्तु भजते पतिरूपेण सर्वदा ॥
( पद्मपुराण ६, सृष्टिखण्ड अ. ३०. श्लोक १९१-९२ )



રાજ્યમાં ભેળવી દીધો જણાય છે. ત્યારપછી પૃથ્વીરાજ ચૌહાણના વંશજ પુરષો પાલનદેવ નામના પુરૂષે આ સ્થળે સત્તા જમાવી. પતાઈ રાવળ આ વંશના ચૌદમો પુરુષ હતો. પતાઈ રાવળના ઉન્માદને લઈ દેવીનો કોપ થયો, અને ગુજરાતના બાદશાહના તાબામાં પાવાગઢ પડ્યું. તેનો નાશ થયા પછી વડોદરા, ભરૂચ, સુરત, વિગેરે નગરોમાં પાવાગઢની ભાગેલી વસ્તી વસી એમ મનાય છે. ત્યારપછી મરાઠા સરદાર સિંધીઆના તાબામાં તે સ્થાન ગયું, અને ત્યારપછી બ્રિટીશ રાજ્યસત્તામાં પંચમહાલમાં આવ્યું.

આ સ્થાનની અધિષ્ઠાત્રી કાલિકાનું યજનપૂજન દક્ષિણમાર્ગથી ષોડશોપચાર, અને બીજા મિશ્રોપચારથી થાય છે; અને વંશપરંપરાથી ભટજીના વંશજો તે યજનપૂજન કરે છે. દર વર્ષે સહસ્રચંડી, તથા એ શતચંડીનાં અનુષ્ઠાનો થાય છે. જૂના કાળમાં નૈમિત્તિક પૂજન વખતે પશુવધ થતો હશે, પરંતુ હાલ તેવું કંઇ જણાતું નથી, અને દક્ષિણમાર્ગનું પ્રાધાન્ય છે, એટલે કલકત્તાની કાલિકા દેવી સાથે જે બીભત્સ અને ભયંકર ભાવના અથવા આચારો જોડાયા છે તેવા આ સ્થાનની કાલિકાદેવી સાથે જોડાયેલા નથી. પ્રથમ સિંધીઆ સરકારે ભટજીને ત્રણ ગામ ઇનામ આપેલાં, પરંતુ પાછળથી ભટજીના વંશજોએ તે ઇનામ રોકડહક્ક તરીકે બદલાવ્યું જણાય છે.*

કાલિકાની માન્યતા ગુજરાતમાં સર્વત્ર પ્રસરેલી છે, અને આ આદ્યાની પીઠની છાયા ઘણાં સ્થાનોમાં છાયા રૂપે પ્રસરેલી છે. ગુજરાતની કાલિકાને ભદ્રકાલી નામ આપવામાં આવે છે, એટલે તેમાં વામા અથવા ભૈરવી કાલિકા નથી, પરંતુ દક્ષિણા અથવા દાક્ષાયણી શિવા કાલિકા છે, એવો ભાવ સ્પષ્ટ થાય છે.

* પાવકાચલની કાલિકાની પૂજનપદ્ધતિ વિગેરે માહિતી ભટજી બાલાશંકર મહાશંકર તરફથી મને મળી છે.

બહુચરાજી જે સુંવાળની પીઠની દેવી છે તે સ્થાનની મૂલ દેવીનું નામ બાલાત્રિપુરા છે, અને તે શ્રીકુલની વિદ્યા છે. આ સ્થાનમાં ચારણ બાઈનો દેહ આવેશમાં છૂટવાથી તે સ્થાન સાથે ચારણ જાતિની સ્ત્રી-યોગિનીનું રૂપ આપવામાં આવ્યું છે. આ દેવીનું બાલાયંત્રનું રૂપ અને તે ઉપર ચળકતી આંગી મૂકવાની પ્રથામાં હિન્દુ-મુસલમાનનું કંઈક મિશ્ર રૂપ ઉત્પન્ન થયું છે; અને લોકરૂઢિમાં પુરુષનો સ્ત્રીભાવ થયાની ચમત્કૃતિની વાર્તાથી હીજડા જેવી તૃતીયા-પ્રકૃતિવાળાં મનુષ્યો માતાના ભક્તપણાનો મંદમતિની પ્રજા આગળ દાવો કરી જીવન-નિર્વાહ શુભાશુભ પ્રસંગે મેળવે છે. પરંતુ આ સર્વ સંજોગો મૂલ શુદ્ધ બાલા ત્રિપુરાની પ્રકૃતિ ભાવનાની અનધિકારી પ્રજાના યોગથી થયેલી વિકૃતિ છે. ધર્મનો આ અપધર્મ થયો છે, પરંતુ તેના મૂળમાં શુદ્ધ ધર્મ બાલાનો છે. આ બાલા ત્રિપુરા દેવીના મંત્ર, યંત્ર અને તંત્રનું પુષ્કળ વર્ણન તંત્રશાસ્ત્રમાં છે.

**अंबा, काली** તથા **बाला** એ મુખ્ય દેવીનાં પીઠો ગુજરાતમાં છે તે ઉપરાંત ગૌણ શક્તિપીઠો પણ ઘણાં છેઃ—કચ્છમાં આશાપુરા નારાયણ સરોવરથી બાર ગાઉ ઉપર છે; રુદ્રાણી ભુજથી થોડે દૂર છે; કાઠીઆવાડમાં દ્વારકાં બેટ નજીક અભયા માતા છે; આબિલમાં લુણી માતા છે; પોરબંદર પાસે હરસિદ્ધિ માતા છે; હળવદ પાસે સુંદરી છે; નર્મદાતટે અનસૂયા છે; ગોધા નજીક ખોડીઆર માતા છે. ટૂંકામાં શક્તિના અમુક રૂપની સ્થાપના સર્વ પ્રદેશમાં જોવામાં આવે છે.



# પ્રકરણ બારમું

## શાક્ત સંપ્રદાયને લગતું ગુજરાતી સાહિત્ય

ગુજરાતમાં શક્તિપૂજા ઘણી જૂની છતાં શાક્ત સંપ્રદાય ઉપર ગુજરાતી ભાષામાં તે સંપ્રદાયના સિદ્ધાન્તોને જણવતું સાહિત્ય પ્રકટ થયું નથી. જે કંઈ તે સંપ્રદાયને લગતું ગુજરાતી ભાષામાં સાહિત્ય છે તે માત્ર ભક્તિપ્રધાન છે. તેમાં દેવીનાં અનેક રૂપોની સ્તુતિ કરવામાં આવી છે. શક્તિનું મૂલ સ્વરૂપ કેવું છે; તેનાં નામ, રૂપ અને ગુણો શા કારણથી છે; તેનું જ્ઞેય અને ધ્યેય સ્વરૂપ કેવું હોવું જોઈએ; પ્રચલિત દેવીની મૂર્તિઓમાં શી ભાવના ગુંથી છે; અમુક યંત્ર શા સારૂ સ્વીકારાયો; અમુક દેવીનો અમુક મંત્ર શા સારૂ યોજાય છે; મંત્ર, યંત્ર અને દેવતાની એકવાક્યતા શી રીતે કરવી; વિગેરે વિચારણીય પ્રશ્નો ગુજરાતી ભાષામાં બીલકુલ ચર્ચાયા નથી. જે કંઈ લખાયું છે તે કાં તો શક્તિભક્તોની શક્તિને લગતી સ્તુતિ, અથવા તેમના વિરોધી સુધારકોએ કરેલી શક્તિમાર્ગની નિંદા લખાયેલી છે. શાક્તસંપ્રદાયના મૂલ સિદ્ધાન્તની સાચી માહિતીના અભાવે માત્ર રૂઢિમાં જે વામાચારો ઉતરેલા તે ઉપરથી શાક્ત સંપ્રદાય અનીતિથી ભરેલો છે, એવું મંતવ્ય બ્રિટીશ રાજ્ય થયા પછી સુધારક વર્ગમાં પેસી ગયું છે.

ગુજરાતમાં ભક્તિમાર્ગનો વેગવાળો પ્રવાહ દાખલ થયા પછી ભક્તિનાં મુખ્ય આલંબનો ત્રણ સ્વીકારવામાં આવ્યાં છેઃ—(૧) શ્રીકૃષ્ણ જેમાં પૂર્ણ અથવા પર વિષ્ણુની ભાવના પ્રવેશી છે; (૨) શિવ જેમાં પરશિવની ભાવના પેઠી છે; અને (૩) શક્તિ અથવા દેવી જેમાં પરાશક્તિની ભાવના પેઠી છે. પરબ્રહ્મની શક્તિ એ સ્વભાવ ધર્મ છે, એ ભાવના ઉપર બંધાયેલી ભક્તિનું આલંબન માતૃભાવને વહન કરનાર દેવીનું રૂપ છે. આ સ્થૂલ દેવીના રૂપમાં નિષ્ઠા બંધાયા

પછી દેવીના સૂક્ષ્મ રૂપની ભાવના અને ત્યારપછી દેવીના પરરૂપની ભાવના બાંધવામાં આવે છે. સ્થૂલરૂપ ઉપર બાહ્ય ઉપચાર વડે પૂજન અને પરરૂપ ઉપર ધ્યાનજપ અને સ્વરૂપચિંતન ઘડવામાં આવે છે દેવીને લગતા સાહિત્ય સાથે વાસ્તવ સંબંધ ધરાવનાર સૂક્ષ્મરૂપની ભાવના ગણાય છે. આ ભાવનામાં દેખાતું આલંબન સ્થૂલમૂર્તિ હોય છે, પરંતુ ભક્તિનું હૃદય તે મૂર્તિમાં પ્રવેશેલા સૂક્ષ્મરૂપને વળગતું હોય છે. દેવીની સૂક્ષ્મરૂપની ભાવના બાંધી ગુજરાતી સાહિત્યમાં રંગ પૂરનાર કેટલાક કવિઓ થયા છે, પરંતુ તેમના ગ્રંથો ઘણે ભાગે પ્રસિદ્ધ થયા જણાતા નથી. હસ્તલિખિત પ્રતો તેમના ગ્રંથોની પ્રસંગે મળે છે; પ્રસંગે તેમનાં ગરબાગરબીઓ અમુક જ્ઞાતિનાં સ્ત્રી–પુરુષોમાં કંઠાગ્ર હોય છે. ગુજરાતી સાહિત્યમાં દેવીભક્તો પૈકી કવિત્વશક્તિવાળા કેટલાક લેખકો જણાયા છે. તેમનાં જીવન તથા કૃતિઓ જોતાં કેટલુંક શાક્તસંપ્રદાયનું રહસ્ય હજુ અગમ્ય રહ્યું જણાય છે:—

## ૧. નાથ ભવાન (ઇ. સ. ૧૬૮૧-૧૮૦૦)

આ ભક્તકવિ કાઠીઆવાડ પ્રાંતના ઝાલાવાડ પ્રાંતના ઘોડાદર ગામના ઘોડાદ્રા (ઘોડા) અવટંકવાળા વડનગરા નાગર જ્ઞાતિના હતા. મૂળ પુરુષ કહાનજીના પુત્ર સુંદરજી પ્રથમ જૂનાગઢ આવી વસેલા જણાય છે. તે કુટુંબની કુળદેવી ઓસડના ડુંગર ઉપરની આનંદેશ્વરી છે. સુંદરજીને મદનજી અને નાથભવાન નામના બે પુત્ર હતા. તે પૈકી નાથભવાન દેવીભક્ત હતા. તેઓ ભવાનીભક્ત હોવાથી તેમના નામમાં દેવીનો સંકેત પેઠેલો જણાય છે. આ પુરુષ શક્તિના પરમ ઉપાસક હતા. જૂનાગઢના વાઘેશ્વરી નામના દરવાજા બહાર તે સમયે વિકટસ્થાનમાં લક્ષ્મણ ટેકરી ઉપર આવેલાં શ્રી વાઘેશ્વરીમાતાના નિત્યપૂજનનો તેમને અટલ નિયમ હતો. એક દિવસ ચોમાસામાં ત્યાં જતાં પૂજાની સામગ્રી ભૂલી જતાં ઘેર પાછા ફરવા વિચાર કર્યો. તે અરસામાં ભારે વરસાદ પડવાથી નદીનો વોકળો



ભરાઈ જવાથી તે તરીને જવું અશક્ય હતું. તેવી સ્થિતિમાં દેવીના સૂક્ષ્મરૂપની તેમને પ્રતીતિ થઈ, અને તેમનામાં કવિત્વની સ્ફૂર્તિ આવી. તે પ્રસંગે તેમણે ૪૧ કડીનો "અંબા આનન"નો ગરબો રચ્યો હતો. આ ગરબો નાગર જ્ઞાતિમાં હજુ ગવાય છે, પણ તે પ્રસિદ્ધ થયો નથી. તેની નકલ ગુ. વ. સો. ના એક હસ્તલિખિત પુસ્તક-સંગ્રહમાં છે. તેમના વંશજ શ્રી મોતીલાલ રવિશંકર ઘોડા તરફથી મને તેની એક નકલ મળી છે તે વાંચી જોતાં સ્પષ્ટ સમજાય છે કે આ પુરુષ સામાન્ય માતાના ભક્ત નથી, પરંતુ શક્તિતત્વ-સ્વરૂપની સમજણવાળા છે. આ ગરબામાં પ્રથમ ભગવતીના સ્થૂલ રૂપનું શુદ્ધ મુખબિંબથી માંડી ચરણારવિંદ પર્યંતનું ભાવનીય સ્વરૂપ ઉત્તમ કાવ્ય વડે વર્ણવ્યું છે. ગરબાનું ધ્રુવ પદ:—

"અંબા આનનકમળ સોહામણું તેનાં શું કહું વાણી વખાણ રે"

એ પ્રકારનું છે. સ્થૂલ રૂપની ભાવના પૂરી થયા પછી સૂક્ષ્મ રૂપની ભાવના શાક્તતંત્રને અનુસાર આલેખી છે:—

ન્હોતું તે વારે મા તું ખરી, તું તો પૂરણબ્રહ્મની શક્તિ રે,
કહેવાય પરબ્રહ્મ તમ વડે, વિરંચ્યાદિ કરે તારી ભક્તિ રે
અંબા આનન—સોહામણું. ૧૮
સહુ માંહે સહુ તમ વિષે, બાધા વિશ્વમાં તારો વિલાસ રે,
મહામાયા કળે નહિ કોઇથી, જેમ જુજવા પુષ્પની વાસ રે
અંબા આનન—સોહામણું. ૧૯
દ્વંદ્વભાવ ધરી સૃષ્ટિ રચી, પણ એકાકી અદ્વૈત રે,
તારી માયાએ ગુણ અળગા કર્યા, તેના પરીએ ભાળે દૈવત રે,
અંબા આનન—સોહામણું. ૨૦
માજી હું નહિ તે જાઉં જાણવા, તારૂં રૂપ કોથી ન કળાયરે,
શેષ બ્રહ્માદિક હારી ગયા, તારો પાર કોથી ન પમાયરે,
અંબા આનન—સોહામણું. ૨૧

પોતે પોતાનો જાણી કરી, રાખો સર્વદા કરુણા દૃષ્ટિ રે,
જેમ હિમકર સઘળે દીસતો, જેમ સઘળે તે ઘનની વૃષ્ટિ રે,
અંબા આનન—સોહામણું. ૨૨
સિંધુનું જલ તે સિંધુમાં રેડવું, વન્હિ માંહે તેમાં જ્યોત રે,
તારી વાણી મા તુજને સોંપવી, એમ હું માંહે તારો ઉદ્યોત રે,
અંબા આનન—સોહામણું. ૨૩
તારૂં આવાહન તે હું શું કરૂં ? તું તો વ્યાપી રહી સર્વત્ર રે,
કરી વિસર્જના ક્યાં હું મોકલું, સઘળે તું હું ક્યાં લખું પત્ર રે,
અંબા આનન—સોહામણું. ૨૪

× × × ×

માજીમાં તત્ત્વ ગુણ ત્રણનું, તું તો વ્યાપી રહી સર્વવાસ રે,
સર્વ ઇન્દ્રિય ને સર્વ દેવતા, અંતઃકરણમાં તારો નિવાસ રે.
અંબા આનન—સોહામણું. ૩૧
સ્થૂલ સૂક્ષ્મ સહુનું મૂળ તું, તું તો આદ્ય મધ્ય ને અંત રે,
સ્થાવર જંગમ સચરાચર વિષે, એમ છો પટ માંહે તંતુ રે.
અંબા આનન—સોહામણું. ૩૨

× × × ×

કોઇ વેળુની કણિકા ગણે, કોઈ સાહી લહે રે નક્ષત્ર રે,
કોઈ ગણી ન શકે ગુણ તાહરા, ગણે સર્વ તરૂનાં પત્ર રે,
અંબા આનન—સોહામણું. ૩૬
હું તો દીન થઇ અંબાજી વિનવું, આવ્યો શરણે ભવાનીદાસ રે,
જેમ દર્પણ દેખાડે મા અર્કને, એમ હું માંહે તારો આભાસ રે,
અંબા આનન—સોહામણું. ૩૭

× × × ×

કોઇ માગેરે મા તમ કને, હુંમાં તો નહિ એવડું જ્ઞાન રે,
જેમ તેમ રે જાણો મા પોતા તણો, નામ રાખ્યું તે નાથભવાન રે,
અંબા આનન—સોહામણું. ૪૦



જે કોઈ ગાએ શીખેને સાંભળે, તેના મનની પૂરજો મા આશ રે,
શક્તિ માગું તમારી ભક્તિને, એમ જાચે ભવાની દાસ રે,
અંબા આનન—સોહામણું. ૪૧

ઉપરની કડીઓ વાંચનારને સહજ સમજાશે કે નાથ ભવાનની દૃષ્ટિમાં દેવી વસ્તુતઃ સ્થૂલ રૂપવાળી વ્યક્તિ નથી, પરંતુ પૂર્ણ બ્રહ્મની વિશ્વવ્યાપક ચિન્મયી શક્તિ છે; વાણી તે શક્તિની આપેલી સ્વરૂપને ઓળખવાની બક્ષીસ છે, અને શક્તિની આપેલી વાક્ વડે શક્તિના સ્વરૂપને ઉકેલવાનું છે; વસ્તુતઃ આવાહન અને વિસર્જન શક્તિનાં ઘટતાં જ નથી, કારણ કે તે સચરાચર જગતમાં દિવ્ય ભાવે અંદર પ્રવેશેલી છે; દેવીનું નિર્મલ રૂપ અભિમાનીના ચિત્તદર્પણમાં આભાસ તરીકે પેઠેલું છે; આવા સાચા ભક્તને સંસારનાં સુખો માગવાં એ હીણપદ છે; અને તે જો માગે તો દેવીના વાસ્તવ સ્વરૂપને જાણવાની શક્તિ જ માગે.

આ નાથ ભવાને શ્રીધરીગીતા, અને સૂત સંહિતામાં અંતર્ગત થયેલી બ્રહ્મગીતાનું પદ્યાત્મક ભાષાંતર કર્યું છે. ઉપાસક તરીકે તેઓ શાક્ત છે, પણ વસ્તુસિદ્ધાન્તમાં અદ્વૈતવાદી છે. તેમણે ઉત્તર અવસ્થામાં સંન્યાસ લીધો હતો, અને તે આશ્રમનું તેમનું નામ અનુભવાનંદ હતું. *

## (૨) વલ્લભ ધોળા (ઇ. સ. ૧૬૪૦-૧૭૫૧).

બાળાશક્તિના પરમ ભક્ત અને દેવીમાર્ગના મર્મને સમજનાર વલ્લભ ભટ્ટનો જન્મ સંવત્ ૧૬૯૬ (ઈ. સ. ૧૬૪૦)ના આસો

---

* નાથ ભવાનને લગતી હકીકત મને **ગાયત્રીભાષ્ય** નામના શ્રી મોતીલાલ રવિશંકર ઘોડાના ગ્રંથના ઉપોદ્‌ઘાતમાંથી તથા તેમની સાથેના પત્રવ્યવહારથી મળી છે. તેમના સઘળા ગ્રંથો એકત્ર કરી પ્રસિદ્ધ કરવામાં આવે તો આ પુરુષના અક્ષર શરીરને કદાચ સારા રૂપમાં આલેખી શકીએ.

સુદ આઠમે એટલે દુર્ગાષ્ટમીએ થયો હતો. અમદાવાદનાં ચોવીસ પરાં પૈકી નવાપુરામાં તેમનાં પિતા હરિભટ્ટજી રહેતા હતા. હરિભટ્ટજીનાં પત્નીનું નામ ફુલકોર હતું. હરિભટ્ટજી સામવેદી કૌથુમી શાખાના, ગૌતમ ગોત્રના બ્રાહ્મણ હતા. હરિભટ્ટજીના બે પુત્રો મૂળજી અને માધવજી ઉચ્છાંછળા અને મસ્તીખોર નીવડવાથી માબાપને ઘણો અસંતોષ રહેતો. સારી સુપાત્ર પ્રજાની વાસનાવાળાં ફુલકોરને તે વાસના દેવીભક્તિથી પૂર્ણ થઈ, અને તેમને બે પુત્રોનું જોડકું પ્રાપ્ત થયું. એકનું નામ વલ્લભ, અને બીજાનું નામ ધોળા. બંને યુગલ પુત્રો હોવાથી વલ્લભધોળા સંજ્ઞા પ્રચલિત થઈ હતી. પાંચ વર્ષે જનોઈ દીધા પછી પરમાનંદ સ્વરૂપ નામે બ્રહ્મચારી પાસે ભણવા મૂકયા, પણ બ્રહ્મચારીએ તેમને ઠોઠ ગણી કાઢી મૂક્યા. લોકદૃષ્ટિથી અક્ષરશત્રુ હતા, પરંતુ નવાર્ણ મંત્રની પ્રાપ્તિ કરી શ્રદ્ધાભક્તિથી તે મંત્રનો જપ કરતા હતા. એમ કહેવામાં આવે છે કે પાંચ વર્ષ પાંચ માસ અને પચ્ચીસ દિવસે મંત્રસિદ્ધિ થઈ, અને ભગવતીના બાળા સ્વરૂપની ઝાંખી થતાં વલ્લભ ભટ્ટને શીઘ્ર કવિત્વ સ્ફુર્યું. ત્યાર પછી આનંદનો ગરબો, આરાસુરનો ગરબો, કલિકાલનો ગરબો, વિગેરે અનેક ગરબા, ગરબીઓ વલ્લભે લખી છે. આ કવિત્વની સ્ફુર્તિ વલ્લભને ૧૩ મા વર્ષમાં થઈ હતી.

વલ્લભ ભટ્ટ વડનગરમાં પરણ્યા હતા. તેમને ચાર સંતાન હતાં, પરંતુ તે સર્વ તેમની હયાતીમાં ગુજરી ગયાં હતાં. તેમણે યાવજ્જીવ બાલા બહુચરાજીની ભક્તિ કરી છે, અને જ્યાં બહુચરાજીની સ્થાપના વલ્લભ ભટ્ટને હાથે થઈ છે ત્યાં ત્યાં સુખ સંપત્તિ થયાના પ્રસંગો જાણવામાં આવ્યા છે. વલ્લભ ભટ્ટ દેવીભક્ત હતા, તો પણ તેઓ દક્ષિણાચારી હતા, પરંતુ તે સમયના લોકોએ તેમને કૌલમતના એટલે વામાચારી ગણી નિંદા કરવા પ્રયત્નો કર્યા હતા; પરંતુ છેવટે તેમની શુદ્ધ દક્ષિણ માર્ગની ભક્તિ સાબીત થઈ છે, અને નિંદાની વાદળી દૂર થઈ ગઈ છે. વૈલોચન નામના નાગર વાણિઆને બાળા



ત્રિપુરાની ઉપાસના વડે નિર્ધન અવસ્થામાંથી સધન અવસ્થામાં આણ્યાનાં આખ્યાનો સંભળાય છે. શ્રી યદુરામકૃત શક્તિભક્તિરસપદમાળામાં "વૈલોચનનો પરચો" નામની ગરબી છે, તેમાં આ આખ્યાન ગુંથ્યું છે. વલ્લભભટ્ટ ૧૧૧ વર્ષનું દીર્ઘાયુષ્ય ભોગવી ઈ. સ. ૧૭૫૧ માં શક્તિસ્વરૂપમાં શમી ગયા હતા.

વલ્લભ ભટ્ટમાં શક્તિના સંબંધની ભાવના સ્થૂલ રૂપની ન હતી, પરંતુ સૂક્ષ્મ રૂપની હતી. વૈલોચને વલ્લભ ભટ્ટને પ્રત્યક્ષ દેવીનું સ્થાનક નહિ છતાં સ્તુતિ કરતા જોઈ પ્રશ્ન પૂછેલો તેના ઉત્તરમાં ભટ્ટજીએ કહ્યું કેઃ—

"પૃથ્વી એનું પીઠ, ગગન ગહન ચંદરવો,
ચારૂ ચામર વાય, તેજ દીપે છે ગરવો,
અભિષેક જળતત્ત્વ, રચિત શક્તિ સચરાચર,
મા! તુજ અકળ મહત્વ, વ્યાપક કહી સુરમુનિવર."

આ ઉત્તર વલ્લભ ભટ્ટની શક્તિસ્વરૂપની ઉંડી સમજણની ખાત્રી આપે છે.

વલ્લભ ભટ્ટના અનેક ગરબાઓમાં "આનંદનો ગરબો" શક્તિના સ્વરૂપનું સત્ય રહસ્ય સમજાવનાર છે. એ ગરબાની પ્રત્યેક પંક્તિમાં ભક્તિના શુદ્ધ આવેશ વડે વિશેષ કાવ્યચમત્કાર આવ્યો જણાય છે. નીચેની કડીઓ ભાવની ઉંડાઈ અને શબ્દના લાલિત્યને સ્પષ્ટ પ્રકટ કરનારી છેઃ—

"જ્યાં જ્યાં જગતી જોઇ, ત્યાં ત્યાં તું તેવી મા,
સમવિત ભ્રમવિત ખોઇ, કહી ન શકું કેવી મા.
ભૂત ભવિષ્ય વર્તમાન, ભગવતિ તું ભવની મા,
આદ્ય મધ્ય અવસાન, આકાશે અવની મા.
તિમિરહરણ શશિ સૂર, તે તારો ઘોકો મા,
અમિ અગ્નિ ભરપૂર, થઇ પોખો શોખો મા.

ષટ ઋતુ રસ ખટ માસ દ્વાદશ પ્રતિબંધે મા,
અંધકાર ઉજાસ, અનુક્રમ અનુસંધે મા.
ધરતી તું ધન્ય ધન્ય, ધ્યાન ધરે ન આવો મા,
પાલણ પ્રજાં પરજન્ય, અણચિન્તવ્યાં આવો મા.
સકલ સમૃદ્ધિ સુખદાઈ, પય દધિ ઘૃત માંહિ મા,
સર્વે રસ સરસાઈ, તું વિણુ નહિ કાંઈ મા.
ક્ષુધા તૃષા નિદ્રાય, લઘુ જોબન વૃદ્ધા મા,
શાંતિ શૂર સિમાય, તું સઘળે સિદ્ધા મા.
કામ ક્રોધ મોહ લોભ, મદ મત્સર મમતા મા,
તૃષ્ણાથી સ્થિર ક્ષોભ, શરમ ધરે શમતા મા.
અર્થ, ધર્મ ને કામ, મોક્ષ તું મોહ માયા મા,
તન મનનો વિશ્રામ, ઉર અંદર ધાયા મા.
ઉદે ઉદ્દારણુ અસ્ત, આદ્ય અનાદેની મા,
ભાષા ભૂર સમસ્ત, વાક વિવાદેની મા.
હરખ હાસ્ય ઉપહાસ્ય, કાવ્ય કવિત વિત્ત તું મા,
ભાવ ભેદ નિજ ભાષ્ય, ભક્તિ ચિત્ર તું મા.
ગીત નૃત્ય વાજીત્ર, તાળ તાન માને મા,
વાણી વિવિધ વિચિત્ર, ગુણ અગણિત ગાને મા.
રતિરસ વિલસ વિલાસ, આશ સકળ જગની મા,
તમ તન મન મધ્ય વાસ, મોહ માયા અગ્નિ મા.
જાણે અજાણે જગત, એ બાધા જાણે મા,
જીવ સકલે આ સૃષ્ટ, સૌ સરખાં માણે મા.
વિવિધ ભોગ મરજાદ, જગ દાખ્યું ચાખ્યું મા,
ગરથ સુરત નિ:સ્વાદ, પદ પોતે રાખ્યું મા.
જલ સ્થલ શાખા પત્ર, પુષ્પફળે ફળતી મા,
પરણ માત્ર એક અંત્ર, રસ બસ વિચરતી મા.



નિકટ અટપટી વાત, નામ કહું કોનું મા,
સરજી સાતે ધાત, માત અધિક સોનું મા.
રત્ન મણિક માણેક, નંગ મઢ્યાં મુક્તા મા,
આભા અટળ અધિક, અન્ય ન સંજુક્તા મા.
નીલ પીત આરક્ત, શ્યામ શ્વેત સરખી મા,
ઉભય વ્યક્ત અવ્યક્ત, જગ જેવી નરખી મા.
નાગ જે અષ્ટકુલ આઠ, હીમાચલ આદે મા,
પવન ગવન હઠી હાઠ, તુજ રચિતા બાધે મા.
વાપિ કૂપ તળાવ, તું સરિતા સિંધુ મા,
જલતારણ જે નાવ, તું તારણ બંધુ મા.
વૃક્ષ વન ભાર અઢાર, ભૂ ઉપર ઉભાં મા,
કૃત્ય કર્મ કરતાર, કોશ વિધિ કૂભાં મા.
જડ ચૈતન્ય અભિધાન, અંશ અંશ ધારી મા,
માનવી મોટે માન, એ કરણી તારી મા.

× × × ×

વલ્લભ ભટ્ટ પછી ગુજરાતી સાહિત્યમાં દેવી સંબંધી ઉત્તમ કાવ્ય લખનાર કોઈ થયા નથી. હરગોવન( મરણ ૧૮૪૧ )નો અંબા માતાનો ગરબો સુરતના એક દેવી મંદિરને લગતો છે, પરંતુ શક્તિ રહસ્ય જણાવવા લાયક કાવ્ય ચમત્કૃતિ નથી. પ્રેમાનંદ ( ૧૬૩૬ – ૧૭૩૪ )નું દેવીચરિત્ર, અને માર્કંડેય પુરાણ ભાષાંતર રૂપનું શાક્ત સાહિત્ય છે.

શ્રી. ભોળાનાથભાઈ પ્રાર્થનાસમાજના એકેશ્વરવાદી થયા તે પહેલાંનાં તેમનાં માતાજીને લગતાં કાવ્યો ઘણાં રસભર્યાં છે; અને તે રસની છાયા ઉત્તર અવસ્થામાં ભક્તિનું આલંબન બદલાવાથી પ્રાર્થનામાળામાં નિરાકાર પરમેશ્વરમાં ઉતરી આવી છે.

વેદધર્મસભા તરફથી દેવી ભાગવતનું ભાષાંતર થયું છે અને જે સસ્તા સાહિત્યવર્ધક કાર્યાલયથી પ્રસિદ્ધ થયું છે તે ગુજરાતીમાં ઉપયોગી શાક્તધર્મનું સાહિત્ય છે.

## (૩) મીઠુ (ઇ. સ. ૧૭૩૮-૧૭૯૧)

### સામરસ્યવાદી તાંત્રિક

શાક્ત સંપ્રદાયનું ગુજરાતી ભાષાનું, પ્રકટ થયેલા સાહિત્ય ઉપ૰રાંત, બીજું ઘણું અપ્રકટ સાહિત્ય છે. વલ્લભ ભટ્ટનું સાહિત્ય દેવી ભક્તિનું સુપ્રસિદ્ધ છે, પરંતુ તંત્રમાર્ગ અને કાવ્યમાર્ગનું મિશ્ર સાહિત્ય હજુ અણખેડાયેલું બહુ છે. શાક્ત સંપ્રદાયને કાવ્યાલંકાર તથા સંગીતાદિ લલિત કળાઓ સાથે ઘણો ગાઢ સંબંધ છે. તેનું મુખ્ય કારણ એ છે કે હિંદુ ધર્મના શૈવ, વૈષ્ણવ, ગાણપત્ય, સૌર વિગેરે સંપ્રદાયોમાં સંસારી જીવન પ્રતિ વૈરાગ્ય અને ઉપેક્ષા અધિક છે, અને સ્ત્રી જાતિ પ્રતિ જાણે અણગમો હોય એવો ભાસ રહેલો છે. આ સર્વ સંપ્રદાયોમાં વૈરાગ્ય અને ત્યાગ ઉપર અધિક ભાર મૂકવામાં આવ્યો છે. આથી ઉલટું શાક્ત સંપ્રદાયમાં સ્ત્રી જાતિ પ્રતિ અદ્‌ભુત રીતે કોમળ દૃષ્ટિ છે. સ્ત્રીને ધર્મસિદ્ધિમાં વિઘ્નરૂપ માનવામાં આવતી નથી, પરંતુ પરમ સહાયક માનવામાં આવે છે. સ્ત્રીના વિવાહસંબંધ વડે અથવા શુદ્ધ પ્રેમ વડે પુરુષનું પશુત્વ ટળે છે, અને તે મોક્ષમાર્ગનો અધિકારી બને છે. તેવી જ રીતે સ્ત્રી પણ પુરુષના શુદ્ધ સંબંધથી પવિત્ર બની મોક્ષભાગિની થાય છે. સિદ્ધાન્તમાં શાક્ત સંપ્રદાય અદ્વૈત દર્શનને સ્વીકારે છે, તોપણ દ્વૈતને તે તદ્દન મિથ્યા માનનાર નથી. શક્તિવાદનું અદ્વૈત માયાવાદના અદ્વૈત કરતાં ભક્તિપોષક વધારે છે, કારણ કે આ વિશ્વનો ભેદ, અને જીવ-શિવનો ભેદ કેવલ વંધ્યાપુત્ર જેવો મિથ્યા નથી, પરંતુ અદ્વૈતાનુભવ થતાં સુધી સાચો છે. જેમ પ્રકાશ અને છાયાનો છૂટો ન પડે તેવો સંબંધ છે, તેવો શિવ અને શક્તિનો અવિભક્ત સંબંધ છે. આ નિત્યસિદ્ધ સામરસ્યનો સંબંધ સંસારી દશામાં જીવોમાં છાયા રૂપે ઉતરી આવેલો છે; અને તે છાયાના આશ્રય વડે મૂલ પ્રકાશનો સંબંધ લોપ પામેલો પુનઃ પ્રત્યભિજ્ઞા એટલે ઓળખ વડે ઉઘડે છે. આવા શિવશક્તિના સમરસવાદી



તાંત્રિકો યામલ વર્ગના ગણાય છે, અને તેઓમાં સ્ત્રીપુરુષનો દૈહિક સંબંધ પાપનું મૂલ છે એમ માનવામાં આવતું નથી. તેઓના અભિપ્રાય પ્રમાણે વિવાહાદિ સંબંધથી ગ્રથિત થયેલાં જોડામાં હંસ-હંસીભાવ ઉઘડતાં પ્રેમની ઉત્કટ કલા જાગે છે, અને તે કલા વડે માનસ તથા અધ્યાત્મ ભૂમિકા સ્ત્રીપુરુષની મલિન હોય છે તે સ્વચ્છ થતી જાય છે. આ કારણથી શાક્ત સંપ્રદાયમાં ઘણે ભાગે દંપતીને સમાન દીક્ષા આપવાનો રીવાજ છે. આ યામલદીક્ષાના અધિષ્ઠાતા દેવને અર્ધનારીશ્વર કહે છે, અને તેમનું પારિભાષિક નામ **सदाशिव** છે. પ્રસન્નતા અને સત્યત્વની મૂર્તિ અખંડ (**सदा**) જે પ્રકાશાત્મક શિવતત્ત્વ સાથે જોડાયેલી રહે છે તેનું નામ "સદાશિવ." આનું બીજું નામ **साम्ब** છે એટલે અંબા અથવા માતાના નિત્ય સંબંધ, વાળું નિર્મલ રૂપ. આવા અર્ધનારીશ્વરના અથવા સાંબ સદાશિવના સમરસ ભાવને ઓળખનાર અને શાક્ત પરિભાષામાં રસિક પ્રકરણો અને પદો લખનારા ગુજરાતી લેખકોમાં **મીઠુ મહારાજ** થઈ ગયા છે. તેમને લગતી માહિતી મેં તે પુરુષના લેખી ગ્રંથો દિ. બ. કેશવલાલ ધ્રુવે સંગ્રહ કર્યા છે તેનું અવલોકન કરી મેળવી છે.

મહી નદી પાસે મહીકાંઠાના મહીસા નામનું ગામ છે. તે ગામ અશીણા પાસે છે. ત્યાં સંવત્ ૧૭૯૪, એટલે ઇ. સ. ૧૭૩૮ માં મોઢ બ્રાહ્મણની નાતમાં મીઠુનો જન્મ* થયો હતો. તેના પૂર્વજોનાં

---

* જુઓઃ—ગરજે ગુર્જર જનપદે, મુદગણ મહિસા ગામ,
મણિમૂલે મિઠુઓ ઠર્યો, શિવશક્તિક સુખ ધામ.
(રાસરસ. લેખી પ્રત આંક ૧૧ પૃ. ૩૯૩.)

**सेव्यः श्री शुक्लवंशे हरजिदमलधीः, कृष्णदासस्ततोऽभूद्**
**वीरेशस्तत्तनूजः श्रुतिशिखररसास्वादनोत्साहयुक्तः ।**
**तत्सूनुः श्रद्धधानः श्रुतिविहितविधौ श्रीकृपारामनामा**
**मीठुस्तस्यात्मजः श्रीनगरगतपरारासलीलाविलासी ॥**

(**शक्तिविलासनो** (પૃ. ૧૬ છેવટનો શ્લોક) જુઓ વળી રાસરસ પૃ. ૩૯૬.

નામ તે આપે છે. તેમની અવટંક શુકલ હતી. તેના પિતાનું નામ કૃપારામ હતું. માતાનું નામ કદાચ "મણિ" હશે. કૃપારામના પૂર્વજો વીરેશ, કૃષ્ણદાસ, અને હરજી જણાય છે. તેણે બાલ્યાવસ્થામાં યજ્ઞોપવીત મેળવ્યા પછી સારો વિદ્યાભ્યાસ કર્યો જણાય છે. તેનાં પત્નીનું નામ **લલિતા** જણાય છે. તેમનો સંસાર સુખી હતો. પ્રજાની જાળ વધી હતી. વિશેષ વિદ્યાભ્યાસ અર્થે તે વિંધ્યાટવીમાં ગયા જણાય છે, અને ત્યાં અષ્ટભુજા દેવીની આરાધના કરી શ્રીનાથવિદ્યા એટલે શ્રીચક્રની યામલ વિદ્યા પ્રાપ્ત કરી જણાય છે. શુદ્ર જાતિનો તે પ્રતિગ્રહ કરનાર ન હતો. તેના પોતાના કહેવા પ્રમાણે તેણે ચારે વેદ અને તેનાં ભાષ્યો વિચાર્યાં હતાં, ઉપનિષદોનું અધ્યયન કરી બ્રહ્માત્મૈક્યની સમજણ મેળવવા તેણે યત્ન કર્યો હતો; ચોસઠ તંત્રો તેણે જોયાં હતાં; આઠ અર્ણવ ગ્રંથો જોયા હતા; યામલગ્રંથો પણ અવલોક્યા હતા; કર્મકાંડના નિયમો શ્રાદ્ધાદિના સારી રીતે તે જાણતો હતો; શાંભવ તંત્રનો અભ્યાસ કર્યો હતો; કર્મમીમાંસાનું શાબરભાષ્ય તે શીખ્યો હતો; સિદ્ધિસાધનના અનેક ઉપાયો જેવા કે સ્મશાનમાં શબસાધન વિગેરે તેણે કરી જોયાં હતાં; પરંતુ વેદાધ્યયન વડે પ્રપંચનું જ્ઞાન વધ્યું, પણ નિષ્પ્રપંચપદ મળ્યું નહિ; ઉપનિષદો વડે બ્રહ્માત્મૈક્ય વિચાર્યું. પણ ચિત્તમાં નિર્મલ વસ્તુનો પ્રકાશ થયો નહિ; અર્ણવ અને યામલ વડે અંદરનો રજોગુણ વધ્યો પણ ઘટ્યો નહિ; કર્મકાંડ વડે "માગવાનો મર્મ" ઉઘડ્યો પણ ચિત્તનું શોધન થયું નહિ; સિદ્ધિસાધન વડે વધારે ભ્રાન્તિ થવા લાગી, પરંતુ સિદ્ધિ મળી નહિ—આ બધી અરાઢ વિદ્યાઓ અને ઉપવિદ્યાઓ વડે ધૂર્તોને ઠગવાના માર્ગ ઉઘડયા છે એવું એને સમજાયું. છેવટે સંગીતશાસ્ત્રમાં નિપુણતા મેળવી અને મનોલય કરવામાં સંગીત જેવું બીજું કોઈ શાસ્ત્ર તેને જડયું નહિ:—

"શાસ્ત્ર સદા સંગીત એક સાચું, યાચું હું યાચક જોઈ રે,
જેહ સુણી દેહમાં રસ જામે, ક્રોધ ફળે નહિ કોઇમાં;



અન્યા અખિલ અવિદ્યા વદવી, વિદ્યા વાસવિલાસ રે,
અજ્ઞાની જન દરને અરથે, પેસે કુવિદ્યા પાસ.
મળીઓ મૂલ મીઠો.
જ્ઞાની થઈ જ્ઞાન ગણાવે, જ્ઞાન ઘણું છે ગૂઢ રે,
દેખે નહિ દેહમાં દીઠા દષ્ટે, મતમતતા મતિ મૂઢ
મળીઓ મૂલ મીઠો.
રસિક સકલ રમણો રંગ રસીઓ, રંગ રમ્યો મર્ત્ય માંહી રે,
રાસ રમાડી રસિક સબળાંને, બાઝી ગયો બેહુ બાંહી
મળીઓ મૂલ મીઠો.
(રાસરસ-૩૪ મો ઉલ્લાસ.)

સંગીતકલા સાથે કાવ્યકલા જોડી, અને તેનો શ્રીચક્રની વિદ્યા સાથે સમન્વય કરી, તેણે આંતર રાસ અને બાહ્ય રાસનું સંયોગીકરણ કર્યું જણાય છે. તેણે રાસમંડળની સ્થાપના કરી હતી, અને તેમાં અનેક સ્ત્રીપુરુષોને તેણે જોડયાં હતાં. તેની ભક્ત શિષ્યા જનીબાઈના કહેવા મુજબ તેણે મહીસા ઉપરાંત, દધિપુર, વાડવપુર (વાળવોડ), પીજ વિગેરે ગામોમાં ભકત સ્ત્રીપુરુષોનું મંડલ સ્થાપ્યું હતું. પ્રથમ દીક્ષા તેણે પોતાની પત્નીને આપી હતી. તે પોતાને "મુક્તમીકુ" નામથી ઓળખાવે છે. તેણે સંસ્કૃતમાં અને ગુજરાતીમાં નાના મોટા પ્રકરણગ્રંથો તથા પદો લખ્યાં છે. તેમાં નીચેની કૃતિઓ મુખ્ય જણાય છે:—

૧ રસિકવૃત્તિવિનોદ
૨ શ્રીરસ–બાર ઉલ્લાસમાં
૩ શ્રીલહરી–૧૦૩ શિખરિણીમાં, આ ગ્રંથ શંકરાચાર્યની સૌન્દર્યલહરીનો સમશ્લોકી અનુવાદ છે. કવિ બાળાશંકરની સૌન્દર્યલહરી પહેલાંની આ કૃતિ ગુજરાતીમાં છે.
૪ શક્તિવિલાસલહરી (તેર ઉલ્લાસમાં)

૫ ભગવદ્‌ગીતાનો અનુવાદ

૬ ગુરુસ્તોત્ર, ભર્તૃસ્તોત્ર ( પત્નીએ પતિનું કરવાનું ) અને સ્ત્રીસ્તોત્ર ( પતિએ પત્નીનું કરવાનું )-આ ત્રણે સ્તોત્રો સંસ્કૃત ભાષામાં રસભાવપૂર્ણ છે.

૭ પરમશિવસ્તોત્ર, શિવશક્તિરાસાનુક્રમ ( ગદ્ય ), રસિકાષ્ટક, બ્રાહ્મણાષ્ટક, વિગેરે સ્તોત્રો.

૮ ભક્તિતરંગિણી ( ત્રણ લહરીમાં )

૯ પરચુરણ પદો. લગભગ ૫૭ અનુક્રમમાં લખાયેલાં છે.

૧૦ **સ્ત્રીતત્ત્વમ્**-સંસ્કૃતમાં સ્ત્રીજાતિના સાત્વિક, રાજસ, અને તામસ વિભાગોનું વર્ણન છે. આ ગ્રંથમાં તાંત્રિક સિદ્ધાંત એવો સ્થાપ્યો છે કે પ્રત્યેક પુરુષને નિત્યસિદ્ધ શક્તિ વળગેલી છે. તેની પૂર્ણકલા જ્યારે યામલ માર્ગે થાય ત્યારે જ મોક્ષ મળે છે, કારણ કે સ્ત્રી પુરુષનું અર્ધ શરીર છે. અનેક જન્મપરંપરામાં જ્યારે મૂલ યુગ્મ સમાન કક્ષામાં આવે છે ત્યારે સમરસથી મોક્ષ મળે છે. આ ગ્રંથ કામશાસ્ત્રના નિયમ પ્રમાણે ભોગભાવનું પ્રકરણ નથી, પરંતુ તંત્રશાસ્ત્રના નિયમ પ્રમાણે ભોગ-મોક્ષની એકવાક્યતા કરવાનું પ્રકરણ છે.

૧૧ રાસરસ ( બત્રીસ ઉલ્લાસમાં )-આ ગ્રંથ મીઠુની મુખ્યકૃતિ જણાય છે. તેમાં અર્ધનારીશ્વરની ભાવના ઉપર શ્રીચક્રની પદ્ધતિ અનુસાર રાસરસનું વર્ણન છે. પ્રકરણ વસ્તુતઃ અધ્યાત્મ છે, તોપણ આચારમાં અધિભૂત રાસમંડળમાં મૂકવા ધારેલું જણાય છે.

કાવ્ય અને સંગીત શાસ્ત્રની દૃષ્ટિએ મીઠુની કૃતિઓ મને ઉંચી પ્રતની જણાઈ છે, પરંતુ આ નિબંધ ધર્મ અને તત્ત્વને લગતો હોવાથી વિષયાન્તર કરવા હું માગતો નથી. મીઠુના ગ્રંથો ગુજરાત વર્નાક્યુલર સોસાઇટી, દિ. બ. કેશવલાલભાઇના સંપાદકપણામાં



છપાવે તો તે વડે તંત્રમાર્ગનું ગુજરાતી સાહિત્ય સારૂં પ્રકાશમાં આવે એમ છે.

રાસમંડળની રચના કરી પૂર્ણ રસિકભાવથી મુક્તમીઠુએ પોતાનું જીવન ગાળ્યું જણાય છે. તેના જમાનામાં સામાન્ય પ્રજાએ તથા પંડિતોએ શ્રી. દયારામના જેવી તેની પણ નિંદા કરી છે. તેનો ઉલ્લેખ તેણે પોતાની ઇષ્ટદેવતાને કરેલી સંસ્કૃત વિજ્ઞપ્તિમાં કર્યો છેઃ—

“ હે અર્ધનારીશ્વર ! અનેક સંચિત પ્રારબ્ધ, અને ક્રિયમાણ કર્મો-પછી શુભ અને અશુભ વર્ગનાં થયેલાં-કર્યાં પછી તેના ફલને ભોગવવા આ છેવટનો જન્મ આ મનુષ્યયોનિનો મળ્યો છે. આવો શુભ સંયોગ ફરી આવવાનો નથી. તેમ છતાં કેટલાક મને કુલમાર્ગનો વામાચારી માને છે. કેટલાક મને અધર્મી શૈવ અને શાક્ત માને છે; કેટલાક મને કુટિલ વૈષ્ણવ ગણે છે. હે અર્ધનારીશ્વર ! તારા રાસરસની દીક્ષાથી જેઓ વિમુખ છે તેમનું હું અન્ન સરખું પણ લેતો નથી. ઉભું ટીલું અને મધ્યે બિંદુ કરી તિલક કરૂં છું, તેથી કેટલાક મને મિથ્યા વૈષ્ણવ કહે છે. કેટલાક દાક્ષિણાત્ય પંડિતો પુરાણ પાઠ કરૂં છું અને તે વડે વૃત્તિ મારી ચલાવું છું તેથી સામાન્ય બ્રાહ્મણ માને છે; વળી હું શ્રીચક્રમાં હંસની અર્ચના કરૂં છું તેથી હું વામી છું એવું પોકારે છે. આ સંસારમાં અંધબુદ્ધિવાળા અનેક કલ્પનાઓ મારા સંબંધમાં કરી અસત્ય ભાષણના પાપમાં બંધાય છે. મારી નાતજાતના મને મદોન્મત્ત, ધૂર્ત, ભ્રષ્ટ, મલિન, પાખંડી, નિર્દય, અનાચારી, અભિમાની એવાં અનેક વિશેષણો લગાડી નિંદે છે. પરંતુ આ મારા પોતાના અધર્મને નાશ કરનારી અને પુણ્યમાર્ગને ઉઘાડનારી દુર્જનનિંદાને બાજુએ મૂકું, તો પ્રશંસા પણ ઘણી થાય છે. પરંતુ તે પ્રશંસાનું વર્ણન મને પોતાને લાભદાયક નથી. પરંતુ આ લોકને નીચેનો વિચાર પણ કેમ નહિ આવતો હોય ! :—

આ મનુષ્ય એટલે “ મીઠું ” અધમ, મધ્યમ, ઉત્તમ અનેક જન્મો ભોગવી, તેનાં સુખદુઃખનો અનુભવ મેળવી, સારા શુદ્ધ બ્રાહ્મણ

કુલમાં જન્મ્યો છે: જાતેષ્ટયાદિ સઘળા શ્રૌતસ્માર્ત સંસ્કારોથી સંસ્કૃત થયેલો છે; પોતાની શાખાના વેદ તથા વેદાન્તાગમ, તથા સ્મૃતિ વગેરે શાસ્ત્રોનું તેણે થોડું ઘણું અધ્યયન પણ કર્યું છે; કંઇક ધ્યાનાદિ પણ કરે છે;—આવી સંપત્તિવાળો મનુષ્ય પ્રારબ્ધને અધિન થઈ, પોતાનું ધારેલું નિર્મલ પદ મેળવવા જે મથે છે તે એકદમ કુમાર્ગે શી રીતે જતો હશે? કદાચ બલવત્તર પ્રારબ્ધથી અયોગ્ય માર્ગે તેનું વલણ થશે તોપણ પ્રારબ્ધને જ તેમણે દોષ દેવો ઘટે છે. આથી લોકોની આ નિંદા મને તો આશ્ચર્ય ઉત્પન્ન કરે છે. મારા મનમાં શંકરાચાર્યની ઉક્તિ યાદ આવે છે:—

स्वैरं प्रशंसन्तु निन्दन्तु सन्तो
यथेच्छं ततो मे न तोषो विषादः
जनाराधनार्थं मया न प्रवृत्तं
स्वतः किन्तु धीप्रेरकप्रेरणातः ।

મને સારા નઠારા યથેચ્છ સ્તુતિ કરો અથવા નિંદો, તેથી મને હર્ષ નથી, તેમ શોક પણ થતો નથી. કારણ કે લોકની આરાધના કરવા મેં પ્રવૃત્તિ આદરી નથી, પરંતુ બુદ્ધિપ્રેરક પરમાત્માની પ્રેરણાનુસાર પ્રવૃત્તિ સેવી છે. શિવ પણ એક સ્થળે કહે છે કે:—

निन्दन्तु बांधवाः सर्वे, त्यजन्तु स्त्रीसुतादयः
जना हसन्तु मां दृष्ट्वा, राजानो दण्डयन्तु वा ॥
सेवे सेवे पुनः सेवे त्वामेव परदेवताम्
त्वत्पदं नैव मुञ्चामि मनोवाक्कायकर्मभिः ॥
केनापि देवेन हृदि स्थितेन
यथानियुक्तोऽस्मि तथा करोमि ॥

મને બંધુજનો સર્વ ભલે નિંદો; સ્ત્રીપુત્રો મને ભલે ત્યાગ કરો; લોકો મને જોઈ ભલે હસો; રાજાઓ મને ભલે દંડો. તો પણ હું તો હે પરદેવતા! તારી સેવા કર્યાંજ કરીશ. મારા હૃદયમાં રહેલા



કોઈ વિલક્ષણ દેવ જેમ પ્રેરે છે તેમ હું કાર્ય કરું છું." ( જુઓ મીઠુવિરચિતા વિનતિઃ )

આ ઉપરથી સમજાય છે કે આ પુરુષ સર્વતંત્રસ્વતંત્ર શાક્ત વિચારક છે, અને નિર્ભ્રાન્ત પ્રવૃત્તિ કરનાર છે. તેનો દેહ સંવત ૧૮૪૭ અથવા ઇ. સ. ૧૭૯૧ માં પડયો હતો.

## (૪) બાઇ જની × (મીઠુની શિષ્યા.)

તેના અનુયાયી ભક્તોમાં જનીબાઈ નામની રસિક કવયિત્રી થઈ ગઈ છે. મીઠુના જીવનસમયે તે કદાચ દીક્ષિત થઇ હશે, પરંતુ તેને આંતર બોધ ગુરુના નિર્વાણ પછી થયો જણાય છે. સંવત્ ૧૮૪૭ માં ગુરુ મહારાજ શમી ગયા. સંવત્ ૧૮૫૭ માં ગુરુએ તે બાઇને દર્શન દીધું. સંવત્ ૧૮૫૮ માં એ બાઇએ "નવનાયિકા વર્ણન"નું કાવ્ય લખ્યું. સંવત્ ૧૯૬૦ માં એને યુગલ દર્શન થયું; સંવત્ ૧૮૬૮ માં એને શ્રી બાલાદર્શન થયું; સને ૧૮૬૮ ના પોસ વદ તેરશે તે બાઈ સ્વર્ગવાસ પામી. આટલી સાલવારી જનીના ગ્રંથોમાંથી શ્રી. ડાહ્યાભાઈ દેરાસરી તારવી શક્યા છે.

જનીએ પોતાના ગુરુનો મહિમા ગાયો છે. "નાથજી પ્રાકટય" માં ગુરુનો દૈવી જન્મ વર્ણવ્યો છે. જનીને તંત્રશાસ્ત્રની પરિભાષા સમજાયેલી જણાય છે. નિત્યા ષોડશિકાનું સ્વરૂપ તે સમજી હોય એમ જણાય છે; અને શ્રીવિદ્યાનો મર્મ સાંસારિક પંચમકારમાં નથી, પણ ઉંડા અધ્યાત્મભેદવાળો છે એમ તે સમજે છે.

ગુરુ અને શિષ્યાના ગ્રંથો એક તંત્રે પ્રસિદ્ધ થાય તો શાક્તસંપ્રદાયનો પ્રચાર આજથી બસેં વર્ષ ઉપર ગુજરાતનાં ગામડાંમાં કેવો હતો તેનો ઉન્નત ખ્યાલ આવે એમ છે.

× જુઓ, "જનીબાઇ (એક પ્રાચીન શાક્ત કવયિત્રી)"—અમદાવાદમાં છઠ્ઠી સાહિત્ય પરિષદ્ રુબરુ શ્રી. ડાહ્યાભાઇ પીતાંબરદાસ દેરાસરીનો વંચાયેલો લેખ.

## (૫) કવિ બાલ* ( ઇ. સ. ૧૮૫૮-૧૮૯૮. )

ગુજરાતના સુપ્રસિદ્ધ કવિ બાળાશંકરનું સ્થાન જેટલું કવિ તરીકે છે તેટલું જ શાક્તસાહિત્યના રહસ્યના પ્રસરાક તરીકે છે. સામાન્ય મનુષ્યો તેમની કૃતિઓમાં મસ્ત શ્રૃંગાર જ જુએ છે. પરંતુ તેનાં ઘણાં કાવ્યોમાં ભગવતી પ્રતિની સુપ્રીમતની ભાવના એટલી તો ઉભય તરી આવે છે કે તેનાં કાવ્યોને શ્રૃંગારી કાવ્યો કહેવાં, કે ભક્તિકાવ્યો કહેવાં-એ નિર્ણય કરવો તે સહેલું કામ નથી. તો પણ કેટલાંક કાવ્યો તો એવાં સ્પષ્ટ છે કે જેમાં ભક્તિભાવ વિના બીજી કોઈ ભાવના આરોપ આપણે કરી શકીએ નહિ. ઉદાહરણ તરીકે " હરિપ્રેમપંચદશી. " આ ઉંડી ભક્તિની છાયાના પ્રવેશનાં કારણો તેમના જીવનમાંથી મળી આવે છે.

કવિ બાલનો જન્મ ઇ. સ. ૧૮૫૮ માં એક વિદ્વાન્ અને ધન- વાન પ્રતિષ્ઠિત કુટુંબમાં થયો હતો. તેમના પિતા ઉલ્લાસરામ અર્જુન- લાલ ફારસી અરબ્બી જાણનાર, તથા સંસ્કૃતના સામાન્ય જ્ઞાનવાળા હતા, અને તે સાથે પરમ શિવ-શક્તિના ઉપાસક હતા. તેઓ ફર્સ્ટ ગ્રેડના મામલતદાર થઈ ઇ. સ. ૧૮૮૧-૮૨ માં પેન્શન લઈ નિવૃત્તિમાં ધર્માભ્યાસ કરતા હતા. કવિ બાલનો ૧૮૬૩-૧૮૭૯ સુધીનો સમય સામાન્ય હાઇસ્કુલના અભ્યાસમાં ગયો હતો. સોળમા વર્ષમાં મેટ્રીક થયા પછી કૉલેજમાં F. E. A. પરીક્ષાનો અભ્યાસ કરવા તેઓ અમદાવાદમાં રહેલા હતા. તેમણે કાવ્યશાસ્ત્રનું તથા સંગીતનું સારૂં જ્ઞાન સંપાદન કર્યું હતું. કવિતા કરવા અને કરાવ- વાનો છંદ તેમને બાળપણથી હતો. તેમનો જન્મ બાળાત્રિપુરાની

---

* આ સંબંધમાં જુઓ નર્મદાશંકર દેવશંકરનું ભાષણ, ગુજ- રાત વર્નાક્યુલર સોસાઇટી આગળનું " કવિ બાલ: તેમનું જીવન અને સાહિત્યસેવા "-એ વિષય ઉપર ભાષણ ( વસંત વર્ષ ૨, અંક ૫, સંવત્ ૧૯૮૪ ).



ઉપાસનાના ફલરૂપે થયેલો હોવાથી તેમનું નામ બાળાશંકર પાડવામાં
આવ્યું હતું. સને ૧૮૮૦-૮૧ માં કૉલેજનો અભ્યાસ છોડી તેમણે
ગોધામાં કસ્ટમ ખાતામાં નોકરી સંપાદન કરી હતી. ત્યાર પછી
૧૮૮૩-૮૪ ના અરસામાં ભરૂચ જીલ્લામાં એકાઉન્ટ ઓફિસમાં,
કલેકટરની ઓફિસમાં, આસીસ્ટંટ કલેકટરની ઓફિસમાં નોકરી કરી,
પાંચ વર્ષ રજા ઉપર ગયા ત્યાર પછીનાં ત્રણ વર્ષ ૧૮૮૩-૧૮૮૫
સુધીનાં તેમણે તેમના પિતા પાસે નડીયાદમાં રહી, ધર્મરહસ્ય શિખ-
વામાં ગાળ્યાં હતાં. આ ધર્મજ્ઞાનનું પિતાનું ઋણ તેઓએ " સૌન્દર્ય-
લહરી "ની પ્રસ્તાવનામાં સને ૧૮૮૬ માં નીચેના શબ્દોમાં સ્વીકાર્યું છે:-

" આ ગ્રંથનું રહસ્ય સમજવાને ઊંડી તર્કબુદ્ધિ, જ્ઞાન, યોગ,
ન્યાય, સાહિત્ય ઇત્યાદિના ખૂણેખાંચરાથી માહિત પુરૂષ જ અધિ-
કારી છે અને પરમેશ્વર આશાનો તંત્ર જારી રાખે તો મારા પૂજ્ય
અને આવા કાવ્યાદિમાં કુશલ તથા આરબી ભાષામાં પ્રવીણ પિતાને
હાથે મારી ટીકા સંશોધન કરાવી પ્રસિદ્ધ કરવાનો ઇરાદો છે. પરંતુ
હાલ વિદ્વાનોમાં ચર્ચાવવાને વાસ્તે અને ટીકાકારોની પરીક્ષાને માટે
આ મૂલ આવૃત્તિ કહાડી છે. ટીકાકારોએ વિષયના પૂર્ણજ્ઞાન શિવાય
ટેબલ ન શોધવું એ જ અતિ ઉત્તમ છે."

કવિ બાલનો પોતાનો આશાનો તંતુ જારી રહ્યો, પરંતુ પિતાનું
મરણ સને ૧૮૮૬-૮૭ માં થવાથી કવિ બાલની " સૌન્દર્યલહરી "
ટીકા વિનાની અદ્યાપિ રહી છે. કવિનો પણ સને ૧૮૯૮ માં સ્વર્ગવાસ
થયો અને પ્રજાનો આશાતંતુ પણ ત્રુટી ગયો. આ ગ્રંથના મૂળને
નહિ જાણનારા ગુજરાતી વાચકો એ ગ્રંથના નામ ઉપરથી કોઈ
નાયિકાનું સૌન્દર્ય વર્ણન કરનારૂં કાવ્ય હશે એમ માની અને કવિ
શ્રૃંગારી હોવાથી કાવ્ય પણ શ્રૃંગારરસનું જ છે એવું સ્વીકારી લે છે.
પરંતુ આ ભગવતીનું રહસ્યસ્તોત્ર શંકરાચાર્યનું સંસ્કૃતમાં રચેલું છે
તેનો ગુજરાતીમાં અનુવાદ છે અને તે સમાન શિખરણી વૃત્તમાં છે-
એ મુદ્દો સ્મરણ બહાર જાય છે. શ્રૃંગારનો સ્થાયીભાવ રતિ, અને

ભક્તિનો સ્થાયીભાવ પ્રેમ–એ બે વચ્ચે એવું તો વિલક્ષણ સાહચર્ય છે કે શૃંગારરસ અને ભક્તિરસ વચ્ચે વિભ્રમ અવિવેકી જનોને થઈ જાય છે. શૃંગારનો આલબન વિભાવ લૌકિક સ્ત્રી અથવા નાયિકા હોય છે; ભક્તનો આલંબન વિભાવ અલૌકિક પરમેશ્વર ચેતન છે, પછી તે સ્ત્રીરૂપે હોય કે પુરુષરૂપે હોય કે બાલકરૂપે હોય; શૃગારમાં અને ભક્તિમાં ઉદ્દીપન વિભાવો, અને સંચારી ભાવો લગભગ સરખા છતાં પ્રથમમાં તે સંસારી રતિ અથવા રાગના પોષક હોય છે, જ્યારે બીજામાં તે અસંસારી કક્ષાની વિરાત અથવા નિર્વેદના પોષક હોય છે; પ્રથમમાં આલંબન વિભાવ એટલે સ્ત્રી આદિના અંતર્ગત ગુણમાહાત્મ્યનું ભાન હોતું નથી, અને તેથી પ્રેમ સ્વાર્થી હોય છે, જ્યારે બીજામાં આલંબન વિભાવ નિત્યસિદ્ધ પરમેશ્વરનું સત્ય સ્વરૂપ અસત્ય શરીરમાં પેઠેલું સ્વીકારવામાં આવે છે, અને તેના ગુણનું અને કર્મનું માહાત્મ્યજ્ઞાન ન્યૂનાધિક અંશે ભક્તને હોય છે, અને તેથી પ્રેમ નિઃસ્વાર્થ એટલે આત્માર્પણભાવથી પ્રેરાયેલો હોય છે. આથી શૃંગારી અને પ્રેમભક્તની ભાષા સમાન છતાં ફલમાં ઘણો ભેદ રહે છે. શૃંગારી મનુષ્ય રસિક બની જો શુદ્ધ આલંબનને કોઈ રીતે મેળવી શકતો નથી તો સંસારના કીચડમાં કળતો જાય છે, જ્યારે પ્રેમી ભક્ત આલંબનના માહાત્મ્યજ્ઞાન વડે વિશુદ્ધિ થવાથી સંસારીદશામાં નિર્લેપ થઇ જાય છે. શૃંગારમાં અતિશય થવાથી ઉન્માદ આવે; પ્રેમી ભક્તમાં અતિશય થવાથી શાંત અથવા સ્તંભભાવ જાગે છે. આ વગેરે અનેક સૂક્ષ્મ ભેદો શૃંગાર અને પ્રેમભક્તિમાં રહેલા છે. પરંતુ ભાષાનું સાદૃશ્ય, અને ઉદ્દીપન વિભાવો અને સંચારી ભાવોનું સાદૃશ્ય એટલું બધું બે રસ વચ્ચે રહે છે કે ઘણા બુદ્ધિમાન મનુષ્યો પણ ક્યાં શૃંગાર છે અને ક્યાં પ્રેમભક્તિ છે એ ઓળખી શકતા નથી, અને આ કારણથી કયે પ્રસંગે કવિ શૃંગારી છે અને કયે પ્રસંગે કવિ ભક્ત છે તે કળી શકતા નથી. આવા રસવિભ્રમના ભોગ થઈ પડેલ ઘણા કવિઓ છે. નરસિંહ



મહેતાની પણ આ જ દશા થઈ છે; દયારામના સંબંધમાં પણ આવો જ વિભ્રમ થયો છે; હાફીઝ વિગેરે કવિઓમાં પણ આવી જ ભ્રમણા થઈ છે; અને મીરાં તથા કવિ બાલના સંબંધમાં પણ આવી ભ્રાન્તિ પ્રવેશ પામી છે. પરમેશ્વરવસ્તુને પિતા, માતા, પત્ની, બાલક, ગુરુ, મિત્ર વિગેરે અનેક રૂપમાં આલંબન વિભાવમાં લાવ્યા વિના પ્રેમનાં અંકુરો કદી ઉત્પન્ન થતાં નથી, અને આ કારણથી પ્રેમભક્તિ દાસત્વમાં, સખ્યત્વમાં, વાત્સલ્યમાં, માધુર્યમાં એમ અનેક રંગમાં પલટાય છે. જેમ સૂર્યનાં કિરણ બીલોરી કાચ સાથે જોડાતાં અનેક રંગ રચે છે, તેમ પ્રેમભક્તિ પણ અનેક વર્ણ રચે છે, અને ભક્ત ગમે તે ભાવના વર્ણમાં લીન થઈ ભક્તિરસનું ફલ–ઇશ્વિરસાયુજ્ય–મેળવી લે છે. આમાં કોઈ પણ રંગ અથવા વર્ણ ખોટો ગણવા જેવો નથી, અને ખોટો ગણવો હોય તો જેમ રૂપપ્રત્યક્ષ સ્વતઃ બાહ્ય વસ્તુ નથી, છતાં બાહ્ય ગુણ છે એવો વિજ્ઞાનથી સાબીત થયેલો વિભ્રમ છે, તેમ દાસત્વાદિ સર્વ ભાવો પણ વિભ્રમાત્મક છે, એમ તત્ત્વદૃષ્ટિથી માનવું પડશે. પરંતુ મોહને મોહરૂપ જાણી રસાનુભવ કરવો, અને મોહથી મુગ્ધ થઈ સત્યત્વ સમજી શોકમોહ પામવું–એ બેમાં પાયામાં ભેદ છે–એ સમજવું જોઇએ. સીનેમા વિગેરેમાં પ્રૌઢ મતિનું નિરીક્ષણ, અને બાલમતિનું નિરીક્ષણ વિભ્રમવિવેક કરનારૂં ઉઘાડું છે; બંને સમાનચક્ષુથી જુએ છે, આનંદ પણ બંને લે છે. પરંતુ પ્રથમનો મોહ છૂટેલો છે, બીજાનો મોહ તેને વળગેલો છે.

સૌન્દર્યલહરીના મૂલનો અભ્યાસ કરતાં પહેલાં કવિબાલે તે રહસ્યસ્તોત્ર સંબંધમાં જે કંઈ સાધનો તે સમયે મળી આવેલાં તે મેળવી જોયાં હતાં; સુફી મતનું સાહિત્ય સારી રીતે તેમણે જોયું હતું; અને શક્તિરહસ્ય, શ્યામારહસ્ય, શિવરહસ્ય વિગેરે રહસ્યગ્રંથો તેમના પિતા પાસેથી તેમણે સમજી જાણ્યા હતા. તેમના પિતામાં સાંપ્રદાયિક રીતે શાક્ત ઉપાસના હોવાથી ઘણા અટપટા પ્રસંગો આ રહસ્યસ્તોત્રના તેઓ ઉકેલી શક્યા હતા એવી મારી પોતાની

જાતમાહિતી* છે.

સૌન્દર્યલહરીનો મૂલ ગ્રંથ તે શ્રી વિદ્યાના મંત્રની સારસ્તુતિ છે. શિવની સચ્ચિદાનંદમયી પર શક્તિની ઉપાસના **કાલીકુલ**ના મંત્રોથી અને **શ્રીકુલ**ના મંત્રોથી થાય છે. તેમાં શ્રીકુલની વિદ્યાને "શ્રીવિદ્યા" કહે છે. આ વિદ્યાની અધિષ્ઠાત્રી શક્તિને શ્રી એવી સંજ્ઞા આપવામાં આવે છે. આ શ્રીનું બીજું નામ "સુભગા" અથવા "સુંદરી" છે. અથર્વવેદના સુભગાને લગતા કાણ્ડને સૌભાગ્યકાણ્ડ કહે છે, અને સુંદરીને લગતાં ઘણાં ઉપનિષદો છે. આરુણકેતુક ચયનનો ભાગ તૈત્તિરીય આરણ્યકમાં આવે છે, અને આપણા પિંડમાં શિવ–શક્તિનું પરમ રહસ્ય સામરસ્ય વડે ઉઘડી શકે છે, એવું ભાન અરુણોપનિષદ્‌માં કરાવવામાં આવ્યું છે. તે ઉપનિષદ્‌માં નીચેના ગૂઢ ભાવનાં વાક્યો છેઃ—

"ખરેખર, આ ભુવન (શરીર) શોધવા લાયક છે. ઇન્દ્ર અને વિશ્વદેવોએ તેને શોધી જોયું છે. આદિત્યે અને ઇન્દ્રે આ દેહમાં યજ્ઞ સાધ્યો છે, પોતાનું અર્ધું અંગ–પત્નીરૂપે–પ્રાપ્ત કર્યું છે; અને નવી પ્રજાને પ્રકટાવી છે. આદિત્યો, ઇન્દ્ર, મરુત અને તેમના પરિવાર દેવતાઓ અમારાં આ પૃથક પડેલાં શરીરોનું (પતિ–પત્નીનાં) રક્ષણ કરો, તેમનું જલ વડે શોધન કરો, તેજ વડે તેમને ઢાંકી દો, તેમાંથી સપિંડીભાવ વડે નવા અંડો ઉત્પન્ન કરો. દુઃખના સ્પર્શ વિનાના અને સુખના પ્રકટ કરનારા નૂતન શરીરમાં અમારી પુરી તરીકે અમને અધ્યક્ષરૂપે સ્થાપો. આ દિવ્યપુરીના ઘટક અંશો સ્વયંભૂ પ્રજાપતિનાં કિરણો(મરીચિ) માંથી પ્રાપ્ત થાઓ, અને વહ્નિનાં ૧૦૮ કિરણો, રવિનાં ૧૧૬ કિરણો, અને ચંદ્રમાનાં ૧૩૬

*આ લેખક સ્વર્ગસ્થ કવિ બાલનાં ભાણેજ છે, અને અરાઢ વર્ષ સુધી તેમના કુટુંબમાં જ નડીઆદમાં કુટુંબીજન તરીકે ઉછરેલો છે, તેથી આ વાક્ય છે.



કિરણો મળી એકંદર ૩૬૦ કિરણાવલિ વડે અમારો આ નવો દેહ દેદીપ્યમાન થાઓ. હે ભારતવાસીઓ! ઉઠો, ઉંઘો નહિ. અગ્નિનું રહસ્ય સમજી જાણો. તેની સાથે સોમ રસથી તૃપ્ત થાઓ, અને સૂર્ય સાથે સાયુજ્યવાળા થાઓ. સુંદર વર્ચસ્‌વાળા કવચ વડે યુવાન્ બનો, અને દેવોના પુર જેવી આ અયોધ્યા (એટલે યુદ્ધમાં હરાય નહિ એવી.) પુરીને આઠ ચક્રમાં અને નવદ્વારમાં ગોઠવી દો. તે પુરીમાં હિરણ્યકોશ છે. તેમાં સ્વર્ગલોક જ્યોતિર્મંડલથી ઢંકાઈ ગયેલો છે. અમૃત વડે ઢંકાયેલી આ બ્રહ્મપુરીને જેઓ જાણે છે તેમને કારણ બ્રહ્મ (પરમેશ્વર) અને કાર્યબ્રહ્મ (બ્રહ્મા) આયુષ, કીર્તિ અને પ્રજા આપે છે. ખરેખરી આવી હિરણ્મયી પુરીને "અપરાજિતા" નામ વાળી બ્રહ્માએ સંપાદન કરી છે, અને તે બ્રહ્મયશ વડે વીંટળાયેલી, તેજસ્વી, અને દિવ્યગતિ કરનારી (હરિણી) છે. આ પુરીમાં તે કાર્યબ્રહ્મ પેઠા છે. બાહ્ય પ્રતિબંધોથી ન ડગનારી, બાહ્ય વસ્તુઓથી ન નાશ પામનારી આ દિવ્યપુરી આ લોકમાં અને પરલોકમાં આપણી સાથે રહે છે. વિદ્વાનોને, દેવોને, અને અસુરોને આ પુરી વસ્તુતઃ પ્રાપ્ત છે. પરંતુ કેટલાકમાં તેની કુમારીભાવમાં શક્તિ મંદ મંદ ધ્વનિ કરતી ગુંજારવ કરે છે; કેટલાકમાં તે પતિવ્રતા પત્ની બની આગળ ધપે છે; આ શક્તિનું ઉત્થાપન કર્યા પછી અરિષ્ટ કંઇ થાય છે તો અગ્નિ તેનો નાશ કરે છે. અપક્વ કષાયવાળા, અને પક્વભાવવાળા સાધકો, ઇન્દ્ર અને અગ્નિને ઉપાસના વડે જાણનારાઓ, જેમ રેતીના કણો મોટા ઢગલાના રૂપમાં થઈ જાય છે, તેમ કિરણો વડે વિદ્યા બળથી અથવા ઉપાસનાબળથી આ પુરીમાં ખેંચાઈ આવે છે. તેઓ આ લોકમાંથી અથવા પરલોકમાંથી આકર્ષાઈ આવે છે. જેઓ માત્ર સમજણ વિનાનું કર્મ કરે છે (અવિદ્યાવાળું કર્મ) તેઓ ગાઢ અંધારામાં પેસે છે–આ રહસ્ય પૃશ્નિ નામના ઋષિઓને મળેલું છે."
(तै. आ. प्र. १. अ. २८.)

આ ઉપનિષદ્‌માં શ્રીવિદ્યાનું મૂલબીજ છે. તેમાં એવું સૂચવ્યું

છે કે કારણબ્રહ્મની દિવ્યશક્તિ બ્રહ્માથી માંડી ક્ષુદ્ર જીવનાં શરીરોમાં ગુપ્ત ભાવથી પેઠેલી છે. તે બ્રહ્મદેવને નિત્યવ્યક્ત થયેલી હોય છે, અને અન્ય સર્વ પ્રાણીઓમાં અવ્યક્તભાવે રહેલી હોય છે. આ મૂલ શક્તિ લજ્જાભાવમાં અવ્યક્ત દશામાં હોવાથી કુંડલિની કહેવાય છે, અને તેની સંજ્ઞા હ્રીઁ છે. આ એકાક્ષરને લજ્જાબીજ, માયાબીજ, ભુવનેશ્વરીબીજ વિગેરે અનેક નામથી પ્રબોધવામાં આવે છે. આ હ્રીઁકાર કૌમારી, અથવા સુંદરીભાવે પ્રત્યેક પિંડમાં હોય છે. આ શિવની જીવકલાને ભગવદ્ગીતામાં પરા પ્રકૃતિ કહે છે, અને તેનું ઉત્થાન કરી તેને અવ્યક્તમાંથી વ્યક્ત દશામાં લાવવી, અને છેવટે તેનું શિવ સાથે સાયુજ્ય કરવું એ ઉપાસનાનું પરમ પ્રયોજન છે.

આ વિદ્યાનું નામ અથવા ઉપાસનાનું નામ **શ્રીવિદ્યા** કહે છે. તે વિદ્યાનાસાધકને પોતાના પિંડમાં જ સઘળી ઉપાસના કરવાની હોય છે, અને મૂલાધારથી માંડી સહસ્રદલ પર્યંત ષટ્ચક્રવેધ કરી, પિંડસ્થ શક્તિનો એટલે કુલશક્તિનો, આ પિંડસ્થ શિવ સાથે એટલે અકુલ શિવ સાથે સંયોગ કરાવી, શિવનો જ્ઞાનપ્રકાશધર્મ અને શક્તિનો આત્મપરામર્શ કરવાનો ( વિમર્શ ) ધર્મ જગવી, દિવ્ય જ્ઞાન, દિવ્ય ધર્મ, દિવ્ય વૈરાગ્ય, અને દિવ્ય ઐશ્વર્ય મનુષ્યયોનિના જીવતા દેહમાં પ્રત્યક્ષ ભોગવી સાયુજ્યસુખ મેળવી કૈવલ્ય પામવું—એ પ્રક્રિયાને શાક્તસંપ્રદાયની સામાયિક પ્રક્રિયા કહે છે. આ પ્રક્રિયાને સ્થૂલ સ્ત્રીપુરુષના શરીરમાં સ્થૂલ ચેષ્ટામાં ઉતારી લાવી જે પ્રયોગ કરવો તેને કૌલપ્રક્રિયા કહે છે. બંનેમાં શક્તિસંગમ હોય છે. એટલે પ્રથમમાં પિંડસ્થ શૈવી શક્તિને જાગ્રત કરાવવામાં નિમિત્તરૂપ થનાર પુરુષને પત્ની હોય છે, અને પત્નીને પતિ હોય છે. બંને સમાન અધિકારનાં સમાન ધ્યેયવાળાં, સમાન ઉપાસના કરનારાં દીક્ષિત યુગલો હોય છે. આ જોડાં ઘણે ભાગે દિવ્ય વર્ગનાં અથવા સિદ્ધ વર્ગનાં હોય છે, પ્રસંગે મનુષ્ય વર્ગનાં પણ હોય છે. મનુષ્યવર્ગમાં પણ દિવ્યભાવવાળાં અથવા સિદ્ધભાવવાળાં હોઈ શકે છે, અને તેવા



ભાવની સિદ્ધિ કરનારાં સ્ત્રીપુરુષો શરીરના યોગની અપેક્ષા રાખતાં નથી, પરંતુ અધ્યાત્મયોગવાળાં હોય છે, અને તેમના પિંડો જુદા છતાં તેમનાં સૂક્ષ્મ શરીરો અધ્યાત્મસંયોગમાં આવે છે. પરસ્પર સહાયક થનારાં આ યુગલોને તંત્રશાસ્ત્રમાં હંસયુગલ કહે છે. જેઓ આ ભૂમિકામાં આવી શકતાં નથી તેવાં જોડાંને બકયુગલ, કાકયુગલ, કુક્કુટયુગલ, મયૂરયુગલ વિગેરે સંજ્ઞાઓ આપવામાં આવે છે.

ગુણકર્માનુસાર તથા યોગ્ય દીક્ષાથી મેળવેલા તે મંદ અને મધ્યમ સાધકસાધ્વીનાં જોડાં કાળે કરીને આત્મશક્તિનો પરામર્શ કરી શકે છે, અને પોતપોતાની નિયત શક્તિને સંપાદન કર્યા પછી તેઓ પિંડગતા જીવશક્તિને શિવસાયુજ્ય કરાવી શકે છે. આ શક્તિતત્ત્વનું શિવતત્ત્વ સાથેનું સામરસ્ય શી રીતે જગવવું તેના સાધન તરીકે શ્રીવિદ્યાનો મંત્ર, શ્રીવિદ્યાનો યંત્ર, અને શ્રીવિદ્યાનું તંત્ર યોગ્ય ગુરુ પાસેથી શીખવાનું હોય છે, અને તેનો ક્રમ ફલસિદ્ધિ પર્યંત સાધવાનો હોય છે. આ સાધનામાં શિવશક્તિને આલંબન રૂપે લેવામાં આવે છે, અને જગતના જનકજનનીના આ યુગ્મને આદર્શ રૂપે લેવામાં આવે છે. પ્રસંગે શિવનું પ્રાધાન્ય, અને શક્તિ ગૌણ, પ્રસંગે શક્તિનું પ્રાધાન્ય અને શિવ ગૌણ, અને પ્રસંગે સમપ્રધાનભાવવાળું શિવ-શક્તિનું જોડું લેવામાં આવે છે. આ ત્રણ આલંબનમાં અદ્વૈતભાવ વસ્તુનો કાયમ રાખવામાં આવે છે; પરંતુ સાધકના ચિત્તના અધિકાર પ્રમાણે પુરુષશરીર, સ્ત્રીશરીર, અથવા સંયુક્ત શરીર આલંબન રૂપે લેવામાં આવે છે. આવી ઉપાસના કરનાર સાધકોના પિંડનો પુરો પલટાય છે, પ્રાણાદિ ક્રિયાતંત્રની શક્તિ ખીલે છે, ઇન્દ્રિયોની જ્ઞાનશક્તિ વિકાસ પામે છે, અને બુદ્ધિનો વિજ્ઞાનમય કોશ જે મલિનસત્વા પ્રકૃતિથી સામાન્ય જનોમાં ભરેલો છે તે હિરણ્મયકોશ રૂપે એટલે શુદ્ધસત્ત્વા પ્રકૃતિથી ઘડાય છે. ઉપાધિનું રૂપાંતર થવાથી પિંડ–બ્રહ્માંડની એકતા વાતો કરવામાં માત્ર રહેતી નથી, પરંતુ સિદ્ધ દશામાં આવે છે.

એમ કહેવામાં આવે છે કે સુંદરીની અથવા શ્રીની વિદ્યાનું રહસ્ય ઉત્તરાપથમાં શંકરાચાર્યને પ્રાપ્ત થયું હતું, અને કૈલાસપર્વત આગળથી સદાશિવના પાંચ આમ્નાયને સૂચવનારાં યોગલિંગ, ભોગલિંગ, વરલિંગ, મુક્તિલિંગ, મોક્ષલિંગ નામનાં પાંચ પ્રતીકો, અને શ્રીનું ચક્ર તથા તેને લગતો પંચદશાક્ષરી મંત્ર તેમણે મેળવ્યો હતો. કૌલમતની અપધર્મવાળી શાક્તપ્રક્રિયાનો ત્યાગ કરાવી, શાક્ત-સંપ્રદાયની પ્રાચીન સામાયિકમતની ઉપાસનાનું તેમણે પુનઃસ્થાપન કર્યું હતું; અને આ ઉપાસનાના સાધન તરીકે "સૌન્દર્યલહરી" નામનું રહસ્યસ્તોત્ર તેમણે રચ્યું હતું.

સૌન્દર્યલહરી ગ્રંથ ૧૦૦ શિખરિણીવૃતમાં રચાયેલો છે. કેટલાક પાઠમાં ૧૦૩ સુધીના શ્લોકો છે. મૂલગ્રંથ ઉપર લગભગ ૩૨ ટીકાઓ છે. તેમાં ઘણીખરી હજુ મુદ્રિત થયેલી નથી. મુખ્ય ટીકાઓમાં ૧ સહજાનંદની મનોરમા, ૨ અપ્પય્યદીક્ષિતની ટીકા, ૩ વિષ્ણુપક્ષી, ૪ કવિરાજશર્મની ટીકા, ૫ કૃષ્ણાચાર્યની મંજુભાષિણી, ૬ કૈવલ્યશર્માની સૌભાગ્યવર્ધિની, ૭ કેશવભટ્ટની ટીકા, ૮ ગંગાહરિની તત્ત્વદીપિકા, ૯ ગંગાધરની ટીકા, ૧૦ ગોપીરમણનું તર્કપ્રવચન, ૧૧ ગૌરીકાન્ત સાર્વભૌમ ભટ્ટાચાર્યની ટીકા, ૧૨ જગદીશ ટીકા, ૧૩ જગન્નાથ પંચાનનની ટીકા, ૧૪ નરસિંહની દેવી તથા વિષ્ણુપર ટીકા, ૧૫ બ્રહ્માનંદનો ભાવાર્થદીપ, ૧૬ મલ્લભટ્ટની ટીકા, ૧૭ મહાદેવ વિદ્યાવાગીશની ટીકા, ૧૮ માધવ વૈદ્યની ટીકા, ૧૯ રામચંદ્રની ટીકા, ૨૦ રામાનંદતીર્થકૃતા ટીકા, ૨૧ લક્ષ્મીધરકૃતા લક્ષ્મીધરા ટીકા, ૨૨ વિશ્વંભર ટીકા, ૨૩ શ્રીકંઠભટ્ટકૃતા ટીકા, ૨૪ રામસૂરિકૃતા ટીકા, ૨૫ ડિંડિમ ટીકા, ૨૬ રામચંદ્રમિશ્રકૃતા ટીકા, ૨૭ અચ્યુતાનંદકૃતા ટીકા, ૨૮ સદાશિવકૃતા ટીકા, ૨૯ શ્રીરંગદાસકૃતા ટીકા, ૩૦ ગોવિંદતર્કવાગીશકૃતા ટીકા, ૩૧ પ્રવરસેનની સુધાવિદ્યોતિની, ૩૨ પ્રયોગ પદ્ધતિસહિત યંત્ર.



આ સર્વ ટીકાઓમાં ઉત્તમોત્તમ લક્ષ્મીધરની લક્ષ્મીધરા નામની આંક ૨૧ વાળી છે. શંકરાચાર્યને શ્રીવિદ્યાનું બીજ ઉપનિષદ્‌માંથી મળ્યું છે, તેનું પોષણ આરણ્યકના ગ્રંથોથી થયું છે, અને અંકુર તેમના પરમગુરુ ગૌડપાદનાં શ્રીવિદ્યાસૂત્રમાંથી અને સુભગોદયપ્રકરણમાંથી ઉગી નીકળ્યું જણાય છે. આ પ્રાચીન ગુરુજનોના આધાર વડે આ મંત્રસારસ્તુતિ એમણે રચી છે. આ સ્તુતિના બે ખંડ છે. પ્રથમ શ્લોકથી માંડી એકતાલીસ શ્લોક પર્યંતના ભાગને બ્રહ્મલહરી અથવા આનંદલહરી કહે છે; ઉત્તરખંડને શૃંગારલહરી કહે છે.

બ્રહ્મલહરી અથવા આનંદલહરીના ખંડમાં શિવસ્વરૂપ, શક્તિસ્વરૂપ, શિવશક્તિનું યુગ્મ, શક્તિ વિના શિવની ક્રિયાશક્તિનો અભાવ, શક્તિનું સ્થૂલ, સૂક્ષ્મ અને પર રૂપ, સ્થૂલ રૂપનું સાલંકાર અનુસંધાન, પરમ શિવ સાથેનો તેનો અખંડ સંયોગ, સહસ્ત્રારપદ્મમાં તેની સ્થિતિ, શ્રીચક્રનું સ્વરૂપ, ષટ્ચક્રમાં દેવીના રૂપોની ભાવના, સૌન્દર્યમહિમા, સ્ત્રીવશ્યકર પ્રયોગ, કાવ્યસિદ્ધિકર પ્રયોગ, વિષજ્વરહરપ્રયોગ, સાયુજ્યપ્રાપ્તિપ્રયોગ, દેવીનું ગુણમૂર્તિઓથી પર સ્વરૂપ, તેનો આજ્ઞાચક્રમાં પ્રબોધ, મહાલયમાં પણ દેવીનો શિવ સાથે વિહાર, સકલક્રિયાકલાપનો દેવીપૂજનમાં વિનિયોગ, દેવીનું પાતિવ્રત્ય, દેવી સાથેના તાદાત્મ્યના અનુસંધાનનું ફલ, દેવીતંત્રો, દેવીમંત્ર, શિવ–શક્તિનો સંબંધ, દેવીનું સહસ્ત્રારથી નીચેનાં આજ્ઞા, વિશુદ્ધ, અનાહત, મણિપુર, સ્વાધિષ્ઠાન, અને આધારચક્રમાં કરવાની ભાવનાઓ વિગેરે વિષયો આવે છે.

ઉત્તરખંડમાં દેવીના સ્થૂલ રૂપનાં અંગપ્રત્યંગની ભાવનાઓ આપી છે. કિરીટ, કેશપાશ, સીમંતસરણિ, લલાટ, ભ્રૂમધ્ય, દૃષ્ટિ, કર્ણયુગલ, ગલ્લસ્થલ, કુંડલભૂષણ, નાસા, ઓષ્ઠ, વદન, જિહ્વા, તાંબૂલકવલન, ભાષણ, કંઠની રેખાત્રય, ભુજ, કર, સ્તનયુગ્મ, હારલતિકા, સ્તન્ય(ધાવણ), રોમાવલિ, નાભિ, મધ્ય, વલિત્રય, નિતંબ,

જાનૂ, જંઘા, ચરણ, સમગ્ર શરીર, એ પ્રમાણે સર્વાંગસુંદર રૂપની ભાવના, અને તેનાથી સૂચિત તત્ત્વોની ભાવનાની સિદ્ધિનાં ફલો વર્ણવ્યાં છે. ચંદ્રમંડલમાં દેવીની ભાવના, દેવીચરણપૂજા, દેવીનું અદ્ભુત પાતિવ્રત્ય, ચરણજલની અભ્યર્થના, દેવીભક્તમહિમા, અને સ્વાહંકારનિરાકરણ પૂર્વક સ્તોત્રનો ઉપસંહાર આવે છે.

ઉપલક વાંચનારને આ શ્લોકો ઉત્તમ ખંડકાવ્ય રૂપે લાગે તેવા છે, પરંતુ તેમાં રહસ્યભાવો ગુંથ્યા છે, અને શક્તિના દિવ્ય સ્વરૂપની માંત્રિક ઉપાસના અને ધ્યાન કરવાની પદ્ધતિ તેમાં શંકરાચાર્યે ગોઠવી દીધી છે. કેટલાક શ્લોકોમાં યોગાદિ શાસ્ત્રના સંયમનાં સૂક્ષ્મ લક્ષણો આપ્યાં છે, અને શ્રીવિદ્યાની પંચદશાક્ષરીનો ઉદ્ધાર કરી મંત્રનું ષટચક્ર સાથે, ચક્રોનું શ્રીયંત્ર સાથે, શ્રીયંત્રનું ષોડશ નિત્યાના કાલચક્ર સાથે, અને માંત્રિક અથવા ઉપાસકનું મંત્રદેવતા અથવા ઉપાસ્ય પરા દેવતા સાથેનું એકીકરણ કેવી રીતે થાય છે, એ રહસ્ય લક્ષણાવૃત્તિથી સ્ફુટ કર્યું છે.

કવિ બાલાશંકરે આ સ્તોત્રને સમશ્લોકી ભાષાંતરમાં ઉતાર્યું છે, અને મૂલ શ્લોકોના ભાવો ઘણી ચમત્કૃતિથી ગુજરાતી ભાષામાં ઉતારી આણ્યા છે. થોડા દિવસ ઉપર મીઠુ મહારાજના ગ્રંથો મને જોવા મળ્યા, તેમાં શ્રીલહરી નામનો ગ્રંથ ઉપલબ્ધ થયો છે. તે સૌન્દર્યલહરીનું નામાંતર છે. લગભગ બસેં વર્ષ ઉપર થયેલા આ ગુજરાતી ભાષાન્તર સાથે લગભગ છેંતાળીસ વર્ષ ઉપર થયેલા કવિ બાલના ભાષાન્તરને સરખાવતાં સમજાય છે કે મીઠુ કરતાં કવિ બાલ કવિ તરીકે વધારે ચઢીઆતા છે. નીચેનું એક ઉદાહરણ બસ થશેઃ—



| મૂલ શ્લોક | મીઠુનુ ભાષાન્તર |
|---|---|
| अराला केशेषु प्रकृतिसरला मन्दहसिते<br>शिरीषाभा चित्ते दृषदुपलशोभा कुचतटे ।<br>भृशं तन्वी मध्ये पृथुरुरसिजारोहविषये<br>जगत्त्रातुं शम्भोर्जयति करुणा काचिदरुणा ॥ | કીશે વાંકી ધીરી હસત ઉદરે પાતળી ઘણી.<br>તટી તટે પ્હોળી, કઠિન કુચતટે બહુ બણી,<br>સ્વભાવે છે ઋજવી, સરસ ફુલ જેવી કુંળી ભણી,<br>જગદ્‌રક્ષા કામે વિલસી કોઈ શક્તિ શિવ તણી.<br><br>**કવિ બાલનું ભાષાન્તર.**<br>દિસે વાંકી કેશે પણ પ્રકૃતિથી તું સરલ છે,<br>કઠોરા કૂચે છે, શિરિષ ફુલશી કોમળ ચિતે<br>અતિક્ષીણા મધ્યે, અતિશ સ્થુલ નિતંબવિષયે<br>દયા શંભુની તું યદપિ દીસતી, કાન્તિ અરુણે. |

મૂલ શ્લોકમાં વક્રતા અને સરળતાનો, કોમલતા અનેકાઠિન્યનો, તનુતા અને વિશાલતાનો, દયા અને ક્રોધનો વિરોધી ભાવ અવિરોધ રૂપે દેવીનાં ગાત્રોમાં શી રીતે સંનિવેશ પામ્યો છે તેનું ચમત્કૃતિવાળું વર્ણન છે. કેશમાં વક્રતા અને મંદ હસવામાં સરલતા, ઉત્તમાંગમાં ગોઠવી છે. અંદરના હૃદયની કોમલતા અને બહારના કુચમંડલની કઠિનતા વક્ષઃસ્થલમાં આણી મૂકી છે; કેડમાં તનુતા અને નિતંબમાં વિપુલતા નીચેનાં ગાત્રોમાં ગોઠવી છે; અને મનોભાવમાં કરુણા અને બહારના શરીરના રંગમાં લાલાશ બતાવી ચમત્કૃતિ આણી છે.

મીડુએ ભાષાન્તરમાં ગાત્રોનો અનુક્રમ બદલી પહેલી પંક્તિમાં મૂલની ત્રીજીના પૂર્વાર્ધનો ભાવ, બીજીમાં મૂલની ત્રીજીના ઉત્તરાર્ધનો ભાવ આણ્યો છે, અને છેલ્લીમાં કરુણા અને અરુણાની વિરોધ છાયા લાવી શકયા નથી. કવિ બાલનું ભાષાન્તર મૂલને સારી રીતે અનુસરે છે, પરંતુ "મંદહસિત" શબ્દ મૂલનો લોપ પમાડે છે.

મૂલ ગ્રંથ સર્વાંશ વિવરણ સાથે મીડુના અને કવિ બાલના ભાષાન્તર સાથે પ્રસિદ્ધ કરવા યોગ્ય છે. શાકત સંપ્રદાયના શુદ્ધ સામયિક સાહિત્યરૂપે સૌન્દર્યલહરી એક અપૂર્વ ગ્રંથ છે.

મૂલ ગ્રંથ શંકરાચાર્યનો છે કે અન્ય કોઈ દ્રવિડ કવિનો છે, એ બાબત મોટો વિવાદ સંસ્કૃતજ્ઞ પંડિતોમાં ચાલેલો છે. પરંતુ ઉપર લખેલા ઘણા ટીકાકારો શંકરાચાર્યની જ તે કૃતિ છે એમ કહે છે. વિશેષ પુરાવો રાજશેખર કવિ( ઈ. સ. ૯૦૦ )ની એક ઉક્તિ સૂક્તિમુક્તાવલિ( જલ્હણ કવિની તેરમા સૈકાની કૃતિ )માં નીચે પ્રમાણે છે, તેમાંથી મળી આવે છે:—

**स्थिता माध्वीकपाकत्वान्निसर्गमधुरापि हि**
**किमपि स्वदते वाणी केषांचिद् यदि शांकरी ॥**

આ શ્લોકમાં **शांकरी** શબ્દ ઉપર શ્લેષ છે. શંકરની વાણી સ્વભાવથી મધુર છતાં તેમાં મીઠી મદિરા જેવો મોહ રહી જાય છે. આ મુગ્ધ કરનારી શાંકરી વાણી કંઈ પ્રસ્થાનત્રયના ભાષ્યની નથી, પરંતુ તેમનાં આ સૌન્દર્યલહરી વિગેરે રહસ્યસ્તોત્રોની છે.

બીજું કારણ શંકરાચાર્યની કૃતિના સમર્થનમાં એવું છે કે **सुभगोदय** ગ્રંથ ગૌડપાદનો ઉપલબ્ધ થયો છે. તે શ્લોકોનું વિસ્તૃત સ્વરૂપ સૌન્દર્યલહરીમાં છે. પરમગુરુની કૃતિ શંકરાચાર્યે વિસ્તૃત કરી હોય, એ સ્વાભાવિક છે. ગૌડપાદ **श्री**વિદ્યાના ઉપાસક હતા, એ નિર્વિવાદ છે.



ત્રીજું કારણ સમર્થનમાં એવું છે કે સહજાનંદનાથની મનોરમા ટીકા ઘણી જૂની છે. તે ટીકાનો ઉલ્લેખ કૈવલ્યાશ્રમ પોતાની ટીકામાં કરે છે, અને લક્ષ્મીધર ( ઈ. સ. ૧૫૦૪–૩૨ ) પણ કરે છે. આ સહજાનંદનાથ સચ્ચિદાનંદનાથના શિષ્ય છે, અને સચ્ચિદાનંદનાથ શ્રૃંગેરી મઠની ગુરુપરંપરામાં આવે છે. સહજાનંદનાથ ગુરુપારંપર્યથી વિદ્યા પ્રાપ્ત થવાનો ઉલ્લેખ કરે છે, અને તેમાં શંકરાચાર્ય આદિ ગુરુસ્થાને જણાવે છે.

## ( ૬ ) સર્વતંત્રસ્વતંત્ર શ્રીમન્નૃસિંહાચાર્ય

( ઈ. ૧૮૫૪–૧૮૯૭ )

ગુજરાતના વિશુદ્ધ ધર્મપ્રવર્તકોમાં શ્રીમન્નૃસિંહાચાર્યજીનું સ્થાન ઘણું ઉંચું છે. શ્રેયઃસાધક અધિકારીવર્ગની સ્થાપના થયા પછી આ દિવ્ય મહાપુરુષે પોતાના તાત્વિક નિશ્ચયો સિદ્ધાન્તસિંધુ, ભામિની ભૂષણ, પંચવરદવૃત્તાન્ત, ત્રિભુવન વિજયી ખડ્ગ, સુરેશચરિત્ર, સતી-સુવર્ણા, સન્મિત્ર પ્રતિ પત્રો ઇત્યાદિ અનેક પ્રકારના સાહિત્યમાં સ્પષ્ટ કર્યા છે, અને તે ઉપરાંત વેદાન્તશાસ્ત્રનું સાધનાશાસ્ત્ર કહીએ તો ચાલે તેવા મંત્રશાસ્ત્રના અગમ્ય સિદ્ધાન્તોની સ્પષ્ટતા તેઓશ્રીએ અધિકારી સાધકો આગળ પ્રવચન વડે અને આચાર વડે સિદ્ધ કરી છે. તેમના વિપુલ સાહિત્યનું અવલોકન કરનારને નીચેના મુદ્દા સામાન્યવેદાન્ત પ્રક્રિયા કરતાં વિલક્ષણ સાધનશ્રેણીના સ્થાપક જણાયા વિના નહિ રહેઃ—

(૧) વ્યવહાર અને પરમાર્થ ધર્મમાં દાંપત્યયોગ અત્યન્ત મહત્વનો છે, અને શુદ્ધ ગૃહસ્થાશ્રમની કસોટીમાં જેઓ પાર ઉતર્યાં નથી તેમને ત્યાગધર્મનો અધિકાર નથી એટલું જ નહિ પણ એવા ત્યાગીઓ આ વિશ્વમાં ભારભૂત અને અનર્થ કરનારા છે.

(૨) સ્ત્રીજાતિની નિંદા ધર્મના રહસ્યથી વિમુખ રાખનારી છે, અને જ્ઞાનપ્રતિબંધક છે.

(૩) મહેશ્વરની માયાશક્તિ સામાન્ય વેદાન્તિઓ વિઘ્ન કરનારી માને છે તેવી નથી, પરંતુ ચૈતન્યપક્ષપાતિની છે.

(૪) આ દિવ્યશકિતનું સ્વરૂપ અને વૈભવ મંત્રમાર્ગ વડે સ્પષ્ટ થાય છે.

આ સર્વતંત્રસ્વતંત્ર શ્રીમન્નૃસિંહાચાર્યજી પરમાત્મશકિતનું નામ "સ્વભાવસામર્થ્ય" કહેતા, અને તેઓ તે સામર્થ્યને લોકપ્રસિદ્ધ પ્રકૃતિશકિતથી વિવિકત કરતા. તેઓશ્રીના અભિપ્રાય પ્રમાણે પરમાત્મા વિશ્વનો આવિર્ભાવ કરવામાં "સ્વભાવસામર્થ્ય" વડે પ્રવૃત્ત થાય છે. આ "સ્વભાવસામર્થ્ય"ને તાન્ત્રિકો ચિન્મયી અથવા સંવિન્મયી શકિત કહે છે. આ વસ્તુભૂતા શકિતનું રૂઢ નામ મહામાયા શકિત છે. જીવોના બંધનના હેતુ રૂપ તે શકિત ખરી રીતે નથી, પરંતુ પાશવિમોચન અર્થે તે શકિત મથે છે. આચાર્યશ્રીના શબ્દોમાં કહું તોઃ—

"ઇશ્વરની માયાશક્તિ ઇશ્વરાભિમુખ થનાર પ્રાણીઓના સૂક્ષ્મ સંસ્કારોને હરેક પ્રકારે સ્થૂલ સૂક્ષ્મ ભોગ દ્વારા નિવૃત્ત કરી, તેને પોતાની સત્તાથી બહાર કાઢવા પ્રયત્ન કરે છે. કારણ કે સૂક્ષ્મ વિષયવાસનાના સદ્‌ભાવ પર્યંત તે પ્રાણીને સર્વજ્ઞ ઇશ્વરનો સાક્ષાત્કાર થતો નથી. તેથી તે પ્રાણીના સૂક્ષ્મ સંસ્કારના અનુકૂલ સિદ્ધિ આદિ વિભવ દ્વારા તે માયાશક્તિ તે પ્રાણીને યુક્ત કરે છે, પણ વર્તમાન પુરુષાર્થની ન્યૂનતાવાળો તે પ્રાણી ઘણા કાળથી અપ્રાપ્ત એવા સિદ્ધિ-દ્વારા પ્રાપ્ત થનારા અપૂર્વ વિભવોને ભોગવવાની ઇચ્છાને આધીન થઈ માયાની પ્રધાન સત્તામાંથી ન નીકળતાં પુનઃ તેમાં અધિક પ્રવેશને કરે છે. તેથી તે પ્રાણી પોતાના પ્રાક્ સંસ્કાર તથા વર્તમાન પુરુષાર્થની ન્યૂનતાના યોગે ઇશ્વરાભિમુખ થવામાં પાછો પડે છે. તેમ છતાં પણ સદ્‌ગુરુથી વિમુખ એવા તે અવિચારવાન્ યોગાભ્યાસીઓ યોગથી ભ્રષ્ટ થઈ પરિણામમાં પશ્ચાત્તાપને કરતા માયાશક્તિને વિષે દોષને આરોપે છે. × × × × આટલું કહ્યાથી એ સિદ્ધ



થયું કે અધિકારીએ નિર્લોભ અને અડગ થઈ ઇશ્વરસાક્ષાત્કાર પર્યંત વધ્યા જવું; તો તેવા નિર્લોભ પ્રાણીને માયાશક્તિ કાપટ્ય કિંવા બલાત્કાર કરતી નથી. × × પરમેશ્વરની રાણીરૂપ માયાશક્તિ પોતાની મર્યાદાના પ્રમાણ સુધીના પદાર્થો આપ્યા પછી અસંતોષને પ્રાપ્ત રહેલા પ્રાણીને સાક્ષાત્ ઇશ્વર સંમુખ થવા કિંચિત્ પણ વિરોધ કરતી નથી. તેથી ઇશ્વરની પ્રાપ્તિમાં પ્રાણીનો અનધિકારજ કારણ હોય છે, માયાનો દોષ નથી."*

આચાર્યશ્રી પોતે શાક્ત સંપ્રદાયના અથવા શૈવ સંપ્રદાયના અથવા કોઈ પણ સંપ્રદાયના બંધનવાળા ન હતા. તેમના સિદ્ધાન્તો ઘણા વ્યાપક અને ગંભીર હતા, અને તે વડે અન્ય સંપ્રદાયોના મર્યાદિત સિદ્ધાન્તોની યોગ્યાયોગ્યતાની કસોટી થતી હતી. તેમના પોતાના તાત્ત્વિક નિર્ણયો કેટલા અંશમાં શાક્ત સિદ્ધાન્તના પોષક અને સમર્થક છે એટલું દર્શાવવા પૂરતો અત્ર પ્રયત્ન કર્યો છે. કોઈ પણ સાંપ્રદાયિક સિદ્ધાન્તની કસોટી કેવળ આગમ વડે થતી નથી, કેવળ તર્ક વડે થતી નથી, તેમ કેવળ વ્યકિતના અનુભવ વડે પણ થતી નથી. પરંતુ આગમ, તર્ક, અને અનુભવની એકવાકયતા વડે જ થાય છે. તેવી કસોટી શકિતવાદ સંબંધમાં શ્રી મન્નૃસિંહાચાર્યજીના પ્રસન્નગંભીર ગ્રંથોથી થઈ શકે છે એટલું જ કહેવાનું તાત્પર્ય છે.

## (૭) શાક્ત આચાર.

શાક્તસંપ્રદાયના આચારો તથા ભક્તિનો પ્રચાર શિષ્ટરીતિથી નાગરોમાં મૂળથીજ પેઠેલો જણાય છે. નાગર માત્રના કુલદેવ હાટકેશ્વર અને કુલદેવી અંબિકા ગણાયાં છે. જૂનાગઢના દિવાન રણછોડજીએ ચંડીપાઠના ગરબા લખ્યા છે, અને કાઠીઆવાડની

* (જુઓ સિદ્ધાન્તસિંધુ પ્રથમ રત્ન પૃ. ૧૧૯. ૧૨૦.)

લઢાઇમાં હાથે શક્તિકવચ બાંધી લઢ્યા છે. દેવી માહાત્મ્યના અનુવાદ કરનારા કવિ પ્રેમાનંદ પછી ઘણા થયા છે.

નવરાત્રિના પ્રસંગે કુંભસ્થાપના, ગરબાની પ્રતિષ્ઠા જવારા વાવવા, સંઘના પ્રસંગે અંબાજીમાં નિયમિત જવું, ત્યાં ભવાઇ વિગેરે કરવી વિગેરે અનેક આચારો નાગરોમાં વિદ્યમાન છે જો કે ક્રમ પૂર્વક તે ઘસાતા ચાલ્યા છે. સ્વર્ગસ્થ ભોળાનાથભાઈ પ્રાર્થના-સમાજના એકેશ્વરવાદી થયા તે પૂર્વે શિવશક્તિની મૂર્ત્તિના પરમભક્ત હતા. અમદાવાદના વડનગરા નાગર બ્રાહ્મણ બાલાજી ભગવાનજી દવેએ અંબિકા કાવ્ય તથા અંબિકેન્દુશેખર કાવ્ય છપાવેલું છે. તેમાંથી ઘણા જૂના ગરબાઓ મળી શકે એમ છે. સાઠોદરા નાગરજ્ઞાતિના ગરબાઓના સંગ્રહમાં ઘણા ગરબા માતાજીને લગતા મળે છે. નાગરોનાં કેટલાંક નડીઆદ, અમદાવાદ, વિગેરે સ્થાનનાં કુટુંબોમાં દશ મહાવિદ્યા પૈકી કોઈ કોઈ વિદ્યાની પરંપરાગત ઉપાસનાઓ ચાલતી આવેલી હોય છે. તેમાં બાલા ત્રિપુરા, શ્રી વિદ્યા, બગલામુખી વિગેરે વિદ્યાઓનાં યંત્રો તથા પટલો પણ મળી આવે છે.

અંબાજીમાં નાગરોનો પૂજામાં પ્રથમ હક અને નૈવેદ્ય ધરાવવામાં અગ્રભાગ સુપ્રસિદ્ધ છે.

તેવી રીતે રાયકવાળ બ્રાહ્મણોમાં લલિતા દેવી, શ્રીગોઢમાં, શ્રીમાળીમાં લક્ષ્મી દેવી વિગેરે જ્ઞાતિદેવીઓનાં પૂજન અર્ચન ચાલ્યાં કરે છે. ભાલણ કવિ પણ શાક્ત હતા અને બાલાના ઉપાસક હતા એમ જણાય છે.

પરંતુ આ સર્વ શાક્ત આચારોની પીઠમાં રહેલા શાક્તસંપ્ર-દાયના સિદ્ધાંતોના મર્મ તંત્રશાસ્ત્રના અજ્ઞાનને લીધે ભૂસાઈ ગયા છે, અને તે તે આચારોને પાળનાર ભક્તજનોને તે તે દેવીના મંત્ર, યંત્ર, પટલ વિગેરે બાબત પૂછવામાં આવે છે તો તેનું સરહસ્ય પ્રતિપાદન કરી શકતા જણાતા નથી.



# પ્રકરણ ૧૩ મું

## શક્તિની ઉપાસનામાં પ્રવર્તતા ત્રણ ભાવો

यद् कुमारी मंत्रयते यद् योषित् पतिव्रता,
अरिष्टं यत्किंच क्रियते अग्निस्तदनुवेधतु ॥

( तै. आ. )

મૂલ વેદથી માંડી હાલના ગુજરાતી સાહિત્ય પર્યંત જ્યા જ્યાં શક્તિવાદનું ચિન્તન છે તે વિચારી જોતાં સહજ સમજાશે કે હિન્દુ ધર્મના અનેક સંપ્રદાયો અને પંથો છતાં, તે સર્વમાં શક્તિવાદ એટલો બધો આડોઅવળો ગુંથાયેલો છે કે હિન્દુ ધર્મની પ્રાણનાડી કહીએ તો શક્તિના સ્વીકારમાં છે. જેમાં પૌરુષ ભાવથી દેવનું યજનપૂજન થાય છે ત્યાં પણ તે તે દેવની અર્ધાંગના રૂપે શક્તિનો સ્વીકાર છે.

જો સમુદ્રમાં મર્યાદાશક્તિ ન હોય, જો આકાશમાં વ્યાપકતા શક્તિ ન હોય, જો બ્રહ્મદેવમાં સર્જનશક્તિ ન હોય, જો વિષ્ણુમાં પાલનશક્તિ ન હોય, જો રુદ્રમાં સંહારશક્તિ ન હોય, જો ગુરુદેવમાં તારકશક્તિ ન હોય, જો બુદ્ધમાં બોધકશક્તિ ન હોય, અને જિનમાં જયાશક્તિ ન હોય, તો સમુદ્ર, આકાશ, સૂર્ય, ચન્દ્ર, બ્રહ્મા, વિષ્ણુ, રુદ્ર, ગુરુ, બુદ્ધ, અને જિન કેવલ શબ્દબોધ્ય વિકલ્પ જ રહેવાના, પરંતુ વસ્તુભૂત પદાર્થ ગણાય નહિ. દિવ્ય પદાર્થોની દિવ્યતાનું બીજ શક્તિ-તત્ત્વમાં છે, અને તે શક્તિ એટલે કાર્યકર્તૃત્વવાળું ચેતનબળ સમજવાનું છે. શાક્ત સિદ્ધાન્તના પ્રકરણમાં વિચારી ગયા તે પ્રમાણે શક્તિ એ બ્રહ્મ વસ્તુનો અંતર્ગામી અને બહિર્ગામી ધર્મ છે, અને બ્રહ્મવસ્તુ તે ધર્મી છે. વસ્તુને ધર્મ તરીકે વિચારતાં શક્તિની ભાવના પ્રકટ થાય છે, ધર્મી તરીકે વિચારતાં શિવની ભાવના પ્રકટ થાય છે. પરંતુ

જેમ ઉપર કહેલા સમુદ્રાદિ પદાર્થોની મર્યાદા વિગેરે ધર્મો બાદ કરતાં ધર્મી સ્વરૂપ સમજાતું નથી, તેમ શિવસ્વરૂપ શક્તિનો આશ્રય લીધા વિના સમજાતું નથી. જેમ ન્યાયવૈશેષિકમાં ગુણોના આધાર તરીકે દ્રવ્ય પદાર્થ છે, જેમ સાંખ્યોમાં સત્વાદિ ગુણત્રયના સામ્ય વડે જ પ્રકૃતિ પદાર્થ છે, જેમ વેદાન્તીઓમાં માયાના સંબંધ વડે જ સગુણ બ્રહ્મનો ભાવ પ્રકટે છે, તેમ શૈવોમાં અને શાક્તોમાં શક્તિ વડે શિવનું શિવત્વ, અને શક્તિનું સૌભાગ્ય ઘડાયું છે. આ પ્રમાણે શક્તિતત્ત્વ એ બ્રહ્મ વસ્તુનો સ્વભાવધર્મ છે. તો પણ તે ધર્મનું ચિન્તન કરવા સ્વતંત્ર પદાર્થરૂપે તેને શાક્તો રજુ કરે છે. જેમ આયુર્વેદના શાસ્ત્રમાં મુખ્ય દેહના કોઈ અવયવનો નેત્ર, હૃદય, કર્ણ વિગેરેનો વિશેષ વિજ્ઞાન અર્થે ખાસ અભ્યાસ થાય છે, તેમ અધ્યાત્મ-શાસ્ત્રમાં પણ બ્રહ્મ વસ્તુના આ સ્વભાવધર્મનું વિશેષ વિજ્ઞાન મેળવવા ખાસ ઉપાસના થાય છે. આ ઉપાસનામાં મૂલ અંગી એટલે ધર્મીનો અનાદર અથવા અસ્વીકાર નથી. નેત્રાદિ અવયવોના ખાસ અભ્યાસ કરનારે સમગ્ર દેહમાં તેની ક્યાં સ્થિતિ છે, અને કેવો ઉપયોગ છે એ વસ્તુતઃ ભૂલવું જોઈએ નહિ; તેમ બ્રહ્મ વસ્તુના શાક્તસ્વભાવનું ચિન્તન કરનાર બ્રહ્મવસ્તુના નિષ્કલ સ્વરૂપને અવગણનારો હોવો જોઇએ નહિ. પરંતુ આપણ જીવોને નિષ્કલ, નિરાકાર, નિષ્પ્રકાર, નિર્વિશેષ બ્રહ્મવસ્તુ તેની કલા, આકાર, પ્રકાર, અથવા વિશેષ વિના અનુભવમાં આવતી નથી, માટે સકલ, સાકાર, સપ્રકાર, અને સવિશેષ રૂપે બ્રહ્મવસ્તુ ધ્યાનના અને જ્ઞાનના વિષય રૂપે લઇએ છીએ. બ્રહ્મ વસ્તુને સકલ, સાકાર, સપ્રકાર, સવિશેષ રૂપે રજુ કરનારા સ્વભાવધર્મને શક્તિ એવી સંજ્ઞા આપવામાં આવે છે, અને રહસ્ય વેત્તાઓ તેનાં હેતુગર્ભ ઘણાં નામો આપે છેઃ—

નાગાનન્દસૂત્રમાં આ શક્તિને ૧ વિમર્શ,* ૨ ચિતિ, ૩ ચૈતન્ય, ૪ આત્મા, ૫ સ્વરસ ઉદય પામનારી વાગ્દેવી, ૫ પરાવાક્, ૬ સ્વાતંત્ર્ય, ૮ પરમાત્મા પ્રતિની ઉન્મુખતા, ૯ ઐશ્વર્ય, ૧૦ સત્તત્ત્વ, ૧૧ સત્તા, ૧૨ સ્ફુરત્તા, ૧૩ સાર, ૧૪ માતૃકા, ૧૫ માલિની, ૧૬ હૃદયમૂર્તિ, ૧૭ સ્વસંવિદ્ (એટલે આત્મભાન), ૧૮ સ્પંદ, વિગેરે નામો આપવામાં આવ્યાં છે. પરંતુ આ સર્વમાં રૂઢ સંજ્ઞા શક્તિ છે. આ શક્તિ નથી પુરુષ, નથી સ્ત્રી, કે નથી નપુંસક. આ ત્રણે પ્રકારનાં લિંગવાળાં સચેતન શરીરીઓમાં શક્તિનો કુંડલિની રૂપે ગુપ્ત વાસ છે, તો પણ શાસ્ત્રોનો એવો અભિપ્રાય છે કે સ્ત્રી, પુરુષ અને નપુંસકમાં સામાન્ય કલાઓ રૂપે રહેલી આ શક્તિ પોતાના વૈભવમાં સ્ત્રીશરીરમાં વિશેષ ઝળકે છે. શંકરાચાર્ય પ્રપંચસાર( પ્રથમ પટલ ૨૪–૨૮ )માં વર્ણવે છે કેઃ "દેહીઓના દેહમાં અને દેહ બહાર ચૈતન્યનું પૂરણ કરનારી, આત્મસંવેદન રૂપા આ શક્તિ, ગુરુના પ્રબોધથી દશ્ય બને છે, એટલે અનુભવમાં આવે છે. જેમ આકાશ અને અંધકાર હાથ લાંબા કરવાથી પકડાતાં નથી, તેમ સ્વરૂપાનુભવ રૂપા શક્તિ પણ પકડાતી નથી. આ શક્તિ પુરુષ, અને નપુંસકમાં પણ સમાન રીતે વ્યાપ્ત છતાં સ્ત્રીજાતિમાં વિશેષ રૂપે પ્રકટીકરણ પામેલી છે. સાંખ્યો જેને પ્રધાન કહે છે, તેનું બીજું નામ શક્તિ છે, તે તમોને ( દેવોને ), અને મને ( બ્રહ્માને ) નિત્ય વળગેલી છતાં તમારા અને મારા મર્યાદાવાળા સ્વરૂપનું અતિક્રમણ કરનારી છે. તે શાક્ત તે હું છું, તમે પણ છો, અને સર્વ વેદ્ય-વસ્તુમાં પણ તે છે. પ્રલયકાળમાં પણ સચરાચર જગતને પોતાની અંદરલાવી મૂકે છે. ખરેખર તે પરાશક્તિ પોતે પોતાને જાણે છે, અને તેનો બીજો કોઈ જાણનારો નથી."

ઉપરનાં રમ્ય વાકયોમાં ચૈતન્યશક્તિ સર્વ પ્રાણીપદાર્થોમાં વિદ્યમાન છતાં સ્ત્રીશરીરમાં અધિક ઝળકે છે, એમ સમજાવવામાં આવ્યું છે. આ સિદ્ધાન્તમાં શો હેતુ સમાયેલો છે? શું સ્ત્રીજાતિના પુરુષજાતિને થતા આકર્ષણને લીધે આવું મન્તવ્ય ઠસાવ્યું છે કે બીજો કોઈ હેતુ છે? ખરેખર શાક્ત સિદ્ધાન્તમાં સ્ત્રીની મહત્તા

*જુઓ-मनसस्तु द्विधावस्था प्रकाशास्पर्शभेदतः (त्रिपुरारहस्य)

તેના ભોગ્યપણા ઉપર નથી, પરંતુ તેના ધારણ અને પોષણ આપનારા સ્વભાવ ઉપર રહેલી છે. જગત્કારણને કેટલાક નિમિત્ત કારણ માને છે, કેટલાક ઉપાદાનકારણ માને છે, અને કેટલાક અભિન્નનિમિત્તોપાદાનકારણ માને છે. પહેલી બે ભૂમિકામાં દ્વૈતવાદ છે, અને તે ન્યાયવૈશેષિકાદિ વિચારકોમાં, અને સાંખ્યાદિ પ્રકૃતિકારણવાદીઓમાં સ્વીકારાયેલો છે. પરંતુ ત્રીજી ભૂમિકામાં અદ્વૈતવાદનો આશ્રય છે. તેમાં પણ માયાવાદી વેદાન્તીમાં માયાની જડતાનો સ્વીકાર છે, અને શક્તિવાદી અદ્વૈતીઓમાં શક્તિની ચેતનતાનો સ્વીકાર છે. બ્રહ્મની કેવલ જ્ઞાનશક્તિ ઉપરાંત ઇચ્છાશક્તિ અને ક્રિયાશક્તિ પણ છે–આ મન્તવ્ય શાક્તોનું બહુ દૃઢ છે, એટલે સાંખ્યોની પ્રકૃતિ જેવી એકલી ક્રિયાવાળી શાક્તોની શક્તિ નથી, તેમ વેદાંતીની માયા જેવી જડ પણ નથી, તેમ કેવલ સાંખ્યોની પુરુષની તટસ્થ ચિતિ જેવી પણ શાક્તોની શક્તિ નથી. શાક્તોની શક્તિમાં સાંખ્યોનું પ્રકૃતિનું સર્વાંશ કર્તૃત્વબલ છે, વેદાન્તીઓની આત્મરૂપ ચિચ્છક્તિનો સમાસ છે, અને સાંખ્યોના પુરુષની પ્રેરકબલવાળી, પણ નિષ્ક્રિય જેવી જણાતી પૌરુષભાવવાળી, ઇચ્છાશક્તિ પણ છે. આ ઇચ્છાજ્ઞાન અને ક્રિયાબલનું મૂલકેન્દ્ર અધિકરણમાં રહેલું હોવાથી શક્તિને સ્ત્રીનું રૂપક આપવામાં આવે છે.

**अधिकरणसाधना लोके स्त्री–स्त्यायति अस्यां गर्भ इति; कर्तृसाधनश्च पुमान् । संस्त्यानविवक्षायां स्त्री, प्रसवविवक्षायां पुमान् । उभयोरविवक्षायां नपुंसकम् ॥**

એ વાક્યોમાં સુંદર વ્યુત્પત્તિ કરવામાં આવી છે કે **અધિકરણને** સાધનરૂપે લોકમાં **સ્ત્રી** લેવાય છે, કારણ કે તેના શરીરમાં ગર્ભ વિસ્તાર (**स्त्यायते**) પામે છે; કર્તાના ભાવમાં લોકમાં **પુરુષ** સંજ્ઞા અપાય છે, કારણ કે તે કર્તા અંદર પેસે છે. આ પ્રમાણે વિસ્તાર કરવાનો મુદ્દો જણવવો હોય તો **સ્ત્રી**; પ્રસવ કરવાના ધર્મનો



મુદ્દો રજુ કરવો હોય ત્યારે પુરુષ, અને જ્યાં બંનેમાંથી એક પણ ભાવને પ્રકટ કરવાનો ન હોય ત્યાં **નપુંસક.**

આ વ્યુત્પતિ ઉપરથી સમજાશે કે જગત્‌ના નિમિત્તકારણ તરીકે વસ્તુને ઓળખાવવામાં શિવ, ઇશ્વર, વિષ્ણુ–ઇત્યાદિ **પુરુષભાવ** બતાવવામાં આવે છે; ઉપાદાનકારણ તરીકે વસ્તુને ઓળખાવવામાં શક્તિ, ઇશ્વરી, નારાયણી ઇત્યાદિ **સ્ત્રીભાવ** બતાવવામાં આવે છે; અને જ્યાં જગત્‌ની ઉત્પતિ આદિ પ્રક્રિયાનો સ્પર્શ નથી એવા તત્ત્વભાવમાં **નપુંસકભાવે** બ્રહ્મ–એવી સંજ્ઞા આપવામાં આવે છે. આ વિચારણાને ધ્યાનમાં રાખવાથી શાક્તવાદના મર્મો સ્ત્રી વિગેરેના ભોગ્યભાવમાં નથી, પરંતુ મૂલવસ્તુના ઊંડા પૂજ્યભાવમાં રહેલા સમજાશે.

હવે જ્યાંથી શાક્તસંપ્રદાયમાં ઉપાદાનકારણ ઉપર એટલે અધિકરણના બલ ઉપર ભાર મૂકવામાં આવે છે, ત્યાંથી સચેતન સ્ત્રીશરીર પૂજ્યતાનો આધાર બને છે. આ પૂજ્યતા શાક્તો ત્રણ ભાવમાં દર્શાવે છે અને આચારમાં પણ મૂકે છે. પ્રથમ ભાવ તે કૌમારીનો, બીજો ભાવ સુભગા અથવા પતિવ્રતા સૌભાગ્યવતી સ્ત્રીનો અને ત્રીજો ભાવ તે માતાનો અથવા જનનીનો. શાક્તસંપ્રદાયમાં ચિચ્છક્તિનો **બાલા**ના રૂપમાં પ્રથમ ભાવ અને તેમાં ઇચ્છાશક્તિનું પ્રાધાન્ય; **સુન્દરી**ના રૂપમાં બીજો ભાવ અને તેમાં ક્રિયાશક્તિનું પ્રાધાન્ય, અને **કાલી**ના રૂપમાં ત્રીજો ભાવ અને તેમાં જ્ઞાનશક્તિનું પ્રાધાન્ય; આ ત્રણે ભાવોનું જ્યાં કેન્દ્ર થાય છે તેમાં પરા શક્તિ, પરા વાક્ ઇત્યાદિ ભાવ વડે તુરીય પદનો પ્રબોધ થાય છે. વામા, જ્યેષ્ઠા, રૌદ્રી, અને અમ્બિકા; મહાસરસ્વતી, મહાલક્ષ્મી, મહાકાલી, અને પરા દેવતા; વૈખરી, મધ્યમા, પશ્યન્તી, અને પરા–વિગેરે અનેક વ્યૂહમાં મૂલશક્તિના પ્રકારો દર્શાવી સાધકમાં જે જે ગુણધર્મની ખામી હોય તે તે પૂરી કરવા સારૂ મંત્રવિદ્યાનો પ્રયોગ શાક્તોમાં હોય છે. લૌકિક પુરુષાર્થ ત્રણ–ધર્મ અર્થ અને કામ; તેને સધાવનારી વિદ્યાઓ

પણ ત્રણ કૂટમાં વહેંચાય છે. એકને ધર્મપ્રદા વિદ્યા કહે છે જેનું નામ **વાગ્ભવકૂટ**, બીજીને અર્થપ્રદા જેનું નામ કામકૂટ, ત્રીજીને કામપ્રદા વિદ્યા કહે છે જેનું નામ **શાક્તકૂટ** કહે છે. પ્રત્યેક સાધકને ધર્મ, અર્થ અને કામની જરૂર છે, અને તેનું પરસ્પર અવિરોધી ભાવથી સેવન કરવામાં ઉપાસનાની ચાતુરીની જરૂર છે. ધર્મનો અગ્નિની દશ કલા સાથે, અર્થનો સૂર્યની બાર કલા સાથે, અને કામનો ચન્દ્રની સોળ કલા સાથે સંબંધ હોય છે. આ કારણોથી ત્રણે પુરુષાર્થને સમયસર, અને યોગ્ય દેશમાં પ્રાપ્ત કરાવે તેટલા સારૂ શાક્તોમાં પંચદશાક્ષરી મંત્ર ત્રણ કૂટમાં, ત્રણ જ્યોતિમાં, અને આડત્રીસ કલામાં વહેંચી અનેક રીતે ઉપાસનાના ક્રમથી સાધવામાં આવે છે, અને તેનો સૃષ્ટિક્રમથી અને સંહારક્રમથી,–વિસર્ગભાવે, અને બિન્દુભાવે–સ્વાધ્યાય કરવામાં આવે છે, એટલે જપ કરવામાં આવે છે. અને તે સાથે ભાવના પણ કરવામાં આવે છે. ‡પંચદશાક્ષરી મંત્રને ત્રણ કૂટમાં જેણે સાધી સિદ્ધ કર્યો હોય અને જેના ધર્માર્થકામ પ્રાપ્ત થવાથી જેને વિષયોનો મોહ છૂટી ગયો હોય એવા ઉત્તમાધિકારીને અર્થે ષોડશી મંત્રનો પ્રયોગ સાયુજ્યમોક્ષ અને કૈવલ્યમોક્ષને અર્થે વિધાન કરવામાં આવે છે. શક્તિના ત્રિપુરા, મૂલપ્રકૃતિ, અમ્બિકા, શ્રીદુર્ગા, ભુવનેશ્વરી વિગરે ઉપાસ્યભેદોની ઉપાસનાના વિવિધ પ્રકારો પ્રપંચસારના નવમાથી તે પંદરમાં પટલમાં આપવામાં આવ્યા છે.

આ શક્તિની મુખ્ય પંચદશાક્ષરીથી થતી ઉપાસનામાં કુમારિકાશરીરોમાં, અને પ્રૌઢ પુરંધ્રીઓ અથવા માતૃશરીરોમાં સાધકને

‡આ મંત્રોને અત્ર પ્રકાશ કરવાનું પ્રયોજન નથી, કારણ કે તે ભાષાના નિયમથી સમજાય એવા નથી. જે અક્ષરના રૂપમાં લખાય છે અને જપાય છે તે પણ તેનું માત્ર સ્થૂલ રૂપ છે, તેનું સૂક્ષ્મ અને પર રૂપ પિંડનાં મૂલાધારાદિ ચક્રોમાં મંત્રોદયના ક્રમથી પ્રકટ થતું, અને લય પામતું ગુરુગમ્ય ગણાય છે. શાક્તોનું શું મન્તવ્ય છે તે સમજવા પુરતો જ અત્ર પ્રયત્ન છે.



પૂજ્યભાવ બાંધી, નિત્ય અને નૈમિત્તિક રીતે આ ત્રણે પ્રકારની સ્ત્રીઓનો દ્રવ્યાભૂષણ, અર્ચનાદિ વડે સત્કાર કરવાનો નિયમ વિધિ હોય છે. આ આંતર ઉપાસના અને બાહ્ય અર્ચનમાં સમાનભાવથી અને સમાનગુરુથી દીક્ષિત સાધક–સાધિકા સમાન ધર્માચરણથી સત્વર ક્રિયાસિદ્ધિ કરી શકે છે; જેમાં સાધિકાએ પોતાના પતિના શરીરમાં શિવભાવ, અને સાધકે પોતાની પત્નીના શરીરમાં શક્તિભાવ સ્થાપવાની અગત્ય માની છે. આ પરસ્પર પૂજ્યભાવ સિદ્ધ કરવા સારૂ પતિને સ્ત્રીસ્તોત્ર, અને પત્નીને ભર્તૃસ્તોત્ર શિખવવામાં આવે છે, અને તેના રહસ્યનું ભાન ગુરુ તરફથી સમજાવવામાં આવે છે* જ્યારેઃ—

**विद्याः समस्तास्तव देविभेदाः**
**स्त्रियः समस्ताः सकला जगत्सु**

એ દેવી મહાત્મ્યના શ્લોક પ્રમાણે સઘળી વિદ્યાઓ અને સઘળી સ્ત્રીવ્યક્તિઓ જ્યારે ભગવતીનાં રૂપ સમજાય છે, ત્યારે જ ચોથા મોક્ષ પુરુષાર્થની પ્રાપ્તિનો અધિકાર મળે છે, એવું શાક્તોનું માનવું છે. આવું રહસ્ય–જ્ઞાન આપનારા ગુરુજનો પુરુષવર્ગના જ હોય છે એમ નથી, પરંતુ સ્ત્રીવર્ગના પણ હોય છે. **વેદકાલમાં** કૌમારી અંભૃણમુનિની વાક્ નામની દુહિતા શક્તિરહસ્યની પ્રબોધક હતી; અગસ્ત્ય મુનિનાં પત્નિ લોપામુદ્રા શાક્ત આગમનાં ઘણાં ઊંડાં જાણનારાં હતાં, અને સિદ્ધિકોટિનાં હતાં; અગસ્ત્યનાં બહેન બંધુમાતા પણ સૂક્ષ્મ શાક્ત વિચારક હતાં: **સ્માર્તકાલમાં** મદાલસા જેવી માતાએ અને ચૂડાલા જેવી પત્નીએ પુત્રને તથા પતિને શાક્ત

* આવાં ઘણાં રહસ્યસ્તોત્રો તંત્રો અને આગમોમાં છે. મીઠુ મહારાજે પણ આજથી બસેં વર્ષ પહેલાં આવાં સ્તોત્રો સંસ્કૃતમાં રચ્યાં છે, અને દંપતીઓએ પરસ્પર પૂજ્યતાનો પ્રકાશ કર્યો છે. આ સ્તોત્રો વેદાન્તીઓની સ્ત્રીનિંદાને ખોટી ઠરાવે તેવાં છે.

રહસ્યનો પ્રબોધ કર્યો છે; **અર્વાચીન** કાળમાં મંડનમિશ્રનાં પત્ની ઉભયભારતી જેવી પત્નીઓએ તત્ત્વનિર્ણય કરવામાં પતિ અને ગુરુ વચ્ચે નિષ્પક્ષપાત વૃત્તિ જાળવી બંનેનું હિત સાધ્યું છે. આવાં અનેક દૃષ્ટાન્તો ઉત્તમ ધર્મતત્ત્વને જાણનારી સ્ત્રીઓનાં અનેક યોગિનીઓનાં શાક્ત આગમમાં આવેલાં છે. પરંતુ સ્ત્રીનિંદામાં તત્પર મિથ્યાવેદાન્તીઓએ અને સ્ત્રીની ભોગ્યદૃષ્ટિથી મિથ્યાસ્તુતિ કરનારા વિષયાંધ રાગી કવિઓએ–સ્ત્રીની વાસ્તવ પ્રતિષ્ઠા દર્શાવી નથી. શાક્તોના ઉંચા આદર્શમાં સ્ત્રી વ્યવહારધર્મની સહચારિણી છે, એટલું જ નહિ પણ પરમાર્થધર્મની પણ સહચારિણી છે. શાક્તોની સ્ત્રીજાતિ પ્રતિ ઘણી જ કોમલ દૃષ્ટિ છે, અને પુરુષજાતિના ઉદ્ધારમાં તે ઘણા ઉંચા પ્રકારની મદદ કરે છે, એવો સ્પષ્ટ સ્વીકાર છે. લગ્નાદિ વ્યવસ્થામાં પણ શાક્ત અને સર્વે આગમો ઘણા ઉદારમતના છે. મહાનિર્વાણ તંત્રમાં (અધ્યાય. ૭૧–૬૬–૬૭) એવું સ્પષ્ટ વિધાન છે કેઃ—

" જો પરણાવેલી કન્યાનો પતિ ષંઢ નિકળે, તો રાજાએ તે કન્યાનું પુનઃ દાન કરવું. આ વિધિ શિવે પ્રબોધેલો છે. પરણી હોય પણ પતિના શરીરસંબંધમાં આવી ના હોય તેવી બાળા વિધવા થાય તો તેના પિતાએ તેનું ફરી પાણીગ્રહણ કરાવવું. શૈવધર્મમાં આ વિધિ છે."

તે જ તંત્રના નવમા અધ્યાયના ૨૭૮ મા શ્લોકમાં કહ્યું છે કેઃ–

" શૈવવિવાહમાં વય, વર્ણ વિગેરેનો વિચાર ખાસ કરવાનો નથી. સ્ત્રી સપિંડ સંબંધવાળી ન જોઇએ, અને ભર્તા વિનાની જોઇએ. અસપિંડ અને ભર્તા વિનાની હોય તો, શંભુશાસન એવું છે કે તે સ્ત્રી વિવાહયોગ્ય છે. તાંત્રિકોના સમક્ષ, હે પાર્વતી ! તેવી વરવર્ણિની સ્ત્રીએ શુદ્ધભાવથી મને પતિભાવે સ્વીકાર એવી વિનંતિ કરવી."



સ્ત્રીનો આ પ્રકારે પતિના વરણમાં સ્વતંત્ર અધિકાર શૈવ અને શાક્ત તંત્રોમાં છે. વૈદિકાચારવાળા હિન્દુઓ આ પદ્ધતિને અધર્મ્ય માને તો તેઓ સ્વતંત્ર છે, પરંતુ તંત્રાચારવાળા પણ હિંદુઓ છે, અને તેઓ બ્રહ્મશાસન કરતાં ચઢીઆતા શૈવશાસનને માનનારા છે. તો તેમનો તે અધિકાર શી રીતે વૈદિકો લઈ શકે ? શૈવો અને શાક્તોએ પોતાના આગમોમાં સ્વતંત્ર વ્યવહારધર્મની શ્રેણિઓ રચી છે, અને તે શ્રેણી પ્રમાણે શૈવો અને શાક્તો આચારધર્મ ઉપરાંત વ્યવહારધર્મ સાધે છે.

પ્રાચીન વૈદિક સાહિત્યમાં સ્ત્રીની પ્રતિષ્ઠા **શ્રી** તરીકે જ માની છે. શતપથ બ્રાહ્મણમાં (૧૧. ૪–૨) એક નાની આખ્યાયિકા મૂકી છે. પ્રજાપતિ પ્રજા ઉત્પન્ન કરતાં મનોમય તપ વડે થાકી ગયા, અને તપોબળથી શ્રી ઉત્પન્ન થયાં. તે શ્રી સુંદર રૂપવાળાં પ્રકાશવા લાગ્યાં. તેમની પ્રભા વડે અને લાલિત્ય વડે દેવો મોહ પામ્યા, અને અને તેના પ્રતિ તેને હરણ કરવા દોડવા લાગ્યા. પ્રજાપતિને પ્રત્યેક દેવ કહેવા લાગ્યા કે મને વરાવો, નહિ તો અમે તેનો નાશ કરીશું અથવા લઈ જઇશું. પ્રજાપતિએ તેમને સમજાવ્યા કે આ શ્રી તે સ્ત્રી છે, તેને બલાત્કારથી હરી જવાય નહિ, તેમ મરાય પણ નહિ. જો તે જીવતી રહે, અને પ્રસન્ન થાય તો સ્વેચ્છાવર વરે. તે ઉપરથી અગ્નિએ તે સ્ત્રીને (૧) પુષ્કળ અન્નાદિ ભોગ્ય પદાર્થો આપ્યા, સોમે (૨)રાજ્ય આપ્યું, વરુણે (૩)સામ્રાજ્ય આપ્યું, મિત્રે (૪)ક્ષાત્રબળ આપ્યું, ઇન્દ્રે (૫)પરાક્રમ આપ્યું, બૃહસ્પતિએ (૬)બ્રહ્મવર્ચસ્ આપ્યું, સવિતાએ (૭)રાષ્ટ્ર આપ્યું, પૂષાએ (૮)સૌભાગ્ય આપ્યું, સરસ્વતીએ (૯)પુષ્ટિ આપી, ત્વષ્ટાએ (૧૦)રૂપ આપ્યું. આ સર્વ વિપુલ સંપત્તિવાળી શ્રીએ પ્રજાપતિને કહ્યું કે આ બધા દેવોએ આટલું બધું આપ્યું.પ્રજાપતિએ કહ્યું કે યજ્ઞ વડે તે તે દેવોનું તું સંતર્પણ કર. તે ઉપરથી દશ હવિર્યજ્ઞ વડે, અને દશ દાન વડે દેવો તૃપ્ત થયા, અને સ્ત્રીજાતિ પ્રતિનું સાહસ કરવાનું ભૂલી ગયા.

આ નાની રમુજી વાતમાં સ્ત્રીજાતિનું દશ પ્રકારનું સંગોપન જ્યાં થાય, ત્યાં દેવો યજ્ઞાદિ વડે ફલ આપે છે એવો સાર જણાય છે.

આદ્યશક્તિને કુમારી–બાલા–રૂપે, સતી–યુવતિભાવમાં શિવ-પત્ની રૂપે, સ્વેચ્છા વિઘાત થતાં નાશ કરનાર કાલી રૂપે, પુનઃ વિશુદ્ધ રતિ ઉત્પન્ન કરનાર વરવર્ણિની ગૌરી રૂપે, પુનઃ વિશ્વનાં ઉદ્ધારક કુમાર અથવા સ્કંદનો જન્મ આપનાર જનની રૂપે–ઇત્યાદિ નવાં નવાં રૂપોમાં પુરાણોમાં પ્રકટ થતાં વર્ણવ્યાં છે, અને આ સર્વ વર્ણનોમાં કૌમારી, ગૃહિણી, અને જનની–આ ત્રણ પવિત્ર ભાવોની ખીલવણી કરવામાં આવી છે. તે ઉપરાંત દુર્ગાની ભાવનામાં મહાપરાક્રમી સ્ત્રી તરીકે પણ તેનું ચરિત્ર આલેખાયું છે. અને સપ્તશતીના ચરિત્રત્રયમાં પ્રધાનદેવતાએ ત્રણ રૂપમાં શુંભ, નિશુંભ, મહિષાસુર વિગેરે રાક્ષસોને મારવામાં જે પરાક્રમ દર્શાવ્યું છે તેમાં રૂપક વડે શક્તિ સ્ત્રી શરીરમાં છતાં અબલા નથી પણ સબળા છે એવો ભાવ ચિતરવામાં આવ્યો છે. સપ્તશતીની ગુપ્તવતી ટીકામાં તથા સૌભાગ્યભાસ્કરમાં શક્તિનું સાચું સ્વરૂપ અને મહિષ વિગેરેમાં સમાયેલા અજ્ઞાન, કામ, ક્રોધ વિગેરે ગુપ્ત સંકેતોનો સ્ફોટ કરવામાં આવ્યો છે. દેવીમાહાત્મ્યના સંકેતો ઉકેલવા એ જ ઉપાસનાનું રહસ્ય છે.

શક્તિની ઉપાસનાના આ કુમારી, ગૃહિણી અને જનની–આ ત્રણ ભાવોમાં જે સાધકો સિદ્ધિ મેળવે છે તેઓ શિવ–શક્તિના પરમ સામરસ્યને જાણનારા રસિકો છે. આવા શાક્તભાવના આવેશથી કવિ બાલ સ્વરૂપનો વિમર્શ કરી અથવા પ્રત્યભિજ્ઞા કરી ગાય છે કેઃ–

× × ×

પ્રેમ તણા નિર્મલ ઝરણામાં, કરી સ્નાન આવ્યો છું આજ,
પવિત્ર પૂરો પૂજન કાજે, પ્રેમપ્રતાપે થયો છું આજ. ૫
હૃદય રહી રમતી રઢીઆળી, છબીથી અગમગત પેખું આજ,
નૃત્ય કરે હર હરિ વિરંચી, વિણા વજાડે વાણી આજ. ૬



તલ્લીન પરમાનંદે પૂરે, પુરાં ભર્યાં રસ ખેલો આજ,
મુકુટ મણિ રવિ લચી લચી રહે, મધુર ગ્રીવા ઠમકાવે આજ. ૭
હૃદયહૃદયગત અંતર કેરી, જાણો ભૂલી ગયાં છો આજ,
નવરસ તાંડવ નવલ અનોખાં, જોબનવંતાં જાણો આજ. ૮
નિર્મલ મનથી વચન લીધું'તું, તે સાંભરતું નથી શું આજ ?
તવ મંદિર પ્રાંગણની રજીવ, ચુંબન કીધી ભૂલી શું આજ. ૯
અંતર ભેદે અંતરની ગત, જણવી તે નવ ભૂલીશ આજ,
બાલ પ્રેમી શરણાગતને શું, સબલ સલુણાં છો શિરતાજ. ૧૦

સમસ્ત ચિત્તૈક રસાત્મિકાને
સમસ્ત વિદ્યારૂપ સાત્વિકાને
સમસ્ત ત્રૈલોક્ય વિનિર્મલાને
પ્રમાણ પ્રેમાર્પણ પ્રેમળાને.

# પ્રકરણ ચૌદમું

## શાક્તસંપ્રદાય અને બૌદ્ધધર્મ

शून्यता बोधितो बीजं बीजाद् विम्बं प्रजायते
विम्बे च न्यासविन्यासस्तस्माद् सर्वं प्रतीत्यजम् ॥

( મહાસુખપ્રકાશ )

આગલાં પ્રકરણોમાં શક્તિવાદે અને તેના ઉપર બંધાયેલા શાક્ત સંપ્રદાયે હિન્દુધર્મમાં કેવો પ્રસાર કર્યો છે તેનું સ્વરૂપ આપણે સમજી ગયા. પરંતુ શક્તિવાદ પોતે તત્ત્વવિદ્યાનો સિદ્ધાન્ત હોવાથી તેનો નામાન્તરે અને રૂપાન્તરે પ્રવેશ બીજા અનેક ધર્મોમાં થયો છે. શાક્તવાદ બૌદ્ધધર્મના મહાયાનમાં એટલો બધો વ્યાપી ગયો છે કે હિન્દુધર્મની તંત્રસાધના અને મહાયાન બૌદ્ધમતની તંત્રસાધનાનું પૃથક્કરણ કરવું, એ કઠિન કામ છે. સામાન્ય શિક્ષણવાળા હિન્દુઓ બૌદ્ધધર્મના સાહિત્ય-ને તથા તત્ત્વદર્શનના સાહિત્યને જાણતા નથી, અને જે ધર્મ ભારત-વર્ષમાં જન્મ પામી, ભૂમંડલના ત્રણ ચતુર્થાંશ ભાગમાં ફેલાયો તે ધર્મનું સ્વરૂપ ભારતવર્ષના મનુષ્યો ભૂલી ગયા એટલું જ નહિ પરંતુ બૌદ્ધ ધર્મ હિન્દુધર્મનો વિરોધી છે એવી ભાવના દૃઢ થઈ જવાથી બૌદ્ધ ધર્મ પ્રતિ પૂર્વગ્રહ બંધાઈ ગયો. ઐતિહાસિક દૃષ્ટિથી હાલનો હિન્દુધર્મ જે રૂપમાં છે તે રૂપનો રચાવામાં બૌદ્ધ ધર્મે અને બૌદ્ધ-તત્ત્વજ્ઞાને મોટો હિસ્સો આપ્યો છે. વૈદિક પશુયજ્ઞોનો લોપ, અહિં-સાનું પ્રાધાન્ય, જગતનું મિથ્યાત્વ વિગેરે હાલના હિન્દુધર્મના સિદ્ધાન્તોનો સીધો વારસો વેદમાંથી નીકળી આવે એમ નથી, પરંતુ વચલા કાળના બૌદ્ધધર્મની આડકતરી અસરનું પરિણામ છે. બુદ્ધભગવાનને વિષ્ણુના અવતારમાં પુરાણોએ ગણના કરી, અને જગતની માયામય-તા અથવા મિથ્યાત્વનો સિદ્ધાન્ત મહાયાનના બૌદ્ધોએ ન્યાયપુરઃસર રચેલો તે શાંકરવેદાન્તે જેવો ને તેવો સ્વીકાર્યો. આ કારણથી શાંકર



અદ્વૈતદર્શન ઉપર ચુસ્ત સનાતન વેદવાદીઓએ પ્રચ્છન્ન બૌદ્ધપણાનો આક્ષેપ કર્યો.* આ મુદ્દાઓ નિષ્પક્ષપાત દૃષ્ટિએ હિન્દુઓએ ખાસ વિચારવા જેવા છે, અને બૌદ્ધધર્મે હિન્દુઓને જે આપ્યું છે તેની અવગણના કરવા લાયક નથી. પ્રાચીન સાંખ્યદર્શનની અસર બૌદ્ધ આગમ ઉપર અને ભગવાન્ બુદ્ધના જીવન ઉપર થઇ તે પ્રસંગે બ્રાહ્મણોએ બુદ્ધને ભૂમિકા રચી આપી, અને બુદ્ધે ચાર આર્યસત્યોમાં-દુઃખસત્ય, દુઃખસમુદયસત્ય, નિરોધસત્ય, અને માર્ગસત્ય-બ્રાહ્મણોના સાંખ્યસિદ્ધાન્તનો નામાન્તરે સ્વીકાર કરી અષ્ટાંગ માર્ગ પોતે નવો સ્થાપ્યો; ત્યારપછી બૌદ્ધ ધર્મે વિજ્ઞાનવાદનો આશ્રય લઇ આ દૃશ્ય જગત માયામય છે, અને વિજ્ઞાન જ પરમ સત્ય છે એ સિદ્ધાન્ત શાંકરવેદાન્તને બદલામાં આપ્યો; ત્યારપછી નિત્યસિદ્ધ ઇશ્વરવાદની બૌદ્ધોએ અવગણના કરવાથી શાંકરવેદાન્તના નિત્યસિદ્ધ બ્રહ્મવાદે ક્ષણિક વિજ્ઞાનવાદને પાછો હઠાવ્યો, અને બૌદ્ધમતના ગ્રાહ્ય અંશોનો પૌરાણિક હિન્દુધર્મમાં બ્રાહ્મણોએ પ્રવેશ કરાવ્યો; બૌદ્ધધર્મની સ્વતંત્ર ઉપયોગિતા ભારતવર્ષમાં લય પામી; પરંતુ ભારતવર્ષમાં લય પામવાના સંધિએ બૌદ્ધધર્મના નવા મહાયાન શરીરમાં શક્તિવાદે પુનઃ નવું અવતરણ કર્યું, અને તંત્રશાસ્ત્ર ટીબેટ વિગેરે બૌદ્ધધર્મવાળા દેશોમાં ઘણું ફેલાયું.

બ્રાહ્મણો અને બૌદ્ધો વચ્ચે દર્શનશાસ્ત્રમાં અને આચારશાસ્ત્રમાં ઘણી આપલે થઇ છે. જેમ જેમ બૌદ્ધસાહિત્યનું સંસ્કરણ થતું જાય છે; જેમ જેમ-અશ્વઘોષ, ( ઇ. સ. ૭૮ ), નાગાર્જુન ( ૨૫૦-૩૨૦ ) અસંગ (૩૧૦-૩૯૦ ), વસુબંધુ ( ૩૯૦-૪૫૦),

---

* જુઓ પદ્મપુરાણ વચનઃ—**मायावादमसच्छास्त्रम् प्रच्छन्नं बौद्धमुच्यते.**

જુઓ Influence of Buddhism on Vedanta એ નામનો આ લેખકનો ઇંગ્રેજી નિબંધ.

દિઙ્નાગ, ( ૪૫૦-૫૨૦ ) શંકરસ્વામી (નૈયાયિક ) ( ઈ. સ. ૫૫૦ ) બુદ્ધઘોષ, ધર્મકીર્તિ, વિગરે શંકરાચાર્યના પૂર્વભાવી બૌદ્ધ વિચારકોના ગ્રંથો પ્રસિદ્ધિમાં આવતા જાય છે, અને જેમ જેમ બૌદ્ધ શિલાલેખો, અને સ્તૂપ, વિહાર વિગરેના અવશેષો જડતા જાય છે, તેમ તેમ આપણી દૃષ્ટિ ઉઘડે છે. બૌદ્ધધર્મને હિન્દુધર્મમાંથી પૃથક્ પાડવો, એ મુશ્કેલીનું કામ છે. ભારતવર્ષમાં બૌદ્ધધર્મ હિન્દુધર્મના સંપ્રદાયરૂપે પ્રકટ થઈ તેમાં જ તે શમી ગયો છે. બૌદ્ધધર્મનો તંત્રસંપ્રદાય આ મુદ્દાની સાબીતી આપે છે.

બ્રાહ્મણોના પ્રાચીન વેદધર્મમાં કર્મ વડે પિતૃયાન અને ઉપાસના વડે દેવયાન પ્રાપ્ત થાય છે એવું મન્તવ્ય હતું. પિતૃયાને ગતિ કરાવનાર સાધનને ધૂમમાર્ગ એટલે અવિદ્યાનો માર્ગ કહેતા, અને દેવયાને ગતિ કરાવનાર સાધનને અર્ચિમાર્ગ એટલે વિદ્યાનો માર્ગ કહેતા. યાન એટલે વાહન, ગતિનું સાધન, અથવા ગમનનો માર્ગ—એવો અર્થ થાય છે. ભગવાન્ બુદ્ધના પરિનિર્વાણ પછી બૌદ્ધશાસનના બે મુખ્ય વિભાગ પડ્યા. પ્રથમ વિભાગના લંકા વિગેરે દક્ષિણાપથના અનુયાયીઓએ અર્હત એવા પ્રત્યેકબુદ્ધની નિર્વાણભાવના સ્વીકારી; બીજા વિભાગના એટલે ટીબેટ વિગરે ઉત્તરાપથના, અને ચીન જાપાન વિગરે પૂર્વના દેશોના અનુયાયીઓએ બોધિસત્ત્વની લોકોત્તર કલ્યાણ કરવાની, અને બુદ્ધની ત્રિકાયની ( ધર્મકાય, સંભોગકાય, અને નિર્માણકાય ) ભાવના સ્વીકારી. પ્રાચીન દક્ષિણાપથના બૌદ્ધોના સંપ્રદાયનું નામ હીનયાન પડ્યું, અને ઉત્તરાપથના તથા પૂર્વદેશના અનુયાયીઓના સંપ્રદાયનું નામ મહાયાન પડ્યું. મહાયાન મતનું સાહિત્ય ઈ. સ. પહેલાંના પહેલા બીજા સૈકાથી રચાતું ચાલ્યું હતું, અને તેમાં જે જે દેશના મનુષ્યો બૌદ્ધધર્મની મર્યાદામાં આવ્યા તેમના પોતાના મૂળધર્મના સંસ્કારોનો પ્રવેશ નામાન્તરે અને રૂપાન્તરે થયો. આ નવધર્મનાં મુખ્યસૂત્રો નીચે પ્રમાણે વસુબંધુ નામનિર્દેશસૂત્રમાં ગણાવે છે.



१ अमितार्थसूत्र, २ उत्तमसूत्र, ३ महावैपुल्यसूत्र, ४ बोधिसत्त्वयान, ५ बुद्धयान, ६ बुद्धगुह्योपदेश, ७ सर्वबुद्धानां पिटकम्, ८ सर्वबुद्धानां गुह्यस्थानम्, ९ सर्वबुद्धगर्भस्थानम् १० सर्वबुद्धतीर्थम् ११ सर्वबुद्धधर्मचक्र, १२ सर्वबुद्धानांधीरधातु, १३ सर्वबुद्धानां उपायकौशल्यसूत्र, १४ एकयानउपदेशसूत्र, १५ परमार्थस्थानम्, १६ सद्धर्मपुण्डरीक, १७ उत्तमधर्म.

આ ઉપરાંત ललितविस्तर, लंकावतारसूत्र વિગરે વિજ્ઞાનવાદના મૂલપ્રસ્થાન રૂપ સૂત્રો રચાઈ ચૂક્યાં હતાં. ઈ. સ. ના ચોથા પાંચમા સૈકામાં लंकावतारसूत्रનાં ભાષાંતરો ચીનાઈ ભાષામાં થઈ ચૂક્યાં હતાં.

મૂળ આર્ય સર્વાસ્તિવાદીના સાત પેટા સંપ્રદાય, અને આર્યસંમિતીય મતના ત્રણ પેટાપંથોનો સમુચ્ચય **વૈભાષિક** વ્યૂહમાં પડ્યો; આર્યમહાસંઘિકના પાંચ પેટાપંથો અને આર્યસ્થવિરના ત્રણ પેટાપંથો **સૌત્રાન્તિક** વ્યૂહમાં પડ્યા. આ પ્રમાણે એકંદરે અઢાર સંપ્રદાયો હીનયાનના થયા. ઉપર ગણાવેલાં નવ ધર્મનાં સૂત્રોમાંથી કનિષ્કના રાજ્યસમયમાં યોગાચાર અને માધ્યમિક એવી બે શાખાઓ થઈ, જે અનુક્રમે વિજ્ઞાનવાદ અને શૂન્યવાદની હીમાયત કરનારી ગણાય છે. મહાયાન યોગાચાર શાખાનું મુખ્ય દાર્શનિક સાહિત્ય ઘડનાર મૈત્રેય, (ઈ. સ. ૨૭૦-૩૫૦), અસંગ (ઈ. સ. ૩૭૦-૩૯૦), અને વસુબંધુ (ઈ. સ. ૩૯૦-૪૯૦) થયા; મહાયાન માધ્યમિક શાખાનું સાહિત્ય રચનાર નાગાર્જુન, આર્યદેવ (૩૨૦), શાન્તિદેવ (૬૫૦) વિગેરે થયા. પરંતુ આ દર્શનસાહિત્ય સાથે વ્યવહારધર્મનું સાહિત્ય બ્રાહ્મણોના દર્શનસાહિત્ય, અને વ્યવહારધર્મના સાહિત્ય રૂપે રચાવાની જરૂર હતી. આ વ્યવહારધર્મ અને આચારધર્મનું બૌદ્ધોનું સાહિત્ય બ્રાહ્મણોના તંત્રશાસ્ત્રને અનુસરતું ઘડાવા લાગ્યું છે, તેનું કારણ એવું છે કે બ્રાહ્મણોના વૈદિક શાખાના

અનુયાયીઓ વર્ણાશ્રમ ધર્મના આગ્રહી હતા, અને તંત્રશાખાના અનુયાયીઓ અને તેમાં પણ શૈવો અને શાક્તો વર્ણાશ્રમ ધર્મના આગ્રહી ન હતા. આથી હિન્દુઓની તંત્રશાખાનું સાહિત્ય બૌદ્ધોને વધારે સુગમ અને સરલ થઈ પડયું.

મહાયાનશાખાના તાંત્રિકોની એક મુખ્ય શાખાને વજ્રયાન અથવા મંત્રયાન કહે છે. વજ્રયાન અથવા મંત્રયાનના નવપેટા સંપ્રદાય છે:-(૧) શ્રાવકયાન, (૨) પ્રત્યેકબુદ્ધયાન, (૩) બોધિસત્વ-યાન, (૪) ક્રિયાતંત્રયાન, (૫) ચર્યા અથવા ઉપાયતંત્રયાન, (૬) યોગતંત્રયાન, જેના ત્રણ વિશેષ વિભાગ (૭) મહાયોગતંત્ર (૮) અનુત્તરયોગ તંત્રયાન અને (૯) અતિયોગતંત્રયાન.

આ નવ યાનો પૈકી પહેલા ત્રણ યાન ભગવાન્ બુદ્ધના પરિનિર્વાણ પછીની ત્રણ સમિતિઓમાં નક્કી થઈ ગયેલા જેવા જ હતા. ત્યાર પછી પદ્મસંભવ નામના બૌદ્ધગુરુ તીબેટમાં ગયા ત્યાર પછી બાકીના ૭ યાનોનો ઉપદેશ થયો જણાય છે.

આ પ્રત્યેક યાનના સાહિત્યમાં ચાર સિદ્ધાંતો પ્રતિપાદન કરેલા હોય છેઃ-(૧) દષ્ટિપાદ, (૨) ધ્યાનપાદ, (૩) ચર્યાપાદ, (૪) ફલપાદ. *

યોગ્ય પ્રકારે બૌદ્ધશાસ્ત્રની દષ્ટિ મેળવે, ધ્યાન મેળવે અને આચાર પામે તેને જે ફલ પ્રાપ્ત થાય તેનું વર્ણન કરનાર છેલ્લા ત્રણ યાનો છે. તેમાં પણ મહાયોગ તંત્રયાન (સાતમું) પિતૃપ્રધાન-તંત્ર ગણાય છે કારણકે તેમાં પુરુષભાવે બોદ્ધિચિત્તની ભાવના કરવામાં આવે છે; અનુત્તરતંત્રયાન ( આઠમું ) માતૃપ્રધાન તંત્ર છે, કારણ કે તેમાં સ્ત્રીભાવે બોધિચિત્તની ભાવના થાય છે. અતિયોગતંત્ર ( નવમું ) અદ્વૈતભાવને લગતું છે. આ ત્રણ તંત્રો ( મહાયોગ,

* આ સાથે સરખાવો શૈવાગમના વિદ્યાપાદ, ક્રિયાપાદ, યોગપાદ, ને ચર્યાપાદ.



અનુત્તર અથવા અનુયોગ, અને અતિયોગ ) બૌદ્ધ સિદ્ધાન્તને આચારમાં શી રીતે અનુભવવો તેનું શિક્ષણ આપે છે. આ ત્રણે તંત્રયાનોને વજ્રયાન અથવા મંત્રયાન કહે છે, કારણકે તે ત્રણેમાં મંત્રનું વજ્ર જેવું અમોઘ સાધન વાપરવામાં આવે છે.

નવમું અતિયોગ તંત્ર ઘણે ભાગે ગૌડપાદના અજાતિવાદ સાથે મળતું છે, અને અદ્વૈતસિદ્ધાન્તનું સ્થાપન કરે છે. જગતનું સત્યત્વ, જગતનું સત્યાસત્યપણું, જગતનું વિજ્ઞાનરૂપ, જગતનું શૂન્યરૂપ-એ ચાર ભૂમિકામાં બૌદ્ધમતની સૌત્રાન્તિક, વૈભાષિક, યોગાચાર અને માધ્યમિક પ્રક્રિયાઓ ચઢતી ચઢતી ચાલે છે. તેમાં છેવટની કક્ષા તે શૂન્યવાદની માધ્યમિકની છે. તેમાં ભૂત-ભૌતિક બાહ્ય પદાર્થો, અને ચિત્તચૈત્યરૂપ આંતરપદાર્થો વાસ્તવ સત્ય નથી, પરંતુ દેખાવ માત્ર છે. પરંતુ જે ભૂત-ભૌતિક પદાર્થોનો અને ચિત્તચૈત્યનો નિષેધ કરવામાં આવે છે તેનું અધિકરણ મનવાણીથી અગોચર છે. તે પદાર્થનું વર્ણન કોઈ પણ પ્રકારના ગુણ વડે, ધર્મ વડે થઈ શકે તેમ નહિ હોવાથી તેને માધ્યમિકો શૂન્ય કહે છે. સંપૂર્ણ દશ્ય જગત-નામરૂપવાળુ-તે વસ્તુમાં શમી જાય છે. આ કારણથી તેને શૂન્યસંજ્ઞા આપવામાં આવે છે.

આ બૌદ્ધોની વસ્તુશૂન્યતા વેદાન્તીઓના બ્રહ્મભાવ જેવી છે. બૌદ્ધો આ છેવટના તત્ત્વને કેવલશૂન્ય માનતા નથી, પરંતુ વિવર્ત-શૂન્ય માને છે. આથી સંસારી પુદ્ગલ ( હિંદુઓનો જીવ ) જ્યારે તંત્રસાધના વડે ચિત્ત અને ચિત્તના વિલાસોનું શમન કરે છે, ત્યારે જ તેને શૂન્યતાનો અથવા બોધિચિત્તનો સત્ય અનુભવ જાગે છે. આ તંત્રસાધનામાં જે વિજ્ઞાનનાં રૂપો પ્રકટ થાય છે તેને "દેવતા" સંજ્ઞા આપવામાં આવે છે; અને જે યાનમાં આ દેવતાઓના ઉદય અને અસ્ત સમજાય છે તેને વજ્રયાન કહે છે. જેમ હીરો અથવા વજ્ર કાપવો કઠિન છે, તેમ આ યાનનો સાધક કશાથી ડગતો નથી. અડગ, અચલ સ્થાણુ, સ્થિર-એ અર્થમાં બૌદ્ધશાસ્ત્રમાં વજ્ર શબ્દ રૂઢ થયો છે. જેમકે વજ્રાસન, વજ્રજ્ઞાન, વજ્રચિત્ત.

જ્યારે વિજ્ઞાનમય સ્કંધમાં કોઈ પણ કલ્પના ઉભી ન થાય અને ચિત્ત નિઃસ્પંદ થઈ જાય ત્યારે વજ્રજ્ઞાન થાય છે. આ અચલ સમાધિપ્રજ્ઞા(વજ્રસત્ત્વ)ની પ્રતીતિ કરાવવા પાંચ ધ્યાનીબુદ્ધની મૂર્તિ કલ્પવામાં આવે છે. આ ભાવના સદ્યોજાતાદિ પંચમુખવાળા શિવની મૂર્તિની સમાન છે. પૂર્વ દિશામાં વજ્રસત્વ ધ્યાની, દક્ષિણમાં રત્નસંભવ ધ્યાની, પશ્ચિમમાં અમિતાભ ધ્યાની, અને ઉત્તરમાં અમોઘ-સિદ્ધિ ધ્યાની, અને તે ઉપર વજ્રધર ધ્યાની બુદ્ધની ભાવના સ્વીકારી છે.

ધ્યાની બુદ્ધના એક હાથમાં ઘંટ અને બીજા હાથમાં વજ્ર દર્શાવવામાં આવે છે. ઘંટ એ સમાધિપ્રજ્ઞાનું સૂચક છે. સમાધિપ્રજ્ઞાનું ફલ **शून्यता** (હિન્દુઓની અસંપ્રજ્ઞાતસમાધિ) અને તેનો ઉપાય તે **करुणा.** મૂલ વસ્તુ કરુણાથી ભરચક છે, અને તેનો ભાવ સંયુક્ત નર-નારીના રૂપમાં દર્શાવવામાં *આવે છે. બૌદ્ધો આ તંત્રયાનની નરદેવતાને વજ્રધર કહે છે, અને નારીદેવતાને વજ્રવારાહી કહે છે.

શૂન્યતા અને કરુણાનો યોગ વજ્રધર–વજ્રવારાહીના યુગ્મ વડે દર્શાવી બૌદ્ધો બુદ્ધભાવને મેળવવાની તંત્રસાધના રચે છે. આ સાધનામાં હિન્દુઓના તંત્રોની પેઠે મંડલરચના, બીજન્યાસ, મંત્રજપ, મુદ્રાપ્રદર્શન, ઉપચારો, અભિશેક. ધ્યાન વિગેરે સમાન રીતે કરવામાં આવે છે; અને બૌદ્ધોનો ક્રિયાકલાપ હિન્દુ તાંત્રિકોના જેવો જ છે. મંત્રો પણ સંસ્કૃતમાં હોય છે. માત્ર બુદ્ધદેવતાના નામનો †ફેર હોય છે. આ સાધનાના અવધિએ પોતાને ભાવનાનું છેવટનું ફલ પ્રકટ થવાનું છે તેનો નિર્દેશ કરવામાં આવે છે. જેમકે:—

---

* આની સાથે સરખાવો હિન્દુઓની અર્ધનારીશ્વરની–શિવશક્તિના સામરસ્યની ભાવના. ટીબેટમાં આવી મૂર્તિઓને **यब्-युम्** કહે છે.

† જેમકે:—ॐ **सर्वतथागतश्रीचक्रसंभारमंडलचक्रसर्वयोगिनीभ्यः अर्घ्यं प्रतिष्ठापयामि स्वाहा। ......पाद्यं प्रतिष्ठापयामि स्वाहा॥** વિગેરે.



**ॐ स्वभावशुद्धः सर्वधर्मस्वभावशुद्धोऽहम्**

હું સ્વભાવશુદ્ધ છું, સર્વ ધર્મના સ્વભાવો મારામાં નથી તેવો છું.

**ॐ शून्यताज्ञानवज्रस्वभावात्मकोऽहम्**

હું સર્વ ધર્મ અને પુદ્દગલની વાસ્તવ સત્તા વિનાના શૂન્ય સ્વભાવનું, અચલજ્ઞાનના સ્વભાવ રૂપ છું.

વજ્રયાનની મંત્રસાધના વડે ત્રણ પ્રકારની બુદ્ધકાયાનો અનુભવ વર્ણવાય છે. બુદ્ધની પ્રથમ કાયાને ધર્મકાય કહે છે. તે સર્વ રૂપી દ્રવ્યથી પર, મન અને વાણીથી ન સમજાય એવી, સંસારપ્રસવ જેમાંથી થાય છે એવી નિર્વાણભૂમિકાની વસ્તુ છે. આ વસ્તુ વેદાન્તની કારણ-ભૂમિકાના બ્રહ્મસ્વરૂપ સાથે મળતી છે. તે નિર્વાણભૂમિકાની ધર્મકાયા ઉપર રૂપ, વેદના, સંજ્ઞા, સંસ્કાર અને વિજ્ઞાનસ્કંધોની રૂપવાળી બીજી કાયા ઘડાય છે, તેને સંભોગકાયા કહે છે. આ સંભોગકાયા બોધિસત્ત્વોના માનસપ્રત્યક્ષના વિષયરૂપ થાય છે. તે ધર્મધાતુનું વ્યક્ત થયેલું રૂપ છે. આ સંભોગકાયા આપણા હિન્દુ ધર્મની કાર્યબ્રહ્મની અથવા સગુણબ્રહ્મની લીલાવપુ જેવી છે. ત્રીજી કાયાને નિર્માણકાયા કહે છે. આ કાયા મનુષ્યશરીર દ્વારા પ્રકટ થાય છે.

ધર્મકાયા અદ્વૈત ભૂમિકાની છે, અને તે બુદ્ધદશાની છે; સંભોગ-કાયા ભેદાભેદવાળી છે, અને તે બોધિસત્ત્વોના જ્ઞાનના વિષયરૂપ બને છે; નિર્માણકાયામાં બુદ્ધતત્ત્વ ઘન રૂપ ધારણ કરે છે, અને અનેક પ્રાણીઓના લૌકિક જ્ઞાનના વિષયરૂપ બને છે. આ ત્રિકાયની પ્રક્રિયા સાથે વેદાન્તની ઈશ્વર, હિરણ્યગર્ભ અને વિરાટ્‌ની ભાવના સરખાવવા લાયક છે, તંત્રશાસ્ત્રમાં આવી ઉપાસ્ય દેવતાની કાયાની રચના આભાસરૂપા માની છે. મૂલ ચિતિશક્તિ સ્વરૂપમાં કોઈ જાતની વિકૃતિ વિના પોતાના સ્વચ્છંદ સ્વાતંત્ર્ય બલ વડે છત્રીસ તત્ત્વના રૂપમાં આભાસ પામે છે, અને અનેક ભુવનો રચી કાર્યાકાર ભાસમાન થાય

છે, એવો તાંત્રિક સિદ્ધાન્ત છે.*

ઉપરના બૌદ્ધતંત્રપ્રક્રિયાના સારસંગ્રહથી સમજાશે કે મંત્રશક્તિનો સ્વીકાર વજ્રયાનનાં ત્રણ તંત્રોમાં કરવામાં આવ્યો છે. શાક્તસાધનાનું નિરૂપણ હિન્દુ તંત્રશાસ્ત્રને અનુસરતું છે. માત્ર દેવતાનો નામભેદ છે; પરંતુ વસ્તુના નામભેદથી વસ્તુસ્વરૂપ બદલાતું નથી, એ પ્રત્યેક વિવેકીને સરલતાથી સમજાય એમ છે.

શ્રીચક્રસંભાર નામના બૌદ્ધતંત્રના ગુરુઓની પરંપરા જોતાં જણાય છે કે ઇ. સ. ૧૨૩૩ પહેલાં ૧૯ ગુરુઓ થઇ ગયા છે. એ ઉપરથી ત્રીસ ત્રીસ વર્ષનો ગાળો ગણતાં નિદાન ઇ. સ. ના ૧૨૩૩ પહેલાં ૫૭૦ વર્ષ ઉપર મંત્રયાનનો પ્રવેશ હિન્દુસ્થાનમાંથી તીબેટમાં થયો જણાય છે, એટલે ઇ. સ. ૬૬૩ ના અરસામાં શાક્તસંપ્રદાય ત્યાં સ્થપાયેલો હોય એવું ચોક્કસ અનુમાન નીકળે છે. બૌદ્ધોના બીજા તંત્રગ્રંથો હજુ તપાસણીમાં આવ્યા નથી, પણ માનવાને કારણ રહે છે કે લગભગ પ્રજ્ઞાપારમિતા વિગેરે સૂત્રો રચાયાં ત્યારથી મંત્રયાનનો પ્રવેશ તીબેટમાં થયેલો હોવો જોઇએ.

વજ્રવારાહી દેવી બૌદ્ધની લગભગ બ્રાહ્મણોની **वाराही** અથવા **दण्डिनी** સાથે મળતી આવે છે. ઉપાસનાક્રમ પણ લગભગ સરખો છે. બૌદ્ધોની વિશેષ દેવીનું બીજું રૂપ તારાનું છે. તારાની ઉપાસના હિન્દુઓમાં પણ પ્રચલિત છે. બ્રાહ્મણો અને બૌદ્ધો ૐકાર અથવા પ્રણવને **तार** કહે છે. તે દેવની પત્નીનું નામ **तारा** આપવામાં આવ્યું છે. બૌદ્ધોની **तारा** દેવી સંબંધમાં વિપુલ સંસ્કૃત સાહિત્ય છે. મારા જાણવામાં લગભગ તેત્રીસ ગ્રંથો તારા† ઉપરના છે. આ

* આ પ્રકરણ ઘડવામાં **श्रीचक्रसंभार** નામના બૌદ્ધતંત્રનો આધાર લીધો છે.

† १ उग्रतारापंचांग, २ ताराकल्प, ३ ताराकल्पलता, ४ ताराकवच, ५ तारातत्त्वम्, ६ तारातंत्रम्, ७ तारापंजिका,



સર્વ ગ્રંથોમાં તારાના દિવ્યસ્વરૂપની ભાવના ઉપરાંત ઉપાસનાનાં પંચાંગોનું એટલે કે પટલ, પદ્ધતિ, કવચ, નામસહસ્ર, અને સ્તોત્રનું–સવિસ્તર વર્ણન છે. જેવું શ્રીવિદ્યાનું અને કાલીવિદ્યાનું વિપુલ સાહિત્ય બ્રાહ્મણોનું છે તેવું તારા વિદ્યાનું બૌદ્ધોનું પણ છે. મહાયાનની તારાદેવી જેવી હીનયાનની "મણિમેખલા" દેવી છે. લંકા, સીઆમ વિગેરે દેશોમાં તે સમુદ્રની દેવી તરીકે પૂજાય છે. મહાજનક જાતક ( મહાનિપાત ), અને શંખજાતક( દશનિપાત )માં આ સમુદ્રદેવતાનો ઉલ્લેખ આવે છે, અને સમુદ્રના તોફાની પ્રસંગમાં તે રક્ષણ કરનારી દેવી ગણાય છે.

તારતારાનું યુગ્મ તે શિવશક્તિના યુગ્મ સમાન છે. બૌદ્ધોમાં શૂન્યતા (સમાધિ પ્રજ્ઞા ) અને કરુણાનું સામરસ્ય વજ્રયાનના **प्रेमपंचक** નામના સ્તોત્રમાં વર્ણવ્યું છે.

સમ્યક્બોધિ અથવા નિરાભાસ ચિતિનું નામ શૂન્યતા. આ શૂન્યતા જાણે કામિની છે, અને તેનો પ્રતિભાસ જાણે કાન્ત છે. જો પ્રતિભાસ રૂપી વર ન હોય તો શૂન્યતા નામની કામિની મૃત જેવી સમજવી; અને જો શૂન્યતા વિનાનો પ્રતિભાસ નામનો કાન્ત નાયક

८ तारापंचांग, ९ तारापद्धति, १० तारापाराजिका, ११ तारापूजनवल्लरी, १२ तारापूजान्यासविधि, १३ तारापूजाप्रयोग, १४ तारापूजारसायनम्, १५ ताराप्रदीप, १६ ताराभक्तितरंगिणी नाटकम्, १७ ताराभक्तिसुधार्णव, १८ तारामूलबोध, १९ तारारहस्य, २० तारारहस्यवृत्तिका, २१ तारार्चनचंद्रिका, २२ तारार्चनतरंगिणी, २३ तारार्णव, २४ ताराविकल्प, २५ ताराविलासोदय, २६ ताराषट्पदी, २७ ताराअष्टोत्तरशतनामस्तोत्रम्, २८ तारासहस्रनाम, २९ तारासूत्रम्, ३० तारास्तोत्रम्, ३१ तारिणीपारिजातम्, ३२ स्रग्धरास्तोत्रम्, ३३ स्रग्धरास्तोत्रटीका.

હોય તો તે બદ્ધ દશાનો સમજવો. શૂન્યતા વિનાનું પ્રતિભાસનું જીવન નથી, અને પ્રતિભાસ વિના શૂન્યતા નિરર્થક છે. આથી આ વરવધૂને દંપતીભાવમાં ગુરુએ જોડી દીધાં, અને તે વડે તેઓ સહજાનંદને ભોગવતાં થયાં. સર્વભાવોમાં આ શૂન્યતા અને પ્રતિભાસ પેસી ગયો છે, અને તેથી આ વિશ્વનો અલૌકિક વિભ્રમ ચાલ્યાં કરે છે. આ વિગેરે ભાવ આ પ્રેમપંચકમાં* છે.

---

## પ્રકરણ ૧૫ મું

### શાક્તસંપ્રદાય અને જૈનધર્મ

क्षीरांभोधेर्विनिर्यान्तीं प्लावयन्तींसुधाम्बुभिः
भाले शशिकलां ध्यायेत् सिद्धिसोपानपद्धतिम् ॥
( हेमचंद्रकृतयोगशास्त्र )

જૈનધર્મ ઈશ્વરવાદી નથી, પરંતુ તીર્થંકરવાદી છે. તેઓ ૨૪ તીર્થંકરોની પૂજાભક્તિ હિન્દુઓના દેવોની પેઠે જ કરે છે. તેમનાં તીર્થસ્થાનોમાં દેવીની મૂર્તિઓનું સ્થાપન ઘણેભાગે જોવામાં આવે છે. અંબાજી માતાના સ્થાન નજીક કુંભારીયા ગામ છે, તેમાં આશ્ચર્ય પમાડે તેવાં જૈનોનાં મંદિરો છે. આ સ્થળે કુંદનપુર નામનું પ્રાચીન નગર હતું તેનું પાછળથી નામ કુંભારીયા પડ્યું જણાય છે. આ સ્થાને પ્રાચીન કાળમાં રુક્મિણીના પિતાનું રાજ્ય હતું. અહીંથી શ્રીકૃષ્ણે રુક્મિણીનું હરણ કર્યું હતું એવી લોકમાન્ય વાત છે. એમ કહેવામાં આવે છે કે વિમળશા નામના શેઠ દેવીભક્ત હતા. તેમને માતાજી પ્રસન્ન થયાં અને ભંડારા નામનો ડુંગર તે ગબ્બરથી પશ્ચિમે આવેલો છે તેમાંથી દેવીની કૃપાથી વિમળશાને ઘણું ધન મળ્યું. તે વડે

* જુઓ અદ્વયવજ્રસંગ્રહ પૃ. ૫૮.



તેમણે કુંભારીયાનાં દેવળો તથા પાસેના આબુ ઉપરનાં વિશ્વપ્રસિદ્ધ દેલવાડાનાં જૈનમંદિરો બંધાવ્યાં હતાં. પાછળથી વિમળશા ઉપર માતાનો કોપ થવાથી કુંભારીયાનાં બીજાં દેવળો બળી જઈ માત્ર સાડાત્રણ દેવળો જ રહ્યાં છે. આ વાતમાં ગમે તે સત્ય હોય તોપણ એટલું તો સમજાય છે કે વીમળશા શેઠ જાતે જૈનધર્મી હશે, પરંતુ લોકપ્રસિદ્ધ દેવીના સ્થાનમાં દેવીની ભક્તિની અવગણના ન કરવાનો તેમનો ઉદાર આશય હશે. જૈનશાસન સાથે શાક્તમતનો કોઈ પણ સંબંધ ન હોય તો આ લોકરીતનું મંતવ્ય જે હજુસુધી જનોમાં પ્રચલિત છે, તે ટકે નહિ. જૈનયતિઓ મલિન વિદ્યાના ઉપાસક છે એવું હિન્દુઓનું વગરસમજનું માનવું છે. પરંતુ એમાં પણ જૈન યતિઓ તાંત્રિક ઉપાસના કરનારા હતા એ મુદ્દો વિસરાવો જોઈએ નહિ. ત્યારે જૈનશાસનમાં આ શક્તિની તાંત્રિક ભક્તિ અને ઉપાસના શી રીતે પેઠી તે વિચારવા યોગ્ય પ્રશ્ન છે.

જૈનશાસનમાં તીર્થંકરને લગતા ધ્યાનયોગનું વિધાન છે. તે ધ્યાનના ધર્મધ્યાન અને શુક્લધ્યાન એવા બે મુખ્ય વિભાગ છે. તેમાં ધર્મધ્યાનના ધ્યેયસ્વરૂપ ઉપર બંધાયેલા ચાર વિભાગો છેઃ— (૧) પિંડસ્થ, (૨) પદસ્થ, (૩) રૂપસ્થ, (૪) રૂપવર્જિત. જેમાં ધ્યેય એટલે ધ્યાનનું આલંબન પિંડમાં હોય તેવા ધ્યાનને પિંડસ્થ ધ્યાન કહે છે; જેમાં શબ્દબ્રહ્મના વર્ણ, પદ, વાક્ય ઉપર ઘડાયેલી ભાવના કરવાની હોય છે તેને પદસ્થ ધ્યાન કહે છે. જેમાં આકારવાળા અર્હત્‌ની ભાવના હોય છે તેને રૂપસ્થ ધ્યાન કહે છે; અને જેમાં નિરાકાર આત્મચિંતન હોય છે તેને રૂપવર્જિત ધ્યાન કહે છે. આ ચાર પ્રકારના ધ્યાનમાં પૃથિવી, જલ, વાયુ વિગેરેની ધારણાનો ક્રમ પિંડસ્થ ધ્યાનયોગમાં હોય છે, અને આ પિંડસ્થ ધ્યાનમાં પોતાના આત્માને સર્વજ્ઞકલ્પ ( સર્વજ્ઞસમ ) અને કલ્યાણગુણયુક્ત પોતાના દેહમાં સતત ધ્યાન કરનારને મંત્રમંડલની હલકી શક્તિઓ, શાકિની-આદિ ક્ષુદ્ર યોગિનીઓ, બાધ કરી શકતી નથી, અને હિંસ્રસ્વભાવનાં

પ્રાણિઓ તેના નજીક આવી ઉભાં હોય તો સ્તંભિત થઈ ઉભાં રહે છે* જૈન ધ્યાનયોગનું વર્ણન હેમચંદ્રસૂરિના **अध्यात्मोपनिषद्** એ નામાન્તરવાળા યોગશાસ્ત્રમાં સારી રીતે પ્રતિપાદન કરવામાં આવ્યું છે.

પિંડસ્થ ધ્યાન પછી બીજું ધ્યાન પદસ્થ વર્ગનું હોય છે. આ ધ્યાનમાં હિન્દુઓના ષટ્ચક્રવેધની પદ્ધતિ પ્રમાણે વર્ણમયી દેવતાનું ચિન્તન હોય છે. આ ધ્યાનયોગમાં હિન્દુઓના મંત્રશાસ્ત્રની સઘળી પદ્ધતિ સ્વીકારવામાં આવી જણાય છે. નાભિસ્થાનમાં ષોડશદલમાં સોળ સ્વરમાત્રાઓ, હૃદયસ્થાનમાં ચોવીસ દલમાં મધ્યકર્ણિકા સાથે પચીસ અક્ષરો, અને મૂળપંકજમાં **अकचटतपयश**-એ વર્ણાષ્ટક ગોઠવી, માતૃકાધ્યાનનું વિધાન કરવામાં આવે છે. આ માતૃકાધ્યાન સિદ્ધ કરનારને નષ્ટ પદાર્થોનું તત્કાલ ભાન થાય છે. વળી નાભિકંદની નીચે અષ્ટદલ પદ્મની ભાવના બાંધી, તેમાં વર્ગાષ્ટક ગોઠવી દરેક દલના સંધિમાં માયા પ્રણવ સાથે **अर्हन्** પદ ગોઠવી હ્રસ્વ, દીર્ઘ, અને પ્લુત ઉચ્ચાર વડે નાભિ, હૃદય, કંઠ વિગરે સ્થાનોને સુષુમ્ણા માર્ગે પોતાના જીવને ઉર્ધ્વગામી કરવો, અને તેના અંતરમાં અંતરાત્માનું શોધન થતું ચિન્તવવું. ત્યાર પછી ષોડશદલપદ્મમાં સુધા વડે પ્લાવિત પોતાના અંતરાત્માને સોળ વિદ્યાદેવી સાથે સોળદલમાં ગોઠવી, પોતાને અમૃતભાવ મળતો હોય એવી ભાવના કરવી. છેવટે ધ્યાનના આવેશ વડે **सोऽहम्, सोऽहम्**-એ શબ્દ વડે પોતાને **अर्हत्** રૂપે અનુભવવા મૂર્ધામાં પ્રયત્ન કરવો. આ પ્રમાણે પોતાના આત્માને, જે પરમાત્મામાંથી રાગદ્વેષ અને મોહ નિવૃત્ત થયા છે, જે સર્વદર્શી છે, અને જેમને દેવો પણ નમે છે તેવા ધર્મદેશના કરનાર **अर्हत्** દેવ સાથે એકીભાવ પામેલા જેઓ અનુભવી શકે તેઓ પિંડસ્થ ધ્યેય સિદ્ધ કરેલા સમજી શકાય છે.

---

*જુઓ **हेमचंद्रकृतयोगशास्त्र. सप्तमप्रकाशः श्लोक २७-२८**
**अष्टमप्रकाश. ५**



આ સામાન્ય પ્રક્રિયા ઉપરાંત બીજી અનેક મંત્રોની પરંપરા વડે શક્તિયુક્ત આત્મસ્વરૂપની ભાવનાઓનું વિધાન યોગશાસ્ત્રના આઠમા પ્રકાશમાં કલિકાલસર્વજ્ઞ હેમચંદ્રસૂરિએ કર્યું છે.* આ મંત્રશક્તિની પ્રક્રિયા હેમચંદ્રસૂરિ( ૧૦૮૮-૧૧૭૨ )એ પોતે ઉપજાવી કાઢેલી નથી, પરંતુ પ્રાચીન ગણધરોએ સ્વીકારેલી મંત્ર સંપ્રદાયની રીતે વર્ણન કરેલી જણાય છે, એમ તેમના યોગશાસ્ત્રના આઠમા પ્રકાશના અંતિમ શ્લોકો ઉપરથી સ્પષ્ટ સમજાય છે.

પદસ્થધ્યાનયોગનું ફલ વર્ણવતાં હેમચંદ્રસૂરિ કહે છે કેઃ— ધ્યાન વડે યોગી વીતરાગ થાય છે; આ શિવાયનો શ્રમ તે માત્ર ગ્રંથવિસ્તાર સમજવો. મંત્રવિદ્યાના વર્ણ અને પદનો જરૂર પડે તો વિશ્લેષ કરવો એટલે સંધિવિનાનાં પદો પણ વાપરવાં, કારણ કે તેમ કરવાથી લક્ષ્યવસ્તુ વધારે સ્ફુટ થાય છે. આ જૈનશાસનમાં મંત્રરૂપી તત્ત્વરત્નો પ્રાચીન ગણધરોના અગ્રણીઓએ ઉદ્ધાર કરેલાં છે. તેનો પોતાના હૃદયદર્પણમાં બુદ્ધિમાનોને પ્રકાશ થાઓ; અને તે મંત્રો અનેક ભવના ક્લેશોનો નાશ કરવા પ્રકાશ કરવામાં આવ્યા છે.

યોગશાસ્ત્રના નવમા અને દશમા પ્રકાશમાં રૂપસ્થ અને રૂપવર્જિત ધ્યાનના પ્રકારો વર્ણવ્યા છે. પરંતુ તે સાથે શક્તિવાદનો સંબંધ નથી. ત્યાર પછીના શુક્લધ્યાનની પ્રક્રિયા પણ શક્તિવાદ સાથે સંબંધ ધરાવતી નથી.

ટુંકામાં પિંડસ્થ અને પદસ્થ ધ્યાનયોગમાં જૈનોને તંત્રસાધના અને તંત્રશક્તિનો સ્વીકાર છે, અને મૂલવસ્તુની શક્તિનો દેવતાભાવે અંગીકાર જણાય છે.

---

* આ મંત્રોમાં પ્રણવ (ॐ), માયા ( ह्रीँ ) વિગરે બીજાક્ષરો જેવાને તેવા શાક્તતંત્રના સ્વીકારવામાં આવ્યા છે. માત્ર મુખ્ય દેવતા તરીકે **अरिहंताणम्** એવી જૈનપંચાક્ષરી લીધી છે.

જૈનશાસનના સિદ્ધાન્તમાં આ શક્તિસ્વીકાર હોવાથી તેનો સારો ઉપયોગ અને ખોટો ઉપયોગ થાય એ સ્વાભાવિક છે. હિન્દુઓમાં પણ દક્ષિણમાર્ગ અને વામમાર્ગ છે; બૌદ્ધોમાં પણ વજ્રયાનની મલિન અને શુદ્ધ પદ્ધતિઓ છે; તેવી જૈનોમાં પણ મેલી વિદ્યા અને શુદ્ધ વિદ્યા હોવી સંભવે છે. હેમચંદ્રસૂરિએ શુદ્ધવિદ્યા ઉપર જ ભાર મૂકયો છે.

જૈન કવિઓ શાક્તસંપ્રદાયના સારસ્વતકલ્પને સ્વીકારે છે; એટલે કે સરસ્વતીની ઉપાસનાનો પ્રત્યક્ષ સ્વીકાર કરે છે. સિદ્ધ સારસ્વતાચાર્ય શ્રીબાલચંદ્રસૂરિના વસંતવિલાસ મહાકાવ્યમાં મંગલાચરણમાં નીચેના શાક્ત પદ્ધતિનું અનુમોદન આપનારા શ્લોકો છે :—

**चेतोऽश्वलं चश्वलतां विमोच्य संकोच्य पंचापि समं समीरान् ।**
**पश्यन्ति यन्मूर्धनि शाश्वतश्रिसारस्वतं ज्योतिरुपास्महे तत् ॥**
**ज्योतिस्तडिद्दंडवती सुषुम्णाकादम्बिनी मूर्ध्नि यदाभ्युदेति ।**
**विशारदानां रसनाप्रणाली तदा कवित्वामृतमुद्गृणाति ॥**

"ચિત્ત રૂપી વશ્વની ચંચલતા ત્યજીને, તથા પ્રાણાદિ પાંચ વાયુના વ્યાપારને સ્તંભિત કરીને, મૂર્ધપ્રદેશમાં જે સ્થિર શોભાવાળા સરસ્વતીના તેજોમંડલને જુએ છે, તે જ્યોતિર્મંડલને અમે ઉપાસીએ છીએ. જ્યારે સુષુમ્ણા નામની નાડી રૂપી વાદળી, સરસ્વતીના તેજોમય વિજળીના દંડથી ભેદાઈ મૂર્ધામાં આવી વરસે છે, ત્યારે વિદ્યા વિનાના મનુષ્યોની પણ રસના એટલે જીભરૂપ પરનાળમાં કવિત્વનું જળ વહી આવે છે."*

સરસ્વતી દેવીની ઉપાસના વડે આ બાલચંદ્રકવિ પોતાને દિવ્ય કવિત્વશક્તિ પ્રાપ્ત થયાનો સ્પષ્ટ નિર્દેશ કરે છે.

સરસ્વતીની પૂજા ઉપરાંત જૈનોમાં પ્રત્યેક તીર્થંકરની શાસન-

---

* જુઓ વસંતવિલાસ I. 70-73.



દેવતા માનવામાં આવે છે. શ્વેતાંબર મત પ્રમાણે આ ચોવીસ દેવતાઓ નીચે મુજબ છે :—

૧ ચક્રેશ્વરી, ૨ અજિતબલા, ૩ દુરિતારી, ૪ કાલિકા, ૫મહાકાલી, ૬ શ્યામા, ૭ શાન્તા, ૮ જ્વાલા, ૯ સુતારકા, ૧૦ અશોકા, ૧૧ શ્રીવત્સા, ૧૨ ચંડા, ૧૩ વિજયા, ૧૪ અંકુશા, ૧૫ પન્નગા, ૧૬ નિર્વાણી, ૧૭ બલા, ૧૮ ધારિણી, ૧૯ ધરણપ્રિયા, ૨૦ નરદત્તા, ૨૧ ગાંધારી, ૨૨ અમ્બિકા, ૨૩ પદ્માવતી, ૨૪ સિદ્ધાયિકા.

સરસ્વતીનાં વિદ્યાવ્યૂહો ૧૬ માનવામાં આવે છે. તેનાં નામ નીચે પ્રમાણે છે :—

૧ રોહિણી, ૨ પ્રજ્ઞપ્તિ, ૩ વજ્રશ્રૃંખલા, ૪ કુલિશાંકુશા, ૫ ચક્રેશ્વરી, ૬ નરદત્તા, ૭ કાલી, ૮ મહાકાલી, ૯ ગૌરી, ૧૦ ગાંધારી, ૧૧ સર્વાસ્ત્રમહાજ્વાલા, ૧૨ માનવી, ૧૩ વૈરોટ્યા, ૧૪ અચ્છુપ્તા, (અચ્યુતા ?), ૧૫ માનસી, ૧૬ મહામાનસિકા.

ઉપરની હકીકતથી સ્પષ્ટ થાય છે કે શક્તિની ઉપાસના જૈનોમાં ઇષ્ટ મનાઈ છે.

# પ્રકરણ સોળમું

## શિવ-શક્તિસામરસ્યનું ફલ

आदर्शयोरिवोन्योऽन्यं लम्भितप्रतिबिम्बयोः
शिवशक्त्योरनंताः स्युरंतरन्तः प्रसक्तयः ॥

પાછલાં સર્વ પ્રકરણોમાં આપણે જોયું કે ભારતવર્ષના હિન્દુ-ધર્મની સર્વ શાખાઓમાં, બૌદ્ધ ધર્મમાં અને જૈન ધર્મમાં શક્તિ-વાદનો ન્યૂનાધિક અંશે સ્વીકાર છે. આ શક્તિતત્ત્વનું સ્વરૂપ સ્વયં-પ્રકાશ ચૈતન્યની સ્ફુરત્તા રૂપ છે એવું સિદ્ધાન્તવિચારના પ્રકરણમાં આપણે વિચારી ગયા છીએ. મૂલ સ્વયંપ્રકાશ વસ્તુને ધર્મી તરીકે સ્વીકારતાં **શિવ** સંજ્ઞા અપાય છે. અને ધર્મ તરીકે સ્વીકારતાં **શક્તિ** સંજ્ઞા અપાય છે. પ્રકાશ અને વિમર્શ—વિજ્ઞાન અને વેદ્ય-બંને એક જ વસ્તુની બે બાજુઓ છે, અને આથી શૈવ તથા શાક્ત દર્શન અદ્વૈતવાદી છે. વેદાન્ત શાસ્ત્રમાં પણ અદ્વૈતવાદ છે, પરંતુ તેમાં વિશ્વને વિવર્તરૂપે સ્વીકારી અદ્વૈત સિદ્ધાન્ત સ્થાપવામાં આવે છે, અને જીવને પ્રતિબિંબ રૂપે માની એકાત્મવાદ દઢાવવામાં આવે છે. પરંતુ આ શાક્તોના પ્રતિબિંબવાદમાં લૌકિક પ્રતિબિંબ-વાદ સર્વાંશે સ્વીકારાયો નથી. લૌકિક પ્રતિબિંબમાં બિંબ, આદર્શ, અને પ્રતિબિંબ એવી ત્રિપુટી સમજાય છે. પરંતુ શૈવ-શાક્ત દર્શનમાં શિવ પોતે જ પોતાની શક્તિ વડે જગદ્‌ના વૈચિત્ર્યને ધારણ કરી અનેકધા ભાસે છે, એવું માનવામાં આવે છે. જેમ કેટલાક પ્રાણિઓ અંતસ્થ વૈચિત્ર્યવાળા હોય છે, તેમ મૂલ વસ્તુ પ્રકાશ અને વિમર્શ રૂપે—વિજ્ઞાન અને વિજ્ઞેય રૂપે ભાસે છે. આ ભાવમાં શાક્તો "વિવર્ત" શબ્દ પણ વાપરે છે, પરંતુ ત્યાં વિવર્ત એટલે વેદાન્તીઓ સમજે છે તેવા વસ્તુનો વિકાર વિનાનો અન્યથા ભાવ થવો એવો અર્થ નથી; પરંતુ **विवर्तो विचित्रेण रूपेण वर्तनम्**



**न तु अविद्यावशात् किन्तु स्वातंत्र्यतः**—વિવર્ત એટલે વિચિત્ર રૂપે દેખાવું; તે પણ અવિદ્યા વડે નહિ, પરંતુ સ્વાતંત્ર્યથી તેવું દેખાવું. આ વ્યુત્પત્તિ પ્રમાણે વિશ્વનું વૈચિત્ર્ય શિવનો શક્તિસંબંધ-થી અથવા સ્વાતંત્ર્યબલથી પ્રકટ થતો વિલાસ સમજવાનો છે.

આ શૈવ-શાક્ત અદ્વૈતમાં વેદાન્તના જેવું પ્રપંચનું મિથ્યાપણું નથી, ન્યાયવૈશેષિકના જેવું આરંભવાદનો આશ્રય લઈ જગત્‌નું કાર્યત્વ નથી, સાંખ્યયોગના જેવું પરિણામવાદનો આશ્રય લઈ અનેક વિકારવાળું જગત્‌નું રૂપ નથી; બૌદ્ધોના જેવું વિશ્વ અસત્ પણ નથી, પરંતુ વિલક્ષણ સ્વરૂપ ચમત્કાર રૂપે અદ્વૈતભાવ* છે. આ સ્વરૂપચમત્કારમાં પ્રસંગે પ્રકાશભાવ આગળ પડે છે ત્યારે શિવ-પ્રાધાન્ય ભાસ થાય છે; જ્યારે વિમર્શભાવ (આત્મપરામર્શ) આગળ પડે છે ત્યારે શક્તિપ્રાધાન્ય ભાસ થાય છે; જ્યારે પ્રકાશ અને વિમર્શ સમભાવે હોય છે ત્યારે બ્રહ્મભાવ ભાસે છે. જડચેતન વિગેરે વિભાગ વસ્તુતઃ નથી, પરંતુ અદ્વૈતભાવમાં ચઢવા સારૂ શક્તિની પાયરીઓ છે. દેખાતા જડજગત્‌ની શક્તિને આધભૂત પ્રકૃતિશક્તિ નામ આપવામાં આવે છે, દેખાતા જડાજડ જીવતા શરીરમાં અધ્યાત્મપુરુષ શક્તિ રહેલી છે; તેના અંતર્યામી તરીકે શુદ્ધાધ્વાની શિવશક્તિ (ચિન્મયી અને આનંદમયી) રહેલી છે; જડજગત્ અને ચેતનબદ્ધ પુરુષની શક્તિઓનો સંબંધ કરાવનારી ત્રીજી અધિદૈવ માયા શક્તિ (વૈષ્ણવી) રહેલી છે. ટુંકામાં કોઈ પણ પદાર્થ શક્તિવિરહિત એટલે કાર્યપ્રતીતિ કરવામાં અસમર્થ નથી. સ્વયંભુ બ્રહ્મતત્ત્વ શક્તિના વિસર્ગ વડે અનેકાકાર થાય: શાક્તના

---

* સરખાવો:—

अतः प्रपंचस्यमृषात्ववादी कार्यत्ववादी प्रतिभेदवादी ।
असत्यवादी च परेश शंभो तव स्थितिंनैषदपिस्पृशन्ति ॥

(મહાર્થપ્રકાશ)

બિંદુભાવથી એકાકાર થાય છે. આ અનેકાકાર થવામાં લોકદષ્ટિની જડ પ્રકૃતિશક્તિ વસ્તુતઃ મૂલવસ્તુના સંકલ્પશાક્તના પરિણામરૂપા છે. તેથી મારી કલમ વડે લખાતા અક્ષરો જો કે શાહી, પત્ર અને કલમ જેવી જડવસ્તુની ક્રિયા વડે પ્રકટ થાય છે, તોપણ તે સચેતન વસ્તુના પ્રેરણથી ઉત્પન્ન થયેલી ક્રિયા છે; તેવી રીતે આદ્ય કારણ રૂપે આદ્યા ચિન્મયી શક્તિ છે અને તેની પરંપરામાં આ સચરાચર જગત્ ઉભું થયું છે. આ પ્રકાશ અને વિમર્શનો - વિજ્ઞાનનો અને વેદ્યનો - અદલોબદલો થવાથી જગતવિભ્રમ ઉભો થયો છે. પરંતુ આ વૈચિત્ર્ય કેવલ મિથ્યા પદાર્થ નથી. તેમાં વસ્તુનું એકરસપણું નથી, વિરસપણું નથી, પણ સમરસપણું છે એમ શૈવશાક્તો માને છે. વેદાન્તીનું એકરસ પણું, અને સાંખ્યયોગીનું વૈરાગ્યજન્ય વિરસપણું શાક્તોને ઇષ્ટ નથી. ભોગ સાથે શૈવશાક્તને વિરોધ નથી, મોક્ષ સાથે પક્ષપાતી સ્નેહ નથી; ભોગમોક્ષની એકવાક્યતા થઇ શકે એમ છે, એવું શૈવશાક્તનું માનવું છે. શાક્તોનું એવું મન્તવ્ય છે કે **रसो वै सः** એ શ્રુતિને સરલ અર્થમાં સમજવી હોય તો તે શક્તિવાદથી જ સમજાવી શકાય તેમ છે.

> भगवान् परमानंदः स्वयमेव हि मनोगतः
> तदाकाररसतामेति पुष्कलम् ॥
>
> (મધુસૂદન સરસ્વતી)

ભગવાન્ પરમાનંદ પોતે જ મનમાં પેઠેલા તે આકાર બની પુષ્કલ રસરૂપ બને છે.

વામકેશ્વર તંત્રમાં કહ્યું છે કે પૂર્ણાભિષેકવાળા શાક્તસિદ્ધ પંચાવન પ્રકારના રસના ભોક્તા હોય છે :—

> काव्यशास्त्रे नव रसाः योगे चाष्टौ रसाःस्मृताः
> भक्तियोगे नवरसाः ऋतवो विषयेस्मृताः
> अष्टादशप्रकारा हि विद्यायाः परिकीर्तिताः
> पंचमाद्या रसा देवि पंचपचाशतः स्मृताः ॥



કાવ્ય શાસ્ત્રના ૧ શ્રૃંગાર, ૨ વીર, ૩ કરુણ, ૪ રૌદ્ર, ૫ હાસ્ય, ૬ ભયાનક, ૭ બીભત્સ, ૮ અદ્ભુત, ૯ શાંત એ નવરસ; યોગશાસ્ત્રના ૧ યમ, ૨ નિયમ, ૩ આસન, ૪ પ્રાણાયામ, ૫ પ્રત્યાહાર, ૬ ધારણા, ૭ ધ્યાન, અને ૮ સમાધિ એટલા આઠ રસ; ભક્તિશાસ્ત્રના ૧ મનન, ૨ કીર્તન, ૩ ધ્યાન, ૪ સ્મરણ, ૫ પાદસેવન, ૬ અર્ચન, ૭ વંદન, ૮ દાસ્ય અને ૯ આત્મનિવેદન—એ નવ રસ; વિષયી જનોના ૧ પુષ્પ, ૨ ગંધ, ૩ સ્ત્રી, ૪ શય્યા, ૫ વસ્ત્ર અને ૬ અલંકાર—એ ૭ રસ; વિદ્યાપ્રસ્થાનના ચાર વેદ, ચાર ઉપવેદ, ૬ છ અંગો, ૧ મીમાંસા, ૧ ન્યાય, ૧ ધર્મશાસ્ત્ર, અને ૧ પુરાણો મળી અઢાર વિદ્યાના રસ; પેયવસ્તુના ૧ ગૌડી, ૨ માધ્વી, ૩ ઇક્ષુની (શેરડીની), ૪ ફલની, અને ૫ ધાન્યની મદિરા મળી પાંચ મદ્યરસ મળી એકંદર પંચાવન પ્રકારના રસનો અનુભવ શાક્તસિદ્ધ સામરસ્યની કલા વડે એટલે *ભોગમોક્ષની વ્યવસ્થા વડે મેળવી શકે છે. એમ કહેવામાં આવે છે કે સાંખ્યશાસ્ત્રનાં ચોવીસ જડ તત્ત્વો અને પચીસમા પુરુષમાં જે વર્ગીકરણ થયું છે તે બદ્ધપુરુષને લગતું છે. પુરુષ શબ્દ જ પુરમાં સૂતેલો એવા ભાવનો વાચક છે. બંધનના સ્વરૂપની સમજણ પૂરતું સાંખ્યશાસ્ત્ર ઉપયોગી છે; તે બદ્ધ પુરુષની બદ્ધદશામાં દરેક તત્ત્વ તેને પાંચપાંચ ભાવમાં બાંધી રાખે છે. ઉદાહરણ તરીકે માયાતત્ત્વના આવરણમાં રહેલો પુરુષગર્ભ ૧ કલા, ૨ વિદ્યા, ૩ રાગ, ૪ કાલ, અને ૫ નિયતિ વડે અલ્પશક્ત, અલ્પજ્ઞ, અલ્પસુખી, અનિત્ય અને મર્યાદિત થઈ અણુ બની જાય છે; પ્રકૃતિશક્તિની છાયામાં પડી ૧ સત્વ, ૨ રજસ, ૩ તમસ્, ૪ વિકૃતિ અને ૫ અવિકૃતિ—એવા ગુણ અને તેના પ્રભાવમાં દબાય છે; માતૃવંશની માયાથી અને પિતૃવંશની કર્મજાલથી પુરુષગર્ભ ત્વક્, રુધિર, માંસ,

* જુઓ भोगेन मोक्षमाप्नोति भोगेन कुलसाधनम् ।
तस्माद्यत्नाद् भोगयुक्तो भवेद्वीरः सुधीः
(कुलार्णवसंगीत. V. 219)

મેદ, અસ્થિ, મજ્જા, શુક્ર એ ધાતુઓથી જકડાય છે; તેનું મહત્ અથવા બુદ્ધિતત્ત્વ સંકોચવાળું થઈ ૧ ધર્મ, ૨ જ્ઞાન, ૩ વૈરાગ્ય, ૪ ઐશ્વર્ય, અને ૫ વરદાન આપવાનું સામર્થ્ય ગુમાવી બેસે છે; તેનું મન ૧ મમત્વ, ૨ અમમત્વ, ૩ કાર્પણ્ય, ૪ મદ અને ૫ મત્સર વડે સદોષ થઈ પાપકર્મમાં લપટાવે છે; તેનો ક્ષુદ્ર મલિનસત્વા માયાનો સત્વગુણ ૧ સૌન્દર્ય, ૨ સૌભાગ્ય, ૩ સાધુશીલતા, ૪ સૌમુખ્ય, અને ૫ સૌજન્યની થોડી પ્રતીતિ કરાવે છે; તેનો રજોગુણ ૧ વશીકરણ, ૨ આકર્ષણ, ૩ શાન્તિ, ૪ પોષણ અને ૫ પાલન એવી પ્રવૃત્તિમાં તેને ધકેલે છે; તેનો તમોગુણ ૧ વિદ્વેષણ, ૨ ઉચ્ચાટન, ૩ સ્તંભન, ૪ મોહન, ૫ મારણ–એવી અધમ ક્રિયામાં પ્રેરે છે; તેનો સાત્વિક અહંકાર (વૈકારિક) ૧ શબ્દ, ૨ સ્પર્શ, ૩ રૂપ, ૪ રસ, ૫ ગંધનું શ્રોત્ર, ત્વક્, નેત્ર, જીવ્હા, અને ઘ્રાણ વડે ભાન કરાવે છે; તેનો રાજસ અહંકાર (તૈજસ) તેની પાસે ૧ વચન, ૨ આદાન, ૩ ધાવન, ૪ વિસર્ગ, અને ૫ આનંદની વાક્, પાણિ પાદ, પાયુ, ઉપસ્થ વડે ક્રિયાઓ કરાવે છે; તેની ઇન્દ્રિયોની શક્તિ મર્યાદિત હોવાથી તેને ૧ યથેષ્ટશરીરપ્રાપ્તિ, ૨ પરકાયાપ્રવેશ, ૩ દૂરગતિઆગતિ, ૪ દૂરશ્રવણ, અને ૫ અદશ્યકરણની સિદ્ધિ મળતી નથી; તેના પુણ્યકર્મમાં ૧ વીર્ય, ૨ ગાંભીર્ય, ૩ ઔશ્વર્ય, ૪ ભોક્તૃતા, અને ૫ દાતૃતાનો પ્રભાવ હોતો નથી. આ પ્રકારે હણાયલો અને †[illegible]ાયલો પુરુષ અથવા બદ્ધજીવ શાક્તસાધના વડે મલિન અધ્વામાંથી જ્યારે શુદ્ધાધ્વામાં આવે છે ત્યારે માયાના આવરણનો ભેદ કરી શુદ્ધ વિદ્યાના આવરણમાં આવે છે; તેનું મલિન સત્વાનું આવરણ બદલાય છે, અને શુદ્ધ સત્વાનું આવરણ મળતાં તેને અદ્ભુત વેગ મળે છે; તેનામાં ૧ સ્વયંપ્રકાશ, ૨ જ્ઞાન, ૩ યોગ, ૪ ક્રિયા અને ૫ ચર્યાના નિયમો ઉઘડે છે; તે યોગ્ય ગુરુસંબંધથી ૧ શાંભવી, ૨ શાક્તી, ૩ આણવી, ૪ શોધની, અને ૫ બોધની એવી પાંચ પ્રકારની દીક્ષાથી વિશુદ્ધ બની જાય છે; તે ૧ તુરીયાતીત, ૨ તુરીય, ૩ સુષુપ્તિ, ૪ સ્વપ્ન, ૫ જાગૃત્–એ પાંચ



અવસ્થામાં જાઆવ કરતો પોતાના સ્વરૂપથી કદી કદી ભ્રષ્ટ થતો નથી; તે ક્રમપૂર્વક ઈશ્વરતત્વના ભુવનમંડલમાં આવે છે અને ત્યાં ૧ રૂપાતીતથી પર, ૨ રૂપાતીત, ૩ રૂપ, ૪ પદ, અને ૫ પિંડ–એવી પાંચ પ્રકારના ક્રમની ધ્યાનકલા સાધી શકે છે; ત્યાંથી આગળ ચઢી સદાશિવતત્ત્વના મંડલમાં પ્રવેશી, ૧ ઈશાન, ૨ તત્પુરુષ, ૩ અઘોર, ૪ વામદેવ, ૫ સદ્યોજાત – એ પાંચમુખવાળા પરમેશ્વરના પ્રભાવને મેળવે છે; ત્યાંથી શક્તિતત્ત્વના મંડલમાં પ્રવેશ કરી, મંત્રવિદ્યાનાં ૧ ઉન્મના, ૨ સમના, ૩ વ્યાપિની, ૪ નાદ અને ૫ બિન્દુ – એવાં પાંચ રશ્મિઓને સિદ્ધ કરે છે અને તે વડે ગમે તે વસ્તુમાં પેસી શકે છે; તે રશ્મિયોગ વડે ૧ અનુગ્રહ, ૨ તિરોધાન, ૩ સંહાર, ૪ સ્થિતિ, અને ૫ સૃષ્ટિ – એ પાંચ કર્મ કરી શકે છે; અને છેવટે શિવતત્ત્વમાં પ્રવેશ કરી, ૧ સર્વક્રિયા, ૨ સર્વજ્ઞતા, ૩ નિત્યોદયતા, ૪ સર્વવ્યાપકતા, અને ૫ સર્વપૂર્તિ–એ શક્તિપંચકને મેળવી, કૃતકૃત્ય થાય છે. બદ્ધ પુરુષની આ મુક્તભાવાપત્તિ શુદ્ધાધ્વાના સામરસ્ય વડે મળે છે, અને આ કારણથી શાક્ત સંપ્રદાય એક ઉપયોગી ધર્મતંત્ર છે એટલું જ નહિ પણ જ્ઞાનતંત્ર પણ છે. એ વાત ખરી છે કે ધર્મનો અને જ્ઞાનનો સુઉપયોગ અને દુરુપયોગ થાય છે, પરંતુ તેમાં તંત્રનો દોષ નથી, કર્તાનો તથા યોજકનો દોષ છે. શાક્તધર્મના સાહિત્યનું સર્વાંશ

---

† પુરુષની બદ્ધ અને મુક્ત સ્થિતિનો બોધરહસ્ય વ્યુત્પત્તિથી કરવામાં આવે છે:—**पुरेवसतीति पुरुष:** એટલે કે ત્રણ પુરમાં વસે છે તે પુરુષ એટલે બદ્ધ જીવ; **पुरमोषति दहतीति पुरुष:** ત્રણ પુરને બાળે છે માટે પુરુષ એટલે મુક્ત શિવ. બદ્ધ પુરુષ બુદ્ધિ, પ્રાણ અને શરીર—એ ત્રણ સુવર્ણ, રૂપું અને લોહના પુરમાં રહે છે; એ ત્રણ પુરમાં અભિમાન કરી, વસનાર અસુરનો નાશ કરનારને ત્રિપુરાંતક (શિવ) કહે છે, અને તેનું પુરાણોમાં ત્રિપુરાસુર વગેરેનું સમાધાન આપ્યું છે. (જુઓ મહાર્થમંજરી ઉપર પરિમલ નામની ટીકા).

અંવલોકન નિષ્પક્ષપાત વૃત્તિથી નહિ થયેલું હોવાથી; તથા તેની પરિભાષા અને "સંધાભાષા" (સંકેતભાષા) નહિં સમજાયાથી, તે ધર્મના પાલન કરનારા ઘણા અજ્ઞાન અને અંધશ્રદ્ધાવાળા હોવાથી, તે ધર્મના આચરણ કરનારા અને કરાવનારા ગુરુઓમાં સિદ્ધાન્તનું જ્ઞાન નહિ હોવાથી, અને માત્ર ક્રિયાપદ્ધતિમાં જડભાવે પ્રવૃત્તિ કરનારા હોવાથી શાક્ત સંપ્રદાયની શુદ્ધ બાજુ જેવી જોઇએ તેવી પ્રકાશમાં આવી નથી. આ શુદ્ધ દૃષ્ટિ ઉઘાડવા પૂરતો આ સોળ કળાવાળો સોળ પ્રકાશનો નિબંધ છે અને તેવી દૃષ્ટિ ઉઘડ્યા પછી:—

योगो योगस्य उपाध्यायः (पातंजलव्यासभाष्य)

એ ન્યાયે શાક્તયોગ પોતે જ તેના ઉંડા વ્યવહાર અને પરમાર્થના ઘણા મર્મો અભ્યાસકને ઉઘાડી શકશે, એવું મારૂં માનવું છે. આ શાક્તયોગના એટલે મંત્રવર્ણના પ્રકાશ વિના કેવલ વેદાન્તશાસ્ત્ર સાધકના શ્રેયસ્‌ને સાધી શકે તેમ નથી. ખરેખરઃ—

शक्तिज्ञानं विना देवि मुक्तिर्हास्याय कल्प्यते ॥

હે દેવી! તારા સ્વરૂપના જ્ઞાન વિના મુક્તિ હસવાને પાત્ર બને છે.

શિવસદન,

અમદાવાદ, નર્મદાશંકર દેવશંકર મહેતા.

તા. ૨૩-૬-૩૧



## પરિશિષ્ટ ૧

## શ્રીચક્રની સમજુતિનું પટલ

(૧) श्रीचक्रः—

बिन्दु[१]त्रिकोण[२]वसुकोण[३] दशारयुग्म[४, ५]
मन्वश्र[६]नागदल[७]संयुतषोडशार[८]म् ।
वृत्तं त्रिभूपुरयुतं परितश्चतुर्द्वाः
श्रीचक्रमेतदुदितं परदेवतायाः ॥

આ પૈકી:—૧ ત્રિકોણ, ૨ અષ્ટકોણ, ૩-૪ બે દશાર, અને ૫ ચતુર્દશકોણ-એ પાંચ શક્તિચક્રો છે; અને ૧ અષ્ટદલ, ૨ ષોડશદલ, ૩ મેખલાત્રય, અને ૪ ભૂપુર, એ ચાર શિવચક્રો અથવા શ્રીકંઠચક્રો છે.

(૨) श्री विद्या સંબંધી વિશેષ માહિતી મેળવવાના ગુરુગમ્ય ગ્રંથો:—

૧ देवी उपनिषद्
૨ त्रिपुरातापिनी
૩ त्रिपुरोपनिषद्
૪ भावनोपनिषद्
} શ્રૌત સાહિત્ય

૫-૬ सौन्दर्य लहरी તથા प्रपंचसार-સમયમતનું સાહિત્ય.
૬ तंत्रराज-(તંત્ર સાહિત્ય कादि, हादि, कहादि મતનું.)
૭ नित्याषोडशिकार्णव-(ભાસ્કરરાયની ટીકા સાથે.)
૮ ललितात्रिशती-(શાંકરભાષ્ય સાથે.)
૯ ललितासहस्रनाम-(ભાસ્કરરાયની ટીકા સાથે.)
૧૦ श्री विद्यारत्नसूत्र-મંત્રના અનેક પ્રકારો સારૂ.
૧૧ परशुरामकल्पसूत्र-મંત્રાનુષ્ઠાન પદ્ધતિ સારૂ.
૧૨ वरिवस्यारहस्य-ભાસ્કરરાયનો (હાલ ઉપલબ્ધ નથી.)
૧૩ मातृकाचक्रविवेक-(અમુદ્રિત.)

ઉપરનું સાહિત્ય દક્ષિણાચારવાળું સામયિક મતનું છે. નંબર ૬, ૭ માં પશુઆધિકારી સારૂ વામાચારનાં પ્રકરણો પણ છે.

સૃષ્ટિક્રમ :—

बिंदु[1]त्रिकोण[2]वसुकोण[3] दशारयुग्म[4..5]-
मन्वश्र[6] नागदल[7]संयुत षोडशारम्[8]।
वृत्तं त्रिभूपुर[9] युतं परितश्चतुर्द्वाः
श्रीचक्रमेतदुदितं परदेवतायाः ॥

| સૃષ્ટિક્રમ :— | સંહારક્રમ :— |
|---|---|
| ૧ બિન્દુ | ૧ ભૂપુર |
| ૨ ત્રિકોણ | ૨ ષોડશ દલ |
| ૩ અષ્ટકોણ | ૩ અષ્ટ દલ |
| ૪ દશ કોણ (પ્રથમ) | ૪ ચતુર્દશાર |
| ૫ દશ કોણ (દ્વિતીય) | ૫ દશ કોણ (દ્વિતીય) |
| ૬ ચતુર્દશાર | ૬ દશ કોણ (પ્રથમ) |
| ૭ અષ્ટ દલ | ૭ અષ્ટ કોણ |
| ૮ ષોડશ દલ | ૮ ત્રિકોણ |
| ૯ ભૂપુર | ૯ બિન્દુ |



| આવરણપૂજન-અનુક્રમ. | ચક્ર રૂપ. | ચક્રનામ. | ચક્રની દેવતાશક્તિ | ભાવનીય તત્ત્વો. ચક્રમાં સ્થાન વિશેષ. | પરિવાર દેવતા (નિયામક.) | હેય-ધર્મો. | પ્રાપ્ય ધર્મ. | ટિપ્પણ |
|---|---|---|---|---|---|---|---|---|
| પ્રથમાવરણ | ભૂપુર | त्रैलोक्य मोहन | प्रकट योगिनी | (अ) ભૂપુરની બાહ્યરેખા | ભૌતિકસિદ્ધિ | | | દશસિદ્ધિઓ–૧ અણિમા, ૨ મહિમા, ૩ લઘિમા, ૪ ગરિમા, ૫ પ્રાપ્તિ, ૬ પ્રાધાન્ય, ૭ ઈશિત્વ, ૮ વશિત્વ, ૯ સર્વોધિષ્ઠાતૃત્વ, ૧૦ નત્યત્વ. |
| | | | | ચાર દ્વાર ૪ } ચાર કોણ ૪ } | अणिमादि અષ્ટ | આઠ અશક્તિ | આઠ શક્તિ | |
| | | | | ઊર્ધ્વ ૧ | રસ | વિરસતા | સરસતા | |
| | | | | નીચે ૧ (૧૦) | નિયતિ | ઉન્મત્તતા | સાંકુશતા | |
| | | | | (ब) ભૂપુરની મધ્યરેખા | ૧ ब्राह्मी | કામ | નિષ્કામત્વ | ભૂપુરમાં પ્રકટ યોગિની ભાવનાના ઉત્કર્ષ થતા હેય ધર્મો (દોષો) જાય છે અને પ્રાપ્યધર્મો (ગુણો) આવવાથી સાધકને ઉપરની સિદ્ધિઓ પોતાની નિયત મર્યાદામાં એટલે દેશકાલ અને વસ્તુમર્યાદામાં સંભવી શકે તેવી પ્રાપ્ત થાય છે. માતૃકા ચક્રના નિયમ |
| | | | | | ૨ माहेश्वरी | ક્રોધ | અક્રોધત્વ | |
| | | | | | ૩ कौमारी | લોભ | નિર્લોભત્વ | |
| | | | | | ૪ वैष्णवी | મોહ | નિર્મોહત્વ | |
| | | | | | ૫ वाराही | મદ | નિર્મદત્વ | |
| | | | | | ૬ इन्द्राणी | મત્સર | અમાત્સર્ય | |
| | | | | | ૭ चामुण्डा | પાપ | નિષ્પાપ | |
| | | | | | ૮ महालक्ष्मी | પુણ્ય | પુણ્યભાવનાબંધન વિનાનીકર્મકરવાની શક્તિ, કર્તવ્યબુદ્ધિ | |

| | | | | | |
|---|---|---|---|---|---|
| | | | (क) ભૂપુરની દશદિક્‌પાલ. આંતરરેખા | | પ્રમાણે प्रकट योगिनी તે अकचटतपयशह-એ નવ વર્ગની વર્ણદેવતા, તથા અધ્યક્ષ મુખ્ય દેવતાની नियति અથવા મર્યાદા કરનાર શક્તિ મળી દશ થાય છે. તેઓ મંત્ર દ્વારા કાર્ય કરે છે. |
| | | | યંત્રસ્થ-સ્થાન \| ભૂપુરના બહિર્દેશમાં \| દશમુદ્રા શક્તિ \| બીજ | પિંડસ્થાન | |
| | | | પૂર્વમાં ૧ सर्वसंक्षोभिणी द्राँ | મૂલાધાર | |
| | | | દક્ષિણમાં ૨ सर्वविद्राविणी द्रीँ | સ્વાધિષ્ઠાન | |
| | | | પશ્ચિમમાં ૩ सर्वाकर्षिणी क्लीँ | મણિપુર | |
| | | | ઉત્તરમાં ૪ सर्ववशंकरी ब्लूँ | અનાહત | |
| | | | અગ્નિકોણ ૫ सर्वोन्मादिनी सः | વિશુદ્ધ | |
| | | | નૈઋત્યકોણ ૬ सर्वमहांकुशा क्रौं | આજ્ઞા | |
| | | | વાયુકોણ ૭ सर्वखेचरी ह् स्‌ख फ्रैं | સહસ્રાર | |
| | | | ઈશાનકોણ ૮ सर्वबीजमुद्रा ह्स्त्रौं | દ્વાદશાંત | |
| | | | ઊર્ધ્વ ૯ सर्वमहायोनि | લંબિકાગ્ર | |
| | | | અધઃ ૧૦ सर्वत्रिखंडिका | બ્રહ્મરંધ્ર | |



| દ્વિતીય આવરણ-પૂજા-વરણ નો અનુક્રમ | ચક્રરૂપ | ચક્રનામ | ચક્રની દેવતાની શક્તિ | ભાવનીય ધર્મો | ટિપ્પણ |
|---|---|---|---|---|---|
| | षोडशदल | सर्वाशापरिपूरक | ॥ गुप्तयोगिनी :- | | ભૂપુરના સ્થૂલ સંયમ પછી સૂક્ષ્મ સંયમ બીજા આવરણમાં શરૂ થાય છે. ભાવનાના ઉત્કર્ષ વડે કામાદિ સોળ ધર્મો ઉપર સાધકની સત્તા જામે છે. આ ગુપ્તયોગિનીને षोडशनित्या નામ આપવામાં આવે છે. તે ષોડશ ચંદ્રમંડલની સોળ નિત્યાઓ નીચે પ્રમાણે છે:— |
| | | | १ कामाकर्षिणी | કામ | |
| | | | २ बुद्ध्याकर्षिणी | બુદ્ધિ | |
| | | | ३ अहंकाराकर्षिणी | અહંકાર | |
| | | | ४ शब्दाकर्षिणी | શબ્દ | |
| | | | ५ स्पर्शाकर्षिणी | સ્પર્શ | |
| | | | ६ रूपाकर्षिणी | રૂપ | |
| | | | ७ रसाकर्षिणी | રસ | |
| | | | ८ गंधाकर्षिणी | ગંધ | |
| | | | ९ चित्ताकर्षिणी | ચિત્ત | ૧ ॐ कामेश्वरी नित्या |
| | | | १० धैर्याकर्षिणी | ધૈર્ય | २ ॐ भग मालिनी नित्या |
| | | | ११ स्मृत्याकर्षिणी | સ્મૃતિ | ३ ॐ नित्य क्लिन्ना नित्या |
| | | | १२ नामाकर्षिणी | નામ | ४ ॐ भेरुन्डा नित्या |
| | | | १३ बीजाकर्षिणी | વીર્ય અથવા રજસ્ | ५ ॐ वह्नि वासिनी नित्या |
| | | | १४ आत्माकर्षिणी | સૂક્ષ્મ શરીર | ६ ॐ महा वज्रेश्वरीनित्या |

| | | | | |
|---|---|---|---|---|
| | | १५ अमृताकर्षिणी<br>१६ शरीराकर्षिणी | ઓજસ્<br>સ્થૂલ શરીર | ७ ऋँ. शिवदूती नित्या<br>८ ॠँ. त्वरिता नित्या<br>९ लृँ. कुलसुन्दरी नित्या<br>१० ॡँ नित्या (नित्या)<br>११ एँ. नीलपताका नित्या<br>१२ ऐँ. विजया नित्या<br>१३ ओँ. सर्व मंगलानित्या<br>१४ औँ. ज्वालामालिनी नित्या<br>१५ अँ. चित्ता नित्या<br>१६ अः महा नित्या<br>જ્યારે ભૂપુરની પ્રકટ યોગિનીઓ માતૃકાના વર્ગની અધિષ્ઠાત્રી છે, ત્યારે ષોડશદલની ગુપ્ત યોગિનીઓ સ્વરમાળાની અધિષ્ઠાત્રી છે, અને તેઓ મંત્ર દ્વારા કાર્ય કરે છે. |



| આવરણપૂજાનો અનુક્રમ | ચક્રરૂપ | ચક્રનામ | ચક્રદેવતાશક્તિ સ્થાન સહિત | ભાવનીય ધર્મ બીજ સહિત | ટિપ્પણ |
|---|---|---|---|---|---|
| તૃતીયાવરણ | अष्टदल | सर्वसंक्षोभण | गुप्ततरयोगिनी<br>१ अनंगकुसुमा (પૂર્વ)<br>२ अनंगमेखला (દક્ષિણ)<br>३ अनंगमदना (પશ્ચિમ)<br>४ अनंगमदनातुरा (ઉત્તર)<br>५ अनंगरेखा (અગ્નિ)<br>६ अनंगवेगिनी (નૈરૃત્ય)<br>७ अनंगमदनांकुशा (વાયુ)<br>८ अनंग मालिनी (ઇશાન) | कं खं गं घं ङं વચન<br>चं छं जं झं ञं આદાન<br>टं ठं डं ढं णं ગમન<br>तं थं दं धं नं વિસર્ગ<br>पं फं बं भं मं આનંદ<br>यं रं लं वं હાન<br>शं षं सं हं ઉપાદાન<br>ळं क्षं ઉપેક્ષા | ત્રીજા આવરણમાં અષ્ટદલમાં આંતર-ક્રિયાશક્તિને તે તે કર્મેન્દ્રિયથી વિખૂટી પાડી, સ્વતંત્ર વિહાર કરી શકે તેવી શક્તિ મેળવવાનું ધ્યેય જણાય છે. સામાન્ય રીતે સ્થૂલ અંગની ઇન્દ્રિય હોય તો જ વચન-આદાન વિગેરે થાય છે, પરંતુ ભાવનાના ઉત્કર્ષથી ભૂતાકાશમાં જ અંગ વિના (અનંગ) તે તે ક્રિયા કરવાની શક્તિ પ્રાપ્ત થાય છે. જેમ તાર મારફત વિજળીનો પ્રવાહ ચાલે, અને તેને જેમ તાર વિના પણ ફેલાવી શકાય છે તેમ ઇન્દ્રિયના સ્થૂલ તંતુ વિના પણ સૂક્ષ્મ રશ્મિયોગથી ક્રિયા સધાય છે. આ ક્રિયાશક્તિ વધારે ગુપ્ત કામ કરે છે, તેથી ગુપ્તતરયોગિની કહેવાય છે. આ ક્રમમાં વ્યંજનમાલાની અધિષ્ઠાત્રી મંત્ર દ્વારા કાર્ય કરે છે. |

| આવરણ પૂજાનો અનુક્રમ | ચક્રરૂપ | ચક્રનામ | ચક્રદેવતા શક્તિ | ભાવનીય ધર્મો | ટિપ્પણુ |
|---|---|---|---|---|---|
| ચતુર્થાવરણ | चतुर्दशार | सर्वसौभाग्यदायक | संप्रदाययोगिनी :—<br>१ कँ सर्वसंक्षोभिणी<br>२ खँ सर्वविद्राविणी<br>३ गँ सर्वाकर्षिणी<br>४ घँ सर्वाह्लादिनी<br><br>५ ङँ सर्वसंमोहिनी<br>६ चँ सर्वस्तंभिनी<br>७ छँ सर्वजृंभिणी<br>८ जँ सर्ववशंकरी<br>९ झँ सर्वरंजिनी<br>१० ञँ सर्वोन्मादिनी<br>११ टँ सर्वार्थसाधिनी<br>१२ ठँ सर्वसंपत्तिपुरणी<br>१३ डँ सर्वमंत्रमयी<br>१४ ढँ सर्वद्वंद्वक्षयंकरी | નાડીચક્ર—સ્થાન<br>અલંબુષા-ડાબા કર્ણમાં<br>કુહૂ — પાયુમાં<br>વિશ્વોદરા—જઠરમાં<br>વારૂણી (ચિત્રા)—ઉપસ્થમાં<br>મૂત્ર તથા વીર્ય વિસર્જનમાં<br>હસ્તિજીહ્વા-ડાબા નેત્રમાં<br>યશસ્વિની(શરા)—ભ્રૂમધ્યમાં<br>પયસ્વિની—નાસિકામાં<br>ગાંધારી—જમણા નેત્રમાં<br>પૂષા — જમણા કાનમાં<br>શંખિની—કંઠકૂપમાં<br>સરસ્વતી—જિહ્વામાં<br>ઇડા—ડાબા નાકના રંધ્રમાં<br>પિંગલા-જમણા નાકના ,,<br>સુષુમ્ણા—પૃષ્ઠવંશની મધ્ય-<br>શક્તિમાંથી બ્રહ્મરંધ્ર સુધી | ત્રીજા આવરણમાં ક્રિયાશક્તિ કરણ વિના માત્ર રશ્મિયોગથી વહેવડાવાય છે એમ કહ્યું તે રશ્મિનો પ્રવાહ પિંડના કયા ભાગમાં વહે છે તેવું સાંપ્રદાયિક જ્ઞાન ચોથા આવરણમાં ગુંથ્યું છે.<br>नड्—ગતિ કરવી. જે શિસ્તમાં ગતિ થાય તે રેખાનું નામ નાડી—આ નાડી ઇચ્છાને જ્ઞાનને અને ક્રિયાને વહન કરે તે ઉપરથી મનોવહા, તથા પ્રાણવહા નાડીઓ કહેવાય છે. તેના સ્થૂલ તંતુઓ તે વડે મર્મવ્યૂહ અને મસ્તિષ્ક રચાય છે. સંપ્રદાયયોગિનીઓ એકાક્ષર વડે તે તે નાડીના પ્રવાહનું ભાન કરાવે છે, "યોગ યોગનો" ઉપાધ્યાય બને છે. એ સૂત્ર ધ્યાનમાં રાખવાનું છે. |



| આવરણ પૂજાનો અનુક્રમ | ચક્રરૂપ | ચક્રનામ | ચક્રદેવતા શક્તિ | ભાવનીય ધર્મો | ટિપ્પણુ |
|---|---|---|---|---|---|
| પંચમાવરણ | दशकोण (બાહ્ય) | सर्वार्थसाधक | कुलयोगिनी :—<br>१ णँ सर्वसिद्धिप्रदा<br>२ तँ सर्वसंपत्प्रदा<br>३ थँ सर्वप्रियंकरी<br>४ दँ सर्वमंगलकारिणी<br>५ धँ सर्वकामप्रदा<br>६ नँ सर्वदुःख-<br>विमोचिनी<br>७ पँ सर्वमृत्यु-<br>प्रशमिनी<br>८ फँ सर्वविघ्न-<br>निवारिणी<br>९ बँ सर्वांगसुंदरी<br>१० भँ सर्वसौभाग्य-<br>दायिनी | <br><br>પ્રાણ—હૃદયમાં<br>અપાન—ગુદમાં<br>વ્યાન—સર્વ શરીરમાં<br>ઉદાન—કંઠદેશમાં<br>સમાન—નાભિમાં<br>નાગ—ઉદ્‌ગારમાં<br><br>કૂર્મ—ઉન્મીલનમાં<br><br>કૃકર—ક્ષુધામાં<br><br>દેવદત્ત—વિજૃંભણમાં<br>ધનંજય—સ્તબ્ધ શરીરમાં | ચોથા આવરણમાં જે નાડીયોગ કહ્યો તે નાડીઓમાં પ્રવર્તતાં કિરણો "હિરણ્યગર્ભ" પુરુષમાંથી નીકળે છે; તેનો પિંડમાં પ્રવેશ ક્યાં થાય છે, અને કયા કેન્દ્રમાં તે કિરણ બિંદુભાવને પામી નાડીચક્રને ચલાવે છે તેનો પ્રબોધ આ પાંચમા આવરણમાં છે. હિરણ્યગર્ભનાં રશ્મિઓ આ દશ પ્રાણ રૂપે પિંડમાં કેન્દ્રભાવને પામે છે, અને તે પ્રાણોની ખીલવણી અને અંકુશ **कुलयोगिनी** કરે છે. **कु** એટલે પૃથ્વી અથવા સ્થૂલદેહ—તેમાં **लीन** થયેલી શક્તિ—તેનું નામ **कुलयोगिनी**. |

| આવરણ પૂજા નો અનુક્રમ | ચક્રરૂપ | ચક્રનામ | ચક્રદેવતા શક્તિ | ભાવનીય ધર્મો | ટિપ્પણ |
|---|---|---|---|---|---|
| ષષ્ઠાવરણ | दशकोण (આંતર) | सर्वरोगहर | कुलोत्तीर्णयोगिनी :-<br>१ मँ सर्वज्ञा<br>२ यँ सर्वशक्ता<br>३ रँ सर्वैश्वर्यप्रदा<br>४ लँ सर्वज्ञानमयी<br>५ वँ सर्वव्याधि-विनाशिनी<br>६ शँ सर्वाधारा<br>७ षँ सर्वपापहरा<br>८ सँ सर्वानंदमयी<br>९ हँ सर्वरक्षा<br>१० ळँ क्षँ सर्वे-प्सितफलप्रदा | દશવહ્નિકલા<br>રેચક<br>પાચક<br>શોષક<br>દાહક<br>પ્લાવક<br><br>ક્ષારક<br>ઉદ્દગારક<br>ક્ષોભક<br>જૃંભક<br>મોહક | પાંચમા આવરણના દશ પ્રાણો પિંડમાં હિરણ્યગર્ભની માત્રા રૂપે પ્રવેશ પામી, કેન્દ્રિત થયા છે. આ પ્રાણોને જે બલ ધારારૂપે પ્રાપ્ત થાય છે તે અગ્નિનું છે અને તે સૌર એટલે સૂર્યબિંબમાંથી ઉતરી આવે છે. આ અગ્નિની દશ કલાનું સ્વરૂપ આ છઠ્ઠા આવરણમાં સમજાવ્યું છે. આ દશ અગ્નિકલા જ્યારે કુલ એટલે પિંડ બહારના બ્રહ્માંડમાંની એટલે સૂર્યબિંબસ્થ અધ્યક્ષની સમજાય છે ત્યારે કુલોત્તીર્ણયોગિની દેવતા જાગે છે, અને તે દેવતાઓ દશવહ્નિકલાને પિંડમાં સમયાનુસાર અભિવ્યક્ત રાખી દેહના સર્વ રોગને નાશ કરી, આરોગ્યસિદ્ધિ કરાવે છે. |



| આવરણ પૂજા નો અનુક્રમ | ચક્રરૂપ | ચક્રનામ | ચક્રદેવતા શક્તિ | ભાવનીય ધર્મો | ટિપ્પણ |
|---|---|---|---|---|---|
| સપ્તમાવરણ | अष्टकोण | सर्वरक्षाकर અથવા सर्वसिद्धिकर | निगर्भयोगिनी वाग्देवता :—<br>१ अँ. अः वशिनी वाग्देवता<br>२ कँ. ङँ. कामेश्वरी ,,<br>३ चँ-ञँ मोहिनी ,,<br>४ टँ-णँ विमला ,,<br>५ तँ-नँ अरुणा ,,<br>६ पँ-मँ जयिनी ,,<br>७ यँ-शँ सर्वेश्वरी ,,<br>८ षँ-क्षँ कौलिनी ,, | શીત<br>ઉષ્ણ<br>સુખ<br>દુઃખ<br>ઇચ્છા<br>સત્વ<br>રજસ્<br>તમસ્ | સર્વ રોગહર ચક્રનું છઠ્ઠા આવરણમાં સ્વરૂપ સમજાયા પછી તથા અનુષ્ઠાન વડે તે સિદ્ધ કર્યા પછી સાતમા આવરણમાં દેહજય, મનોજય અને પ્રકૃતિજય મેળવવા સારૂ શબ્દબ્રહ્માત્મિકા વાગ્દેવીની ઉપાસના આ સાતમા આવરણમાં છે. શીતોષ્ણ દ્વંદ્વ દેહના છે, સુખદુઃખ-ઇચ્છા-એ ત્રિપુટી મનને લગતી છે, અને સત્વ, રજસ્ તમસ્-એ ગુણત્રય પ્રકૃતિના છે. જેઓ દેહજય મનોજય અને પ્રકૃતિજય કરી શકે તેઓ ત્રિપુરા શક્તિના સ્વરૂપને જાણવાના અધિકારી છે. |

| આવરણ પૂજાનો અનુક્રમ | ચક્રરૂપ | ચક્રનામ | ચક્રદેવતા શક્તિ | ભાવનીય ધર્મો | ટિપ્પણ |
|---|---|---|---|---|---|
| અષ્ટમાવરણ | त्रिकोण (મૂલ) | सर्वसिद्धिप्रद | सर्वरहस्ययोगिनी :-<br>ऐं कामेश्वरी<br>क्लीं वज्रेश्वरी<br>सौः भगमालिनी<br>આ ત્રણ વ્યસ્ત (analytic) ત્રિપુર સુંદરી દેવી કહેવાય છે. | પીઠ :—<br>कामरूप-प्रकृतितत्त्वं<br>पूर्णगिरि-महत्तत्त्वं<br>जालंधर-अहंकारतत्त्वं | મૂલ પ્રકૃતિનાં મલિન સત્ત્વોનું અતિક્રમણ કર્યા પછી આઠમા આવરણમાં શુદ્ધસત્ત્વાની ત્રણ ખંડમાં ભાવના કરવાની છે. જેમાંથી મૂલ બિંદુની ઉત્પત્તિ થાય છે, જ્યાંથી નાદકલા જાગે છે, જ્યાંથી "હંસ" એટલે પ્રાણકલા જાગે છે, અને જ્યાંથી મનનું સ્ફુરણ થાય છે તે कोणने काम-रूप પીઠ કહે છે. આની મર્યાદા મૂલાધારથીનાભિપર્યંત હોયછે;ત્યારપછી એટલે નાભિથી અનાહત પર્યંતના પીઠને पूर्णगिरिपीठ કહે છે. અનાહતથી આજ્ઞા પર્યંતના પ્રદેશમાં जालं-धरपीठની વ્યાપ્તિ છે. મૂલ પ્રકૃતિ કામને જગવે છે; મહત્તત્ત્વ તે કામને ઉંચા શિખર ઉપર લઈ જાય છે, અને અહંકાર તે કામને સિદ્ધ કરાવે છે. જીવોના જે મિથ્યા વિકલ્પો અથવા કામો છે તે ઉપાસના સિદ્ધ કરનારને સત્યસંકલ્પ અથવા સત્યકામ થાય છે. |



| આવરણ પૂજાનો અનુક્રમ | ચક્રરૂપ | ચક્રનામ | ચક્રદેવતા શક્તિ | ભાવનીય ધર્મો | ટિપ્પણ |
|---|---|---|---|---|---|
| નવમાવરણ | बिन्दु | सर्वानंदमय | अंगीदेवता<br>त्रिपुरा-ललिता<br>મૂલ સમસ્ત દેવતા<br>(Synthetic Self-Conciousness on cosmic plane) | આદ્યા કુંડલિની શક્તિ (ह्रीं) ને પૂર્ણ કેન્દ્રમાં લાવી ષોંડશી (श्रीं) વિદ્યા રૂપે એટલે परा देवता રૂપે અહંગ્રહ વડે અનુભવવી. | મધ્ય કેન્દ્રનો મંત્ર :—<br>ॐ ह्रीं श्रीं समस्ता मूलविद्या ओड्डीयानपीठे श्री महात्रिपुर-सुंदरी देवी श्री पादुकां पूजयामि नमः ।<br>આ મંત્ર વડે આવરણપૂજા થાય છે. આ અંગી દેવતાને षोडशी સમષ્ટિ વિદ્યા કહે છે, જ્યારે पंच-दशी મંત્ર વ્યસ્ત વિદ્યા છે. પંચદશાક્ષરી ગુરુ પાસેથી દીક્ષાના ક્રમથી મેળવવાની હોય છે. તે પંચદશ અક્ષરો પંચદશ નિત્યા (કાલકલા), તથા પાંચ મહાભૂતને ત્રણ ગુણો વડે ગુણવાથી પંદર (દિક્કલા) તથા |

પ્રત્યેક ભૂતમાં આકાશાદિ ક્રમથી ૧+૨+૩+૪+૫=પંદર ગુણોનો આવિર્ભાવ થવાથી એકંદર પંદર (ભૂત-કલા) ભૌતિક નિત્યા પ્રકટે છે. આથી કાલ, દિક્, અને વસ્તુ મર્યાદાના સર્વ પદાર્થો પંદર કલામાં એકત્ર કરી, તેને ત્રણ વ્યૂહમાં એકત્ર કરી, તેને મૂલ ત્રિકોણમાં એકત્ર કરી, તેને ત્રણ રેખામાં એકત્ર કરી, તેને ત્રણ રેખામાં માતૃકાના સોળ સોળ અક્ષરો **અ-क.** **थ** સંજ્ઞાથી વિન્યસ્ત કરી, તે કોણના અંતઃપ્રદેશમાં **ह.ळ.क्ष**નો વિન્યાસ કરી, તે સર્વ માતૃકાચક્રને બિંદુમાં લીન કરી, બિંદુને નાદમાં લીન કરી, નાદને શક્તિમાં લીન કરી, શક્તિને સ્વપ્રકાશ શિવસ્વરૂપમાં લીન કરી—આ મહાત્રિપુર સુંદરી દેવતા તે હું આત્મચૈતન્ય છું—એ પ્રકારની અહં-ગ્રહભાવના કરવી. આવી ભાવના સિદ્ધ કરનાર **શ્રીવિદ્યા**નો જીવન્મુક્ત શિવયોગી ગણાય છે.

ત્રિપુરાનું લક્ષણ :—

**त्रिमूर्तिसर्गाच्च पुराभवत्वात्**
**त्रयीमयत्वाच्च पुरैव देव्याः ।**
**लये त्रिलोक्या अपिपूरणत्वात्**
**प्रायोऽम्बिकायास्त्रिपुरेतिनाम ॥**

( પ્રપંચસાર ૯–૨ )

બ્રહ્મા, વિષ્ણુ, અને રુદ્ર—એ ત્રણ દેવમૂર્તિઓના પ્રકટ થતા **પહેલાં** વિદ્યમાન હોવાથી તથા વેદ-ત્રયી રૂપે દેવીનું વિગ્રહ હોવાથી તથા આ ત્રિલોકનો લય થયા પછી પણ પૂર્ણ ચૈતન્યરૂપે શેષ રહેનાર હોવાથી માતૃશક્તિનું નામ **ત્રિપુરા** પાડવામાં આવ્યું છે.



# પરિશિષ્ટ ૨ જું

## હાદિમતાનુસારી શ્રીયંત્ર

**લે. શાસ્ત્રીજી મોતીલાલ કલ્યાણજી દીક્ષિત**–વિદ્યાવારિધિ,
નિવૃત્ત આચાર્યશ્રી, મુંબાદેવી સંસ્કૃત પાઠશાળા મુંબઈ

પ્રાચીન આગમગ્રંથોમાં શ્રીયંત્રના મુખ્ય બે પ્રકાર દર્શાવેલા છે. એક પ્રકાર **કાદિવિદ્યાનુસારી** કહેવાય છે અને બીજો પ્રકાર **હાદિવિદ્યાનુસારી** કહેવાય છે. એક ત્રીજો પ્રકાર **કહાદિવિદ્યાનો** છે. પરંતુ પ્રાચીન આગમોમાં આ ત્રીજા પ્રકારનું વર્ણન વધુ જોવામાં આવતું નથી. પાછળથી થયેલા કેટલાએક પદ્ધતિગ્રંથોમાં **કહાદિ-વિદ્યાનો** ત્રીજો પ્રકાર જોવામાં આવે છે. **કાદિવિદ્યા** અને **હાદિ-વિદ્યાનાં** ચક્રોમાં કોઈ રીતનો ફેરફાર નથી. આ સાથે જોડેલાં બન્ને ચક્રો જોવાથી સમજાશે કે એ બન્ને ચક્રોની રચનામાં કોઈ રીતનો ફરક નથી. **કાદિ** મતના ચક્રમાં જે આવરણદેવતાઓ છે તે જ દેવતાઓ **હાદિ** મતના ચક્રમાં પણ છે. બન્ને ચક્રોમાં ફરક ફક્ત મધ્યબિંદુમાં આવનાર પરદેવતાના મંત્રનો છે. ચક્રના મધ્ય ભાગમાં ચક્રનાં અધિષ્ઠાત્રી ત્રિપુરસુંદરીનો જે મંત્ર લખવામાં આવે છે તે મંત્રના બે ભેદ નીચે મુજબ છે:—

* **पत्न्यस्य लोपामुद्राख्या मामुपास्तेऽति भक्तितः ।**
**अयं च नितरां भक्तस्तस्मादस्य वदस्व तत् ॥**

ત્રિપુરાસિદ્ધાન્તમાં પણ

**अगस्त्यपत्न्या लोपाख्यमुद्रायाः परमेश्वरी ।**
**प्रसन्नत्वादियं देवी लोपामुद्रेति गीयते ॥**

બ્રહ્માણ્ડપુરાણાન્તર્ગત લલિતાસહસ્રનામમાં

**लोपामुद्रार्चिता लीलाक्लृप्तब्रह्माण्डमण्डला ॥**

**कादिविद्या**નો મહામંત્ર **क**થી શરૂ થાય છે અને **हादि-विद्या**નો મહામંત્ર **ह**થી શરૂ થાય છે.

૧ **कपईलह्रीं हसकहलह्रीं सकलह्रीं** (કાદિવિદ્યા) પંચદશાક્ષરી.

૨ **हसकलह्रीं हसकहलह्रीं सकलह्रीं** (હાદિવિદ્યા) પંચદશાક્ષરી.

આ ગ્રંથોમાં **कादिविद्या**ના ઉપાસક અગસ્ત્ય ઋષિ છે, એમ જણાવેલું છે. બ્રહ્માણ્ડપુરાણમાં લલિતાદેવીનું ઉપાખ્યાન છે. તેમાં પણ અગસ્ત્ય મુનિ **कादिविद्या**ના ઉપાસક હતા, એવું કથન છે. **हादि-विद्या**ની ઉપાસિકા મુનિવર અગસ્ત્યનાં પત્ની મહાસતી લોપામુદ્રા છે. બ્રહ્માણ્ડપુરાણાન્તર્ગત લલિતાત્રિશતિમાં શ્રી ભગવતીનું વાક્ય છે. તે ઉપરથી મુનિવર્ય અગસ્ત્ય અને મહાસતી લોપામુદ્રા બન્ને શ્રીપુરસુંદરીનાં ઉપાસક હતાં, એમ સ્પષ્ટ જણાય છે. **कादिविद्या** અને **हादि विद्या**ના ઉપાસક ગુરુઓની પરંપરા નીચે મુજબ છેઃ—

## કાદિવિદ્યાની ગુરુપરંપરા

| | | |
|---|---|---|
| ૧ | પરપ્રકાશાનંદનાથ | |
| ૨ | પરશિવાનંદનાથ | |
| ૩ | પરાશક્ત્યમ્બા | |
| ૪ | કૌલેશ્વરાનંદનાથ | દિવ્યગુરુપરંપરા |
| ૫ | શુક્લદેવ્યમ્બા | |
| ૬ | કુલેશ્વરાનંદનાથ | |
| ૭ | કામેશ્વરી અંબા | |
| ૧ | ભોગાનંદનાથ | |
| ૨ | ક્લિન્નાનંદનાથ | સિદ્ધગુરુપરંપરા |
| ૩ | સમયાનંદનાથ | |
| ૪ | સહજાનંદનાથ | |



| | | |
|---|---|---|
| ૧ | ગગનાથંદનાથ | |
| ૨ | વિશ્વાનંદનાથ | |
| ૩ | વિમલાનંદનાથ | |
| ૪ | મદનાનંદનાથ | મનુષ્યગુરુપરંપરા |
| ૫ | ભુવનાનંદનાથ | |
| ૬ | લીલાનંદનાથ | |
| ૭ | સ્વાત્માનંદનાથ | |
| ૮ | પ્રિયાનંદનાથ | |

## હાદિ વિદ્યાની ગુરુપરંપરા

| | | |
|---|---|---|
| ૧ | પરમશિવાનંદનાથ | |
| ૨ | કામેશ્વર્યમ્બાનંદનાથ | |
| ૩ | દિવ્યૌઘાનંદનાથ | |
| ૪ | મહૌઘાનંદનાથ | દિવ્યગુરુપરંપરા |
| ૫ | સર્વાનંદનાથ | |
| ૬ | પ્રજ્ઞાદેવ્યમ્બાનાથ | |
| ૭ | પ્રકાશાનંદનાથ | |
| ૧ | દિવ્યાનંદનાથ | |
| ૨ | ચિદાનંદનાથ | |
| ૩ | કૈવલ્યાનંદનાથ | સિદ્ધગુરુપરંપરા |
| ૪ | અનુદેવ્યમ્બાનંદનાથ | |
| ૫ | મહોદયાનંદનાથ | |
| ૬ | સિદ્ધાનંદનાથ | |

| | | |
|---|---|---|
| ૧ | ચિદાનંદનાથ | મનુષ્યગુરુપરંપરા |
| ૨ | વિશ્વાનંદનાથ | |
| ૩ | રામાનંદનાથ | |
| ૪ | કમલાનંદનાથ | |
| ૫ | પરાનંદનાથ | |
| ૬ | મનોહરાનંદનાથ | |
| ૭ | સ્વાત્માનંદનાથ | |
| ૮ | પ્રતિભાનંદનાથ | |

ઉપર દર્શાવેલ ગુરુપરંપરામાં જે નામો આપવામાં આવ્યાં છે તે નામો ઐતિહાસિક તત્ત્વનું અન્વેષણ કરવામાં ઉપયોગી થાય એવાં નથી. કારણ કે એ નામો શ્રીવિદ્યાની દીક્ષા લીધા પછીથી દીક્ષા આપનાર ગુરુએ તંત્રસિદ્ધાન્તની સરણી મુજબ પાડેલાં નામો છે.

દાખલા તરીકે વિક્રમના સોળમા શતકમાં થયેલા તંત્રશાસ્ત્રના પ્રખર વિદ્વાન્ ભાસ્કરરાય દીક્ષિત, જેઓનું દીક્ષાનામ શ્રી ભાસુરાનંદનાથ હતું. આમ છતાં પણ શ્રીવિદ્યાના ઉપાસકોની પરંપરામાં ઉપરની બે પરંપરા ઉપરાંત ત્રીજી મન્વાદિ ગુરુપરંપરા છે અને તેમાં મનુષ્યગુરુપરંપરામાં છેલ્લા બે ગુરુઓ ખાસ ધ્યાન ખેંચે એવા છે. છેલ્લા બે ગુરુઓનાં નામ: ૧ ગોવિંદાનંદનાથ અને ૨ શંકરાનંદનાથ છે, જે નામો શ્રી આદ્યશંકરાચાર્યના ગુરુ શ્રી ગોવિંદ ભગવાન્ પૂજ્યપાદ અને ભાષ્યકાર શ્રીશંકરભગવત્પૂજ્યપાદ( આદ્યશંકરાચાર્ય )-નાં જ છે; એ વિવેચન કરીને સમજાવવાની જરૂર નથી.

* **કાદિવિદ્યા** એટલે કામોપાસિતા ( કામે ઉપાસેલી ) અને

---

* આગમગ્રંથોમાં કામ એટલે પરમશિવ, એ પ્રમાણે જણાવેલું છે. કાદિવિદ્યાના આગ્રહી પદ્ધતિકારો એ કાદિવિદ્યાના પ્રથમ આચાર્યશ્રી પરમશિવ, દુર્વાસા, હયગ્રીવ ( વિષ્ણુ ), અગસ્ત્ય. એ પ્રમાણેની પરંપરા આપીને કાદિવિદ્યા એ જ મુખ્ય છે અને



**હાદિવિદ્યા** એટલે લોપામુદ્રાએ ઉપાસેલી, એ પ્રમાણે પણ આગમગ્રંથોમાં બન્ને વિદ્યાનાં સ્વરૂપનો પરિચય આપ્યો છે.

આ પુસ્તકને અંતે જે **હાદિ**મતનું શ્રી ચક્ર આપ્યું છે તેમાં મધ્યબિંદુ આગળ શ્રી ત્રિપુરસુંદરીનો મંત્ર× ઉપર દર્શાવેલ મંત્રથી જૂદો જ છે. એ મંત્ર આગમ ગ્રંથોમાં શ્રીચક્રના બીજા આવરણમાં ૧૬ નિત્યાઓ જે ગુપ્તયોગીની નામથી પ્રસિદ્ધ છે, તે પૈકી દશમી વૈયીકાવિંણી *નિત્યાનો બીજમંત્ર છે. છતાં એ મંત્ર પરાશક્તિના મંત્ર તરીકે ‡કર્ણાટક, આંધ્ર વિગેરે દક્ષિણના દેશોમાં

---

અગસ્ત્ય પછીથી લોપામુદ્રાએ ઉપાસેલી હાદિવિદ્યા એ શાખારૂપ છે, એમ કાદિવિદ્યા અને હાદિવિદ્યાનો ગૌણમુખ્યભાવ વર્ણવ્યો છે.

× જેની દેવતા પુંલિંગે હોય તેની મંત્રસંજ્ઞા અને દેવતા સ્ત્રીલિંગે હોય તેની વિદ્યા સંજ્ઞા છે.

* શ્રી ચક્રના બીજા આવરણમાં ગુપ્તયોગીની એ સામાન્ય નામથી વર્ણવેલી સોળ નિત્યાઓ, શ્રી ત્રિપુરસુંદરીથી અભિન્ન છે, એમ લલિતાસહસ્રનામના **નિત્યાષોડશિકારુપા** એ પદના ભાષ્યમાં જણાવ્યું છે.

‡ બીજા પ્રાંતો કરતાં દક્ષિણમાં શિવ અને વિષ્ણુના મતના ઝઘડાઓ વધુ થયા છે. હજી પણ સંપ્રદાયના દુરાગ્રહીઓ એમ જ માને છે કે **કાદિ**મતનું શ્રીચક્ર શૈવ મતનું છે અને તેનાં ઉપાસ્ય દેવતા **શિવશક્તિ** હોવાથી વૈષ્ણવોએ એ ત્યાગ કરવા જેવું છે; વૈષ્ણવો(રામાનુજ, શઠકોપ, મધ્વ, નિમ્બાર્ક)એ શ્રીચક્રમાં નારાયણી શક્તિનું અર્ચન કરવું જોઇએ. **કાદિ**વિદ્યાપ્રતિપાદ્યશક્તિ તે શૈવી શક્તિ છે અને **હાદિ**વિદ્યાપ્રતિપાદ્યશક્તિ તે નારાયણી શક્તિ છે. દક્ષિણ પ્રાંતના એ આગ્રહીઓ કાદિવિદ્યાના ચક્રને શિવચક્ર કહે છે અને હાદિવિદ્યાના ચક્રને વિષ્ણુચક્ર કહે છે. આ પ્રકરણની શરૂઆતમાં આગમગ્રંથોમાં કહ્યા મુજબના જે બે મંત્રો **કાદિ**

પ્રસિદ્ધ છે. દક્ષિણના કેટલાએક પદ્ધતિગ્રંથોમાં **हादिविद्या** એટલે કે શ્રી ત્રિપુરાસુંદરીના હકારાદિ મં . તરીકે **हसकलरडैं हसकलरडीं हसकलरडौः** આ જ મંત્ર લીધો છે. મંત્રરત્નાકર વિગેરે પદ્ધતિગ્રંથોમાં હાદિવિદ્યા તરીકે આ મંત્ર લેવામાં પ્રમાણ કર્યું છે તે જણાવ્યું નથી. પરંતુ લલિતાસહસ્રનામના ભાષ્યમાં **श्रीमाता**-પદનું નિવર્ચન કરતાં ભાષ્યકારે લખ્યું છે કે **हसकलरड** એ છ વ્યંજનને છેડે **बालात्रिपुरसुंदरी**ના † બીજમંત્રના ત્રણ સ્વરો અનુક્રમે જોડીને ત્રણ કૂટ એટલે ત્રણ ખંડ બનાવતાં જે મંત્ર થાય તેનું નામ માતા છે.

## શ્રી ચક્રની રચના

દરરોજ પૂજા કરતી વખતે યંત્ર લખીને પૂજા કરવી, અને તેનું વિસર્જન ( અંતરાત્મામાં સમારોપ ) કરવું, આ એક પ્રકાર છે. આ પ્રકારને નિત્યયંત્રનિર્માણ પ્રકાર કહેવામાં આવે છે. નિત્યયંત્રને સિંદૂર અથવા કેશરથી લખવો, એમ આગળ ગ્રંથમાં કહ્યું છે. બીજો પ્રકાર સિદ્ધયંત્રનિર્માણનો છે. સિદ્ધયંત્રને સોનું, રૂપું,

---

અને **हादि** આપ્યા છે, એ બન્ને મંત્રો શૈવ સંપ્રદાયના જ છે. પ્રથમ મંત્રમાં સૃષ્ટિક્રમ છે અને બીજા મંત્રમાં સંહારક્રમ છે, એમ એ સંપ્રદાયના આગ્રહીઓ જણાવે છે. આ જાતના મંતવ્યને શાસ્ત્રનો ટેકો હોય, એવું મારા જાણવામાં આવ્યું નથી.

† બાલા ત્રિપુરસુંદરીનો બીજમંત્ર **ऐं क्लीं सौः** છે. **हसकलरड** ની સાથે **ऐं ई औः** એ ત્રણ સ્વરને જોડતાં **हसकलरडैं हसकलरडीं हसकलरडौः** એ શ્રીમાતા એટલે શ્રી ત્રિપુરસુંદરીનો **ह**થી શરૂ થતો મંત્ર થાય છે. અને આ સાથે આપેલા શ્રીચક્રમાં એ જ મંત્ર મધ્યબિંદુમાં લીધો છે.



*પંચલોહ, રત્ન, સ્ફટિક, તામ્ર અને પથ્થર ઉપર કોતરવાનું જણાવ્યું છે. શ્રીચક્રમાં આવરણદેવતાઓનાં નામો તથા બીજમંત્રો લખવાં જોઇએ, એમ મૂલભૂત સૂત્ર ઉપરથી જણાતું નથી. સૂત્રમાં તો રેષાત્મક યંત્ર લખવો, એટલું જ કથન છે.+ એમ છતાં યંત્રમાં દેવતાઓનાં નામો અને બીજો લખવાનો પ્રચાર છે, તે નિરર્થક નથી, તેમ જ યુક્તિશૂન્ય પણ નથી. સંપૂર્ણ શ્રીચક્ર એ શ્રીજગદંબિકાનું વાસસ્થાન છે, એમ લલિતાસહસ્રનામમાં **श्रीचक्रराजनिलया** પદમાં કહેલું છે. દેશ, કાલ અને વસ્તુથી અપરિચ્છેદ્ય અને સર્વવ્યાપક× એવી શ્રી પરાશક્તિ જેમ આધિદૈવત સિદ્ધા નામા શ્રી ચક્રરાજનિલયા એટલે કે શ્રીયંત્રશરીરમાં વિરાજનારાં બને છે તેવી જ રીતે કામેશ્વરી, વશિની વિગેરે દેવતાઓ પણ બીજમંત્રાક્ષરરૂપી શરીરમાં વિરાજે છે. એ જ કારણથી યંત્રમાં બીજાક્ષરો અંકિત કરવાનો સિદ્ધાન્ત પ્રચારમાં આવ્યો છે. તંત્રશાસ્ત્રનું યત્કિંચિત્ જ્ઞાન જેમની પાસેથી મેં મેળવ્યું છે તે મારા સ્વ. ગુરૂવર્ય શ્રી બ્રહ્માણ્ડાચાર્યજી વારંવાર કહેતા કે સર્વવ્યાપક ઇશ્વરનું મૂર્તિ એ પ્રતીક છે તે જ રીતે પરા શક્તિ વિગેરે દેવતાઓનું પ્રતીક તેમના બીજમંત્રો છે. શ્રીયંત્રમાં દેવતાઓનાં નામ લખવાં તેની અપેક્ષાએ તે તે દેવતાઓના બીજાક્ષરો લખવા, એ વધુ યોગ્ય છે, એમ મારા ગુરૂવર્ય સ્વ. બ્રહ્માણ્ડાચાર્યજીનો સિદ્ધાન્ત હતો. મને મળેલા શ્રીયંત્રમાં ફક્ત બીજમંત્રો

---

* ૧૪ ભાગ રૂપું, ૧૦ ભાગ સોનું, ૧૨ ભાગ તાંબું, ૫ ભાગ લોઢું અને ૬ ભાગ પિત્તલ—આ પ્રમાણેનું મિશ્રણ કરવામાં આવે તેને પંચલોહ કહેવામાં આવે છે.

+ પદ્ધતિગ્રંથોમાં બે પલ ધાતુનું ચાર અંગુલ સમચોરસ પતરૂં બનાવીને તેના ઉપર શ્રીયંત્ર લખવો, એવું કથન છે. આ કથન કેવલ રેષાત્મક યંત્ર ચીતરવો, એ મતનું જ સમર્થન કરે છે.

× **श्रीचक्रं शिवयोर्वपुः**

લખ્યાં હતાં, દેવતાઓનાં નામો નહતાં. મેં બીજમંત્રો સાથે દેવતાઓનાં નામ પણ લખ્યાં છે.

હાદિમતના ચક્રમાં દેવતાઓની જગ્યામાં મતભેદ છે. જે ચક્ર આ સાથે આપવામાં આવ્યું છે તેમાં એક જ ક્રમથી પ્રદક્ષિણ રીતે દેવતાઓનો વિન્યાસ છે, જ્યારે પરશુરામકલ્પસૂત્રમાં પ્રથમ દિશાના દેવતાઓ અને પછીથી કોણ(ખૂણા)ના દેવતાઓ આવે છે. દ્રવિડ દેશની પદ્ધતિઓમાં બધા જ દેવતાઓને પ્રદક્ષિણક્રમથી લખવાનું જણાવ્યું છે. આનો નિર્ણય હું તંત્રશાસ્ત્રના સમર્થ વિદ્વાનોને સોંપું છું.

શ્રીયંત્રની રચના સંબંધે ગ્રંથકારોમાં થોડોએક મતભેદ જોવામાં આવે છે. ૧ બિંદુ ૨ ત્રિકોણ ૩ અષ્ટકોણ, ૪ દશકોણ (પ્રથમ) ૫ દશકોણ (દ્વિતીય) ૬ ચતુર્દશકોણ આટલા સુધી મતભેદ નથી. ચતુર્દશકોણ પછીથી પ્રથમ વર્તુલ અને અષ્ટપત્ર, પછીથી બીજું વર્તુલ અને ષોડશપત્ર, પછીથી ત્રીજું વર્તુલ; એમ ત્રણ વર્તુલો કરવાં, એવો એક મત* છે. જ્યારે બીજો મત‡ એવો છે કે ષોડશદલ પછીથી એક સાથે ત્રણ વર્તુલ કરવાં. આ બીજા મત પ્રમાણે એકંદર વર્તુલ પાંચ થાય છે.

ભૂપુર સંબંધમાં પણ એક મત એવો છે કે યંત્રની ફરતે ત્રણ

---

*કલ્પસૂત્રમાં **वलित्रयं** એવું પદ છે. **वृत्तत्रयं च धरणीसद्मत्रयं च** (યામલ) **ज्येष्टारूपं चतुष्कोणं वामारूपं भ्रमित्रयं** (યોગીની તંત્ર) વિગેરે વચનો ત્રણ વર્તુલ કરવાં એમ કહે છે. તે ત્રણ વર્તુલ પૈકી પ્રથમનું વર્તુલ અષ્ટદલનું, બીજું વર્તુલ ચતુર્દશ દલનું અને ત્રીજું વર્તુલ ચતુર્દશદલ પછીનું મળી ત્રણ વૃત્ત લખવાં, એવો આશય છે.

‡ આ મતમાં અષ્ટ દલ અને ચતુર્દશ દલનાં બે કર્ણિકાવૃત્ત



ચતુરશ્ર રેખાઓ કરવી, પણ દ્વાર કરવાં નહી. બીજો મત એવો છે કે ચાર દિશાનાં ચાર દ્વાર સહિત ત્રણ ચતુરશ્ર (ભૂપુર) કરવાં. આ સાથે આપેલા યંત્રમાં ચતુર્દ્વાર સહિત ત્રણ ભૂપૂર કરેલાં છે. આ સંબંધમાં સાધકબાધક પ્રમાણોના વિચારપૂર્વક "દ્વારરહિત ચતુરશ્ર તે જ ભૂપુર," એ મતનું સમર્થન કલ્પસૂત્રના વૃત્તિકારે કર્યું છે.

શ્રી ચક્રના ખંડો અને આવરણદેવતાઓના સંબંધમાં આ અગાઉનાં પરિશિષ્ટમાં સાક્ષરરત્ન, વિદ્યાભૂષણ, શ્રીયુત નર્મદાશંકરભાઈએ એટલું બધું લખ્યું છે કે તેના ઉપર વધુ લખવાને મારા જેવાને અવકાશ જ નથી. આ સાથે જોડેલા હાદિમતના શ્રીચક્રનો ઉદ્ધાર દ્રાવિડ પદ્ધતિ પ્રમાણે કરવામાં આવ્યો છે. જો કે કેટલાક અંશમાં કલ્પસૂત્ર, વામકેશ્વર તંત્ર, તંત્રરાજ વિગેરેથી દેવતાવિન્યાસ જૂદો પડે છે અને તેનું સહજ દિગ્દર્શન પણ મેં કરાવ્યું છે, છતાં

---

ઉપરાંત ચતુર્દશ દલ પછીથી ત્રણ વૃત્ત કરવાં. આ મતમાં પ્રમાણ નીચે મુજબ છે:

**बहिः पद्मत्रयं कुर्यादष्टषोडशकच्छदम् ।**
**गुणवृत्तं ततः कुर्याच्चतुरश्रं च तद्बहिः** (વામકેશ્વર તંત્ર)

એમાં સ્પષ્ટ લખ્યું છે કે અષ્ટદલ અને ષોડશદલ કર્યા પછીથી ત્રણ વૃત્ત કરવાં. બીજી જગ્યાએ પણ ષોડશ દલ પછીથી ત્રણ વૃત્ત કરવાં, એમ લખ્યું છે.

**एतद्बाह्ये महेशानि वृत्तं पूर्णेन्दुसन्निभम् ।**
**तद्युतं कुरु मीनाक्षि वसुपत्रं मनोहरम् ॥**
**तथा षोडशपत्रं तु विलिखेत् सुरवन्दिते ।**
**तद्बाह्ये देवदेवेशि त्रिवृत्तं मातृकान्वितम् ॥**

(જ્ઞાનાર્ણવ)

કલ્પસૂત્રની રામેશ્વરવૃત્તિમાં આ બાબત વિસ્તારથી ચર્ચીને પાંચ વૃત્ત કરવાં, એ મતનું સમર્થન કર્યું છે.

જે પ્રદેશમાં શ્રી ગોવિંદ ભગવત્પૂજ્યપાદ, શ્રી પૂજ્યપ
શંકરાચાર્ય તથા શ્રી વિદ્યારણ્યસ્વામી જેવા પરાશક્તિન
ઉપાસકો થઈ ગયા છે તે પ્રદેશના પદ્ધતિ ગ્રંથો ઉપર
પડતી શ્રદ્ધા હોવાને લીધે મેં દ્રાવિડ પદ્ધતિનો સ્વીકાર કર્યે
જે ભાગ યોગ્ય હોય તે પદ્ધતિકારોનો છે અને અયુક્ત હો
અજ્ઞાનનું પરિણામ છે, એમ માનીને સમર્થ તાંત્રિકોપાસક
મને ક્ષમા કરશે, એવી આશા રાખું છું.

NOT TO BE ISSUED

SHRI HANSA MEHTA LIBRARY SCHOOL
RARE BOOK COLLECTION
UNIVERSITY LIBRARY

NOT TO BE ISSUED

ENTERED

SHML
13460

NOT TO BE ISSUED

7 BL
1254
.S45M3

G. 13460